# મહાસતી મૃગાવતી



પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારા

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૫૨

# મહાસતી મૃગાવતી

મહાસતીના અત્યંત અજ્ઞાત જીવનકથાની રસાળ રજૂઆત

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

પ્રકાશન-નિમિત્ત
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

લેખક પરિચય
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


નામ : **મહાસતી મૃગાવતી**
**Mahasati Mrugavati**

પ્રકાશન : વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬

નવસંસ્કરણ

સાહિત્યસેવા : ૧૦૦-૦૦

પૃષ્ઠ : ૧૦ + ૨૭૮

પ્રતિ : ૨૦૦૦



મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત. (મો.) 9376770777**



પ્રાપ્તિસ્થાન
(૧) જિતેન્દ્ર જ્વેલર્સ ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(૩) ગૂર્જર પ્રકાશન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
(૪) પ્રવચન શ્રુતતીર્થ વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



સૌજન્ય

સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊંચી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**
**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

# લાભાર્થી પરિવારો

## મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઇ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઇ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઇ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઇ જોગાણી - મુંબઇ
- શ્રીમતી સોનલબેન કેતનભાઇ ઝવેરી- મુંબઈ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઇ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઇ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઇ સરકાર - મુંબઈ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઇ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઇ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઇ શાહ - મુંબઇ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઇ
- શ્રીમતી મમતાબેન લલિતભાઇ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઇ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઇ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઇ પૌષધશાળાના આરાધક ભાઈઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઇ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઇ



- માતુશ્રી મંગનીબાઈ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઈ
- મનુભાઈ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઈ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઈ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઈ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઈ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઈ
- ભાઈ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઈ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ
- અ.સૌ. ઈન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઈ જે. શેઠ તથા મનોજભાઈ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઈ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઈ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઈન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઈ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદ્દુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાંસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

## સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે
# પ્રકાશિત પુસ્તક શ્રેણિ

૧ આબુતીર્થોદ્ધારક મંત્રીશ્વર વિમલ
૨ ગિરનારની ગૌરવ ગાથા
૩ પુણ્યે જય પાપે ક્ષય
૪ લેખ મિટે નહિ મેખ લગાયો
૫ નળ દમયંતી
૬ સુખ દુઃખની ઘટમાળ
૭ પ્રત્યેક બુદ્ધ
૮ મહારાજા ખારવેલ
૯ મહાસતી મૃગાવતી
૧૦ કલ્યાણ કળશ
૧૧ કલ્યાણ પથ
૧૨ કલ્યાણ કાવ્ય
૧૩ જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-૧
૧૪ જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-૨
૧૫ જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-૩
૧૬ સંસ્કૃતિની રસધાર ભાગ-૧
૧૭ સંસ્કૃતિની રસધાર ભાગ-૨
૧૮ સંસ્કૃતિની રસધાર ભાગ-૩
૧૯ સંસ્કૃતિની રસધાર ભાગ-૪
૨૦ સંસ્કૃતિની રસધાર ભાગ-૫
૨૧ પ્રેરણાના પારિજાત
૨૨ અક્ષરના દીવડા
૨૩ દીવાદાંડી
૨૪ ઉપવન
૨૫ પાથેય

# મહાસતી મૃગાવતી

આ મહાસતીનું વ્યક્તિત્વ જેટલા પ્રમાણમાં પ્રસિદ્ધ છે, એથી કેઈ ગણા વધુ પ્રમાણમાં અપ્રસિદ્ધ છે : એમના જીવનને સ્પર્શતી અનેક ઘટનાઓ, ઉપરાંત ઉદાયન-વાસવદત્તા જેવા પાત્રોનો પ્રવેશ જોવા મળતો નથી. તેમજ પુત્ર ઉદાયનના જન્મ પૂર્વેની અજીબોગરીબ ઘટનાઓની છાયાની ઝલક પણ એ પ્રસિદ્ધ-ચરિત્રમાં નીરખવા મળતી નથી. એ ઝલક પ્રસ્તુત સળંગ કથામાં આબેહૂબ ઝીલાઈ છે.

વૈશાલીના રાજવી ચેટક ઈતિહાસનાં પાને 'ચેડા મહારાજા' ના નામેય ઠીકઠીક પ્રસિદ્ધ છે. એમને સાત પુત્રીઓ હતી. પુત્રીઓનાં લગ્ન એ સમયના અગ્રગણ્ય રાજવીઓ સાથે થવાં પામ્યાં હતાં. એમાં એક પુત્રી મૃગાવતી કૌશાંબીના રાજવી શતાનીક સાથે લગ્નબંધને જોડાઈ હતી. બીજી પુત્રીઓમાં પ્રભાવતી વીતભય-નગરીના રાજવી ઉદયનને, પદ્માવતી ચંપાપુરીના રાજા દધિવાહનને, શિવાદેવી ઉજ્જયિનીના સ્વામી ચંડપ્રદ્યોતને, જયેષ્ઠા કુંડગ્રામના રાજા અને પ્રભુ મહાવીરના વડીલબંધુ નંદિવર્ધનને જ્યારે ચેલણા રાજગૃહીના રાજવી શ્રેણિકને વરી હતી. જ્યારે અજ્યેષ્ઠાયે સંયમ સ્વીકાર્યું હતું. આ સાત રાજપુત્રીઓ પૈકીની એક મૃગાવતીના સમગ્ર વ્યક્તિત્વને વાર્તા શૈલીમાં જાણવા-માણવા પ્રસ્તુત કથા વાંચવી જ રહી.

# કથાક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સ્નાન લોહીયાળ નીવડ્યું | ૧ |
| ૨. | દિલને દઝાડતી આગ : મૃગાવતી | ૧૨ |
| ૩. | મૃગાવતીની મિલનશા મલયાચલના માર્ગે | ૨૪ |
| ૪. | પૂર્વજીવન પરથી ઊંચકાતો જતો પડદો | ૩૭ |
| ૫. | આભાર : અહિંસાની આરાધનાનો | ૪૯ |
| ૬. | વિચિત્ર વળાંક લેતી ચિત્રશાળા | ૬૨ |
| ૭. | ઘરનો બાળ્યો ગામ બાળે | ૭૩ |
| ૮. | વાસનામૂલક વેરની વસૂલાત કાજે | ૮૫ |
| ૯. | લડાઈ ભુલાઈ : સગાઈ સમજાઈ | ૧૦૦ |
| ૧૦. | મૃગાવતી મહાભિનિષ્ક્રમણના માર્ગે | ૧૧૩ |
| ૧૧. | ઉદાયનનું ભેદી અપહરણ | ૧૨૬ |
| ૧૨. | પ્રપંચનો પડદો પ્રલય પામ્યો | ૧૩૯ |
| ૧૩. | પાગલને પગલે-પગલે | ૧૫૦ |
| ૧૪. | ડહાપણભરી પાગલતાના પ્રભાવે | ૧૬૧ |
| ૧૫. | સફળ બનતી યૌગંધરની યોજના | ૧૭૩ |
| ૧૬. | મહિમા મૂર્તિ મૃગાવતીની સ્મૃતિ | ૧૮૩ |
| ૧૭. | વાસવદત્તાના વિરહમાં વત્સરાજનો વલોપાત | ૧૯૧ |
| ૧૮. | કૌશાંબી પાંચાલપતિના કબજામાં | ૧૯૯ |
| ૧૯. | તર્ક-વિતર્ક સર્જતા વાર્તાલાપના-શ્રવણે | ૨૦૯ |
| ૨૦. | જ્ઞાત છતાં અજ્ઞાત રહસ્યની આસપાસ | ૨૧૯ |
| ૨૧. | વિધિની ચિત્ર-વિચિત્ર વિચિત્રતા | ૨૩૦ |
| ૨૨. | રહસ્યભરી એ રમત શું કરુણાંત પામશે ? | ૨૪૨ |
| ૨૩. | ચિતાના ચોતરે સ્વજનોનો સમાગમ | ૨૫૪ |
| ૨૪. | સાક્ષાત્ સૂર્ય ચન્દ્રની સાખે | ૨૬૫ |

૧

# સ્નાન લોહીયાળ નીવડ્યું

**મૃ**ગાવતીની માનસિક સૃષ્ટિ હલબલી ઊઠી. પોતાના જ મનની એ લાગણી-માંગણી સામે એને બળવો પોકારવાનું મન થયું. છેલ્લા કેટલાક દિવસોથી મૃગાવતીની મનોસૃષ્ટિ લોહિયાળ સ્નાનનાં સ્વપ્નોથી ઊભરાઈ ઊઠી હતી. એને પોતાને પણ સમજાતું નહોતું કે, અહિંસા ધર્મમાં પાકી આસ્થા ધરાવતી પોતાને લોહીની વાવડીમાં સ્નાન કરવાનાં અરમાન કેમ જાગ્યા હશે ? લોહિયાળ સ્નાનનો મનોરથ જ્યારે પહેલવહેલો જાગ્યો, ત્યારે તો એ ખૂબ જ ખિન્ન થઈ ગઈ. એ ઘડી-પળે એને ખાવું પણ ભાવ્યું નહિ. પીવુંય ભાવ્યું નહિ ! એના મનની બધી જ પ્રસન્નતાને લોહિયાળ સ્નાનની ઈચ્છાએ વેરણ-છેરણ કરી નાંખી.

મૃગાવતી રાજરાણી હતી, છતાં અહિંસાના સંસ્કાર એને ધાવણમાંથી જ મળ્યા હતા. એના પિતા રાજવી ચેટકની ધર્મનિષ્ઠા જેમ વત્સ દેશમાં વિખ્યાત હતી. એમ એને પતિદેવ તરીકે પ્રાપ્ત થયેલા રાજવી શતાનીકની ધર્મનિષ્ઠા પણ એટલી જ પ્રખ્યાત હતી. લગ્ન પછીનાં વર્ષો વીતી રહ્યાં હતાં. લગ્નફળ તરીકે મૃગાવતી ગર્ભવતીય બની ચૂકી હતી, એનો જેમ એને પોતાને આનંદ હતો. એમ એના સ્વામીનાથ સહિત સમગ્ર કૌશાંબી અને વત્સ દેશને પણ ખૂબ ખૂબ આનંદ હતો. દિવસો વીતતા જતા હતા, એમ એના આનંદમાં અભિવૃદ્ધિ થતી જતી હતી. એમાં એક ગોઝારી પળે એકાએક જ એ આનંદના રંગમાં ભંગ પડ્યો.

બન્યું એવું કે એક દિવસ મૃગાવતીના મનનો કબજો એક એવી ઈચ્છાએ લઈ લીધો કે, જે ઈચ્છા સહી શકાય એવી ન હતી. એમ કહી શકાય એવી પણ ન હતી. એ ઈચ્છા હતી : લોહી જેવો રંગ ધરાવતી વાવડીમાં સ્નાન કરવાની ! આવી ઈચ્છા જાગતા જ મૃગાવતી ધ્રૂજી ઊઠી : કેવી પાપી ઈચ્છા ! કંકુની લાલાશ જોવા મળે તોપણ લોહીની લાલાશ યાદ આવી જતાં એક વાર તો કમકમા આવી જાય, આ જાતના અહિંસક સંસ્કારોથી સમૃદ્ધ કુળ-જાતિમાં મારો જન્મ અને મને વળી લોહીથી નહાવાની પણ ઈચ્છા થઈ આવી !

મૃગાવતી પોતાના મનને સમજી શકતી નહોતી. પોતે જે કુળ, જાતિ અને જે ધર્મના સંસ્કારો વચ્ચે ઉછેર પામી હતી, એ જોતાં સ્વપ્નોમાં લોહીનું દર્શન સંભવિત જણાતું ન હતું. ત્યાં આ રીતે લોહિયાળ સ્નાન એક અદમ્ય ઝંખના બનીને ઉછાળા મારી રહ્યું, એથી મૃગાવતી મનથી ભાંગી પડી. આ ઝંખના એવી વિચિત્ર હતી કે, પ્રાણનાથ સમક્ષ પણ એને ખુલ્લી કરતાં શરમ-સંકોચ અનુભવાય ! આમ મૃગાવતી એક અકથ્ય દશાનો ભોગ બનીને માનસિક વેદનાથી ભર્યા-ભર્યા તે દિવસો વિતાવી રહી.

મૃગાવતી બધી રીતે સ્વસ્થ હતી. પણ માનસિક મૂંઝવણની વિઘાતક અસરો ધીમે ધીમે એના તન-બદન પર ઊભરી આવવા માંડી. એ કળી જઈને એક દહાડો રાજવી શતાનીકે એકાંત મેળવીને મૃગાવતીને પૂછ્યું : દેવી ! કહો કે ન કહો, પણ કોઈ અકથ્ય વેદના વાવાઝોડું બનીને તમારા અંતરને વલોવી રહી હોય, એમ મને લાગે છે. દિવસો વીતતા જાય છે, એમ આ અનુમાન મને વધુ ને વધુ સાચું ભાસી રહ્યું છે. માટે તમારા દિલના દ્વાર ખોલાવવા જ એકાંત મેળવીને હું આજે અહીં ઉપસ્થિત થયો છું.

મૃગાવતી મનોમન મૂંઝાઈ ઊઠી. ન કહી શકાય અને ન સહી શકાય, એવી પોતાની મનઃસ્થિતિ હતી. છતાં એને કબૂલતાં મૃગાવતીને ખૂબ-ખૂબ સંકોચ થતો હતો, એથી ભીતરમાં ખળભળાટ હોવા છતાં સપાટી પર સ્મિત રેલાવતા સાગરની અદાથી એણે કહ્યું : આર્યપુત્ર ! અનુમાન ત્યારે જ કરવું પડે કે, જ્યારે પ્રત્યક્ષ દર્શન ન થતું હોય ! મારી હસતી-ખીલતી મુખમુદ્રા તો આપની સમક્ષ પ્રત્યક્ષ છે. પછી આવાં અનુમાનનો આશરો લેવાની જરૂર શી છે ? હું ખૂબ જ પ્રસન્ન છું.

શતાનીક તો આજે દિલનાં દ્વાર ખોલાવવા જ માગતા હતા. એમણે કહ્યું : દેવી ! સાગરની સપાટી પર લહેરાતું મંદ મંદ મોજાનું સ્મિત જોઈને, કોઈ એ જાતની ભ્રમણામાં રાચતું નથી કે, આ સપાટીની જેમ સાગરનો ભીતરી-ભાગ પણ સસ્મિત જ હશે ? ભીતરમાં ભયંકર ખળભળાટ હોવા છતાં સપાટીનો સાગર મંદમંદ સ્મિત રેલાવી શકતો હોય છે. તમે બરાબર આવી જ પરિસ્થિતિનો ભોગ બન્યા હો, એમ મને લાગે છે. માટે તમારી સસ્મિત મુખમુદ્રા જોઈને હું ભોળવાઈ જાઉં, એવો નથી. બોલો શું કોઈએ તમારું અપમાન કર્યું છે ? તમારા દિલને આઘાત પહોંચે, એવી કોઈ પ્રવૃત્તિ શું કોઈના પણ દ્વારા થવા પામી છે ? આમાંનું કંઈ પણ થઈ જવા પામ્યું હોય અને એથી તમે અસ્વસ્થ બન્યા હો, એ સંભવિત છે.

મૃગાવતીએ કહ્યું : આર્યપુત્ર ! આપના જેવું શિરછત્ર મળ્યું હોય, પછી કોની તાકાત છે કે, એ મારું મનથી પણ અશુભ ઇચ્છી શકે ? આપે જે જે સંભાવનાઓ વ્યક્ત કરી, એ બધી માત્ર સંભાવનાઓ જ છે ! આમાંનું કશું જ બનવા પામ્યું નથી અને હું સંપૂર્ણ રીતે સ્વસ્થ તેમજ સુપ્રસન્ન છું. માટે આપ નિશ્ચિંત બની જાવ.

મૃગાવતી જે રીતે જવાબ વાળી રહી હતી, એ રીત જ ચાડી ખાઈને એમ કહી રહી હતી કે : હૈયું જુદું છે અને હોઠે પણ જુદું જ છે. મૃગાવતીનું હૈયું અને હોઠ એક હોત, તો એના હોઠમાંથી રણકાર જ કોઈ જુદો આવતો હોત. આ જુદાઈને પકડી પાડતા શતાનીકે પૂછ્યું : દેવી ! મારા પ્રશ્નમાં એક જાતનો વિશ્વાસનો એવો રણકાર તમે સાંભળી શકો છો કે, અસ્વસ્થતા હોવી જ જોઈએ. કેમ કે હોઠ દ્વારા મારું હૈયું બોલી રહ્યું છે. તમારા જવાબમાં મને માત્ર હોઠનો બોદો રણકાર જ જણાય છે. બોલો, સાચું, સાવ સાચું બોલી જાવ કે, હોઠ દ્વારા તમારું હૈયું ખુલ્લું થઈ રહ્યું છે કે આ હોઠ તમારા હૈયાને છુપાવી રહેલ છે ?

મૃગાવતી હવે મનના ભાવને છુપાવવા માટે મથે, તોપણ છુપાવી શકવા માટે સમર્થ નીવડે એમ નહોતી, એથી એણે કહ્યું: હે આર્યપુત્ર ! આપણા ગૃહવાસની વેલડી પર લગ્નનું ફળ હવે પાકી જવા આવ્યું છે અને ફળના પરિપાકની દશા તો આવી જ હોય ને ? તેમજ આ દશાની દેહ પર થોડી ઘણી અસર તો વર્તાય જ ને ?

શતાનીકે સામેથી સણસણતો સવાલ પૂછ્યો: પરંતુ દેહ પરની એ અસર દિલ સુધી ઊંડી ઊતરી ગયેલી સ્પષ્ટ દેખાઈ આવતી હોય અને હોઠના હાસ્યને ભેદીને પણ હૈયાની હાયવરાળ બહાર આવી જતી હોય, તો શું સમજવું ? દેવી ! વૈદ્ય સમક્ષ હૈયું અને હોઠ એક રાખનાર જ રોગમુક્ત બની શકે છે. આ વાત પર તમને શ્રદ્ધા હોય, તો તમે મારી સમક્ષ હૈયું નહિ જ છુપાવો, એવો મને આકંઠ, દૃઢ વિશ્વાસ છે.

મૃગાવતી હવે છટકી શકે એમ નહોતી. હોઠ અને હૈયા વચ્ચેની જુદાઈ સૂચવી જતી આંસુની ધાર એની આંખેથી વહી નીકળી, એનો કંઠ રૂંધાઈ ગયો. શતાનીકે એને આશ્વાસન આપતાં કહ્યું : દેવી ! જીવનમાં એવી પણ પળો આવતી હોય છે કે, અંતર જે કહી શકવા માટે સમર્થ નથી બની શકતું. એ આંસુ દ્વારા અનાયાસે વ્યક્ત થઈ જતું હોય છે. તમારાં આ આંસુ જ તમારા અંતરનું દર્શન કરાવી રહ્યાં છે. માટે દિલમાં જે કોઈ વ્યથા હોય, એ મુક્ત મને કહી નાંખો !

મૃગાવતીને લાગ્યું કે, હવે દિલની વ્યથા ખાલી થઈ જાય, એ જ જરૂરી છે. અને આ માટેની ભૂમિકા હવે બરાબરની રચાઈ ગઈ છે, એથી આ તક વધાવી જ લેવા જેવી છે. એણે પાલવના છેડેથી આંખનાં આંસુ લૂંછી નાખ્યાં અને લજ્જા જાળવવા પૂર્વક શરમ-સંકોચને દૂર કરીને એણે કહ્યું : આર્યપુત્ર ! આપની વાત સાચી છે, આપ મારા અંતરને કળી જવામાં આબાદ રીતે સફળ બન્યા છો અને હું મારી વ્યથાને છાવરવામાં ધરાર નિષ્ફળ નીવડી છું. આપની સમક્ષ આ જાતનો પરાજય સ્વીકારતા પણ મને અત્યારે જે આનંદ થાય છે, એ કહી શકાય એવો નથી. મારા અકળ હૈયાને કળી જવા બદલ મળેલી સફળતા આપને આનંદિત કરી મૂકે, એ તો સહજ ગણાય. પણ મને મળેલી નિષ્ફળતા બદલ પણ હું એટલો જ આનંદ અનુભવી રહી છું કે, દિવસોથી જે વ્યથા કહેવાની હું ઈચ્છા રાખતી હતી, એ આજે નિષ્ફળતા મળતાં સફળ બની રહી છે.

રાજવી શતાનીક પ્રસન્ન બની ગયા. રાણી મૃગાવતીના દિલ પરથી પણ એક જાતનો બોજો ઊતરી ગયો હતો, એથી એય આનંદિત બની ઊઠી. આવા પ્રસન્નતાભર્યા વાતાવરણમાં વાર્તાલાપ આગળ વધ્યો. મૃગાવતીએ વાર્તારંભ કર્યો : આર્યપુત્ર ! ન કહી શકાય અને ન સહી શકાય, એવી એક વ્યથાનો હું કેટલાંય દિવસોથી ભોગ બની છું, મને ધાવણમાં જે રીતે ધર્મ મળ્યો છે અને જે રીતના સંસ્કારોમાં મારો

ઉછેર, ઘડતર થયું છે, એ જોતાં મને સ્વપ્નમાં પણ જે ઇચ્છા ન થવી જોઈએ, એ ઇચ્છા એક જાતની તલપ બનીને મને દિવસોથી તડપાવી રહી છે. કહેતાં જીભ ઊપડે નહિ અને વિચારતાં જીગર થંભી જાય, એવી એક ઇચ્છાની અપૂર્તિ મને જલ-વિહોણી માછલીની જેમ તરફડાટ અનુભવાવી રહી છે.

મૃગાવતીની જીભની અણીએ આવીને શબ્દની ધારા આગળ વધતી અટકી ગઈ. લોહિયાળ-સ્નાનની જે ઇચ્છાઓ આગ બનીને પોતાને શેકી રહી હતી, એને વ્યક્ત કરવા એનો જીવ ચાલતો ન હતો. શતાનીકે સાશ્ચર્ય પૂછ્યું : દેવી ! એવી તે કઈ ઇચ્છા છે, જે તમને ઈંધણ બનીને બાળી રહી છે અને છતાં તમે એને શબ્દોથી વ્યક્ત પણ કરી શકતા નથી !

મૃગાવતીનાં નીચા ઢળેલાં નયણો જરા ઊંચા બન્યાં. એણે મનને મક્કમ બનાવીને કહ્યું : આર્યપુત્ર ! મારી અવદશાને હું કંઈ રીતે રહું, એ જ મને સમજાતું નથી ! કોઈ હિંસક વ્યક્તિને પણ ન જાગે, એવી એક ઇચ્છા મને જાગી છે. મને દિવસોથી એવાં અરમાન જાગ્યાં કરે છે કે, રક્તરંગી વાવડીમાં હું ક્યારે સ્નાન કરું ? લોહિયાળ-સ્નાન માણવાની જાગેલી આ ઇચ્છાએ મારા મનની સમગ્ર પ્રસન્નતાને વેરણછેરણ બનાવી દીધી છે.

'લોહિયાળ સ્નાન ?' શતાનીક સાશ્ચર્ય પૂછી બેઠા. લોહિયાળ સ્નાનની આ વાત સાંભળતાં જ એમણે પણ દુઃખદ આશ્ચર્ય અનુભવ્યું. પણ વળતી જ પળે એમને થયું કે, મારો આ સવાલ તો માર પર મીઠું ભભરાવનારો સાબિત થશે. એથી તરત જ બાજી સુધારી લેતાં એમણે કહ્યું : દેવી ! આનંદના આવા અવસરે તમે આંસુ શાને વહાવો છો ? જેને દોહદ તરીકે બિરદાવી શકાય, એવી આ ઇચ્છા તો તમારા ગર્ભસ્થ શિશુમાં પાંગરનારા પરાક્રમ અને પ્રીતિભાવની સંદેશવાહક બની જાય એવી છે. લાલ રંગ જેમ પરાક્રમનો દ્યોતક છે એમ પ્રીતિનો પણ પ્રતીક

છે. તમારી કૂખે અવતરનાર સંતાન મહાપરાક્રમી હશે અને સૌને માટે એ અત્યંત પ્રીતિને પાત્ર પણ હશે ! આ શુભ સંકેતને સૂચવનારી તમારી ઈચ્છા છે. આ ઈચ્છા કંઈ સામાન્ય શબ્દોથી નવાજી શકાય એવી નથી, આને તો દોહદ શબ્દથી નવાજવી જોઈએ. બાળક જ્યારે ગર્ભસ્થ હોય છે, ત્યારે એના સ્વભાવ-પ્રભાવને સૂચવતા આવા દોહદો જાગતા હોય છે, અને એને પરિપૂર્ણ કરવાથી નારી પ્રસન્ન બની ઊઠતી હોય છે, એ પ્રસન્નતાની અસર ગર્ભ સુધી પહોંચતી હોય છે. માટે તમે સાવ ચિંતામુક્ત બની જાવ. લોહિયાળ સ્નાનનો આ તમારો દોહદ ડંકાની ચોટે એમ સૂચવી જાય કે, તમારા પેટે એક પરાક્રમની પ્રતિમા સમો અને પ્રીતિના ધામ સમો પુત્ર અવતરશે.

ચાતક જેમ મેઘધારાનું પાન કરે, એમ મૃગાવતી સ્વામીનાથ શતાનીકની આ વાતને અમૃતધારાની જેમ આચમી રહી. પોતે જેને ઈંધણ માની રહી હતી, એ ઈચ્છા તો 'દોહદ' તરીકેના બિરુદને યોગ્ય હતી. તેમજ આ દોહદ શુભનો સૂચક હતો. આટલો ખ્યાલ આવી જતાં જ મૃગાવતીનાં તન-મન પ્રસન્ન બની ઊઠ્યાં. મહિનાઓથી ખોવાઈ ગયેલી પ્રસન્નતા જાણે વ્યાજ સાથે પુનઃ પ્રાપ્ત થઈ ગઈ હોય, એવો આનંદ અનુભવતાં મૃગાવતીએ કહ્યું : આર્યપુત્ર ! ખરેખર આપે આજે મારાં અજ્ઞાનને ટાળીને મને નવજીવન બક્ષ્યું છે, આપનો ઉપકાર હું ક્યારે વાળી શકીશ ? આ અજ્ઞાન વિષ બનીને મારા જીવતરને હણી નાંખ્યા વિના ન રહ્યું હોત, પણ સારું થયું કે, મોડા-મોડા છતાં પણ સમયસર અને અણીના અવસરે જ આપે મારી ભ્રમણાને ભગાડી મૂકી અને એથી કોઈ ભૂત-પ્રેતથી મુક્ત થયાની મોજ આજે હું માણી શકું છું. મારો દોહદ મેં આપની સમક્ષ વ્યક્ત કરી દીધો છે, એથી હવે તો આ અંગે મારે વધુ કશું જ કહેવાનું રહેતું નથી.

મૃગાવતીના આનંદનો પાર ન રહ્યો. માથા ઉપરથી મેરુ પર્વત જેવડો બોજો દૂર થઈ ગયો હોય, એવી નિર્બોજ દશા મૃગાવતી અનુભવી રહી.

આવી જ ધન્યતા શતાનીક પણ અનુભવી રહ્યા હતા. કોઈના પગમાં આરપાર પેસી જઈને દારુણ પીડા પેદા કરતા શૂલ-શલ્યને સિફતથી ખેંચી કાઢવામાં સફળ બનનારો જેવી પ્રસન્નતા અનુભવે, એવી જ પ્રસન્નતાનો પમરાટ શતાનીક અનુભવી રહ્યા. એકાંતના એ પડદામાં બંને પ્રવેશ્યાં હતાં. ત્યારે ગમગીની અને ગંભીરતા એમને ઘેરી વળી હતી, એ પડદો હટાવીને એ બંને બહાર નીકળ્યાં, ત્યારે પ્રસન્નતાના પ્રવાહમાં એ નાહી રહ્યાં હોય, એમ જણાતું હતું.

દર્દીનું દર્દ પરખાઈ ગયા બાદ એને દૂર કરવાની દવા પણ ગોતવાની રહે છે. દવા મળે અને એ દવા વળી લાગુ પડી જાય, તો જ દર્દની થયેલી પરખ સફળ ગણાય. રાજવી શતાનીકે રાણીનું દિલ, દર્દ જાણી લીધું અને હવે ચિંતામગ્ન બનવાનો વારો એમનો આવ્યો. જેમાં મજેથી સ્નાન માણી શકાય, એવી વાવડી બનાવવી અને એને લોહીથી ભરવી, આ કંઈ સામાન્ય કામ ન હતું. બળ નહિ, કોઈ કળ જ આ કાર્ય પાર પાડી શકવામાં સફળ બની શકે, એમ હોવાથી મહામાત્ય યુગંધરને શતાનીકે યાદ કર્યા.

ગમે તેવા બળના પ્રયોગથી પણ અસાધ્ય ગણાય, એવું કઠિન કાર્ય યુગંધરમંત્રી કળ દ્વારા પળવારમાં સિદ્ધ કરી આપવા માટે સમર્થ હતા, એથી શતાનીકને વિશ્વાસ હતો કે મંત્રીના આગમન માત્રથી જ પોતાની ચિંતા ચૂરાઈ જશે અને બન્યું પણ એમ જ ! રાજવીએ યુગંધર સમક્ષ પોતાની ચિંતા ખુલ્લી કરતાં લોહિયાળ-સ્નાન અંગેનો રાણી મૃગાવતીનો દોહદ વ્યક્ત કર્યો, બીજી જ પળે દોહદ-પૂર્તિનો ઉપાય દર્શાવતા મંત્રીશ્વરે કહ્યું : રાજન્ ! આ દોહદની પૂર્તિ આપ ધારો છો, એટલી કઠિન તો નથી જ ! વાવડીનું નિર્માણ અને પાણીની પ્રાપ્તિ તો સાવ સરળ જ છે. પાણીને લોહીરંગી બનાવવા માટે કસુંબીનો રંગ ઉપયોગમાં લઈ શકાય !

યુગંધરે દર્શાવેલો આ ઉપાય રાજવી શતાનીકને પણ ખૂબ જ વાજબી જણાયો. મૃગાવતીના મનોરથ રૂપ દોહદને ગુપ્ત રાખીને મંત્રીશ્વરે

વાવડીના નિર્માણનું કાર્ય તરત જ ચાલુ કરાવી દીધું. આ કાર્ય પૂર્ણ થતાં એમાં પાણીનો પ્રવાહ વાળવામાં આવ્યો. એ પાણીમાં જ્યારે જ્યારે કસુંબીનો પ્રયોગ કરવામાં આવ્યો, ત્યારે તો ભલભલો માણસ પણ એ પાણીને લોહી જ માનવાની ભ્રમણાનો ભોગ બને, એ રીતે વાવડીનું પાણી રક્તરંગી બની ગયું. લોહિયાળ પાણી ધરાવતી એ વાવડી લોકચર્ચા માટે એક પ્રબળ નિમિત્ત પૂરી પાડી ગઈ. કેમ કે રાજવી, મંત્રી અને રાણી સિવાય ચોથું કોઈ જ રક્તરંગી વાવડીના રહસ્યથી જ્ઞાત ન હતું.

લોહીનો જ ભ્રમ કરાવતાં પાણીથી ભરપૂર વાવડી જ્યારે લાલ રંગથી રંગવામાં આવી, ત્યારે એ વિસ્તારમાં જાણે રક્ત રંગનું એકછત્રી સામ્રાજ્ય સ્થાપિત થઈ ગયું. આ પછી મંત્રીશ્વરે પોતાની જવાબદારી પૂરી થઈ ગયાનું નિવેદન કરીને દોહદ પૂર્તિ માટે મૃગાવતીને આમંત્રવાની વાત મૂકી, ત્યારે તો રાજા-રાણી પણ ખૂબ ખૂબ પ્રસન્ન બની ઊઠ્યાં.

મહિનાઓના મનોરથ પૂર્ણ થવાની પળ આવતાં જ મૃગાવતીનું રોમે-રોમ હર્ષિત બની ઊઠ્યું. એણે લાલ-કસુંબી રંગનાં વસ્ત્રો પરિધાન કર્યાં. હાથીના હોદ્દે એણે આસન ગ્રહણ કર્યું. હાથીનો શણગાર પણ લાલ રંગથી પ્રચુર હતો. રાણીના મસ્તકે ધારણ કરાયેલું છત્ર તો લાલ રંગ વર્ષાવતું જાણે કોઈ વાદળ જ હોય, એમ લાગતું હતું. આ રીતે લાલ રંગ મુક્તમને અને મુક્ત મેદાને મહેફિલ માણી રહ્યો હોય, એવા વાતાવરણની વચ્ચે મૃગાવતીની સવારી રાજમહેલથી નીકળીને એ વાવડી તરફ પ્રયાણ કરી ગઈ.

વાવડી તો હજી દૂર હતી, પણ પોતાની આસપાસ જે માહોલ ખડો થઈ ગયો હતો, એ માહોલમાં મહાલતી મૃગાવતીને તો એમ જ લાગી રહ્યું હતું કે, આકાશમાંથી અને આસપાસથી લાલરંગની જ લહાણી થઈ રહી છે અને એમાં ભીંજાતી ભીંજાતી પોતે વાવડીમાં રક્તસ્નાન માણવા જઈ રહી છે. વાવડી જેમ જેમ નજીક આવતી ગઈ, એમ એમ રક્તરંગી લહાણી આષાઢી વાદળની જેમ મુશળધારે રેલાઈ રહી, એમાંય મૃગાવતી

જ્યારે વાવડીના પગથિયાં એક પછી એક ઊતરતી ગઈ અને વાવડીમાં આકંઠ ડૂબતી ગઈ, ત્યારે તો એણે એવી તૃપ્તિ અને તૃપ્તિ પછીનો એવો ઓડકાર અનુભવ્યો કે, જે અનુભૂતિની આગળ, પહેલી ઘનઘોર વર્ષા બાદ, ગ્રીષ્મ-સંતપ્ત ધરતી દ્વારા અનુભવાતી ધરપત અને સંતોષની અનુભૂતિ તો સાવ જ નગણ્ય જણાય !

મૃગાવતી વાવડીમાં પ્રવેશીને સ્નાન માણી રહી. નગરજનો આ વખતે મર્યાદા જાળવવા માટે પોત-પોતાના રસ્તે વિદાય થઈ ગયા. થોડાક વિશ્વાસુ માણસો સાથે માત્ર શતાનીક ત્યાં ઊભા રહીને ખુલ્લી તલવારે પહેરો ભરી રહ્યા. મૃગાવતી લોહિયાળ-સ્નાનની મનભર મોજ માણી રહી હતી, એ જોઈને રાજવીની પ્રસન્નતા પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી રહી હતી. જેઠ મહિનાની ગરમીમાં, હિમ સરોવરમાં સ્નાન કરતો ગજરાજ જે શાંતિ-શીતળતા અને સંતોષ અનુભવે, એવી અનુભૂતિ લોહિયાળ એ વાવડીમાં મહાસતી મૃગાવતી માણી રહી. ઘડી વીતવા આવી, તો પણ મૃગાવતી તૃપ્તિનો ઓડકાર અનુભવવાનું નામ લેતી ન હતી. શતાનીકને કોઈ જાતની અધીરાઈ ન હતી, એઓ તો મૃગાવતીનું મન ભરાઈ જાય, એવી રીતે દોહદ-પૂર્તિ કરાવવા માંગતા હતા. એમ કરતાં કરતાં બે ઘડી જેટલો સમય વીતવા આવ્યો, ત્યારે મૃગાવતીની નજર આકાશ ભણી ગઈ. ઠીક ઠીક સમય વીતી ગયો હતો, એથી મૃગાવતીને થયું કે, હવે સ્નાનનો મોજ સમેટી લઈને મારે મારી સવારીને રાજમહેલ તરફ પાછી વાળવી જ જોઈએ.

મૃગાવતીએ હવે સ્નાનને સમેટી લેવા વાવડીના કિનારા તરફ ધીમે ધીમે સરકવા માંડ્યું. વાવડીનાં પગથિયાં આગળ આવીને એ જેમ જેમ પગથિયા ચઢવા માંડી. એમ એમ એનું રક્તરંજિત શરીર વધુ ને વધુ માત્રામાં બહાર દેખાવા માંડ્યું. આ જ અરસામાં આકાશમાં એક ભારંડપક્ષી શિકારની શોધમાં ભમી રહ્યું હતું, એની નજર મૃગાવતી પર પડતાં એ આનંદી ઊઠ્યું. પક્ષીને એમ લાગ્યું કે : વાવડીમાંથી લોહી

*નીતરતો કોઈ વિરાટ માંસ-પિંડ જ બહાર આવી રહ્યો છે ! એથી એની* રસલોલુપ નજર એ માંસપિંડને ભક્ષ્ય માનીને ઝડપી લેવા બરોબર તાકી રહી અને કોઈની નજરે ન ચડાય, એ રીતે એ ભારંડપક્ષી આકાશમાં સંતાઈ ગયું. મૃગાવતીના શરીર પરથી ટપકતું લાલ રંગનું પાણી લોહીનો ભાસ કરાવી રહ્યું હતું અને એનો દેહ માંસ-પિંડની ભ્રાંતિ કરાવી રહ્યો હતો, એથી મૃગાવતી વાવડીમાંથી બહાર પગ મૂકે, એ પૂર્વે જ ભારંડપક્ષી એને ઊઠાવીને ઊડી જવા માંગતું હતું.

શતાનીકની નજર વાવડી તરફ જ મૃગાવતીને તાકી રહી હતી, મૃગાવતીને નજીક આવી રહેલી જોઈને એમના અંતરમાં આનંદ સમાતો ન હતો, એથી આકાશમાં ભારંડપક્ષી રૂપે ઘૂમી રહેલી એક ભયંકર આફત પર એમની નજર જ નહોતી ગઈ, આનો લાભ ભારંડપક્ષી આબાદ ઊઠાવી ગયું. મૃગાવતી જ્યાં વાવડીના કિનારે આવીને હજી બહાર પગ મૂકે, એ પૂર્વે જ ભારંડપક્ષી જરાક નીચે ધસી આવ્યું અને બાજની અદાથી મૃગાવતીને આખી ને આખી ઝડપી લઈને ક્ષણાર્ધમાં જ એ ઝંઝાવાતી ઝડપે આકાશમાં ઊડી ગયું.

કોઈને કલ્પના પણ નહોતી, એવી અણધારી ઘટના એકા-એક બની ગઈ. મૃગાવતીને ભારંડપક્ષીએ ચાંચથી પકડી હતી, એથી એ ચીસ પાડી રહી, જ્યાં ક્ષણ પહેલાં આનંદના અબીલ-ગુલાલ ઊડી રહ્યા હતા, એ જ નગરી કૌશાંબીમાં અત્યારે ભય, આંક્રંદ અને શોકનું સામ્રાજ્ય છવાઈ ગયું.

રાજા અને મંત્રી રડી પડ્યા : રે ! દોહદ તો પૂરો થયો, પણ ખરેખર આ સ્નાન તો લોહિયાળ નીવડ્યું ! સૌ સંભ્રાન્ત હતા, સૌની નજર આકાશ સામે હતી અને ભારંડપક્ષી તો ભારે વેગપૂર્વક આગળ ને આગળ ઊડી રહ્યું હતું.

• • •

२

# દિલને દઝાડતી આગ : મૃગાવતી

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના ભક્ત શ્રાવક રાજવીઓમાં જેમ શતાનીક રાજવીનું એક નામ પ્રખ્યાત હતું, એમ મહાસતીઓની ગણનામાં મૃગાવતીનું પણ એક નામ અગ્રગણ્ય હતું. મગધદેશમાં જેમ રાજગૃહી પ્રસિદ્ધ નગરી હતી. વત્સ દેશમાં એવી પ્રસિદ્ધિ કૌશાંબી નગરીને વરી હતી.

કૌશાંબી અનેક રીતે અનોખી નગરી હતી, એને અનોખાઈ બક્ષનારી વિશેષતાઓમાં એક વિરલ-વિશેષતા એની ધર્મની ભાવના હતી. નગરીને રાજા-રાણી પણ એવાં વિશિષ્ટ મળ્યાં હતાં કે, એમના કારણેય કૌશાંબીની નામના-કામનામાં ઓર ઉમેરો થયો હતો.

વૈશાલીના રાજવી ચેટક ઇતિહાસના પાને 'ચેડા મહારાજા'ના નામે પણ ઠીક ઠીક પ્રસિદ્ધ છે. એમને સાત પુત્રીઓ હતી. એમની પુત્રીઓનાં લગ્ન એ સમયના અગ્રગણ્ય રાજવીઓ સાથે થવા પામ્યાં હતાં. એમાં એક પુત્રી મૃગાવતી કૌશાંબીના રાજવી શતાનીક સાથે લગ્નના બંધને જોડાઈ હતી. બીજી પુત્રીઓમાં પ્રભાવતી વીતભય-નગરીના રાજવી ઉદયનને વરી હતી, પદ્માવતી ચંપાપુરીના રાજા દધિવાહનને વરી હતી, શિવાદેવી ઉજ્જયિનીના રાજવી ચંડપ્રદ્યોતને વરી હતી, જ્યેષ્ઠા કુંડગ્રામના રાજવી અને પ્રભુ શ્રી મહાવીરના વડીલબંધુ નંદિવર્ધનને વરી હતી, અને ચેલાણા રાજગૃહીના રાજવી શ્રેણિકને વરી હતી. જ્યારે સુજયેષ્ઠાએ સંયમ અંગીકાર કર્યું હતું.

વત્સદેશની પાટનગરી કૌશાંબીમાં આ રીતે જ્યારે રાજવી શતાનીકનું રાજ્ય તપતું હતું, ત્યારે મંત્રીશ્વર તરીકે યુગંધર અને સેનાપતિ તરીકે સુપ્રતીપનાં નામ-કામ ગાજતાં હતાં. મંત્રી અને સેનાપતિના કળ તેમજ બળના પીઠબળથી કૌશાંબી એક અણનમ રાજ્ય તરીકે સુપ્રસિદ્ધ હતું. પરંતુ રાજકારણ પરાપૂર્વ કાળથી જ લગભગ ખટપટનો ખજાનો અને લોભ-લાલચની લાવા જેવું જ રહેતું આવ્યું હોવાથી જ રાજકીય ઇતિહાસનાં પ્રકરણો અને પૃષ્ઠો લડાઈઓના લોહિયાળ લેખોથી લથબથ રહેતાં આવ્યાં હોય, એમાં તો શી નવાઈ! એથી આવી દુઃખદ ઘટનાઓથી એ કાળનું કૌશાંબી પણ સાવ મુક્ત રહ્યું નહોતું.

કૌશાંબીપતિ શતાનીક કોઈ યુદ્ધરસિક રાજવી નહોતા કે : જેઓ રાજ્યનો વિસ્તાર વધારવા નિત-નવી લડાઈઓ ખેલ્યા જ કરે ! પણ એનો અર્થ એવો પણ નહોતો કે, રાજ્ય સામે આક્રમણ આવે, ત્યારે તેઓ પારોઠનાં પગલાં ભરીને યુદ્ધમાં ઝંપલાવે જ નહિ ! એમની શાંતિપ્રિયતા કાયરની નહિ, વીરની શાંતિપ્રિયતા હતી, એથી કોઈ રાજ્ય જ્યારે કૌશાંબી પર આક્રમણ લઈને ચડી આવતું, ત્યારે એને મારી હઠાવવામાં એઓ જરાય પાછી પાની ન કરતા.

એ યુગમાં ઉજ્જયિની પતિ ચંડપ્રદ્યોત રાજવીની રાજલિપ્સા અને યુદ્ધની રસિકતા ખૂબ જ કુખ્યાત હતી. અનેક દેશોને એમણે યુદ્ધથી ધમધમતા રાખ્યા હતા અને એમની રાજ્ય લિપ્સા કોઈ ને કોઈ રાજ્યમાં લડાઈની લાયને સળગતી જ રાખતી હતી. આવી લડાઈ-લાય ચાંપવાના વિચારમાં અને વિચારમાં સદા મગ્ન રહેતા ચંડપ્રદ્યોતને એક દિવસ કૌશાંબી યાદ આવી ગયું અને એમણે વિના કારણે જ કૌશાંબી સામે લડાઈ જાહેર કરી દીધી. આ જાહેરાતના પડઘા કૌશાંબીમાં અથડાયા અને શતાનીકે પણ સજ્જડ જવાબ આપવા માટેની તૈયારીઓ આરંભી દીધી.

કૌશાંબીમાં આમ એક તરફ ચંડપ્રદ્યોતના દાંત ખાટા થઈ જાય, એવો જવાબ યુદ્ધ દ્વારા આપવાની તડામાર તૈયારીઓ ચાલુ થઈ. શતાનીક એ રણારંભ માટેની કાર્યવાહીમાં પૂરતો રસ લઈ રહ્યા, ત્યાં એમાં એક દિવસ ભંગ પડ્યો. રાજવીને જ્યારે મૃગાવતીની મુખમુદ્રા પરથી એવો ખ્યાલ આવ્યો કે, રાણી કોઈ અંતસ્તાપથી પીડાઈ રહી છે, ત્યારે એમણે એકાંતમાં બેસીને એ અંતસ્તાપ જાણી લીધો. લોહિયાળ સ્નાન કરવાના જાગેલા દોહદમાંથી એ અંતઃસ્તાપ જાગ્યો હતો, એથી દોહદ-પૂર્તિ માટે શતાનીકે એક વાવડી તૈયાર કરાવી, એમાં કસુંબી રંગથી મિશ્રિત પાણી પણ ભરાવ્યું અને વાજતે-ગાજતે અનેરા ઉલ્લાસ સાથે રાણી મૃગાવતીને એમાં સ્નાન કરાવવા એઓ લઈ ગયા પણ ખરા !

લોહિયાળ સ્નાનનો આખરી અંજામ કેવો આવનાર હતો, એનો જો જરાક આભાસ પણ શતાનીકને પહેલેથી આવી ગયો હોત, તો તેઓ મૃગાવતીને એ રીતે સમજાવત કે, એની દોહદ પૂર્તિની ઇચ્છા જ મરી જાત ! પણ વિધિના વિધાનનાં એંધાણ અકળ હતાં, એથી એ સ્નાન આખરે લોહિયાળ નીવડ્યું અને મૃગાવતી ભારંડપક્ષી દ્વારા અપહરણનો ભોગ બની.

મૃગાવતીના અપહરણની એ ઘટનાથી કૌશાંબી સ્તબ્ધ બની ગયું. સૌથી વધુ સ્તબ્ધતા તો શતાનીકને ઘેરી વળી. મંત્રીશ્રી યુગંધર અને સેનાપતિ સુપ્રતીપ પણ આ દુઃખદ ઘટના સાંભળતાં જ દોડી આવ્યા. કૌશાંબીની ધરતી પરથી 'પકડો, પકડો'નો પ્રચંડ પોકાર ઊઠી રહ્યો હતો, જ્યારે આકાશમાં મૃગાવતીના મુખમાંથી 'બચાવો, બચાવો'ની બુમરાણ નીકળતી હતી, પરંતુ એ પોકાર પોકાર જ રહ્યો અને એ બુમરાણ બુમરાણ જ રહી. ભારંડપક્ષીમાં એ અપહરણને કોઈ ખાળી શક્યું નહિ. 'પકડો, પકડો'ના પોકારથી ગભરાઈ જઈને ભારંડપક્ષીએ તો ઉપરથી ઊડવાનો વેગ વધાર્યો અને થોડી વારમાં એ કૌશાંબી નગરીની હદ વટાવીને આગળ વધી ગયું.

આ સમાચાર મળતાં જ રાજવી શતાનીક આઘાતથી હણાઈને ભૂમિ પર પટકાયા. તરત જ સેનાપતિ સુપ્રતીપ આગળ વધ્યો. એણે કહ્યું : રાજવી ! હતાશ ન બનો, હું હમણાં જ સૈન્ય લઈને પક્ષીનો પીછો પકડું છું. પક્ષી ગમે તેટલું ઊડે, પણ મારા બાણની વેગીલી ગતિ આગળ તો એને હારવું જ પડશે ! લક્ષ્યવેધી બાણની એવી હારમાળા ઊભી કરી દઈશ કે, જેથી મૃગાવતીને પકડનાર પક્ષી વીંધાયા વિના ન રહે અને મૃગાવતીનો વાળ પણ વાંકો નહિ થાય.

સેનાપતિ સુપ્રતીપનું આ સાંત્વન સાંભળીને શતાનીક થોડાક હોશમાં આવ્યા. એમની આંખમાં અનરાધાર આંસુ હતાં. જ્યારે અંતરમાં આઘાતની આગ ભડભડ કરતી સળગી રહી હતી. એ આંસુ આગને ઠારી શકવા સમર્થ નહોતાં, તેમ એ આગનો તાપ આંસુને સૂકવી દેવા સમર્થ નહોતો. ઉપરથી એ આંસુ આગને વધારી રહ્યાં હતાં, તો એ આગ આંસુની વૃદ્ધિમાં કારણ બની રહી હતી. આવી વિષમ-દશાનો ભોગ બનેલા શતાનીકે આકાશ ભણી નજર લંબાવી, પણ હવે તો મૃગાવતીની ચીસ પણ સંભળાતી નહોતી અને ભારંડપક્ષીનો આભાસ પણ જણાતો નહોતો એથી એક માત્ર સેનાપતિ સુપ્રતીપ જ શતાનીક

માટે આશાનું કિરણ હતા. એ આશા મીટના આધારે જ રાજવી થોડીઘણી સ્વસ્થતા જાળવી શક્યા હતા.

સેનાપતિ સુપ્રતીપ હજારો સૈનિકો લઈને ભારંડપક્ષીનો પીછો કરવા નીકળી પડ્યો. ધાર્યા લક્ષ્યને વીંધનારા બાણાવલીઓનો એની સેનામાં તોટો ન હતો. ઊડતા પક્ષીને પાડનારા સૈનિકો પણ એની સેનામાં ઘણા ઘણા હતા એથી ખૂબ ખૂબ આશા સાથે ભારંડપક્ષીનો ભોગ લઈને પણ મૃગાવતીને હેમખેમ પાછી લાવવાની પ્રતિજ્ઞા કરીને સેનાપતિએ મેદાનમાં ઝૂકાવ્યું હતું એથી હવે પળ પણ વેડફવી પાલવે એમ ન હતી એથી વીજળી વેગે એણે પોતાની કાર્યવાહી શરૂ કરી. સૌપ્રથમ તો ભયંકર અવાજ દ્વારા ભારંડપક્ષીને ભયભીત કરી દેવાનો સેનાપતિનો વ્યૂહ હતો, એ મુજબ એણે એવા ઢોલ પિટાવ્યા કે, ભલભલાના કાન ફાટી જાય અને ભક્ષ્યને ચાંચમાં પકડીને ઊડનારું પક્ષી, કડકડીને ભૂખ લાગી હોય, તોપણ ભયથી એ એવું બેબાકળું બની ગયા વિના ન રહે કે, એનું ડાચું પહોળું થઈ જ જાય અને એમાંથી ભક્ષ્ય સરકીને નીચે પડ્યા વિના ન રહે.

આ વ્યૂહ પર સેનાપતિને અખૂટ વિશ્વાસ હતો, એથી એણે સૌપ્રથમ એ પૃથ્વીના પ્રદેશને એવા અવાજથી ભરી દીધો હતો કે, ત્યાં જાણે શબ્દાદ્વૈતનું જ સામ્રાજ્ય છવાઈ ગયું. પરંતુ આ વ્યૂહ પણ નિષ્ફળ નીવડ્યો. કેમ કે અવાજે વેગ પકડ્યો, એમ એ પક્ષીની ગતિએ વધુ વેગ પકડ્યો. અને થોડી જ ક્ષણોમાં એ ભારંડપક્ષી આગળ વધી ગયું. આમ અવાજનો પ્રયોગ નિષ્ફળ જતાં સેનાપતિએ હવે બાણોનો મારો છોડવાનો વ્યૂહ અપનાવ્યો. પરંતુ આ વ્યૂહ અપનાવવા જતાં સૌપ્રથમ તો ભારંડપક્ષીની ઊંચાઈ જ આડે આવી. પ્રચંડ અવાજના કારણે ભારંડપક્ષીએ જેમ ઊડવાનો વેગ વધારી દીધો હતો, એમ વેગની સાથે સાથે એણે ઊંચાઈ પણ વધારવા માંડી હતી અને થોડીક વારમાં તો એ પક્ષી એટલી બધી ઊંચાઈ સર કરી ગયું હતું કે : એ ઊંચાઈએ અડકી શકવા બાણની ગમે તેવી ઊર્ધ્વગતિ પણ સમર્થ નીવડી ન શકે !

ઘણા ઘણા વેગપૂર્વક આકાશમાં ઊંચે બાણોની વર્ષા કરવા સુપ્રતીપના સૈનિકો આકાશપાતાળ એક થઈ જાય, એ રીતે મથ્યા, પણ આ પ્રયોગ પણ ધરાર નિષ્ફળ જ નીવડ્યો. વાવાઝોડા જેવાં વેગપૂર્વક છૂટેલાં હજારો બાણોમાંથી એક પણ બાણ એ ભારંડપક્ષીના પડછાયાને પણ ઈજા પહોંચાડી શક્યું નહિ. આમ, બાણવર્ષા નિષ્ફળ નીવડતાં જ સેનાપતિ સુપ્રતીપ પણ પડી ભાંગ્યો. એની પાસે અપનાવવા જેવો હવે એકે વ્યૂહ ન હતો એથી સિંહના સાદે પ્રતિજ્ઞા કરનારો એ સેનાપતિ પછડાતા પગલે પાછો વળ્યો.

રાજવી શતાનીક માટે આશાનો એક માત્ર આધાર સેનાપતિ સુપ્રતીપ જ હતો એથી રાજવી કાગડોળે એની પ્રતીક્ષામાં લોહીનાં આંસુ વહાવી રહ્યા હતા. પળની પ્રતીક્ષા રાજવીને ઘડી સમી સુદીર્ઘ ભાસી રહી હતી, ત્યાં ઘડીઓ દિવસ સમી લાગે, એમાં શી નવાઈ હતી ! આવી ઘડી-દિવસોની પ્રતીક્ષા બાદ જ્યારે શતાનીકની નજર પોતાની તરફ આવી રહેલા સુપ્રતીપ સેનાપતિ પર પડી. ત્યાં એની હાલત મુખમુદ્રા અને લડથડાતી ચાલ જોતાં જ શતાનીક દિલથી પડી ભાંગ્યા. એમને ખાતરી થઈ ગઈ કે, ભલભલા ભડવીરોની સામે વિજયી થઈને આવતા સેનાપતિને આ ભારંડપક્ષીએ કરુણ હાર આપી લાગે છે અને એથી જ સુપ્રતીપ ભાગતે પગે અને હતાશ હૈયે આવી રહ્યો છે.

સેનાપતિ સુપ્રતીપ રાજવી શતાનીકની પાસે આવતાં જ ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યો. એનું એ રુદન રાજવીને એવી રીતે શોકાક્રાંત બનાવી ગયું કે, આઘાતના એ આક્રમણમાંથી દિવસો સુધી રાજવી મુક્ત ન બની શક્યા. દુઃખનું ઓસડ દહાડા ગણાય છે. એ ઓસડ પણ જ્યારે રાજવીના દુઃખને શાંત ન પાડી શક્યું, ત્યારે એક દહાડો મંત્રી યુગંધર નગરીના મહાજનને આગળ કરીને શતાનીક સમક્ષ ખડા થઈ ગયા.

મોહની દશામાં મૂંઝાઈ ઊઠેલા શતાનીકની આંખ તો આંસુ ભીની જ હતી. મૃગાવતીનાં અપહરણની ઘડી-પળથી આરંભાયેલી એ આંસુધાર હજી અણઅટકી જ વહી રહી હતી. એ આંસુધારની સાથે બાળક જેવું હીબકાભર્યું રુદન ભળી જઈને ભારે કરુણ વાતાવરણ ઊભું કરી રહ્યું હતું. અને એની વચ્ચે વલોવાતા રાજવી શતાનીકનું દર્શન તો ભલભલાને રડાવી જાય એવું હતું. આમ છતાં મહાજનની સાથે થયેલું યુગંધર મંત્રીનું આગમન એ વાતાવરણને કંઈક હળવું બનાવવામાં સફળ જરૂર બન્યું. વાતનો આરંભ યુગંધરે જ કર્યો :

રાજન્ ! જે ઘટના બની ગઈ, એ તો ખરેખર દુઃખદ જ બની ગઈ. આ વાતમાં કોઈ અસંમત થાય એમ નથી. આ ઘટના હવે તો ભૂતકાળ પણ બની જવા પામી છે. પણ કૌશાંબી માટે હવે જે ઘટના આકાર લઈ રહી છે, એને દુઃખદ ન બનવા દેવી, એ આપણા સૌના હાથની અને હિતની વાત છે. આ વાતની વિચારણા કરવા જ આવવાનું થયું છે.

વાતની જે રીતે શરૂઆત થઈ, એમાં જે રીતની ગંભીરતા અને છતાં આશાસ્પદ ભાવિનો અણસાર હતો, એથી પ્રભાવિત અને ઉત્કંઠિત બનેલા શતાનીક ઘડીભર તો પોતાનું દુઃખ ભૂલી ગયા અને એકદમ સ્વસ્થ બનીને પૂછી બેઠા : ભૂતકાળમાં ભૂલા પડેલા મેં ભાવિ તરફ તો દૃષ્ટિપાત પણ નથી કર્યો. કયું એવું ભાવિ કૌશાંબીમાં અવતરિત થવાની અણી પર છે કે, એને દુઃખદ કે સુખદ બનાવવું એ આપણા જ હાથની વાત હોય અને આમ હોય, તો તો આપણે સૌએ એ ભાવિને સુખદ બનાવવા આજથી જ નહિ, અત્યારની આ ઘડી-પળથી જ મંડી પડવું જોઈએ !

કૌશાંબી તરફ આવી રહેલા ચંડપ્રદ્યોતના આક્રમણ પર શતાનીકની નજર કેન્દ્રિત કરીને મંત્રીશ્વર યુગંધર રાજવીની અકર્મણ્યતા અને મૃગાવતીના અપહરણથી રાજવીના જીવનમાં છવાઈ ગયેલી હતાશા

હટાવી દેવા માંગતા હતા તેમજ નવપ્રાણનો શંખનાદ ફૂંકવાની એમની ગણતરી હતી. આ ધારણા સાચી પડવાની આશા જાગતાં જ યુગંધરે વાત આગળ ચલાવી : રાજન્ ! આપ ભૂલી નહિ જ ગયા હો, છતાં આજે એ વાતની પુનઃ-સ્મૃતિ કરાવવાની ફરજ અદા કરવી પડે છે કે, મહારાણી મૃગાવતી કરતા જેની મૂલ્યવત્તા જરા પણ ઓછી આંકી શકાય, એવી નથી. એ કૌશાંબીની કીર્તિ પર એક આક્રમણ ધસમસ કરતું આવી રહ્યું છે. એને આપ ભૂલી ગયા હો, એમ અમે માનતા નથી !

ભુલાયેલી કોઈ ચીજ એકાએક યાદ આવી ગઈ હોય, એવી સંભ્રાન્ત દશા અનુભવતા રાજવી શતાનીકે કહ્યું : હા, કૌશાંબીની સામે ચંડપ્રદ્યોતનું આક્રમણ આવી રહ્યું છે, એ તો હું અપહરણની આ બધી ધમાલમાં સાવ ભૂલી જ ગયો. આ તો ઠીક, પણ દુઃખનું ઓસડ દહાડા ! આ સાવ સામાન્ય બાબત પણ હું ભૂલી બેઠો. સારું થયું કે, તમે મને કર્તવ્યનો ખ્યાલ કરાવવા ઉપસ્થિત થયા, નહિ તો કદાચ મહારાણીની જેમ કૌશાંબીને પણ ગુમાવી દેવાનો વખત આવત !

મહાજનને અક્ષર પણ બોલવાનો અવસર જ ન આવ્યો. મંત્રીશ્વર મહાજનને એ આશયથી જ સાથે લાવ્યા હતા કે, કદાચ રાજવીને કર્તવ્ય તરફ સભાન બનાવવામાં પોતાને સફળતા ન મળે, તો મહાજન આ કાર્ય કરી શકે ? પરંતુ મહાજનને બોલવાનો અવસર જ ન આવ્યો, એથી વિદાય પૂર્વેનું સમાપન કરતાં મહાજને કહ્યું : રાજવી ! મોટા માણસોની આ જ વિશેષતા હોય છે કે, હર્ષ, શોકની ગમે તેવી ઘટનાઓ બની જાય, પણ એ ઘટનાઓ એમની સમક્ષ કંડારાયેલી કર્તવ્યની કેડીને ભૂંસી શકતી નથી. કર્તવ્યનો ખ્યાલ આવી જતાં જ એઓ જેમ હર્ષના આવેશથી મુક્ત થઈ શકતા હોય છે, એમ શોકના આવેગથીય મુક્ત થઈ શકતા હોય છે.

મૃગાવતી પરના રાગનો આવેશ શતાનીકને કર્તવ્યથી જરાક વિમુખ બનાવવામાં નિમિત્તભૂત બન્યો હતો ખરો. પરંતુ એ રાગાવેશ એવો નહોતો કે, જે કર્તવ્યના માથે ચડી બેસે ! એથી જ કર્તવ્યનું ભાન થવાની પળે જ દિવસોનો શોક એકી ઝાટકે ફગાવી દઈને રાજવી શતાનીક ખમીર સાથે ખડા થઈ ગયા. એ વખતની એમની મુખમુદ્રા જોનારને એવું જ લાગ્યું કે, જેમની મૃગાવતીનું અપહરણ થઈ ગયું છે, એ શતાનીક જુદા ! અને જેમની કૌશાંબી પર હલ્લો આવી રહ્યો છે એને ખાળવા ખમીરપૂર્વક ખડા થઈ ગયેલા આ શતાનીક જુદા !

મૃગાવતીના અપહરણની વાત જેમ જેમ ફેલાતી ગઈ, એમ એમ બધે આશ્ચર્ય અને આઘાતનું વાતાવરણ પણ વિસ્તરતું ચાલ્યું. પરંતુ આ ઘટના જ્યારે કૌશાંબી તરફ યુદ્ધ લઈને આવી રહેલા ચંડપ્રદ્યોતે જાણી, ત્યારે એમણે ભીતરથી આનંદ અનુભવ્યો. મૃગાવતીનું અપહરણ જોકે ચંડપ્રદ્યોત માટે પણ આઘાતજનક બને એવી જ ઘટના હતી. કેમ.કે, ચંડપ્રદ્યોતની પત્ની રાણી શિવા અને શતાનીકની રાણી મૃગાવતી : આ બંને સગી બહેનો થતી હતી. આ રીતે પોતે પણ શતાનીક સાથે સ્નેહ-સગપણ ધરાવતા જ હતા. પણ રાજ્યલિપ્સા કોનું નામ ? જે સગપણને સાંભરવા ન દે, સગાઈને વચમાં આવવા ન દે, અરે ! ભાઈ-ભાઈ અને પિતા-પુત્ર જેવી લોહીની સગાઈનોય પણ જે વિચાર કરવા ન દે, એ રાજકારણ !

જો રાજકારણ જ આવું ન હોત, તો ચંડપ્રદ્યોતને શતાનીક સાથે લડવાનો સ્વપ્નમાં પણ વિચાર ન આવત. પરંતુ લડાઈ અને સગાઈ સાથેના એ માનસિક સંઘર્ષમાં સગાઈને લોહીલુહાણ કરીને લડાઈ જીતી ગઈ અને ચંડપ્રદ્યોતે કૌશાંબી સામે રણશિંગું ફૂંક્યું. એમાં પણ જ્યારે મૃગાવતીનું અજબ-ગજબની રીતે અપહરણ થયાના સમાચાર એમને પ્રાપ્ત થયા. ત્યારે તો એમણે એક જાતનો માનસિક આનંદ માણ્યો કે, હવે તો મારો અડધો વિજય થઈ જ ગયો ગણાય. કેમ કે મૃગાવતીના આ જાતના

અપહરણથી શતાનીક માનસિક સ્વસ્થતા ખોઈ જ બેઠા હશે એથી કૌશાંબીનું અડધું કૌવત તો ગાયબ થઈ જ ગયું હશે ! હવે આ જાતની અડધી હારને પૂરી હારમાં પલટાવવામાં મને શી વાર લાગવાની ?

કૌશાંબીની કીર્તિના કાંગરા અવિલંબે માટીમાં મેળવવાના મનોરથ સેવનારા ચંડપ્રદ્યોતને જ્યારે કૌશાંબીનો વિજય હાથવેંતમાં જણાયો, ત્યારે એમણે યુદ્ધ-પ્રવાસની ગતિનો વેગ એકદમ વધારી મૂક્યો. સૌના હાથ અને હૈયાં હિંમતથી સભર બની ઊઠ્યાં. ચંડપ્રદ્યોતની તો એવી જ ધારણા હતી કે, કૌશાંબીને આપણે ઊંઘતી જ ઝડપી લઈશું. કૌશાંબીને કલ્પના પણ નહિ હોય કે, ચંડપ્રદ્યોતની સેના આટલી ઝડપથી આવી જશે ! કદાચ આવી કલ્પના હશે, તોય શતાનીક મનથી એકદમ પડી ભાંગ્યા હશે અને હાથમાં હથિયાર ઝાલવાની હિંમત પણ ખોઈ બેઠા હશે ?

ચંડપ્રદ્યોત આવી ધારણાને સાવ સાચી માનીને આગળ વધી રહ્યા હતા. પણ આ ધારણા સાવ ધુતારી નીવડવાની હતી. કેમ કે, કૌશાંબી તો કાંડામાં કૌવત અને કટારી લઈને ખડું થઈ ગયું હતું. મૃગાવતીના અપહરણને એક દુઃસ્વપ્ન માનીને શતાનીક સાવ જ ભૂલી ગયા હતા તેમજ કૌશાંબીની કીર્તિને વધુ અણનમ સાબિત કરવા માટે શમશેર તાણીને એઓ ખુમારીભેર ખડા થઈ ગયા હતા એથી અડધી રાતે પણ ચંડપ્રદ્યોત ધસી આવે, તોય એની કોઈ ચિંતા કૌશાંબીને નહોતી.

કૌશાંબી અને ઉજ્જયિની આ રીતની તડામાર તૈયારીથી સજ્જ હતી. ત્યાં જ એક દિવસ અણધાર્યું યુદ્ધ આરંભાઈ ગયું, એ યુદ્ધારંભ જોતાં જ ચંડપ્રદ્યોતને પોતાની ધારણાઓ ધુતારી હોવાનું ભાન થઈ આવ્યું. આમ મૂળમાં જ જ્યાં ભૂલ રહી ગઈ હતી, ત્યાં એનો સરવાળો સાચો કઈ રીતે આવે ? થોડાક જ દિવસોમાં ચંડપ્રદ્યોતને ભાગતાં ભોય ભારે પડી જાય, એ રીતનો પરાજય વહોરવો પડે, એવી પરિસ્થિતિ ચોમેરથી ઘેરી વળી. એથી કૌશાંબીના કીર્તિધ્વજની અણનમતા નાકની લીટી તાણીને

કબૂલ રાખીને ચંડપ્રદ્યોત પાછો ફરી ગયો. એના એ પગલે-પગલે કૌશાંબીની કીર્તિનું ગાન વધુ ને વધુ ગગનગામી બનતું ચાલ્યું. ભૂંડી રીતે હારીને ચંડપ્રદ્યોત પાછો તો ફરી ગયો હતો, પણ એના અંતરમાં એ જાતનો ધૂંધવાટ ધમધમી રહ્યો હતો કે, ક્યારેક ને ક્યારેક આ પરાજયનો બદલો ન લઉં, તો મારું નામ ચંડપ્રદ્યોત નહિ !

આ રીતે પરિસ્થિતિથી વિવશ બનીને ચંડપ્રદ્યોતે પોતાનો પરાજય ભલે સ્વીકારી લીધો હતો, પણ એના હૈયામાં જે ધૂંધવાટ હતો, એ ક્યારે ને ક્યારે પુનઃ વિસ્ફોટ પામીને કૌશાંબી પર વિજય મેળવવા માટે ધમપછાડા કર્યા વિના નહિ જ જંપે. આ વાતની શતાનીક રાજવીને પણ ખાતરી હતી એથી કૌશાંબીને એઓ સાવ જ ભયમુક્ત માનવાની ભૂલ કરી બેસે એવા ન હતા. આમ, છતાં પ્રાથમિક કર્તવ્ય બજાવવામાં અગ્રેસર થવા બદલ અને એમાં વિજય હાંસલ કર્યા બદલ રાજવી શતાનીક આનંદ અનુભવે એ સહજ હતું.

મૃગાવતીના અપહરણની ઘટના એક એવી આગ હતી કે, જે દિલને દઝાડ્યા વિના ન જ રહે. ચંડપ્રદ્યોતનું આક્રમણ ટળી જતા આ આગ ઉપર છવાયેલી રાખ ઊડી ગઈ અને શતાનીકનું દિલ ફરીથી એ અપહરણની યાદે દાઝવા માંડ્યું. આ રીતના દિલ-દાઝના દિવસો વીતતાં-વીતતાં મહિનાઓમાં પલટાયા, પછી માનસિક તાપ કંઈક હળવો બન્યો. મહિનાઓ પછી મનની સ્થિતિ કંઈક વધુ સુધરી, પણ એ અપહરણ સાવ ભુલાઈ તો ન જ ગયું. મહિનાઓ વીતતા ચાલ્યા અને એ વર્ષોમાં પલટાતા ગયા. આમ ને આમ લગભગ ચૌદ વર્ષની સુદીર્ઘ સમયાવધિ મૃગાવતીના અપહરણ પર વીતવા આવી.

રાજવી શતાનીકને એવી ખાતરી થઈ ચૂકી હતી કે, હવે તો મૃગાવતીનું મિલન શક્ય જ ન ગણાય ! એથી મૃગાવતીના મનોરથથી મુક્ત બની જઈને એમણે મનોમન એવી માંડવાળ પણ કરી નાખી હતી

કે, મૃગાવતી માનસિક દર્શન આપતી રહે છે, એ પણ મારું ભાગ્ય ગણાય ! એક તરફ આવી ખાતરી હતી, છતાં બીજી તરફ રાજવીનું મન મૃગાવતીના વિચારથી સાવ જ મુક્ત બની શક્યું ન હતું, એ પણ હકીકત હતી. જીવનની રોજિંદી બધી જ પ્રક્રિયાઓ રાજવી રાબેતા મુજબ કર્યા કરતા હતા, છતાં એ દરેક પ્રક્રિયામાં કંઈક ખૂટતું હતું. એ ખોટ મૃગાવતી વિના કોઈ જ પૂરી શકે એમ નહોતું, જ્યારે નવરાશની પળો મળતી, ત્યારે રાજવીના મનનો કબજો મૃગાવતી લઈ લેતી. જ્યારે મૃગાવતીના વિચારોથી મન ઊભરાઈ ઊઠતું, ત્યારે નવરાશ મેળવી લઈને પણ રાજવી શતાનીક મૃગાવતીમય બની જતા. ચૌદ ચૌદ વર્ષો વીતવા છતાં આમ, મૃગાવતીના વિચારો કેડો મૂકવા તૈયાર થતા ન હતા. આવી રાગાંધતા બદલ શતાનીકને જાત તરફ ધિક્કાર છૂટતો હતો.

કૌશાંબી તો મૃગાવતીના અપહરણને સાવ જ ભૂલી ગયું હતું. ચૌદ ચૌદ વર્ષ વીતી ગયા બાદ તો એ ઘટના ક્યાંથી તાજી રહે ? પરંતુ રાજવી શતાનીક એ ઘટનાને હજી ભૂલી શક્યા નહોતા. એમની આશા હજી અમર હતી, ત્યાં એક દિવસ.... એકાએક ?

● ● ●

3

# મૃગાવતીની મિલનાશા મલયાચલના માર્ગે

**મ**લયાચલ એટલે તો મલયાચલ જ ! મહિમા એનો અનેરો અને માહોલ એનો અનોખો ! ચંદનની સુવાસને રેલાવતો મંદમંદ શીતલપવન જ્યાં સતત વહેતો રહે. ગ્રીષ્મના મધ્યાહ્નમાં પણ જ્યાં શીતલ-શાંતિ અનુભવાય, એવાં ગિરિશિખરોથી મંડિત પ્રદેશ એ મલયાચલ ! મલયાચલ પ્રદેશમાં ચંદન વૃક્ષે-વૃક્ષે ઊગે અને ચંદનના એ વૃક્ષે-વૃક્ષે મણિથી મંડિત સર્પો વીંટળાયેલા રહે ! આથી ચંદનં ન વને-વને અને સર્પે-સર્પે ન માણિક્ય. આ સંસ્કૃત સુભાષિતને સાર્થક ન કરવામાં જ ધન્યતા અનુભવતા એક પ્રદેશ તરીકે એ કાળે મલયાચલનો મહિમા ખૂબ-ખૂબ ફેલાયેલો હતો.

ગિરિકંદરાઓ, જંગલો, ઝાડીઓ અને સાપ-નાગથી ભર્યા-ભર્યા મલયગિરિના એ પ્રદેશમાં પ્રવાસ ખેડવો કે નિવાસ માણવો, એ કાયરોનું કામ નહોતું. કાયરો જ્યાં પસીનાથી રેબઝેબ બની જાય અને વીરોને જેમાં નિવાસ-પ્રવાસ કરતા પૌરસ ચડે, એવા એ પ્રદેશમાં ભીમ નામના એક ભીલની ભારે નામના-કામના હતી. જાતનો એ ભીલ હતો, પણ એની ઋદ્ધિ-સમૃદ્ધિ ભલભલાને આંજી નાંખે એવી હતી, એની સમૃદ્ધિના સહભાગીઓ પણ ઘણા ઘણા હતા.

ભીમ ભીલની સમૃદ્ધિનું મૂળ મલયાચલમાં વસતા મણિમંડિત નાગ-સર્પો હતા. એ પ્રદેશમાં ચંદન-કાષ્ઠ તો ડગલે ને પગલે અથડાતાં, એથી ભીલને મન એનું કોઈ મૂલ્ય નહોતું. એની આંખ તો મણિ-મુક્તા પર જ ઠરતી. ચંદનનાં વૃક્ષો પર વીંટળાઈને વળગેલા રહેતા સર્પરાજોમાં ઘણા સાપ એવા રહેતા કે, જે મણિથી મંડિત હોય ! આવા સર્પોની ખોજમાં જ ભીમ ભીલ રાત-દિવસ એ ભૂમિમાં ઘૂમતો રહેતો એથી ભય તો એનાથી ભાગતો ફરતો અને નિર્ભયતા એને ભેટવા સામેથી દોડીને આંવતી રહેતી.

સાપ પર નજર પડતાંની સાથે જ ભીમ કોઈ દોરડું ઝાલતો હોય, એવી અદાથી એ સાપને પકડી લેતો. એની નજરને એવી વિચક્ષણતા સ્વયં વરી હતી કે, એ સાપ જો મણિમંડિત હોય, તો ક્ષણાર્ધમાં ભીલની નજર એ મણિના પ્રકાશથી અંજાઈ જતી અને બીજી જ પળે એની કટારી સાપના શરીર પર એવો ઊભો ચીરો મૂકતી કે, જેથી અંદર રહેલો મણિ ઊછળીને સીધો જ એના હાથમાં આવી જતો ! બસ, આ જ એ ભીલનો ધંધો ગણો તો ધંધો અને પ્રવૃત્તિ ગણો તો પ્રવૃત્તિ હતી. આવી પ્રવૃત્તિ એ પોતાના એક જાતના રસ અને શોખ ખાતર જ કર્યા કરતો હતો. એના પ્રતાપે ઢગલાબંધ મણિમુક્તાનો એ માલિક હતો. આટલું જ નહિ, મલયાચલ પ્રદેશની અનેક ભીલડીઓને મણિ-મુક્તાના અલંકારોથી મંડિત બનાવવાનો કહેવાતો ઉદારતાપૂર્વકનો પરોપકાર પણ એણે છૂટે હાથે

કર્યો હતો, એથી ભીલોની સૃષ્ટિ એને રાજા તરીકેનું માન-સન્માન આપતી હતી અને ભીલરાજ તરીકે એ પ્રસિદ્ધ થયો હતો. નામ તો એનું ભીમ હતું. પરંતુ મલયાચલ પ્રદેશમાં એની વ્યાપક પ્રસિદ્ધિ ભીલરાજ તરીકેની જ હતી.

નામ પ્રમાણે જ ભીલરાજ ભીમનું કામ હતું. સર્પો તરફ દયાનો છાંટો પણ ન ધરાવતો ભીલરાજ મલયાચલમાં વસતા ભીલો તરફ ખૂબ જ દયા-માયા દાખવતો હતો અને પોતાની પ્રજાની જેમ ભીલોનું પણ પાલનપોષણ કરતો હતો. ભીલોએ એને ભીલરાજનું નામ આપ્યું હતું, તો ભીલરાજ નામ પ્રમાણે કામ કરવામાં જરા પણ પાછી પાની ન કરતો. આમ, મલયાચલમાં જાણે ભીલરાજ એક છત્રી સામ્રાજ્ય ભોગવતો હતો.

એક દિવસની વાત છે. નાગની શોધમાં નીકળેલો ભીલરાજ પોતાની પલ્લીથી ખૂબ-ખૂબ દૂર નીકળી ગયો. જેનો મણિ પોતાની આંખમાં વસી ગયો હતો. એવા એક સાપનો પીછો કરવા જતા ભીલરાજને પોતાના પ્રદેશથી ખૂબ દૂર દૂર સુધી જવું પડ્યું. પણ સર્પ ખૂબ જ ચાલાક નીકળ્યો. ભીલરાજ એને પકડી તો ન શક્યો, પણ એ સાથે ભીલરાજને ખરેખરો રખડાવ્યો. ભીલરાજ પણ એની પાછળ આદુ ખાઈને પડ્યો હતો, એમાં સબળ કારણ હતું : જેને ફણીધર તરીકે ઓળખાવી શકાય, એવો એ નાગ હતો. અને આવો નાગ જવલ્લે જ જોવા મળતો. એની ફણાનો મણિ જો મળી જાય, તો ન્યાલ થઈ જવાય.

ભીલરાજે એ નાગનો એવો પ્રચંડ પીછો પકડ્યો કે, અંતે ફણીધરને થાકવું પડ્યું. થાકેલા ફણીધરને ભીલરાજે તરત જ પકડી લીધો. ફણીધર હાથમાં આવી જતાં જ એના આનંદનો પાર ન રહ્યો. અજબ-ગજબનો આ ફણીધર હતો, એની મુલાયમતા માખણ જેવી હતી, એનો આકાર આંખમાં વસી જાય એવો હતી, એની ચાલમાં પણ સંગીત સંભળાતું હતું. આ બધી એકથી એક ચડિયાતી વિશેષતાઓ હતી. પણ ભીલરાજને

તો એની સાથે શી લેવાદેવા હોય ! એની નજર તો મણિ પર જ હતી એથી ફણીધર પકડાયો, એની બીજી પળે જ એણે કેડેથી કટારી ખેંચી કાઢી અને ફણા પર ઊભો કાપો મૂકવાની જ્યાં એણે તૈયારી કરી, ત્યાં જ એક એવો સાદ આવ્યો કે, રૂક જાવ. જ્યાં અહિંસા પ્રતિષ્ઠા પામી છે, એવી આ ભૂમિ પર અમારું સામ્રાજ્ય ચાલે છે એથી આ સામ્રાજ્યમાં પ્રવેશીને કોઈ હિંસા કરવા માંગતું હોય, તો એને રોકવાનો અમારો અબાધિત અધિકાર છે. આ અધિકારની રૂએ હું કહી રહ્યો છું કે, રૂક જાવ !

ભીલરાજ આ પડકાર સાંભળીને એક વાર તો છક્ક થઈ ગયો. એકહથ્થુ સામ્રાજ્ય ભોગવતા પોતાને પડકારનાર બીજું કોઈ નહિ, પણ એક ઋષિબાળ હતો. ધારત તો ભીલરાજ એક હાકોટો કરીને બાળને ડારી-દબાવી શકત. પરંતુ ઋષિબાળની મનોહર મુખમુદ્રા જોઈને ભીલરાજ એના પર મોહી પડ્યો. ઋષિબાળની ચાલ પાયલ નાદ જગવે એવી હતી, તો એના બોલમાંથી જાણે ફૂલડાં ખરતાં હતાં. એનો દેહાકાર દેવની સ્મૃતિ કરાવે એવો હતો. ભીલરાજના હૈયામાંથી જાણે કઠોરતા-નઠોરતા વિદાય થઈ ગઈ. એ ઋષિબાળ સમક્ષ માતા જેવું હૈયું દાખવતા ભીલરાજે પૂછ્યું : તમે કોણ છો ? આ પૃથ્વી માનવલોકની ન હોત, તો હું તો તમને દેવ જ માનત ! પણ આપણે બંને સ્વર્ગ લોકમાં નથી ખડા, માટે મારે તમને માનવબાળ માનવા પડે છે. તમારો વિશેષ પરિચય આપશો ?

ઋષિબાળે કહ્યું : અમારે વળી વિશેષ-પરિચય જેવું શું હોય ? આશ્રમ આસપાસની આ ભૂમિ તો અહિંસા દેવીનું મંદિર છે અને અમે એના બાળ પૂજારી છીએ એથી અમારી સગી આંખે તો અમે અહિંસાદેવી સામેનું આક્રમણ કઈ રીતે જોઈ શકીએ ?

ભીલરાજને થયું કે, ઋષિબાળની વાત વાજબી હોય, તો પણ એનો સ્વીકાર કઈ રીતે થઈ શકે ? આવો મણિ કંઈ વારંવાર થોડો જ મળવાનો

હતો ! એથી એણે પોતાનો સ્વાર્થ આગળ કરતાં કહ્યું : તમારી વાત મને મંજૂર અને તમારો અધિકાર પણ કબૂલ ! પરંતુ આ ફણીધર તો તમારા આશ્રમ આસપાસનો નથીને ? માટે તમારા અધિકારમાં હું હસ્તક્ષેપ નહિ કરું. મારા પ્રદેશનો આ ફણીધર છે, માટે મારા પ્રદેશમાં જઈને પછી તો હું આની હત્યા કરી શકુંને ? મને ઓળખી લો, હું ભીલ છું. મેં લોહી સિવાય બીજો લાલ રંગ જોયો નથી. હિંસા-હત્યા સિવાય બીજું કંઈ મારા હાથને રુચતું જ નથી.

ભીલની આ વાત સાંભળીને આશ્ચર્યચકિત બની ઊઠેલા ઋષિબાળે સામો સવાલ કર્યો : ફણીધરની હત્યા શા માટે ? જે ચીજ તમે દઈ શકો નહિ, એને લેવાનો તમને અધિકાર કોણે આપ્યો ? ફણીધરનો જીવ લઈને તમે પાછા દઈ શકતા હો, તો જીવ લેવાનો તમારો અધિકાર મને પણ માન્ય છે ! પણ જીવ લઈને પાછો દઈ શકવા તમે સમર્થ છો ખરા ?

ભીલરાજ પાસે આનો કોઈ જવાબ ન હતો. પ્રાણ લઈને પાછા આપવાની શક્તિ જો ભલભલા ભડવીરો પણ ધરાવી ન શકતા હોય, તો તો પોતે આવી શક્તિ માટે ક્યાંથી દાવો કરી શકે ? એથી પોતાની અશક્તિ કબૂલીને એણે કહ્યું : હત્યા કર્યા સિવાય મણિ મેળવવાનો બીજો કોઈ રસ્તો તમે બતાવતા હો, તો મારે હત્યા કરવાની કોઈ જ જરૂર નથી ! મારે તો મણિ સાથે જ નિસબત છે ! શું હત્યા વિના ફણીધરનો મણિ મેળવી શકાય ?

"હા, મેળવી શકાય." ઋષિબાળે જવાબમાં આટલું જણાવીને ભીલને વચનબદ્ધ બનાવવા પૂછ્યું : જો હત્યા વિના મણિ મેળવી શકાય, તો તમે હત્યારા નહિ બનોને ? તો પહેલાં આ માટે વચનબદ્ધ બનો, પછી હત્યા વિના મણિ મેળવવાનો માર્ગ બતાવવાની મારી પૂરી તૈયારી છે.

ભીલરાજ વચનબદ્ધ બન્યા બાદ ઋષિબળે કહ્યું : તમે થોડી વાર અહીં ઊભા રહો. તમે જેવો મણિ ઇચ્છો છો, એવા જ મણિથી મંડિત એક કંકણ હું તમને લાવી આપું. પછી તો વાંધો નથીને ?

આટલું કહીને ઋષિબાળ આશ્રમ ભણી દોડી ગયો. પોતાની માતા પાસેથી એક રત્નકંકણ માંગતાં એણે કહ્યું : માતાજી ! એક ફણીધરના જીવન કરતાં આપના રત્નકંકણની કિંમત ઓછી હોય, તો મને આપનું રત્નકંકણ આપો. જેથી એક ફણીધરનું જીવન હું બચાવી શકું.

ઋષિબાળનું વચન સ્વીકારીને એની માતાએ વળતી જ પળે મહામૂલું પોતાનું રત્નકંકણ કાઢીને એને આપી દીધું. એ રત્નકંકણ મેળવીને હસતો-ખેલતો ઋષિબાળ તરત જ ભીલ પાસે આવ્યો. ભીલના હાથમાં એ રત્નકંકણ મૂકતાં એણે કહ્યું : ભીલરાજ ! લો, આ રત્નકંકણ ! તમે રત્નકંકણ મેળવ્યાનો આનંદ માનજો અને હું આથીય વધુ કીમતી આ ફણીધરનો જાન બચાવ્યાનો આનંદ માનતો રહીશ. તમે મારી વાત માની ગયા એથી સારું થયું, નહિ તો મારા અધિકારની રૂએ પણ હું તમારા હાથમાંથી કટારી ઝૂંટવી લીધા વિના રહેત નહિ. આટલું કાળજે કોતરી રાખજો. જેથી ભવિષ્યમાં પાછી આવી જ ભૂલનું પુનરાવર્તન ન થવા પામે.

ફણીધરને છૂટો મૂકી દઈને અને રત્નકંકણને જાનની જેમ છાતીએ વળગાડીને ભીલરાજ રવાના થયો. હિંસામાં જ રાચતા -માચતા અને લક્ષ્મીને જ સર્વસ્વ માનતા એ ભીલની સામે ઋષિબાળે જે રીતે અહિંસાનો આદર્શ રજૂ કર્યો હતો અને આ આદર્શના અમલ કાજે એણે જે રીતે મહામૂલ્યવાન રત્નકંકણને તરણાની તોલે ગણ્યું હતું, એ દશ્ય સમય વીતતો ગયો, એમ વધુ ને વધુ તાજું બનીને તાજ્જુબી જગવી રહ્યું હતું. પલ્લીમાં પહોંચી જઈને પોતાની પત્નીને ભીલે સહર્ષ રત્નકંકણ આપ્યું, પણ એથીય કેઈ ગણા વધુ હર્ષ અને આશ્ચર્ય સાથે એણે તો ઋષિબાળની અહિંસા ભાવના વર્ણવી બતાવી. આ પ્રસંગ ભીલ-ભીલડીના અંતર સમક્ષ

એક નવી જ છાપ પેદા કરવા સમર્થ બની શક્યો. પણ એની અસર ચિરંજીવી બને, એવું અહિંસક વાતાવરણ ત્યાં ક્યાંથી લાવવું ? એથી ભીલરાજ પાછો લોહિયાળ બની ગયો અને એના હાથ પાછા હત્યારા બની ગયા.

રત્નકંકણ મેળવીને ભીલડીરાણી કોઈ અનેરો આનંદ માણી રહી. ભીલરાજના ભાગ્યમાં તો આવો આનંદ માણવાનો ક્યાં લખાયો હતો. બહુ-બહુ તો ભીલડીને આનંદિત જોઈને એ આનંદ માણી શકતો. બાકી તો એના દુર્ભાગ્યમાં રોજની રઝળપાટ, હંમેશની હિંસા અને કાયમનાં કાળાં કામ જ લખાયાં હતાં. અને આમાં જ એને મજા આવતી હતી. પોતાની પલ્લીની આસપાસ કેટલાંય ગામ, નગરો આવ્યાં હતાં, પણ કોઈ દિવસ એમાં ટહેલવા જવાનું પણ એને મન નહોતું થતું. એ તો જંગલનો જીવ હતો, લોહી પી-પીને એ તૃષા શમાવતો અને માંસ ખાઈને એ ભૂખ શાંત કરતો.

રત્નકંકણની પ્રાપ્તિ પર આ રીતે પાંચ પાંચ વર્ષનાં વહાણાં વીતી ગયા પછીની કોઈ એક સવારે ભીલડી રાણીએ ભીલરાજને કહ્યું : આ રત્નકંકણની શોભા તો ઘણી ઘણી માણી. હવે મારું મન આનાથી ધરાઈ ગયું છે એથી આ કંકણને ધારણ કરતાંય હવે મને ઊબકા આવે છે, ને ભાર લાગે છે. માટે એમ કરો કે આ રત્નકંકણ લઈને તમે કૌશાંબી નગરીમાં જાવ અને આના બદલામાં મારા માટે સારામાં સારાં કાનનાં કુંડળ ખરીદી લાવો, આટલાં વર્ષો સુધી આ કંકણો મારા હાથની શોભા બન્યાં, એથી હવે આ કંકણ કુંડળમાં પલટાઈને મારા કાનને શોભાવે, એ દિવસ જોવાને હું તલપી રહી છું.

જંગલના જીવને કૌશાંબી જવું તો ક્યાંથી ગમે ? પણ ભીલડીની ખુશી મેળવવા ભીલરાજે અણગમતાને મનગમતું કરવાની તૈયારી દાખવી અને વિના વિલંબે એણે કૌશાંબી તરફ પ્રયાણ કર્યું, વિના વિલંબે એ કૌશાંબી પહોંચવા માંગતો હતો અને એ જ રીતે અવિલંબે એ પાછો

મલયાચલમાં આવી જવા ઇચ્છતો હતો. એના હાથમાં રહેલા રત્નકંકણ પર કોઈનું નામ આલેખવામાં આવ્યું હતું ખરું, પણ ભીલ માટે તો એ અક્ષરો આડાઅવળા લીટા જેવા જ હતા.

ભીલરાજ કૌશાંબીમાં આવ્યો. કૌશાંબીમાં જોવા જેવી અનેક ચીજો પ્રખ્યાત હતી. પણ ભીલરાજને તો એ જોવાની ક્યાં પડી હતી ! એ તો રત્નકંકણ લઈને સીધો જ એક વણિકની દુકાને પહોંચ્યો. વણિકના હાથમાં રત્નકંકણ મૂકીને એણે કહ્યું : આ કંકણના બદલામાં મારે કુંડળ જોઈએ છે. બરાબર આ કંકણ જેટલું જ મૂલ્ય ધરાવતા કુંડળ લેવા હું છેક મલયાચલથી અહીં આટલે સુધી આવ્યો છું.

રત્નવણિકે રત્નકંકણને હાથમાં લીધું અને એ ચોંકી ઊઠ્યો, કેમ કે એ રત્નકંકણ પર તો મૃગાવતીનું નામ અંકિત હતું. મૃગાવતીના નામથી અંકિત કંકણ હાથમાં આવતા જ રત્નવણિકની આંખ સામેથી ચૌદ-ચૌદ વર્ષની કાળની દીવાલ હટી ગઈ અને લોહિયાળ-સ્નાનનાં એ ઘડીપળ પુનઃ તરવરી ઊઠ્યાં. એણે બેહદ આશ્ચર્ય અનુભવ્યું : શું આ કંકણ આપણા રાંજવીની રાણી મૃગાવતીનું જ હશે ? ચૌદ ચૌદ વર્ષથી જેના કોઈ ખત-કાગળ કે ખબર નથી કે જેનો કોઈ પત્તો-પડછાયો પ્રાપ્ત થયો નથી, એ મૃગાવતીનું આ રત્નકંકણ હોય, એ સંભવિત જ નથી. આ દુનિયામાં કઈ મૃગાવતી આ નામમાત્ર આપણી રાણીનું જ હોય, એવું થોડું જ છે, એથી બીજી જ કોઈ મૃગાવતીનું આ કંકણ હોઈ શકે છે ! રાજરાણી મૃગાવતી જો જીવતી હોય, તો એની કોઈ ભાળ-સંભાળ મળ્યા વિના ન જ રહે ! માટે ચોક્કસ આ કંકણ બીજી જ કોઈ મૃગાવતીનું હોવું જોઈએ.

રત્નવણિક જ્યારે કંકણ જોઈને આ જાતની ગંભીર વિચારણામાં સરી પડ્યો અને એનું ચોમેરથી નિરીક્ષણ કરવામાં તલ્લીન બની ગયો. ત્યારે ભીલરાજે એક વાર તો આશ્ચર્ય અનુભવતાં કહ્યું : કેમ, ગંભીર વિચારણામાં ખોવાઈ ગયા ? આ કંકણ કંઈ ચોરીની ચીજ નથી

હોં. આ તો મારી સ્વોપાર્જિત મૂડી છે. જાન સટોસટનું સાહસ ખેડ્યા પછી હું આ રત્નકંકણનો સ્વામી બન્યો છું. પણ મારે હવે આના બદલે કર્ણના કુંડળનો ખપ પડ્યો છે, માટે જ હું તમારી પાસે ઉપસ્થિત થયો છું.

ભીલરાજની આ વાત સાંભળીને રત્નકણિકે ભૂતકાળ ભૂલી જઈને વર્તમાનમાં વિચરણ કરતાં કહ્યું : તમારી શાહુકારી પર મને વિશ્વાસ છે. પણ આ રત્નકંકણ એટલાં બધાં મૂલ્યવાન છે કે, આની સરખામણીમાં મૂકી શકાય, એવા કર્ણ-કુંડળ તમને આખી કૌશાંબીમાં રાજવી શતાનીક સિવાય બીજે ક્યાંય નહિ મળે. માટે જો તમને મનગમતાં કર્ણ-કુંડળ જોઈતાં હોય, તો રાજ્યસભામાં જવું જરૂરી લાગે છે અને આ માટે હું તમને મદદગાર બનવા તૈયાર છું. ચૌદ-ચૌદ વર્ષ પછી મૃગાવતીનાં રત્નકંકણ આ રીતે ભીલ દ્વારા જોવા મળે, એ જેમ રત્નવણિકને સાવ જ અશક્ય-અસંભવિત ભાસતું હતું, એમ બીજી બાજુ રત્નકંકણની મૂલ્યવત્તા અને ઘાટ-ઘડામણ જોતાં તો વણિકને એવો વિચાર પણ આવી જતો હતો કે, કદાચ રાજરાણીનાં જ આ રત્નકંકણ હોય ! એથી રત્નવણિક આ આખો મામલો રાજવી સમક્ષ લઈ જવા માંગતો હતો. ભીલને તો કર્ણ-કુંડળથી જ કામ હતું, એથી એ વણિક દ્વારા મળે કે રાજવી દ્વારા મળે, એની સાથે એને તો કોઈ વાંધો ન હતો એથી એ તૈયાર થઈ ગયો અને વણિક તેમજ ભીમ ભીલ રાજ્યસભામાં જવા માટે રવાના થયા.

રત્નવણિકના હૈયામાં ભારે મોટી ગડમથલ ચાલતી હતી. રત્નકંકણ પર અંકિત "મૃગાવતી"નું નામ કેવી-કેવી સંભાવનાની સૃષ્ટિ શતાનીકની આંખ આગળ સર્જી જશે અને એથી એઓ કેવી-કેવી સ્વપ્નસૃષ્ટિમાં વિચરવા નીકળી પડશે, આના વિચારો વણિકના હૈયામાં જબરી હલચલ મચાવી રહ્યા હતા એથી ઝડપી પગલે વણિક રાજ્યસભામાં પહોંચ્યો અને સીધો જ શતાનીક રાજવી સમક્ષ જઈને ઊભો. નમસ્કાર કરીને

એણે કહ્યું : રાજવી ! મારે ત્યાં વેચાવા માટે એક રત્નકંકણ આવ્યું છે. આ ભીલ એને લઈને આવ્યો છે, એ રત્નકંકણના બદલામાં આ ભીલને કર્ણનાં કુંડળ જોઈએ છે. પરંતુ રત્નકંકણ પર મૃગાવતી આવું નામ અંકિત થયેલું જોતાં જ હું અહીં દોડ્યો-દોડ્યો આવ્યો છું.

આટલું કહીને રત્નવણિકે એ રત્નકંકણ રાજવીના હાથમાં મૂક્યું, એને જોતાં જ રાજવીની આંખ સામે મૃગાવતી ખડી થઈ ગઈ. રત્નકંકણ પર રાજાની નજર ચીટકી ગઈ. રાજવી વિચારે ચડ્યા : ઓહ ! આ તો મારી રાણી મૃગાવતીનું જ રત્નકંકણ ! કેટલાં બધા પ્રેમથી મેં એને આ કંકણ આપેલું ! આના ઘાટ-ઘડામણ પાછળ પણ મેં કેટલો બધો રસ લીધેલો ! આ કંકણ જેના કરને શોભાવતા હતા, એ મૃગાવતીનાં અપહરણને આજે ચૌદ ચૌદ વર્ષનાં વહાણાં વાઈ ગયાં ! ઓહ, આ કંકણ વળી ભીલ પાસે ક્યાંથી આવ્યું હશે ? શું ભીલે રત્નકંકણના લોભે મૃગાવતીને મારી તો નહિ નાખી હોયને ? ચૌદ ચૌદ વર્ષ બાદ પણ એ હેમખેમ હોય, એવું સૂચન આ રત્નકંકણના માધ્યમે મને મળી રહ્યું છે.

શતાનીકનું મન જાત-જાતના સંકલ્પ-વિકલ્પથી ઊભરાઈ ઊઠ્યું એથી એમણે ભીલને પૂછ્યું : તને આ રત્નકંકણના બદલે જરૂર કર્ણનાં કુંડળ મળી જ રહેશે. પણ આ પૂર્વે તારા મોઢેથી હું આ રત્નકંકણની પ્રાપ્તિની કથા સાંભળવાનું ઈચ્છું છું. કોઈ પણ જાતના ભય વિના, આ કથા તું કહી સંભળાવીશ, તો તને જેની જોડ ન જડી શકે, એવાં કર્ણનાં કુંડળ આપીને ન્યાલ બનાવી દઈશ.

રત્નકંકણના દર્શને રાજવી શતાનીકે હર્ષ-શોકના જે ભાવો અનુભવ્યા હતા, એ ભીલે નજરોનજર જોયા હતા એથી એને એ વાતનું ખૂબ ખૂબ આશ્ચર્ય થઈ રહ્યું હતું કે, આ રત્નકંકણમાં એવું તે શું હતું કે, એને જોતાં જ રત્નવણિક વિચારમગ્ન બની ગયો હતો અને અત્યારે ખુદ રાજા શતાનીકને પણ કોઈ જુદી જ સૃષ્ટિમાં આ રત્નકંકણ દોરી

ગયા હતા. ભીલ તો ભોળો ભટાક હતો. એણે રત્નકંકણની પ્રાપ્તિની કથા કહેવા માંડી :

"રાજવી ! મલયામલમાં વસનારો હું એક ભીલ છું. ચંદનનાં વૃક્ષો પર વીંટળાઈને પડ્યા રહેતા ફણીધરોની ફણામાંથી મણિ મેળવવાનો મને શોખ છે. એક દિવસ એક ફણીધરનો મણિ મારા મનમાં વસી ગયો. મેં એને લેવાનું નક્કી કર્યું. પણ એ ફણીધર તો ભારે નીકળ્યો. આગળ ફણીધર, એની પાછળ પીછો પકડનાર હું ! મારી પલ્લીથી ઘણા દૂરના પ્રદેશ સુધી આ પકડદાવ ચાલ્યો. અંતે ફણીધર થાક્યો અને મારી પકડમાં આવી ગયો. એની ફણા ચીરીને મણિ લેવા જ્યાં હું તૈયાર થયો, ત્યાં જ એક ઋષિબાળે મારો હાથ પકડી લઈને કહ્યું : આ અહિંસાની ભૂમિમાં હિંસા કરવાનો તમને અધિકાર નથી ! મેં કહ્યું કે, મારે તો આ ફણીધરના મણિનો જ ખપ છે. ફણીધર જીવતો રહેતો હોય અને મણિ મળી શકતો હોય, તો મારે હિંસા કરવી નથી. ઋષિ-બાળ તરત જ આશ્રમમાં ગયો અને એક રત્નકંકણ લઈને તે પાછો આવ્યો. મારા હાથમાં એ રત્નકંકણ મૂકતાં એણે કહ્યું : લો, આ મણિ ! હવે તો તમારે હિંસા કરવાની કોઈ જરૂર નથીને ? મને તો મણિ જ જોઈતો હતો, જે મળી જતાં હું પાછો ફર્યો. મારી પત્ની આ રત્નકંકણ જોઈને રાજીરાજી થઈ ગઈ. બરોબર પાંચ વર્ષ સુધી આ રાજીપો અખંડ રહ્યો. આ પછી એક દિવસ એણે મને કહ્યું કે, આ રત્નકંકણના બદલામાં મને કર્ણકુંડળ લઈ આપો, એથી મારે કૌશાંબીમાં આવવાનું બન્યું.

ભીલે રત્નકંકણની પ્રાપ્તિથી માંડીને કૌશાંબીના આગમન સુધીની દરેક વિગત કહી સંભળાવી. આ વિગત સાંભળીને સૌ વિચારમગ્ન બની ગયા. એમાં પણ રાજવી શતાનીક તો કોઈ ગેબી વિચારોની સૃષ્ટિમાં ખૂબ જ ઊંડા ઊતરી ગયા : એ આશ્રમ કદાચ મૃગાવતીને માટે આશ્રયસ્થાન બન્યો હોય, એ ઋષિબાળ કદાચ મૃગાવતીનું જ સંતાન

હોય, ઓહ ! તો મારા ભાગ્યને અવધિ ન રહે ! અરે ! પણ આ તો પાંચ વર્ષ પૂર્વે ઘટેલી ઘટના છે. આટલા ટૂંકા દીર્ઘકાળ દરમિયાન મૃગાવતી ત્યાં હેમખેમ હોય અને હજી પણ ત્યાં જ આશ્રય લઈ રહી હોય, આવું બનવું શક્ય છે ખરું ? એનું સતીત્વ એને રક્ષણ પૂરું પાડી રહ્યું હોય, તો જુદી વાત ! બાકી મલયગિરિનાં એ અરણ્યોમાં પાંચ-પાંચ વર્ષ લગી મૃગાવતી હેમખેમ જીવતી હોય, એ શક્ય જ લાગતું નથી.

આ રીતે શતાનીક રાજવી આશા-નિરાશા વચ્ચે અથડાઈ-કુટાઈ રહ્યા. ભીલની વાત સાંભળ્યા બાદ પોતાને જે જે વિચારો આવ્યા હતા, એમાં એક જાતની મોહની ઘેલછા હતી, એથી એને મંત્રી અને સેનાપતિ સમક્ષ વ્યક્ત કરતાં પણ શરમાવું પડે એમ હતું એથી પોતાના એ આશા-નિરાશાથી ભર્યાભર્યા વિચારોને મનમાં જ સમાવી દઈને એમણે તો મંત્રી યુગંધરને કહ્યું : આ ભીલ પાસેથી મળેલી બાતમી અંધકારભર્યા અમાસી આકાશમાં એક તેજનું કિરણ વેરી જાય એવી છે. આજથી પાંચ વર્ષ પૂર્વેની આ વાતો પર જોકે આંધળો વિશ્વાસ મૂકી શકાય એમ નથી. એ જ રીતે આ બધી વાતોને સાવ જ બિનપાયાદાર માનીને મૃગાવતીની શોધખોળના વિષયમાં સાવ જ માંડવાળ કરી શકાય એમ પણ નથી. માટે આ ભીલને મનગમતા કર્ણકુંડળ આપીને જ વિદાય નથી કરી દેવાનો ! પણ આપણે ભીલ પાસેથી મહત્ત્વનું એક કામ લેવાનું છે.

મંત્રી યુગંધર તરત સમજી ગયા કે, મહત્ત્વનું આ કાર્ય ક્યું હોઈ શકે ? એથી રાજવીના મનની વાતને આગળ વધારતાં એમણે ભીલને કહ્યું : આ રત્નકંકણના બદલામાં તને મનગમતાં કર્ણકુંડળ જરૂર મળી જશે. પરંતુ આટલું તારું કામ પતી જાય, એટલા માત્રથી જ તારે સંતોષ પામવાનો નથી. અમારે તારી પાસેથી બીજું એક કામ લેવું છે. તારે અમારા ભોમિયા બનવાનું છે અને એ ઋષિબાળનો તને જ્યાં ભેટો થયો હતો, એ આશ્રમ-પ્રદેશ સુધી અમને સૌને તારે દોરી જવાના છે.

ભીલરાજને મનગમતાં કર્ણકુંડળ તો મળી જ ગયાં. તદુપરાંત એનાં માન-પાન પણ વધી ગયા. કેમ કે હવે તો રાજવી જેવા રાજવી પણ મૃગાવતીની શોધ માટે ૧૫-૧૫ વર્ષનાં વહાણાં, વાઈ ગયા બાદ ફરી વનના વગડે સંચરવાના હતા. અને એ વનવગડાની વાટના ભોમિયા બનવાનું ભાગ્યતિલક ભીલના ભાલે અંકિત થવાનું હતું. શતાનીક માટે હવે તો, આટલી બાતમી મળ્યા બાદ તો પળનો પણ વિલંબ અસહ્ય નીવડે એવો હતો એથી કૌશાંબીના રાજ્યસંચાલનની નાની-મોટી તમામ જવાબદારીઓ મંત્રીશ્વર યુગંધરને સોંપી દઈને એઓએ એક દિવસ મૃગાવતીની શોધયાત્રા માટેનું પગલું ઊઠાવ્યું.

એ શોધયાત્રામાં સેનાપતિ સુપ્રતીપ પણ થોડીઘણી સેના સાથે જોડાયો. આમ, એક નાનકડો કાફલો ભીલરાજને ભોમિયા તરીકે આગળ રાખીને મલયાચલના માર્ગે આગળ ને આગળ વધવા માંડ્યો. શતાનીકની મનોસૃષ્ટિની સામે અવારનવાર-વારંવાર એ ઋષિબાળ અને એ ઋષિમાતા ઊપસી આવતાં અને એઓને થતું કે, એ માતા મૃગાવતી હોય અને એ બાળ મારું સંતાન હોય, તો કેવું સારું ! આમ, મૃગાવતીની મિલનાશા રાજવીને વનવગડાની વાટે દોડાવી રહી અને રાજવી હોંશેહોંશે એ વિકટ વાટે આગળ ને આગળ વધી રહ્યા.

• • •

૪

# પૂર્વજીવન પરથી ઊંચકાતો જતો પડદો

**અ**હિંસાની જ્યાં પ્રતિષ્ઠા થાય છે, ત્યાં વેરવિરોધનું વાતાવરણ શમી જાય છે. અહિંસાની અસર એવી તો અદ્ભુત હોય છે કે, એ અદ્ભુતતાની અસરમાં આવીને સિંહ, સસલા જેવાં પ્રાણીઓ પણ મિત્ર જેવા બની જતા હોય છે. આનાથી પણ આગળ વધીને એ અદ્ભુતતામાં એવી તો પ્રચંડ તાકાત સમાયેલી હોય છે કે, જન્મવેર ધરાવતાં જીવજંતુઓ પણ એ અદ્ભુતતાના પ્રભાવે એક વાર તો જન્મ-જાતિથી ચાલ્યું આવતું વેર વીસરી જઈને સગાભાઈની જેમ એકબીજાથી વહાલ કરવા મંડી પડતા હોય છે. જે વ્યક્તિત્વને તીર્થંકર તરીકે બિરદાવી શકાય, એવા અહિંસામય વ્યક્તિત્વના સ્વભાવ-પ્રભાવ

તો કલ્પનાતીત જ હોય છે ! પરંતુ સામાન્ય રીતે પણ જ્યાં અહિંસાની આરાધના વિશિષ્ટ કક્ષામાં થતી હોય છે, ત્યાં વેર, વિરોધના ઉપશમન જેવા ચમત્કાર સર્જાતા જોવા મળતા હોય છે.

મલયાચલની તળેટીમાં તો આવા ચમત્કારનાં દર્શન થવાં ખૂબ ખૂબ દોહ્યલાં ગણાય. કેમ કે ભીલોના આશ્રયસ્થાન સમો એ મલયાચલ હતો અને ત્યાં ફૂંફાડાભર્યા ફણીધરો અને વિરાટકાય અજગરો પડ્યા-પાથર્યા રહેતા હતા, તેમજ એની હત્યા કરીને એમાંથી મણિમુક્તા મેળવનારા ભીલો ત્યાં હજારોની સંખ્યામાં વસતા હતા એથી હિંસા અને હત્યાના કરુણ વાતાવરણથી સાવ અલિપ્ત પ્રદેશ એ મલયાચલમાં મળવો મુશ્કેલ ગણાતો. અભય-આશ્રમ આમાં એક આનંદદાયક અપવાદ હતો. મલયાચલની તળેટીમાં જ આ આશ્રમ આવ્યો હતો.

આશ્રમમાં કુલપતિ બ્રહ્મભૂતિની સાધના પ્રખ્યાત હતી. એમના શિષ્ય તરીકે વિશ્વભૂતિની યોગસાધના અને યોગક્ષેમની વાહકતા એટલી બધી પ્રભાવશાળી હતી કે, એ આશ્રમના આશ્રયે સેંકડો સાધકો સાધના કરતા. એ સાધના એવી સત્ત્વશાળી અને પ્રભાવશાળી હતી કે, એની અસર આશ્રમ ઉપરાંત આશ્રમની આસપાસની ભૂમિ ઉપર પણ અનુભવવા મળતી. આશ્રમને મળેલું અભય આ નામ ખરેખર સાર્થક હતું. કેમ કે, ભય અને વેર-વિરોધ જેવું વાતાવરણ ત્યાં ક્યાંય જોવા ન મળતું. સાપ અને નોળિયા ત્યાં હળી-મળીને રમતા જોવા મળતા. વનનાં મૃગલાંઓ ઋષિબાળકોના ખોળામાં માથું મૂકીને ત્યાં વહાલ કરતા જોવાતા. યજ્ઞ-યાગની ધૂણીઓ તો આશ્રમમાં સતત પ્રજ્વલિત રહેતી. વૃક્ષે વૃક્ષે રચાયેલી વેદિકાઓ ઋષિમુનિઓ દ્વારા થતા હોમહવનમાંથી રચાતી ધૂમ્રસેરોથી સતત વ્યાપ્ત જ રહેતી.

ઋષિબાળ જ્યારે ઊગતા સૂર્યની સાખે આશ્રમની આસપાસની ભૂમિ પર સમિધ-ઈંધણ-દૂર્વા વીણવા નીકળતા, ત્યારે તો કોઈ દેવકુમારો ટહેલી રહ્યા હોય, એવું અપૂર્વ દશ્ય સર્જાઈ જતું. જટાબદ્ધ એમનું

મુખમંડલ જોતાં દિલોદિમાગ ધરપત જ ન અનુભવતું ! આમ, એ આશ્રમ જાણે શાંતિનું ધામ હતો, પવિત્રતાની પરબ અને સાધનાની ક્રીડાસ્થળી સમો એ આશ્રમ હતો. એક દિવસ ઋષિ વિશ્વભૂતિ આશ્રમની આસપાસ ફરી રહ્યા હતા, ત્યાં દૂર-દૂરથી આવતી કરુણ ચીસો એમના દિલને પીગળાવી ગઈ અને એ ચીસ જે દિશામાંથી આવતી હતી, એ દિશામાં ચીસના ધ્વનિના આધારે એઓ આગળ વધવા માંડ્યા.

કોઈ નારી ચીસાચીસ કરી રહી હોય, એમ ચીસનો કરુણ ધ્વનિ કાને અથડાતાં ઋષિને લાગ્યું એથી ઋષિનું દયાર્દ્ર દિલ પીગળી ઊઠ્યું અને એઓ ઝડપી પગલે આગળ વધ્યા. થોડે દૂર ગયા બાદ એમની નજર સમક્ષ જે દૃશ્ય દેખાયું, એથી એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. આવું દૃશ્ય જીવનમાં આજે પહેલવહેલું જ જોવા મળતું હતું.

લાલ કસુંબી રંગનાં વસ્ત્રોથી વીંટળાયેલી એક નારી ધરતી પર મૂર્છિત જેવી અવસ્થામાં પડી હતી. મુખથી માંડીને પગ પર્યંતનો એનો દેહ રક્તરંજિત જણાતો હતો. એની આંખોમાં કોઈ અકળ ભય વંચાતો હતો. જાણે પૂરી ભાનમાં ન હોય, એવી અવસ્થા ધરાવતી એ નારી થોડી થોડી વારે ચીખતી-ચિલ્લાતી હતી. એની ચીખમાં એવા અવ્યક્ત શબ્દો ઘૂંટાતા હતા કે, આર્યપુત્ર બચાવો, બચાવો. મને નથી સમજાતું કે, સુખની સરિતામાં મજેથી સ્નાન કરતી મારી આવી હાલત કોણે કરી ? બચાવો, બચાવો, બચાવો આર્યપુત્ર ! મને બચાવો !!.

વિશ્વભૂતિ આ દૃશ્ય જોઈને અને નોંધારી-નારીના મોંમાંથી નીકળતા આવા શબ્દો સાંભળીને, એવી કલ્પના કરી શક્યા કે, સ્નાનની મોજ માણી રહેલી આ નારી પર અણધારી કોઈ આપત્તિ તૂટી પડી હશે ? વસ્ત્રોનો રંગ તો લાલકસુંબી હોઈ શકે. પણ ઓહ ! આનું આખું શરીર લોહીખરડ્યું કેમ ? શરીર પર ઘા લાગ્યાનાં કોઈ ચિહ્નો તો જણાતાં નથી, તો આ રીતે આનું આખું શરીર કઈ રીતે લોહીથી લથબથ બન્યું હશે ?

વિશ્વભૂતિ પરિસ્થિતિ પરથી બધું કલ્પી શક્યા, પણ નોંધારી એ નારીના રક્તરંજિત શરીર અંગેની એમની શંકા નિર્મૂળ ન થઈ, છતાં એ સમજતા હતા કે, અત્યારે નિઃશંક થવા મથવાની આ પળ નથી. અત્યારે તો સહાય અને સહાનુભૂતિ વ્યક્ત કરવાનો અવસર છે એથી વિશ્વભૂતિએ પરિસ્થિતિનો તાગ પામી લઈને સૌપ્રથમ એ નારીના દેહ પર જલનો છંટકાવ કર્યો અને પછી એમણે વીંઝણા દ્વારા વાયુસિંચન કરવા માંડ્યું.

એક તો મલયગિરિનું શીતલ વાતાવરણ ! એમાંય પાછું વીંઝણાપૂર્વકનું જલસિંચન ! આ ઉપચારો તરત જ કારગત નીવડ્યા અને એ નારી એકદમ મૂર્ચ્છાથી મુક્ત બનીને બેઠી થઈ ગઈ. બેઠા થતાંની સાથે જ એના હૈયામાંથી એવો બળાપો નીકળવા માંડ્યો કે, મારું શીલ તો સચવાશે ને ? શરીર ભલે સચવાય કે ન સચવાય, પરંતુ મારું શીલ તો સચવાવવું જ જોઈએ. જો શીલની રક્ષા થાય, તો હું સર્વતોરક્ષિત છું અને શીલરક્ષા ન થઈ શકે, તો હું સર્વતોભક્ષિત જ ગણાઈશ. આર્યપુત્ર ! એવી કૃપા પાઠવજો કે, જેથી મારું શીલધન કદી લૂંટાય નહિ.

હૈયાની હાય વરાળ રૂપે નીકળતા આ શબ્દો સાંભળીને ઋષિ વિશ્વભૂતિને નારી પર હાર્દિક અહોભાવ પ્રગટ થઈ ગયો. એમને થઈ આવ્યું કે, આવી મહાસતીને સહાયક થવાનું પણ પુણ્યોપાર્જન મારા ભાગ્યમાં ક્યાંથી ? એથી એમણે સાંત્વનના બે બોલ સંભળાવતાં કહ્યું : બહેન ! ભલે આ ભરજંગલ રહ્યું, પણ તું ભાઈવિહોણી નથી, એટલું કાળજે કોતરી રાખ. હું તારો ભાઈ બનવા માટે હાજર થયો છું. તારા શીલધનની સંપૂર્ણ સુરક્ષાનો કોલ હું આપું છું અને હાથમાં જળ લઈને જાનના જોખમે પણ આ કોલ જાળવવા પ્રતિજ્ઞાબદ્ધ બનું છું. ચાલ બહેન ! ચાલ, ઊઠ, ઊભી થા, હવે તું નોંધારી નથી. હવે તું ભાઈવિહોણી નથી અને હવે તું આશ્રયવિહોણી પણ નથી.

ઋષિ તરફથી પ્રાપ્ત થતા સાંત્વનના સહારે એ નારી એકદમ નિશ્ચિંત બનીને બેઠી થઈ ગઈ. અને ઋષિના પગલે-પગલે એ આશ્રમમાં આવી પહોંચી. પોતે કોણ હતી, ક્યાંની પોતે રહેવાસી હતી, શી આફત પોતાને માથે તૂટી પડી હતી, આ બધાનો એ નારીને જરા પણ ખ્યાલ જ ન હતો. અભય આશ્રમમાં આવ્યા બાદ એને એવી અનુભૂતિ થવા માંડી કે, ખરેખર 'અભય' આ આશ્રમને મળેલું નામ સાર્થક જ છે !

ઋષિ વિશ્વભૂતિ નોંધારી એ નારીને લઈને કુલપતિ બ્રહ્મભૂતિ સમક્ષ ઉપસ્થિત થયા. ટૂંકમાં બધી વિગત જણાવાયા બાદ બ્રહ્મભૂતિએ એ નારીને પ્રિયદર્શના તરીકે સંબોધીને કહ્યું : બહેન, જરા પણ ચિંતા માથે રાખતી નહિ, આ આશ્રમમાં આવીને તું તારા પિતાના ઘરે આવી છે, એમ જ માનજે. તારા દુઃખના દિવસો હવે વીતી ગયા છે, અને તારા જીવનાકાશે સુખનો સૂર્યોદય થઈ જ ગયો છે એમ તું નક્કી જાણજે. અહીં તારું સગું કોઈ નથી, એથી મૂંઝાતી નહિ. પિતા-ભાઈ-બહેન-માતા આદિનાં સગપણો તને યાદ પણ ન આવે, એ રીતે તને આ આશ્રમ અપનાવી લેશે. તું વીરપ્રસૂતા માતા બનજે, એવા મારા તને અંતરના આશીર્વાદ છે.

બ્રહ્મભૂતિએ જે રીતે નોંધારી એ નારીને અપનાવી લીધી, એ જોતાં જ નારીને હવે પૂરો વિશ્વાસ બેસી ગયો હતો કે, અહીં મારું શીલધન સુરક્ષિત જ રહેશે. ઋષિદત્ત પ્રિયદર્શના નામ એણે સહર્ષ સ્વીકારી લીધું. પોતાના માથે દુઃખના ડુંગર તૂટી પડ્યા હતા, પરંતુ સાથે-સાથે પ્રબળ પુણ્ય પણ જાગતું જ હોવું જોઈએ, એમ પ્રિયદર્શનાને લાગ્યું, નહિ તો આવી ભયંકર અટવીમાં આવો અભયનો આશરો ક્યાંથી મળી શકે ? એને એ પણ ખ્યાલ આવી ગયો હતો કે, વીરપ્રસૂતા માતા બનવાના આશીર્વાદ આપવા દ્વારા ઋષિ મારી સગર્ભા દેહાવસ્થા પણ કળી ગયા છે.

પ્રિયદર્શના સગર્ભા બની હતી. આ અવસ્થાની ઋષિને જાણકારી સામેથી કરાવવાની હવે જરૂર ન રહી, કેમ કે ઋષિ જ આ જાણકારી પામી ગયા હતા, એથી નિશ્ચિંત રીતે પ્રિયદર્શના એ આશ્રમમાં ઘર કરતાંય સવાયા સ્નેહભર્યા વાતાવરણમાં દિવસો વિતાવી રહી હતી. સ્વસ્થ થઈ ગયા બાદ ધીમે ધીમે હવે એને પોતાનું પૂર્વજીવન યાદ આવી રહ્યું હતું, પોતે કઈ રીતે આપત્તિનો ભોગ બની, પોતાનો વસવાટ ક્યાં હતો, પોતાનું નામ શું હતું ? આ બધાની પાકી સ્મૃતિ થોડાક દિવસોમાં જ એને થઈ જવા પામી હતી. પણ અત્યારે એ પૂર્વજીવન પડદા પાછળ જ રહે, એમાં પ્રિયદર્શનાને લાભ જણાયો એથી મનની એ સ્મૃતિઓને મનમાં જ ભંડારી દઈને એણે ગર્ભનું પાલન કરવા માંડ્યું. એ આશ્રમની તાપસીઓએ પણ પ્રિયદર્શનાને મા-બેન કરતાંય સવાયો સ્નેહ આપ્યો, એથી સગાંવહાલાં અને ઘરની સ્મૃતિ પણ ન થાય, એવા સ્નેહ-સામ્રાજ્યની એક સામ્રાજ્ઞી હોય, એમ પ્રિયદર્શના સુખમય સમય પસાર કરી રહી હતી.

થોડાક મહિનાઓ વીત્યા બાદ આશ્રમવાસીઓને લાગ્યું કે, પ્રિયદર્શના હવે થોડા ઘણા સમયમાં જ વીરપ્રસૂતા માતા બનશે એથી સૌના આનંદનો પાર ન રહ્યો. અને આ આનંદ એ ઘડી પળે તો ચરમ સીમાએ પહોંચ્યો, જે ઘડી પળે પ્રિયદર્શના એક વીર-સંતાનની માતા બની. પૂર્વ દિશા સૂર્યને જન્મ આપે, ત્યારે જેવું આહ્લાદક વાતાવરણ આપોઆપ ઊભું થઈ જવા પામે, એવા આહ્લાદક વાતાવરણ વચ્ચે પ્રિયદર્શનાએ એક પુત્રને જન્મ આપ્યો, ત્યારે પુત્રના જન્મોત્સવની એ ખુશાલી માણવા અને મણાવવા આશ્રમ ઉપરાંત કુદરત પણ એ આનંદમાં જાણે સહભાગી બની જવા પામી. પુત્રના જન્મની વધામણી થાળી-ડંકાના નાદે આશ્રમના વાસીઓને મળી. એ પળે જ ઝુંપડે-ઝુંપડે આસોપાલવના તોરણો રચાયાં, આંગણે-આંગણે સ્વસ્તિકો પૂરાયા, શંખ-ધ્વનિના નાદે આખો આશ્રમ ગુંજી ઊઠ્યો. પંખીઓ કિલકિલાટ

કરી ઊઠ્યા. હરણિયાઓ હર્ષથી નાચવા માંડ્યા, આમ, આખા આશ્રમમાં આનંદ-આનંદ છવાઈ ગયો. આટલું જ નહિ, કુદરત પણ આ જન્મોત્સવમાં હર્ષભેર જોડાઈ. એકાએક જ પુષ્પો વિકસ્વર બની ગયા. મોગરાના ફૂલો તો એ પળે એ રીતે પ્રસન્ન બની ઊઠ્યા કે, એમાંથી ઝરતો રસ પૃથ્વી માટે જળાભિષેક બની ગયો અને અભિષેક પછીની પુષ્પ-પૂજા રૂપે ત્યાં વૃક્ષો પરથી નીચે પડતાં પુષ્પો ગોઠવાઈ ગયા. આમ, રસ અને સુગંધથી આશ્રમની ધરતી પણ ધન્ય-ધન્ય બની ગઈ.

આવા અલૌકિક માહોલની વચ્ચે જન્મોત્સવ રંગ જમાવી રહ્યો હતો, ત્યાં જે આકાશમાંથી દેવવાણી થઈ કે, આ નવજાત શિશુ કોઈ સામાન્ય શિશુ નથી. આ તો એક સાર્વભૌમ સામ્રાજ્યનો સ્વામી બનનાર શિશુ છે. આના પગલે-પગલે ઉદયનો ઇતિહાસ રચાશે. એ ઉદય જ આ ઉદાયનના સાર્થક નામે જ્વલંત અને જ્વલંત બનાવશે.

આ દેવવાણીનાં શ્રવણે તે આશ્રમમાં આનંદ-આનંદ છવાઈ ગયો અને આશ્રમવાસીઓ ટોળે મળીને આનંદના રાસ રચી રહ્યા હતા. એ રાસમાં પ્રિયદર્શના અને ઉદાયનના ગીત એ રીતે ગવાયા કે, દિવસો મહિનાઓ સુધી એ ગીતો ગુંજારવ કરતા જ રહ્યા. પ્રિયદર્શના જેવી પ્રિયદર્શના હતી, ઉદાયન એવો જ પ્રિયદર્શન હતો. શત્રુઓ પણ જેને જોતાં ધરપત ન અનુભવે, એવા રૂપ-લાવણ્ય ધરાવતા એ મા-દીકરો દિવસે-દિવસે વયની સાથે રૂપ-લાવણ્યની પણ વૃદ્ધિ પામવા માંડ્યા. માતા તો માત્ર પ્રિયદર્શના જ બની હતી, પરંતુ આશ્રમની બધી જ તાપસીઓ જાણે માતા બની જવા પામી હોય, એવું આનંદનું સામ્રાજ્ય આખા આશ્રમમાં છવાઈ ગયું.

આ રીતે પ્રિયદર્શનાના પુત્ર તરીકે ઉદાયન કોઈ એવી પુણ્યબળે જન્મવા ભાગ્યશાળી નીવડ્યો કે, એના જન્મ બાદ આશ્રમ જાણે ઉદાયનમય જ બની ગયો ! દેવો પણ જેની ચિંતા કરતા હોય અને

જન્મની ક્ષણે શુભકામના અને શુભભાવિ ભાખવા હાજર થઈ જતા હોય, એ ઉદાયનને સર્વતઃ સમૃદ્ધિ સામેથી સ્વયં વરવા આવે, એમાં આશ્ચર્ય તો શું હતું ? થોડાક જ વર્ષોમાં એ અનેક કળાઓમાં પારંગત બની ગયો. કુલપતિ આદિનું માર્ગદર્શન મેળવીને ઉદાયને નાની વયમાં જ એવી એવી કળાઓ હસ્તગત કરી હતી કે, જેને હસ્તગત કરતાં બીજાને વર્ષોનાં વર્ષો ઓછાં પડે.

ઉદાયન મોટો થતો ગયો, એમ એનું સત્ત્વ સર્વતઃ સમૃદ્ધ બનતું ગયું. ધીમે ધીમે એ એવો સત્ત્વશાળી બની ગયો કે, સિંહ સામે પડવાનો અવસર આવે, તોપણ પળનોય વિચાર કર્યા વિના એ ઝુકાવી દે ! એની રમતો, એની ક્રીડાઓ અને એની બોલચાલ જોનારને એમ જ થતું કે, એક સાર્વભૌમત્વ ઉદાયનના જીવનમાં ઊંચે ઊંચે સમૃદ્ધ બનતું ચાલ્યું છે.

કળાઓમાં પારંગતતા મળી ગયા બાદ તો ઉદાયનના જીવનમાં હરવું-ફરવું અને મલયાચલની મોજ માણવી, આ સિવાય કોઈ જ કાર્ય મુખ્ય ન રહ્યું. એને કોઈ દિવસ પોતાના પૂર્વજીવનનો પરિચય મેળવવાનો કોઈ જ વિચાર આવ્યો ન હતો. એ તો એમ જ માનતો હતો કે, તાપસો મારા પિતાના સ્થાને છે અને પ્રિયદર્શના સહિતની તમામ તાપસીઓ મારા માટે માતાના સ્થાને છે. પરંતુ એક દિવસ એવી ઘટના બની કે, પોતાના સાચા પિતાના વિષયમાં જાણકારી મેળવવાની અદમ્ય જિજ્ઞાસા એનામાં એકાએક જાગૃત બની ઊઠી.

ઘટના એવી બની કે, ઉદાયન એક દિવસ આશ્રમની આસપાસ ઘૂમી રહ્યો હતો, ત્યાં જ એની નજર એક ભીલ ઉપર ગઈ. ભીલના હાથમાં એક ફણીધર હતો અને ભીલ એના પર કટારી ફેરવવાની તૈયારી કરી રહ્યો હતો. ક્યાં ભીમકાય ભીલ અને ક્યાં કોમળ-કાય પોતે ! પણ આવા માયકાંગલા વિચારને જરાક પણ સ્થાન આપ્યા વિના

એની સત્ત્વશાલીતાએ પડકાર ફેંકીને એ ભીલને કહ્યું : આશ્રમની આ અહિંસાભૂમિ પર હિંસા અને હત્યાનો આશરો લેવાનો કોઈને પણ અધિકાર નથી. આ સાંભળીને ડઘાઈ ગયેલા ભીલે જ્યારે ફણીનો મણિ મેળવવાની વાત કરી, ત્યારે ઉદાયન પોતાની માતા પાસેથી રત્નકંકણ લઈ આવ્યો અને એણે એ ભીલને કહ્યું : મણિ, મણિ શું કરે છે ? એક મણિ જેવી મામૂલી ચીજ મેળવવા માટે આમ કંઈ કોઈના મહામૂલા જીવનની હત્યા કરવાની હોય ખરી ! લે, આ મણિ અને છૂટો મૂકી દે ફણીધરને !

ભીલ તો ફણીધરને છૂટો મૂકી દઈને અને એ મણિ લઈને ચાલતો થયો. પણ ઉદાયન તો બહાદુર હતો અને બાળક પણ હતો. એથી એ ફણીધરની પાછળ પાછળ જવાનું કુતૂહલ ઉદાયન રોકી શક્યો નહિ. થોડાંક ડગલાં આગળ વધ્યા બાદ એક ચમત્કાર સર્જાયો. એ ફણીધર એક બાળકમાં પલટાઈ ગયો. એણે પોતાનો પરિચય આપતાં કહ્યું : ઉદાયન ! હું તારો જન્માંતરનો મિત્ર છું અને નાગકુમારોમાં મુખ્ય કિન્નર નામનો હું દેવ છું. તારી દયા-વૃત્તિની પરીક્ષા કરવા જ મેં ફણીધરનું રૂપ ધારણ કર્યું હતું. ખરેખર મારી પરીક્ષામાં બાળ એવો પણ તું અબાલ-પરાક્રમ દાખવીને ઉત્તીર્ણ બન્યો છે, એથી તારા પર તુષ્ટ થઈને હું તને મારી બહુરત્ના નામની પાતાલનગરીનું દર્શન કરાવવા અને ત્યાં તારું પદાર્પણ કરાવવા ઈચ્છું છું.

ઉદાયનની આંખમાં આશ્ચર્ય હતું. એ કોઈ જવાબ આપે, એ પૂર્વે તો એના આશ્ચર્યમાં કેઈ ગણી અભિવૃદ્ધિ કરાવતા કિન્નર દેવે એને ઊઠાવી લીધો અને વળતી જ પળે એઓ પાતાળ-લંકામાં આવેલી એ બહુરત્ના નગરીમાં જઈને ઊભા રહ્યા.

ઉદાયનની આંખો આશ્ચર્યથી વિભોર હતી. ક્ષણાર્ધમાં શું બની ગયું ! ક્યાં એ આશ્રમ અને ક્યાં આ પાતાલનગરી ! આવા વિચારમાં

ગરકાવ બની ગયેલા ઉદાયનની આંખો "બહુરત્ના" નગરીના દર્શને ચકાચૌંધ બની ઊઠી. સૂર્યના તેજથી સવાયાં તેજ એ નગરીમાં ફેલાયેલાં હતાં. રત્નોને મણિમુક્તાઓની જ એ નગરી હતી. આ સિવાય બીજું કશું જ ત્યાં જોવા મળતું નહોતું. ઉદાયન આશ્ચર્યથી ફાટી આંખે નગરીનું દર્શન કરી રહ્યો હતો, ત્યાં એનું અદ્ભુત આતિથ્ય કરીને કિન્નરદેવે કહ્યું : આજનું તારું પરાક્રમ હજી મારી આંખમાં અમૃતના અંજન રૂપે જ છવાયેલું છે. ખરેખર શતાનીક જેનો પિતા હોય, મૃગાવતી જેની માતા હોય અને કૌશાંબી જેની રાજ્યભૂમિ હોય, એવા તારા માટે આવું અતુલ-પરાક્રમ શક્ય ન હોય, તો બીજા કોના માટે હોય ?

ઉદાયનની આંખમાં હજી સુધી તો આનંદ અને આશ્ચર્ય જ હતું, પણ કિન્નરદેવની આ વાત સાંભળીને એ ગંભીર બનીને વિચારી રહ્યો : મારી માતા શું મૃગાવતી ! મારા પિતા શું શતાનીક અને મારી રાજ્યભૂમિ શું કૌશાંબી ! તો પછી પ્રિયદર્શના અને આશ્રમ સાથેનો મારો વર્તમાનનો સંબંધ શું ખોટો ? ઉદાયન આ વિચારણામાં ગંભીર બનીને ખોવાઈ ગયો. બહુરત્ના નગરીમાં હજી ઘણું ઘણું દર્શનીય હતું, પણ બધું જ જોવાઈ ગયાનો સંતોષ માની એણે કિન્નરદેવને કહ્યું: મિત્રદેવ ! તમારી મૈત્રી બદલ ખૂબ ખૂબ આનંદ ! તમે મારું જે આતિથ્ય કર્યું છે અને તમે મને જે જે બતાવ્યું છે, એ તો જિંદગીભર હું નહિ ભૂલી શકું ! ઇચ્છા તો એવી થાય છે કે, થોડા દિવસો આ નગરીમાં જ રહી જાઉં ! પરંતુ બીજી તરફ માતાનો વિચાર આવે છે કે, મારા વિયોગમાં એ કેવી વ્યથિત બની ગઈ હશે ? માટે કૃપા કરીને હવે પળનો પણ વિલંબ કર્યા વિના તમે મને એ આશ્રમમાં લઈ જાવ, ત્યાં આખો આશ્રમ મારી પ્રતીક્ષા કાગડોળે કરી રહ્યો હશે !

અદ્વિતીય અને અનુપમ ઘણું ઘણું બતાવીને કિન્નરદેવે ઉદાયનની મિત્રતાને સાર્થક કરવાના મનોરથ સેવ્યા હતા, પણ ઉદાયનની આ વાત

પણ એને ખૂબ જ વાજબી લાગી એથી દેવે એ વાત સ્વીકારી લીધી, મિત્રને વિદાય આપતાં પૂર્વે દેવે એના હાથમાં એક અપૂર્વ વીણા આપતાં કહ્યું : અદ્‌ભુત વીણાવાદક તરીકેની સિદ્ધિ તને સ્વયંવરા બનીને સામેથી વરશે.

દેવદત્ત એ વીણા પર ઉદાયનની આંગળીનો સ્પર્શ થયો અને એવું સુરમ્ય સંગીત રેલાઈ ઊઠ્યું કે, જેથી બહુરત્ના નગરી એ વીણાવાદનના નાદ પર એવી તો ડોલી ઊઠી હતી કે, એ ડોલન જોઈને સૌને મોરલીના નાદે ડોલતા નાગનું સ્મરણ થઈ આવ્યું ! પુત્રનાં લક્ષણ પારણામાંથી જ કળી જઈને કિન્નરદેવે ખૂબ જ સંતોષ અનુભવ્યો. એ વીણાના મધુર નાદ શમે, એ પૂર્વે તો ઉદાયન અને કિન્નરદેવ પાતાલમાંથી વિદાય થઈને મલયાચલના એ આશ્રમના દ્વારે આવી ઊભા, ત્યાં તો આખો આશ્રમ ઉદાયનની કાગડોળે રાહ જોતો જોતો લોહીનાં આંસુ સારી રહ્યો હતો.

કિન્નરદેવની સાથે ઉદાયન આશ્રમ ભણી આવ્યો. ત્યારે આશ્રમવાસીઓએ એને અંતરના આનંદથી તેને વધાવી લીધો. પ્રિયદર્શનાએ ઉદાયનને છાતી સરસો ચાંપતાં પૂછ્યું : બેટા ! આટલી વાર સુધી ક્યાં ખોવાઈ ગયો હતો ?

જવાબમાં કિન્નરદેવે બધી વાત વિગતવાર કહી સંભળાવતાં આશ્રમવાસી સૌનું આશ્ચર્ય અને સૌનો આનંદ નિરવધિ બન્યો. કિન્નરદેવે વિદાય લેતાં પૂર્વે મુખ્યત્વે પ્રિયદર્શનાને નજરમાં રાખીને એનું ભાવિ ભાખતા કહ્યું : મહાસતી મૃગાવતી ! બરાબર આજથી પાંચમે વર્ષે તમને સ્વામી શતાનીક સાથે સંયોગ થશે. આ ઉદાયન સાર્વભૌમ-સામ્રાજ્યનો સ્વામી થશે તેમજ અપૂર્વ વીણાવાદક તરીકેની પ્રખ્યાતિ આને વરશે. દેવી ! તમને આ જન્મમાં જ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના વરદ હાથે ભાગવતી દીક્ષા પ્રાપ્ત થશે અને આ જન્મમાં

જ તમે મુક્તિગામી બનશો. ઉદાયનની પ્રતીક્ષા કરાવવાના અપરાધ બદલ હું ક્ષમા ચાહું છું. મારા યોગ્ય સેવા કોઈ હોય, તો દેવી ! મને યાદ કરશો, તો હું તરત જ સેવામાં ઉપસ્થિત થઈ જઈશ.

દેવવાણીનું આ શ્રવણ અમૃતપાનની જેમ સતી મૃગાવતીએ અહોભાવ અને આતુરતાપૂર્વક કર્યું. આ વાણીના શ્રવણે મૃગાવતીની બધી જ શંકાઓ નિર્મૂળ બની ગઈ હતી, પણ આશ્રમવાસીઓની અને ઉદાયનની મનોસ્થિતિ કોઈ જુદી જ હતી, નાની નાની કેટલીક શંકાઓને નિર્મૂળ કરવા સાથે કેટલાક મોટા પ્રશ્નો આ દેવવાણીના શ્રવણે સૌના હૈયામાં જાગી ઊઠ્યા હતા. એ બધાનું સમાધાન મેળવવા પ્રિયદર્શનાની આસપાસ આખો આશ્રમ આતુર અંતરે અને સાવધાન કાને ગોઠવાઈ ગયો.

• • •

૫

## આભાર : અહિંસાની આરાધનાનો

મહાસાગરના મઝધારમાં રહેલી નાવ જેમ હાલમડોલમ થયા કરે, એવી જ દશા આશ્ચર્યના સાગરની સપાટી પર તરી રહેલા અભય આશ્રમની હતી. આખો આશ્રમ એક અનેરા આનંદની જેમ અનોખા આશ્ચર્યનો ભોગ બન્યો હતો. પ્રિયદર્શનાની આંખ સામે પાંચ વર્ષની સમયાવધિ અનેક પ્રશ્નો સરજી રહી હતી. ઉદાયનની સામે તો અનેકાનેક સવાલો ભાગદોડ મચાવી જ રહ્યા હતા. આશ્રમવાસીઓ માટે પણ કૌશાંબી-શતાનીક-મૃગાવતીનાં આ બધાં જ નામો નવાં-નવાં હતાં અને એથી પ્રશ્નોનો પ્રચંડ ધોધ એમના અંતરમાં ધમધમાટ મચાવી રહ્યો હતો. આ જાતના બધા જ પ્રશ્નોનો ઉકેલ જાણે એ

પ્રિયદર્શનાની પાસે હોય, એમ માનીને સૌ એને વીંટળાઈ વળ્યા હતા અને આતુરતા ભરેલ અંતરે એની સમક્ષ ટીકી-ટીકીને જોઈ રહ્યા હતા.

પ્રિયદર્શનાને થતું હતું કે, મારા પૂર્વજીવન પર આટલી સમયાવધિ સુધી જ પડદો રહેવાનો હશે અને એ પડદો હવે ઊંચકાઈ જાય, એ જ સૌના હિતમાં હશે, એમ મને લાગે છે એથી કોઈના પ્રશ્નની પ્રતીક્ષા કર્યા વિના જ એણે પોતાના પૂર્વજીવન ઉપરથી પડદો ઊંચકવાની શરૂઆત કરતાં કહ્યું :

મારું સાચું નામ તો મૃગાવતી છે. કૌશાંબીપતિ રાજવી મારા સ્વામીનાથ થાય. તમને સૌને થશે કે, ક્યાં કૌશાંબી અને ક્યાં આ મલયાચલમાં આવેલો આશ્રમ ! પણ આ બધા તો કર્મના ખેલ છે. અમારો સંસાર સારી રીતે ચાલી રહ્યો હતો, એવામાં ગર્ભના પ્રભાવે મને એક દિવસ વિચિત્ર જાતનો એક દોહદ જાગ્યો. મારા મનમાં એક એવી અદમ્ય ઇચ્છા પેદા થઈ કે, હું લોહિયાળ વાવડીમાં સ્નાનની મોજ માણું ! મારો આ દોહદ ન તો કહી શકાય એવો હતો, કે ન તો સહી શકાય એવો હતો, એથી મેં આ વિષયમાં મૌન જ રાખ્યું. પણ આની વિપરીત અસર મારાં તન-મન પર સ્પષ્ટ દેખાવા માંડી. એ અસર સ્વામીનાથે પકડી પાડી, ત્યારે નછૂટકે મારે મારા દોહદની વાત સ્વામીનાથ સમક્ષ ખુલ્લી કરવી પડી.

કૌશાંબી પર એ દિવસોમાં એક તરફ અવંતિપતિ ચંડપ્રદ્યોતનું યુદ્ધાક્રમણ ચડી આવવાની તૈયારી હતી, એથી સ્વામીનાથ યુદ્ધની તૈયારીમાં ગુંથાયેલા હતા, પરંતુ મારો દોહદ જાણી લીધા બાદ એમની ચિંતામાં એકનો વધારો થયો અને મારી ઇચ્છા કઈ રીતે પૂરી કરવી, એના વિચારો એમને સતાવવા માંડ્યા. છતાં મંત્રી યુગંધરે કળના બળથી આ કાર્ય પતાવવાનું માથે લીધું અને થોડા જ દિવસોમાં અવિલંબે મારો દોહદ પૂર્ણ થયો.

મંત્રી યુગંધરે વાવડીમાં કસુંબીથી મિશ્રિત પાણી ભર્યું હતું, એથી એમાં સ્નાન કરતાં મને એવો જ અનુભવ થવા માંડ્યો કે, હું લોહિયાળ સ્નાનની મોજ માણી રહી છું. ત્યારે તો કોઈને કલ્પના પણ ક્યાંથી હોય કે, આ સ્નાન આખરે લોહિયાળ નીવડવાનું છે ! આવો અણસાર પણ કોઈને આવી ગયો હોત, તો હું એક મોટી આફતમાંથી આબાદ રીતે ઊગરી જાત ! પણ વિધિનાં આવાં વિધાન સાચાં જ પડતાં હોય છે, એથી જ્યાં સ્નાન પૂર્ણ કરીને હું વાવડીના કિનારે આવી, ત્યાં જ ભારંડ નામનું એક પક્ષી નીચે આવ્યું, એક જ ઝપટમાં એ પક્ષીએ મને પકડી લીધી અને ચોમેર સશસ્ત્ર ચોકી પહેરો કરી રહેલા સૈનિકો હજી તો કંઈ વિચાર કરે, એ પૂર્વે જ એ ભારંડપક્ષી મને પોતાની ચાંચમાં ભરાવીને વેગપૂર્વક આકાશમાં ઊડી પણ ગયું.

ગોઝારી એ પળે મારા મોઢામાંથી "બચાવો, બચાવો"ની બુમરાણ મચી, તેમજ રાજવી આદિએ ભારંડપક્ષીને અનુલક્ષીને "પકડો પકડો"નો પોકાર જગાવ્યો. પણ આ બધું જ નિષ્ફળ નીવડ્યું. ભારંડપક્ષી દ્વારા થતા મારા અપહરણને કોઈ કહેતાં કોઈ જ રોકી શક્યું નહિ. ભારંડ એક જાતનું એવું વિરાટ પક્ષી હોય છે કે, ઊડતા પૂર્વે એના પગને જો કોઈ માણસ ઝાલી લે, તો એ માણસનો ભાર પણ એ આસાનીથી વહન કરીને પોતાનું ઉડ્ડયન ચાલુ રાખી શકે. ભારંડપક્ષીએ મારું અપહરણ શા માટે કર્યું હોવું જોઈએ એનો ખ્યાલ પણ મને તરત જ આવી ગયો. મેં લાલ રંગનાં વસ્ત્રો પહેર્યાં હતાં, તેમજ મેં લોહિયાળ-પાણીમાં સ્નાન કર્યું હતું, એથી એ પક્ષીએ મને લોહીથી લથબથ માંસનો પિંડ સમજી લીધો અને મારું અપહરણ કર્યું, એની ચાંચની પક્કડ એવી તો સજ્જડ હતી કે, મારો દેહ બે ટુકડામાં વહેંચાઈ ન ગયો, એટલું મારું ભાગ્ય !

ઊડતું ઊડતું એ ભારંડપક્ષી કૌશાંબીની હદ વટાવીને આગળ વધતું વધતું આ મલયાચલની હદમાં પ્રવેશ્યું. આ પૂર્વે કૌશાંબીની સેનાએ એને

પકડી પાડવા અને એની પક્કડમાંથી મને મુક્ત કરવા આકાશ-પાતાળ એક થઈ જાય, એવા પ્રચંડ પ્રયાસો કર્યા હતા એથી એ પણ જીવ જાળવવા અને ભક્ષ્ય-શિકાર બચાવવા માટે જાનના જોખમે બધી જ શક્તિ કામે લગાડીને ઊડી રહ્યું હતું, પણ જ્યાં મલયાચલનો આ નિર્ભય પ્રદેશ આવ્યો, ત્યાં થોડો આરામ લેવાનો વિચાર કરીને એ નીચે ઊતર્યું અને પોતાની ચાંચની પક્કડમાંથી એણે ભક્ષ્યરૂપ મને છૂટી કરી, મને છૂટી કર્યા બાદ તરત જ ભારંડપક્ષીને ખ્યાલ આવી ગયો કે, પોતે જેને માંસપિંડ માનીને આટલે સુધી ઊઠાવીને લાવ્યો હતો, એ તો માંસપિંડ નહિ, પણ જીવતો જાગતો એક દેહ હતો એથી એ પક્ષી મને ત્યાં જ મૂકી દઈને પોતાના માર્ગે ઊડી ગયું હતું.

આટલી વાત કરતાં કરતાં પ્રિયદર્શનાની આંખ આંસુથી ભીનીભીની થઈ ગઈ હતી અને એનો કંઠ ગદ્ગદિત બની જવા પામ્યો હતો એથી થોડોક વિશ્રામ લઈને શેષ વિગત જણાવતાં એણે કહ્યું : આ પછીની મારી વીતક તો આશ્રમવાસી કે કોઈનાથીય અજાણી નથી ! તમે બધાં જ જાણો છો કે, ભારંડપક્ષીની પક્કડમાંથી મુક્ત બનેલી મારી સારસંભાળ લેવા કટોકટીની એ પળે ઋષિ વિશ્વભૂતિ આવી પહોંચ્યા ન હોત, તો કદાચ હું આ આશ્રમમાં જ નહિ, આ દુનિયામાં પણ ન હોત ! માટે આજે હું જે કંઈ છું અને ઉદાયન જે કંઈ છે, એ બધું જ આ કુલપતિની કૃપાનું પરિણામ છે ને આશ્રમવાસી તમારા બધાના તરફથી સગા-સ્વજનો કરતાંય મળતા રહેલા સવાયા સ્નેહનો જ પ્રભાવ છે.

પ્રિયદર્શનાને સૌએ હવે એના મૂળ નામે વધાવી લીધી અને મૃગાવતી મહાસતીનો જયજયકાર ગજવીને આખો આશ્રમ મૃગાવતીમય બનાવી દીધો. આ પછી મૃગાવતી-ઉદાયન વચ્ચે ઘણી ઘણી વાતો થઈ, આ વાતોના અંતે મૃગાવતીએ જાણે કોઈ મેરુ બોજ માથેથી ઊતરી ગયાનો હાશકારો અનુભવ્યો અને કોઈ મહામૂલાં રત્નો કરતાં પણ વધુ

મૂલ્ય ધરાવતાં રહસ્યો હસ્તગત થયા હોય, એવો આનંદ ઉદાયને અનુભવ્યો.

ઉદાયનમાં આમ તો રાજતેજ હતું જ. એમાં પણ એણે જ્યારે પોતાની જાતને કૌશાંબી જેવા રાજ્યના ભાવિ રાજવી તરીકે જાણી, ત્યાર પછી તો એની સાત્ત્વિકતા છાની રહે જ શાની ? એક બાજુ એની ઉંમર વધવા માંડી, બીજી બાજુ એનામાં સાત્ત્વિકતાનાં ઘોડાપૂર ઊમટવા માંડ્યાં. આનું પરિણામ એ આવ્યું કે, ઉદાયન માટે આશ્રમની સીમા સાંકડી પડવા માંડી અને આશ્રમની મર્યાદાઓ એને બંધન બનીને પીડવા માંડી. દેહમાં સાત્ત્વિક-તાકાતનું ઘોડાપૂર જ્યાં ઊમટી રહ્યું હોય, ત્યાં આવી સંકડાશનો અને બંધન-દશાનો અનુભવ ન થાય, એ જ આશ્ચર્ય ન ગણાય શું ?

ઉદાયનમાં ખીલતી-જતી સિંહવૃત્તિ જોઈને ઘણી વાર મૃગાવતી ચિંતિત બની ઊઠતી. એને થતું હતું કે, આ સિંહની વૃત્તિ વડીલોના આમન્યા-ભંગમાં નિમિત્ત તો નહિ બની જાયને ? મારા માથે આ આશ્રમનો મોટો ઉપકાર છે. આ આશ્રમના ઋષિઓના ઉપકારનો બદલો તો હું ક્યારેય વાળી શકું એમ જ નથી. માટે આ બધાની માન-મર્યાદા અને આમન્યા તો બરાબર જળવાવી જ જોઈએ. ઉદાયન દ્વારા થોડીક મર્યાદાનો ભંગ થાય, તો એ મર્યાદાનો ભંગ મારા દ્વારા થયેલો જ ગણાય ! આવા વિચારથી ગંભીર બની જતી મૃગાવતી ઘણી ઘણી વાર ઉદાયનની પીઠ પંપાળતી પંપાળતી હિતશિક્ષા આપવામાં જરા પણ બાકી રાખતી નહિ. આ હિતશિક્ષા શરૂઆતમાં કામિયાબ નીવડી, પણ જ્યાં ઉદાયનની ઉંમર દશકો વટાવીને આગળ વધવા માંડી, ત્યાં એની સાત્ત્વિકતાને ક્યારેક ક્યારેક મર્યાદા ભંગમાં નિમિત્તભૂત બની જતી નિહાળીને મૃગાવતીને સતત ચિંતા થવા માંડી.

મૃગાવતી એ જાણતી હતી કે સિંહબાળને વધુ લાંબા સમય સુધી પાંજરે પૂરેલો ન રાખી શકાય. ગરુડને બહુ બહુ તો પાંખો ન આવી

હોય, ત્યાં સુધી જ માળામાં ગોંધીને પૂરી શકાય, પણ પાંખો ફૂટી ગયા બાદ તો એને માળાની કેદમાં પૂરી રાખવાનો પ્રયાસ અસફળ જ નીવડે ! આ જ રીતે ઉદાયનને મર્યાદાના માળામાં પુરાયેલો રાખવાનો પોતાનો પ્રયાસ ભાગ્યે જ સફળ નીવડે, એનો મૃગાવતીને પૂરેપૂરો ખ્યાલ હતો, છતાં એ બાળક સમજીને ઉપેક્ષા સેવવા માટે પણ તૈયાર ન હતી, કેમ કે ઉદાયનની બાલ્યવય કરતાં એને મન આશ્રમની મર્યાદા અને આશ્રમગુરુની મહાનતા વધુ મૂલ્યવાન હતી એથી એ અવસર પામીને ઉદાયનને સમજાવવામાં જરાય કચાશ ન રાખતી. અને આનું સારું ફળ પણ એ અનુભવી શકતી હતી.

ઉદાયન ઘણી વાર જ્યારે વન-જંગલોમાં ઘૂમવા જતો, ત્યારે ભલભલા હિંસક-પશુઓને પણ એ પડકારતો. એના એ પડકાર-પરાક્રમની વાતો આશ્રમવાસીઓ ગૌરવભેર કરતા. પણ મૃગાવતીને એ વાતો સાંભળીને ચિંતા થતી કે, ક્યાંક વખાણેલી ખીચડી દાંતને દઝાડી ન જાય ! દિવસો જવા માંડ્યા, મહિનાઓ પસાર થવા માંડ્યાં અને વર્ષો પણ વીતવા માંડ્યાં. એમ ઉદાયનની સિંહ જેવી સાત્ત્વિક્તા પણ છલાંગો ભરીભરીને પોતાનો વિસ્તાર વધારવા માંડી. એમાં વચ્ચે કોઈક વાર ઋષિ-મુનિ પણ અડફેટમાં આવી જતા ખરા. પણ માતા મૃગાવતીની સમજાવટથી એ મર્યાદાનો ભંગ ત્યાંથી આગળ વધી ન શકતો. મૃગાવતી પણ હવે સમજી ગઈ હતી કે, સિંહને જો કાબૂમાં લઈ શકાય, તો ઉદાયનને કાબૂમાં લઈ શકાય ! પરંતુ એ કોઈ મોટી ભૂલનો ભોગ ન બની બેસે, એ માટે તો મૃગાવતી સતત જાગૃત જ રહેતી.

પાંચ વર્ષ પછી પતિ-મિલનની આગાહી દેવવાણીમાં વ્યક્ત થઈ હતી, એથી મૃગાવતીના મનોરથ વર્ષો વીતતા જતા હતા, એમ વધુ ને વધુ સતેજ બનીને દોડાદોડ મચાવી રહ્યા હતા, આગાહીની સફળતાનો સમય જેમ જેમ નજીક આવી રહ્યો હતો, એમ આશ્રમવાસીઓનું હૈયું

દુઃખથી ઊભરાતું હતું, કેમ કે મહાસતી મૃગાવતીની માયા છોડવી કોઈને ગમતી ન હતી અને ઉદાયન જરા વધુ પડતો સાત્ત્વિક હતો, એથી કોઈ કોઈ વાર એ ભૂલો પણ કરી બેસતો હતો, છતાં એ ઉદાયનને આંખથી અળગો કરવાની કોઈની પણ તૈયારી નહોતી.

આજ-કાલ કરતાં સમયને વીતતાં શી વાર ? પતિવિયોગની વેદનાથી ભર્યો ભર્યો ચૌદ વર્ષનો કાળ પણ જો પૂર્ણ થવા આવ્યો, તો પતિના મિલનની અવધિ દર્શાવતો આશાભર્યો પાંચ વર્ષોનો ગાળો વીતતાં ક્યાંથી વાર લાગે ? આમ, કુલ ચૌદ વર્ષની સમયાવધિ પૂર્ણ થવા આવી, એમ મૃગાવતીની મનોરથ-માળાના મણકાનો ફરવાનો વેગ પણ વધવા માંડ્યો. મૃગાવતીની આંખ સામે જો સ્વામીનાથ શતાનીકનો સ્પષ્ટ ચહેરો એ દિવસોમાં વધુ ને વધુ ઊપસવા માંડ્યો, તો ઉદાયનની આંખ સામેય આવું જ પુનરાવર્તન થઈ રહ્યું. પરંતુ એમાં ફેર માત્ર એટલો જ હતો કે, મૃગાવતીને જે ચિત્ર સાવ સ્પષ્ટ દેખાતું હતું, ઉદાયનને એ ચિત્ર કલ્પના કરી કરીને જોવું પડતું હતું, કારણ કે એને પિતૃદર્શન હવે જ પહેલ-વહેલું મળવાનું હતું !

— ● —

મલયાચલના માર્ગે મૃગાવતીની મિલનાશા ઝડપી ગતિથી આગળ ને આગળ વધી રહી હતી. માર્ગદર્શક તરીકે ભીલ મળી ગયો હતો, એથી ભુલભુલામણીનો ભોગ બનવાની તો કોઈ સંભાવના જ ન હતી, તેમજ કોઈને માર્ગ પૂછવામાં સમય પણ વિતાવવો પડે એમ નહોતો. ભીલનો સાથ રાજવી શતાનીકને ભાવી ગયો, જ્યારે રાજવીના સંગે ભીલને અણચિંતવ્યાં સુખ-ચેન અનુભવવા મળી રહ્યાં હતાં, એથી એના આનંદની તો કોઈ અવધિ જ આંકી શકાય એમ નહોતી. આમ, કૌશાંબીથી આગળ વધતાં-વધતાં એક દિવસ મલયાચલનો પ્રદેશ શરૂ થયો એની મનોહરતા શતાનીક રાજવીને મુગ્ધ બનાવી ગઈ. પણ આ મુગ્ધતા કરતાંય મૃગાવતીની મુગ્ધતા રાજવીને વધુ આકર્ષી રહી

હતી, એથી એમણે પોતાનો પ્રવાસ ચાલુ જ રાખ્યો. એક દિવસ અભયઆશ્રમની આસપાસની ભૂમિ આવતાં જ ભોમિયો ભીલ ઊભો રહી ગયો.

ભોમિયાને એકાએક જ ત્યાં ઊભો રહી ગયેલો જોઈને રાજવીએ પૂછ્યું : કેમ ઊભો રહી ગયો ? શું એ આશ્રમ આવી ગયો ? ભીલે જવાબ વાળતાં જણાવ્યું : રાજવી ! આશ્રમ તો હજી દૂર છે. પણ આશ્રમ આસપાસની આ ભૂમિ આવી જતાં મારાથી હવે આગળ ન આવી શકાય કેમ કે, આ ભૂમિનું વાતાવરણ પવિત્ર છે, એથી એને મારાથી અભડાવી ન શકાય. પાપના ઉદયે તો મને ભીલનો ભવ મળ્યો છે, હવે આવી પવિત્રતાને અભડાવવાનું પાપ મારાથી કઈ રીતે થઈ શકે ? ઋષિમુનિઓની પવિત્ર ચરણરજથી આ ભૂમિ પવિત્ર થતી રહેતી હોય છે, એઓ અહીં દુર્વા-સમિધ અને ફળ-ફૂલ વીણવા માટે ફરતા રહેતા હોય છે. એમના જે પગલા પડ્યાં હોય, એને મારાથી ભૂંસાય પણ નહિ. માટે અહીંથી હવે હું પાછો ફરીશ. આપણે જે માર્ગ પર ઊભા છીએ, આ માર્ગ પર સીધા જ આપ ચાલ્યા જશો, એટલે આશ્રમ આપને આવકારવા સામેથી નજીક આવતો હોય, એમ લાગશે.

ભીલની આ વાત સાંભળીને શતાનીકને અજ્ઞાન ગણાતા ભીલની આવી સમજણ ઉપર ખૂબ જ અહોભાવ પેદા થઈ આવ્યો. પોતાની ઉપર ભીલનો મોટો ઉપકાર હતો. મૃગાવતીનું કંકણ દર્શાવીને તો એણે પોતાના પાનખર જેવા જીવનમાં વસંતને પલ્લવિત કરી દીધી હતી અને મલયાચલના માર્ગદર્શક બનીને તો ભીલે જે ઉપકાર કર્યો હતો, એનો તો બદલો જ વાળી શકાય એમ નહોતો જ ! એથી શતાનીકે ભીલને ખોબે-ખોબે સુવર્ણમહોરોનું ભેટણું આપીને વિદાય કર્યો અને પોતે આશ્રમના માર્ગે આગળ વધવા માંડ્યા. થોડો રસ્તો વટાવ્યા બાદ રાજવીને આશ્રમની પવિત્રતાનો આભાસ થવા માંડ્યો !

આશ્રમ તો હજી થોડો દૂર હતો. પણ આશ્રમ નજીકની એ ભૂમિ પર ઠેર ઠેર વૃક્ષોની નીચે વેદિકાઓ રચાયેલી હતી. એની આસપાસ દુર્વા જેવા પવિત્ર ઘાસની સુવાસ રેલાઈ રહી હતી. યજ્ઞ-યાગ માટેના સમિધ અને ઈંધણ ઠેર-ઠેર જોવા મળતાં હતાં. વાતાવરણમાં જે પવિત્ર સુગંધ વહેતી હતી. એ વૈદિક વિધિ-વિધાનોના સતત ચાલી રહેલા ક્રિયાકાંડને સૂચવી જતી હતી.

આવા અસરકારક વાતાવરણને માણતા રાજવી જ્યાં થોડા આગળ વધ્યા, ત્યાં જ આશ્રમ સ્પષ્ટ રીતે દેખાવા માંડ્યો. આશ્રમમાં પ્રવેશતાં પૂર્વે પણ રાજવીને અપૂર્વ દશ્યો જોવા મળ્યાં. ક્યાંક મૃગલાંઓ ખેલકૂદ કરી રહ્યા હતા, ક્યાંક સાપ અને નોળિયાઓ અરસપરસ ક્રીડાઓ કરી રહ્યા હતા. ભય કે વેર જેવાં તત્ત્વોનું જાણે અસ્તિત્વ જ ન હોય, એમ ત્યાં ઠેર ઠેર નિર્ભયતા અને સ્નેહનું સામ્રાજ્ય છવાઈ ગયેલું હતું. આ બધાં દશ્યો શતાનીક રાજવીના કાફલા માટે અવનવાં હતાં. આશ્રમની સીમાનો પ્રારંભ સૂચવતાં આવાં લક્ષણો જોવાં મળતાં જ રાજવી ઊભા રહી ગયા. એમણે સેનાપતિ સુપ્રતીપને કહ્યું :

આપણા રથો અને અશ્વોને હવે અહીં જ અટકાવી દો. આશ્રમનું પ્રવેશદ્વાર સામે જ દેખાય છે. માટે આપણે સૌએ હવે અડવાણે પગે આશ્રમમાં પ્રવેશવાની મર્યાદાનું બરોબર પાલન કરવાનું છે.

સુપ્રતીપે રાજાજ્ઞાને શિરોધાર્ય કરી અને તરત જ રથની ગતિ થંભાવી દેવાઈ. અશ્વો પરથી સૌ નીચે ઊતરી ગયા. રાજવી જેવા રાજવી જ્યાં અડવાણે પગે આગળ વધવા માંડ્યા, ત્યાં પછી બીજી કઈ વ્યક્તિ રથ કે અશ્વના આસનને વળગી રહે ? રાજવી શતાનીકની પાછળ પાછળ ચાલતો એ કાફલો આશ્રમમાં પ્રવેશીને છેક કુલપતિ બ્રહ્મભૂતિ પાસે જઈ પહોંચ્યો. આકાર પરથી વ્યક્તિત્વને ઓળખી જઈને કુલપતિએ "રાજન્" તરીકે સંબોધતા શતાનીકને પૂછ્યું : ક્યાંથી શુભાગમન થયું ? સૌ ક્ષેમકુશળ છે ને ?

રાજવીએ જવાબમાં જણાવ્યું : ઋષિવર ! શુભ આગમન તો આપના જેવા પવિત્ર પુરુષોનું જ હોય અને ક્ષેમકુશળતાના સાચા અધિકારી તો ઋષિમુનિઓ જ ગણાય. છતાં આપના પ્રભાવે આજે અમારો પ્રવાસ નિર્વિઘ્નતાપૂર્વક અહીં આવીને ધન્યતા અનુભવી રહ્યો છે. રાજવીની વાત હજી આગળ વધી રહી હતી. ત્યાં જ બાળઋષિ ઉદાયન આવી જતાં અને એણે ત્યાં આસન જમાવતાં રાજવીએ સીધું જ પૂછ્યું : ઋષિવર ! મારાં આગમનનું પ્રયોજન હું પછી જણાવીશ. પહેલાં આપને એ જણાવવાનો અનુગ્રહ કરવા વિનંતી કે, આ બાળઋષિ કોણ છે ?

કુલપતિએ ખૂબ જ ટૂંકમાં છતાં ઘટનાને જરા પણ ગોપવ્યા વિના બાળઋષિનો પરિચય આપ્યો, ત્યારે રાજવીને ચોક્કસ ખાતરી થઈ ગઈ કે, મૃગાવતી આ જ આશ્રમમાં છે અને આ ઋષિબાળ મારો જ સુપુત્ર છે એથી રાજવીએ સ્નેહવશ લાગણીથી ઋષિબાળને વત્સ તરીકે સંબોધીને પોતાના ખોળે બેસાડવાનો પ્રયત્ન કર્યો, ત્યાં જ એ બાળની સાત્ત્વિકતા ઝળકી ઊઠી. એ બાળકે રાજવીના પ્રયાસને નિષ્ફળ બનાવતાં કહ્યું : એક માત્ર રાજવી શતાનીકને છોડીને બીજા કોઈના મોઢેથી વત્સનું સંબોધન કરવાનો અધિકાર પણ નથી !

ઉદાયનને હજી એ વાતનો ખ્યાલ ન હતો કે, પોતાની સમક્ષ પિતા રાજવી શતાનીક જ આવીને ઊભા હતા, પોતે જેમનો અજપાજપ કરી રહ્યો હતો, એ શતાનીક આંખ સામે હતા, છતાં પોતે એમને ઓળખી શક્યા નહોતા, કેમ કે, કુલપતિએ રાજવી સાથે કરેલી વાતચીતો એણે સાંભળી ન હતી.

પાંચ વર્ષની અવધિને આંગળીના વેઢે ગણતી રહેતી મહાસતી મૃગાવતીએ જ્યારે આશ્રમમાં મચેલી હલચલ જોઈ, ત્યારે એ આશાભર્યા અંતરે એકદમ કુલપતિ પાસે દોડતી આવી. એણે જોયું તો,

શતાનીકની સામે ઉદાયન અક્કડ બનીને ઊભો હતો. અને પિતા સિવાય બીજા કોઈના ખોળે ન બેસવાની ટેક તે દોહરાવી રહ્યો હતો એથી મૃગાવતીએ ઉદાયનને કહ્યું : બેટા ! આ સામે બેઠાં છે, એ જ તારા પિતાજી છે, સંસારી જેમ સાચા સુખને પિછાણી શકતો નથી, એમ તું પણ પિતાજીને પિછાણી ન શક્યો ?

મૃગાવતીની આ વાત સાંભળતાં જ ઉદાયન સિંહ મટીને જાણે ગાય બની ગયો અને વળતી જ પળે શતાનીકના ખોળામાં લેટી પડ્યો. એની આંખમાં ત્યારે આંસુની ધારા હતી. આ જ દશા શતાનીકની પણ હતી. મૃગાવતી પણ લાગણીવશ બનીને હર્ષનાં આંસુ વહાવી રહી હતી. આવું દેવદુર્લભ દશ્ય જોઈને આખેઆખો આશ્રમ પણ હર્ષાવેશથી આંસુ સારી રહ્યો હતો. સૌ મૌન હતા. પણ એ મૌન મહાવ્યાખ્યાન બની ગયું અને સૌને લાગણી અંગે ખૂબ ખૂબ સચોટ સમજણ આપી ગયું.

શતાનીકે જ્યારે ઉદાયનને ખોળામાંથી ઊભો કર્યો અને એને હૈયાસરસો ચાંપ્યો, ત્યારે તો સ્નેહ-સામ્રાજ્યની ચરમસીમાનું સૌને પુણ્યદર્શન મળ્યું. આ પછી મૃગાવતી આગળ આવી અને પતિના ચરણે નમસ્કાર કરીને એણે આંસુના અભિષેક દ્વારા સ્વામીની ચરણરજ પ્રક્ષાળીને ધન્યતા અનુભવી. આશ્રમમાં એ ઘડીપળે અને એ દિવસે જાણે અકાળે આંબા ફળ્યા અને અણધાર્યા અમૃતના મેઘો વરસ્યા. આશ્રમનું વાતાવરણ એ દિવસે જાણે દેવલોકમાં પલટાયું અને સૌએ નવી આંખે નવું અને અંવનવું જે દશ્ય નિહાળ્યું એ નિરીક્ષણ સૌની આંખ માટે અમૃત બનીને તૃપ્તિ બક્ષી રહ્યું.

આશ્રમવાસીઓના તો એવા અરમાન હતાં કે, સ્નેહનું આ સામ્રાજ્ય વધુમાં વધુ દિવસો સુધી માણવા મળે તો કેવું સારું ! આશ્રમવાસીઓના દિલની લાગણીને ઠેસ પહોંચાડવા શતાનીક કે

મૃગાવતી પણ રાજી નહોતાં. પણ હવે જનની સમી એ જન્મભૂમિ સાંભરી આવી હતી, એ સ્મૃતિ મા-દીકરાથી દાબી શકાય એવી નહોતી. એથી થોડાક દિવસોનું આશ્રમનું આતિથ્ય માણીને રાજવી શતાનીકે જ્યારે આશ્રમથી વિદાય લીધી, ત્યારે સૌને એવી અનુભૂતિ થઈ રહી કે, અભિન્ન ગણાતું અંગ જાણે એકબીજાથી છૂટું, અલગ પડી રહ્યું છે.

જેની કોઈ કલ્પના નહોતી, એવો સોનેરી સૂરજ જીવનના આકાશે ઊગ્યો હતો. જેની કોઈ ધારણા નહોતી, એવું મૃગાવતીનું મિલન સત્ય બનીને અનેક આંખોમાં આશ્ચર્ય અને આનંદ ઊભરાવી રહ્યું હતું. આવા અદ્‌ભુત માહોલની વચ્ચે રાજવી શતાનીક એક દહાડો જ્યારે કૌશાંબીમાં પુનઃ પ્રવેશ્યા, ત્યારે કૌશાંબીમાં આનંદ, આશ્ચર્ય અને અહોભાવભર્યાં જે જે દશ્યો સર્જાયાં, એ અકથ્ય અને અલેખ્ય સાબિત થયાં. કૌશાંબીનો એ પ્રવેશ મહોત્સવ તો દિવસો સુધી ઉત્સવમય બની રહ્યો.

ઉદાયનના ભાગ્યમાં જેમ સાર્વભૌમ-સ્વામીત્વનો લેખ લખાયો હતો. એમ વિરલ વીણાવાદનનો પણ લેખ લખાયો હતો. એક દિવસ ઉદાયનનું વીણાવાદન સાંભળીને શતાનીકે પૂછ્યું : બેટા ! તું આવું વીણાવાદન ક્યાંથી શીખી આવ્યો ? ત્યારે ઉદાયને બાળપણના જીવનની એ ઘટનાઓ, ફણીધર કિન્નર દેવમાં પલટાયા પછીનો અને આશ્રમમાં પુનરાગમન થયા સુધીનો પ્રસંગ કહી સંભળાવ્યો અને પછી પ્રશ્ન કર્યો કે, આપને મલયાચલના માર્ગે આવવા અંગેની પ્રેરણા કોણે પૂરી પાડી ? જવાબમાં શતાનીકે એ જ ઘટનાનો પૂર્વ-પ્રસંગ કહી સંભળાવ્યો. ત્યારે તો પિતા અને પુત્ર બંને એકી સાથે બોલી ઊઠ્યા :

"ઓહ ! આપણા જીવનમાં ઊગેલા આ સોનેરી દિવસો તો તો અહિંસાની આરાધનાને જ આભારી ગણાયને ? અહિંસાની આરાધનાના પ્રભાવે એક તરફ એ રત્નકંકણે ભીલના માધ્યમે 'મૃગાવતીની પરિશોધ માટે પ્રેરણા આપી, તો એ આરાધનાના પ્રભાવે બીજી તરફ વીણાવાદનનું કૌશલ્ય પ્રાપ્ત થયું.'

આમ, કૌશાબીના આકાશે સુખનો સૂર્ય પુનઃપ્રકાશી ઊઠ્યો. એના ઝગારા પૂરા વત્સદેશમાં વિસ્તરીને આસપાસના પ્રદેશોમાં પણ અજવાળાં વેરી રહ્યા.

● ● ●

૬

# વિચિત્ર વળાંક લેતી ચિત્રશાળા

સુઘટિત તરીકે સંભવિત વર્તમાનકાળ જે રીતે વિઘટિત અને વેરવિખેર-વેરણછેરણ બની જવા પામ્યો હતો, તેમજ અઘટિત-અસંભવિત લાગતું ભાવિ જે રીતે સુઘટિત અને સુસંભવિત બની ગયું હતું, એની વાતો, વિચારણાઓ કૌશાંબી ઉપરાંત વત્સ દેશમાં દિવસો સુધી ખૂબ જ રસપૂર્વક ચાલતી રહી. મૃગાવતીનું પુનર્મિલન ચૌદ ચૌદ વર્ષ બાદ થાય, આશ્રમમાં જન્મ ધારણ કરનાર ઉદાયનના લલાટે સાર્વભૌમ સ્વામીત્વ અંકિત હોય, જન્માંતરની મિત્રતા અદા કરનાર દેવ એને વળી સહાયમાં હોય, તેમજ અણીના અવસરે મહાસતીને આશ્રમમાં આશરો મળી જાય. આ બધું અસંભવિત જ નહિ, અશક્ય પ્રાય:

જણાતું હતું. આમ છતાં આ બધું જે રીતે સુઘટિત બની ગયું, એને હૂબહૂ વર્ણવતી ઘટના જ્યારે કૌશાંબીએ જાણી, ત્યારે દિવસો સુધી કૌશાંબી નગરી આશ્ચર્ય અને અહોભાવના સરોવરે તરતી જ રહી.

મૃગાવતી મહાસતી હતી અને ઉદાયન ખરેખર અદ્‌ભુત પુણ્યનો ધારક હતો, આની પ્રતીતિ પણ કૌશાંબીને તે ઘટનામાંથી જ મળી રહી. આ ઘટના જેમ જેમ આસપાસ ફેલાતી ગઈ, એમ એમ સૌ રાજા શતાનીકના ભાગ્યની ઈર્ષ્યા કરી રહ્યા. રાજવી શતાનીકે ચૌદ ચૌદ વર્ષથી જે વિયોગ વેદના વેઠી હતી, એના પ્રમાણમાં કેઈ ગણું ગણી શકાય, એવું સુખ સામ્રાજ્ય શતાનીકની ચોમેર વિલસી રહ્યું. દિવસો વીતવા માંડ્યા. એમ ઉદાયનના ઉદયને સૂચવતો રાજવીનો પુણ્યપ્રભાવ વિસ્તરતો જ ચાલ્યો, આ પુણ્યપ્રભાવ એવો તો પ્રસિદ્ધ બન્યો કે, દેશ દેશથી કેટલાય માણસો એનાં દર્શને આવવા માંડ્યા.

એક દિવસની વાત છે. રાજવી શતાનીક સભા ભરીને બેઠા હતા. સિંહબાળ જેવો ઉદાયન પણ રાજ્યસભામાં પાસે જ બેઠો હતો. સભામાં કોઈક મહત્ત્વની વિચારણા કરવાની ન હતી. એટલે શતાનીકે દિવસોથી મનમાં ઘોળાતો એક સવાલ રજૂ કર્યો. એમણે પૂછ્યું : જેને અસાધારણ ગણી શકાય, એવી કઈ ચીજની ખોટ આ કૌશાંબીની કીર્તિને દિગદિગંતમાં ફેલાઈ જતી રોકી રહી છે? અહીં ન હોય અને બીજે હોય, એવી વિશેષતા જેમ મારે જાણવી છે, એમ બીજે ક્યાંય ન હોય, પણ અહીં જે હોવી જ જોઈએ, એવી વિશેષતાની જાણકારી મેળવવાની પણ મારા મનમાં જિજ્ઞાસા છે. માટે આ વિષયમાં પોતપોતાનો પ્રસ્તાવ રજૂ કરવા માટે સૌ કોઈ આમંત્રિત છે.

રાજવીના આ સવાલનો જવાબ વાળવામાં ઘણા બધાએ ગોટાળો વાળ્યો, તો કેટલાકે તો ભીનું પણ સંકેલી લીધું, એ બધાના કથનનો સૂર એવો જ નીકળ્યો કે, રાજવી! જે અહીં છે, એ ક્યાંય નથી જે અહીં ન હોય, એ ક્યાંય ન હોય! દેવોને પણ દુર્લભ આ રાજસભામાં

ખોટ વળી કઈ વાતની હોઈ શકે ? અલભ્ય અને અનુપમ વિશેષતાઓના સરવાળા સમુ એક સંગમધામ એટલે જ કૌશાંબી !!

રાજવી શતાનીકને આ જવાબમાં ખુશામતની ગંધ આવતી હતી એથી એમણે પોતાની જિજ્ઞાસાને દોહરાવી : મારા રાજ્યમાં શું શું છે ? એની તો મને સારી રીતે ખબર છે. પણ શું નથી, એની મારી પાસે જાણકારી નથી. એ માટે જ અનેક ચક્ષુઓ ધરાવતી આ સભાને મેં જિજ્ઞાસાપૂર્તિ માટે આમંત્રણ આપ્યું છે. કૌશાંબીમાં મદ ઝરતા હાથીઓ છે. વેગમાં પવન અને મનને આંટી જાય, એવા અશ્વો છે. ગગન સાથે વાતો કરતા કોટ-કિલ્લા છે, સમુદ્ર પાસે ન હોય, એવી તો લક્ષ્મી છે.

રાજવી હજી આગળ બોલવા જતા હતા, ત્યાં જ મંત્રી યુગંધરે કહ્યું : મૃગાવતી જેવી મહાસતી છે અને સાર્વભૌમ-સ્વામીત્વના લલાટ પર લખેલ લેખ ધરાવવા ઉપરાંત, વીણાના વાદનમાં પણ વિખ્યાત ઉદાયન જેવા તો રાજકુમાર છે.

"છે, છે"ની આવી હારમાળામાં ભંગ પાડતાં રાજવી શતાનીકે પૂછ્યું : મંત્રીશ્વર ! પરંતુ શું નથી ? એ જણાવોને ! છતથી મારે છકી નથી જવું અને અછત જાણીને મારે અકળાઈ પણ જવું નથી, પણ ધીરજપૂર્વક એ અછતને છતમાં પલટી નાખવા કમ્મર કસવી છે !

સભામાં ચારેબાજુ મૌન છવાઈ ગયું. મૌન ભરી થોડીક ગંભીર પળો પસાર થયા બાદ એ મૌનનો પડદો ઊંચકતાં સિદ્ધ નામનો એક પ્રવાસી ઊભો થઈ ગયો. એણે શતાનીકના ચરણ ચૂમીને કહ્યું : રાજવી ! દેશ ફર્યો છું, વિદેશ પણ ફર્યો છું, પણ કૌશાંબીમાં મને જે જોવા મળી રહ્યું છે, એનો તો એ જોટો જડવો મુશ્કેલ છે. આ નગરીની શોભાને કોઈ નવવધૂ સાથે સરખાવું, તો એ વધારે સાર્થક ગણાશે. કોઈ નવવધૂની જેમ આ નગરી શોભી રહી છે. વધૂ ને શણગારતા શણગારતા

જે એક શણગાર કરવો રહી ગયો છે, એ મને લાગે છે કે, ભૂલથી જ રહી ગયો હશે ? સૌભાગ્યતિલક વિનાની સુંદરી કદી શોભે ખરી ? બસ કૌશાંબીની શોભામાં ફક્ત આટલું જ ખૂટે છે !

રાજા, પ્રજા ઉત્સુક બનીને પૂછી બેઠા : પ્રવાસી ! સૌભાગ્યતિલક બનીને આ નગરીને વધુ સુશોભિત બનાવી શકે, એવો એ શણગાર તો મારે જાણવો જ છે. બોલો, એવા કયા શણગારથી આ નગરીને શોભાવું તો આ નગરીના ભાલે એ શોભા સૌભાગ્યતિલક બની રહે !

પ્રવાસીએ એ જ ઠાવકાઈ સાથે રાજવીને ઉદ્દેશીને કહ્યું કે : આપના પ્રધાનો કાંચી નગરીમાં જઈને પુષ્પશેખર રાજવીની ચિત્રશાળા એક વાર જોઈ આવે, તો પછી આ વિષયમાં મારે કંઈ જણાવવા જેવું ન રહે.

પ્રવાસીની આ વાત સાંભળતાં જ રાજા-પ્રજા સૌને એકદમ ખ્યાલ આવી ગયો કે, કૌશાંબી આટલી મોટી નગરી છે, પણ ચિત્રશાળા તો એક પણ નથી. ખરેખર આટલાં વર્ષો સુધી આ ખામી તરફ આપણું ધ્યાન જ કેન્દ્રિત ન થયું. નગરીને શણગારવા જતાં શણગાર શિરોમણિ ચિત્રશાળા આપણને યાદ પણ ન આવી !

સિદ્ધ પ્રવાસીની વાતને રાજા-પ્રજાએ સહર્ષ વધાવી લીધી. કૌશાંબી નગરી અનેકાનેક વિશેષતાઓના ધામ સમી હતી, એમાં રહી ગયેલી એક એવી ત્રુટિ તરફ પ્રવાસીએ સૌનું ધ્યાન ખેંચ્યું કે, સૌને જાણે એવો જ ભાસ થઈ રહ્યો કે, કૌશાંબીની કાયા સાવ જ આભૂષણવિહોણી છે. માટે આ ત્રુટિની પૂર્તિને માટે હવે પળનોય વિલંબ ન જ કરવો જોઈએ !

સિદ્ધ પ્રવાસીએ સીધી રીતે તો નહિ, પણ આડકતરી રીતે કૌશાંબીની કીર્તિને વધુ વિસ્તૃત બનાવવા જે શોભાપૂર્તિ જરૂરી હતી, એનું દિગ્દર્શન કરાવી દીધું, બધી વાતનો સાર એ નીકળ્યો કે, પુષ્પશેખર રાજવીની રાજસભાને શોભાવતી ચિત્રશાળાને ભૂ પિવડાવે,

એવી ચિત્રશાળા કૌશાંબીમાં નવનિર્માણ ન પામે, ત્યાં સુધી કૌશાંબીને પોતાના શણગાર ઉપર ગર્વ લેવાનો જરા પણ અધિકાર નથી !

રાજવી શતાનીકે એ જ રાજસભામાં કૌશાંબી ઉપરાંત વત્સ દેશના ચિત્રકારોને આમંત્રણ આપતાં કહ્યું કે, મારે એવી એક ચિત્રશાળાનું નિર્માણ કૌશાંબીમાં કરાવવું છે કે, જે ચિત્રશાળા કૌશાંબીની જ કીર્તિપતાકા નહિ, પૂરા ભારતદેશના ભાલ પરની કીર્તિની કલગી તરીકે શોભી ઊઠે !!!

શતાનીકે જે વાત સહજ રીતે રજૂ કરી હતી, એનું આટલું સુંદર પરિણામ આવવાની એમને પોતાનેય પણ કોઈ ધારણા નહોતી. પણ સામાન્યપણે રજૂ કરાયેલી જિજ્ઞાસાના પ્રભાવે જે અસામાન્ય નિર્ણય લેવાયો, તેમજ કૌશાંબી શિલ્પી-સલાટોનાં ટાંકણાંથી જે રીતે ગુંજી ઊઠી. એ જોઈને શતાનીક રાજવીના આનંદનો પાર જ ન રહ્યો. ચિત્રશાળાના એ નિર્માણકાર્યમાં ગામ-પરગામના કેટલાક શિલ્પીઓ ઉત્સાહભેર જોડાઈ ગયા. રાજ્ય તરફથી એક શિલ્પીને પુષ્પશેખર રાજાની ચિત્રશાળાનું ઊંડું નિરીક્ષણ કરી આવવાની જવાબદારી પણ સોંપવામાં આવી. આમ, અનેક શિલ્પીઓ ચિત્રશાળાથી કૌશાંબીને મંડિત બનાવવા કાર્યરત બની ગયા.

કૌશાંબીમાં થોડા દિવસોમાં તો ચિત્રકારોનો મેળો જામી ગયો હતો. એવા એવા ચિત્રકારો એ મેળામાં એકઠા થયા હતા કે, એમના દ્વારા ચિત્રિત ચિત્રોમાં માત્ર પ્રાણની જ પ્રતિષ્ઠા કરવામાં આવે, તો એ ચિત્રો સપ્રાણ અને સજીવન બની ઊઠે ! દર્શક જેને જોઈને સાચુકલી સૃષ્ટિ માણવાની ભૂલનો ભોગ બની બેસે, એવા અનેક ચિત્રખંડો ધીરે ધીરે તૈયાર થવા માંડ્યા.

કોઈ ચિત્રખંડમાં ઉદ્યાન-ઉપવનની સૃષ્ટિ આબેહૂબ અવતાર ધરી રહી, તો કોઈ ચિત્રખંડમાં પશુ-પ્રાણીઓની સૃષ્ટિ એ રીતે ચીતરવામાં આવી કે, જેમાં સિંહ અને મૃગ, ઉંદર અને બિલાડી, સાપ અને

નોળિયા, જેવાં જન્મવેર ધરાવતાં પ્રાણીઓને એકી સાથે જોતાં ભલભલા આશ્ચર્યચકિત બની જાય કે, આ બધા વચ્ચેનો વેરભાવ કોના પ્રભાવે વિદાય થઈ ગયો? વનસૃષ્ટિમાં આબેહૂબ અંકિત થયેલાં ફૂલો એટલાં તાદૃશ જણાતાં કે, એમાંથી જો ફોરમ ફેલાતી હોત, તો દર્શકો એ ફૂલોને સાવ સાચા માનીને એને લૂંટવા માટે હાથ લંબાવ્યા વિના ન રહેત!

આમ, જાતજાતની અને ભાતભાતની ચિત્રસૃષ્ટિઓ એ ચિત્રશાળામાં અવતરિત બનવા માંડી, એ જોઈને રાજવી શતાનીકને પણ એમ થઈ આવ્યું કે, આ ચિત્રશાળા કૌશાંબીને દેશ અને દુનિયામાં પણ અમર બનાવી દીધા વિના નહિ જ રહે. એ ચિત્રશાળામાં ચિત્રકારો તો અનેક આવ્યા હતા, પણ નિપુણ નામના એક ચિત્રકારથી સૌ હેઠ હતા, એમ એનું ચિત્રશિલ્પ જોતાં જણાતું.

નિપુણ એક અચ્છામાં અચ્છો ચિત્રકાર હતો. એની પીંછી રંગમાં ઝબોળાઈને ક્યાંય રેખા પણ દોરતી, તો ત્યાં કોઈ અદ્ભુત સૌંદર્યની સૃષ્ટિ ઊતરી પડતી. એની કલમ-પીંછીમાં કામણ તો હતું જ. તદુપરાંત દેવકૃપા એની અજોડ સફળતાનું એક મોટું સહાયક તત્ત્વ હતું. કોઈ ચીજનો એકાદ અંશ પણ એ જુએ કે કોઈ પણ વ્યક્તિનું એકાદ અંગ પણ એ નિહાળે, તો એનું સંપૂર્ણ ચિત્ર આબેહૂબ ચીતરી શકવાની કળા-સિદ્ધિ એને દેવકૃપા રૂપે પ્રાપ્ત થઈ હતી એથી એનું ચિત્રકાર્ય ઓછી મહેનતે અને ઓછા સમયે વેગપૂર્વક આગળ વધી રહ્યું હતું. રાજવી શતાનીક તો એની કળા પર ખૂબ ખૂબ આફરીન હતા, ને અવારનવાર ચાલુ કાર્યમાં પણ એનું ચિત્રકાર્ય નિહાળવા માટે અચૂક આવતા રહેતા હતા.

ચિત્રકાર નિપુણની નજરમાં એક વાર મહાસતી મૃગાવતીનો માત્ર એક અંગૂઠો જ જોવામાં આવ્યો હતો અને એની નજર સામે રૂપ લાવણ્ય-સૌંદર્યની એક સામ્રાજ્ઞી પ્રતિભાસિત થઈ ઊઠી! એને પોતાને પણ ખબર નહોતી કે, પોતાને જે અંગૂઠો જોવા મળ્યો હતો, એ

મહાસતી મૃગાવતીનો જ હતો એથી પોતાની નજર સામે પ્રતિભાસિત થતી એ સૌંદર્યસામ્રાજ્ઞી પ્રદર્શન માટેનું રમકડું નહિ, પરંતુ દર્શન માટેની મૂર્તિ સમી હતી. નિપુણની સદાચારપ્રિયતા પણ વખાણવા જેવી હતી. અંગૂઠાના દર્શન માત્રથી જે સુંદરી સંપૂર્ણ રીતે પોતાની આંખ સામે પ્રતિભાસિત થઈ રહી હતી, એ એટલી બધી અદ્વિતીય હતી કે, કળાકાર તરીકે નિપુણ એ પ્રતિભાસને ચિત્રાંકિત કરવાનો લોભ રોકી શકે, એ શક્ય ન હતું ! એની ઇચ્છા પણ ન હતી કે, માત્ર કળાદર્શન ખાતર પણ એ પ્રતિભાસ ચિત્રાંકિત થાય. પરંતુ એ પ્રતિભાસ એટલો બધો પ્રચંડ શક્તિશાળી નીવડ્યો કે, નિપુણની ઇચ્છાની ઉપરવટ જઈને પણ એક દિવસ એ પ્રતિભાસ નિપુણની પીંછી દ્વારા ચિત્રશાળાની ભીંત પર પ્રગટ થવા માંડ્યો.

ચિત્રકાર નિપુણને થયું કે, મારી ઇચ્છા વિના પણ જ્યારે આ સ્ત્રી-ચિત્ર પીંછી વાટે બહાર પ્રગટ થવા મથી રહ્યું છે, ત્યારે હવે આ ચિત્રના નિર્માણને અવશ્યંભાવિ માનીને, મારે દિલ દઈને એમાં રૂપ-રંગ-રેખા પૂરવા જ રહ્યાં. આમ, નિપુણની કળાનો સ્પર્શ પામીને એ સુંદરી હતી, એના કરતાંય વધુ સાજ-શણગાર સાથે ચિત્રશાળામાં જીવંત બનવા માંડી. એમાં એક દિવસે ચિત્રકારની અસાવધાનીથી કાળા રંગનું એક ટપકું એ ચિત્ર પર પડ્યું. એ કાળો ડાઘ બરાબર ચિત્રાંકિત સુંદરીની જાંઘના ભાગમાં જ પડ્યો હતો. નિપુણે તરત જ એ ટપકું ભૂંસી કાઢ્યું. પણ થોડીક વાર પછી પાછું એ જ રીતે બીજું શાહીબિંદુ ચિત્રાંકિત સુંદરી પર પૂર્વની જ જગ્યાએ પડ્યું. આમ બે-ત્રણ વાર ટપકું પડતાં નિપુણે પોતાનું મન મનાવી લીધું કે, સુંદરીના શરીર પર આ રીતે કાળો તલ હોવો જ જોઈએ. માટે જ ભૂંસવા છતાં પાછું કાળું ટપકું આ રીતે એકની એક જગ્યાએ પડ્યા જ કરે છે. દેવકૃપા ખોટી સાબિત ન થાય, માટે પણ આવું બનવું સંભવિત ગણાય.

આ રીતે મન સાથે માંડવાળ કરીને ચિત્રકાર નિપુણે એ શાહીબિંદુ રહેવા દઈને પોતાનું ચિત્રકાર્ય આગળ ધપાવ્યું. ચિત્તમાં એ સુંદરી લગભગ સંપૂર્ણ ચિત્રિત થઈ જવા પામી, ત્યારે એક દિવસ રાજવી શતાનીક ચિત્રશાળાની મુલાકાતે આવ્યા. બીજા બીજા ચિત્રકારોના ચિત્રખંડની મુલાકાત પતાવીને ખૂબ ખૂબ હોંશ સાથે રાજવી જ્યાં ચિત્રકાર નિપુણના ચિત્રખંડમાં પ્રવેશ્યા, ત્યાં ને ત્યાં સાક્ષાત મૃગાવતીને બેઠેલી જોઈને એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમને થયું કે, કોઈ દિવસ નહિ અને આજે જ અહીં મૃગાવતી શા માટે આવી હશે ? રાજવી મૃગાવતીને જોઈને એકદમ સંભ્રાન્ત બની ગયા. પણ બીજી જ પળે પાછો એવો વિચાર આવ્યો કે, દેવી તો મર્યાદામાં ચુસ્તપણે માનનારી છે માટે દેવીનું અહીં આગમન થાય, એ સંભવિત જ નથી. માટે ચોક્કસ પોતાની નજર દગો દેતી હશે ?

રાજવીએ પોતાની નજરને વધુ સતેજ અને તીક્ષ્ણ બનાવી, તો તરત જ ખ્યાલ આવી ગયો કે, પોતે જેને સાક્ષાત મૃગાવતી તરીકે જોઈ રહ્યા છે, એ તો મૃગાવતીનું માત્ર ચિત્ર જ છે ! આ રીતે નજરભ્રમનો ખ્યાલ આવી જતાં જ શતાનીક સ્વસ્થ બનીને એ ચિત્ર નિહાળી રહ્યા. સાક્ષાત્ મૃગાવતી કરતાં પણ, ચિત્રાંકિત એ મૃગાવતી રાજવીને વધુ સુંદર ભાસવા માંડી એથી અપલક આંખે એમણે મૃગાવતીનું એ ચિત્ર નિહાળવા માંડ્યું. યોગી ધ્યાનમાં મગ્ન બની જાય, એના કરતાંય વધુ ધ્યાનમગ્ન બનીને રાજવી એ ચિત્રનું એક એક અંગ નિહાળી રહ્યા. એ કેશ-કલાપમાંથી કળા નીતરી રહી હતી. એ ભાલ ભવ્યતાથી ઝળકી રહ્યું હતું. એ કર્ણયુગલ કળાધામ જણાતાં હતાં, એ નાસિકાની નમણાશ માણવા જેવી જણાતી હતી. અરે ! એ કપોલ, એ નેત્ર, એ હોઠ, એ કંઠ, એ વક્ષ અને એ નાભિપ્રદેશ : આ બધાં જ અંગો અવર્ણનીય આભાની રેલછેલ મચાવતાં હતાં. ચિત્રદર્શનની પળો વીતી રહી હતી અને રાજવી શતાનીક ઉત્તરોત્તર ચડિયાતી ને ચડિયાતી પ્રસન્નતા

અનુભવી રહ્યા હતા. ત્યાં એકાએક ચિત્રના જંઘા-ભાગ પર નજર જતાં જ એ પ્રસન્નતા છીનવાઈ ગઈ. એ જંઘા-ભાગને કાળા તલથી અંકિત જોઈને રાજવી કોઈ જુદી જ વિચારધારામાં ઘસડાઈ ગયા. અત્યાર સુધી જેની ચિત્રકળા પર પોતે આફરીન હતા, એ ચિત્રકાર નિપુણ પર એમને હાડોહાડ તિરસ્કાર જાગી ગયો. એમને એક એવો કાળો વિચાર આવી ગયો કે, જરૂર આ ચિત્રકારે રાણી મૃગાવતીના અણદાગ ચારિત્ર પર ડાઘ લગાડ્યો લાગે છે, કેમ કે આ ચિત્ર મૃગાવતીનું જ છે અને આમાં ચિત્રિત તલ એક હકીકત છે. પણ સવા લાખનો સવાલ એક એ જ છે કે, આ તલનો ખ્યાલ નિપુણને ક્યાંથી આવ્યો હશે ?

મૃગાવતીના ચિત્રમાં અંકિત તલે શતાનીકને એકદમ ગંભીર બનાવી દીધા અને તેઓ જાત-જાતના સંકલ્પ-વિકલ્પમાં આમથી તેમ અને તેમથી આમ અથડાઈ રહ્યા. મૃગાવતીના સતીત્વ પર તો એમને અડગ વિશ્વાસ હતો. પણ આ ચિત્ર જોઈને વર્ષો જૂનો એ અડગ વિશ્વાસ પણ ડગમગી ઊઠ્યો. શતાનીકની શંકા જો સાચી હોય, તો એમાં ચિત્રકારની જેમ મૃગાવતી પણ દોષિત ઠરતી હતી, પરંતુ એઓ તો ચિત્રકાર નિપુણને જ વધુ દોષિત ગણીને એની પર દંડ ફટકારવાના વિચારોમાં ખોવાઈ ગયા ! એમનું મગજ બહેર મારી ગયું. કિંકર્તવ્યમૂઢ બનીને એઓ વિચારી રહ્યા : સાલો આ ચિત્રકાર તો ભારે ઊઠાવગીર નીકળ્યો ! ખરેખર વખાણેલી ખીચડી દાઢને દઝાડનારી જ નીવડી. કળા મળી, પણ કળાને પચાવી ન શક્યો. મારી મૃગાવતીને પણ આ જો ફસાવી શક્યો હોય, તો નગરની કેટલી સુંદરીઓનો આણે શિકાર કર્યો હશે ? ચિત્રશાળાને અધૂરી રાખવી પડે, તો અધૂરી રાખવી મને મંજૂર છે. પણ આવા દુરાચારીને જીવતો રાખવો, એ તો મને જરાય મંજૂર નથી.

શતાનીકનો ગુસ્સો વધ્યો. એઓ વિચારી રહ્યા : અહો ! પોતાના દુરાચારને ઢાંકવા આ નિપુણે કેવો કેવો ઢોંગ ઊભો કર્યો છે. અંશ

જોઈને આંખુ અંગ ચીતરવાનું વરદાન પોતાને દેવ તરફથી પ્રાપ્ત થયું છે. આવી આવી અશ્રદ્ધેય વાતો નગરીમાં વહેતી મૂકવા પાછળ એની બદમુરાદ એ જ હોવી જોઈએ કે, તો જ આવા અનાચારના અખાડે નિશ્ચિંત બનીને નાચી શકાય ! ક્યો એવો દેવ નવરો પડ્યો હોય કે, જે આવા દુરાચારી પર પ્રસન્ન થાય અને વળી આવું અસંભવિત વરદાન આને આપે ! માટે આ બધું તો 'ગપ્પની માને ગપ્પ પરણે' જેવા ગપગોળા જ હોવા જોઈએ. ચિત્રશાળા મારે જરૂર બેનમૂન બનાવવી છે, પણ આ રીતે ચારિત્ર્યની ચાદર કાળી કરનારના હાથે ચિત્રશાળાનું નિર્માણ થાય, એમાં તો મારી ના જ છે. જે ચિત્રશિલ્પ ભવ્યાતિભવ્ય હોય, પણ એમાંથી દુરાચારની બદબૂ આવતી હોય, તો એનો શો અર્થ ?

આમ, શતાનીક ઘણી બધી ગડમથલમાં અથડાયા બાદ એ ચિત્રશાળામાંથી નીકળીને માંડ માંડ રાજમહેલે આવ્યા. પણ ચિત્રશાળાએ પોતાના ચિત્તમાં જે આગ લગાડી દીધી હતી, એના ભડકા એમને મહેલમાં પણ દઝાડતા જ રહ્યા. એ દાઝ એવી તો ભયંકર નીવડી કે, શતાનીકે ન તો મૃગાવતીને કંઈ પૂછ્યું, ન તો મંત્રી યુગંધરની જરાય સલાહ લીધી કે ન તો રાજપુત્ર ઉદાયનને કંઈ જણાવ્યું. આવું કશું જ કર્યા વિના આવેશમાં ને આવેશમાં એમણે કોટવાલને હાજર થવાનું ફરમાન પાઠવ્યું. જ્યાં કોટવાલ હાજર થયો, ત્યાં જ એમણે એને હુકમ કર્યો કે, અત્યારે ને અત્યારે જ અમલ થાય, એવો મારો એક હુકમ તમારે અદા કરવાનો છે. મારો હુકમ એ છે કે, ચિત્રકાર નિપુણને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવે !

આ હુકમ સાંભળીને કોટવાલ ધ્રૂજી ઊઠ્યો ! ચિત્રકાર નિપુણની લોકપ્રિયતા એના ખ્યાલ બહાર ન હતી. એ સમજતો હતો કે, આ હુકમ અદા કરતા મારે કેવા કેવા લોક-જુવાળનો સામનો કરવો પડશે ? કોટવાળની આ ધારણા ખરેખર સાવ સાચી હતી. કેમ કે

ચિત્રકાર નિપુણની ચિત્રકલા પર સૌને અપાર અહોભાવ હતો તેમજ એને મળેલી દેવીકૃપા તો સૌને અજોડ અને એકમેવ જણાતી હતી, એથી લોકહૈયામાં નિપુણે એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી દીધી હતી કે, જે પ્રતિષ્ઠાને કોઈ જ હટાવી ન શકે !

રાજા શતાનીક તો ગુસ્સામાં હતા. ચિત્રકારને ફાંસીના માંચડે લટકાવી દેવાનો હુકમ છોડ્યા પછી થોડી જ વારમાં ચિત્રકારોની સૃષ્ટિમાં જ ચહલપહલ મચી ગઈ અને પૂરી કૌશાંબીએ જે રીતે કંપારી અનુભવી, એ જોઈને ખુદ રાજવી શતાનીક પણ વિચારમાં પડી ગયા. છતાં પોતાના હુકમ અંગે પુનર્વિચાર કરવાની એમની જરા પણ તૈયારી ન હતી. વિરોધનું વાતાવરણ જોઈને ઉપરથી એમનો ગુસ્સો ઓર વધ્યો. એમણે મંત્રીશ્વરને ગુસ્સાભર્યા સ્વરે કહ્યું : કોટવાલને તાકીદની સૂચના આપો કે, ચિત્રકાર નિપુણને એમને એમ જ ફાંસીને માંચડે ન ચઢાવી દે ! પણ લોકો એને આંખો ફાડી-ફાડીને જુએ, એ રીતે ગધેડા પર અવળો બેસાડીને, નિપુણના વરઘોડાને ફાંસીના માંચડા તરફ લઈ જવાની મારી આજ્ઞા છે.

આખું કૌશાંબી ચકચાર અનુભવી રહ્યું. ચિત્રશાળા ચિત્રશાળાને ઠેકાણે રહી અને એણે જે વિચિત્ર વળાંક લીધો, એની જ ચર્ચાએ ઠેર ઠેર વેગ પકડ્યો, કોઈને પણ સમજાતું નહોતું કે, કૌશાંબીમાં આ શું થવા બેઠું છે ?

• • •

૭

# ઘરનો બાળ્યો ગામ બાળે

કેટલીક વ્યક્તિઓનાં નામ એટલાં બધાં સાર્થક જણાતાં હોય છે કે, એ નામ મુજબનાં કામ જોઈને એવું જ અનુમાન કરવાનું મન થઈ જાય કે, કામ જોઈને જ આવું નામ રાખવામાં આવ્યું હોવું જોઈએ ! ઘણી વાર એવો યોગાનુયોગ સર્જાઈ જતો હોય છે કે, જેથી વ્યક્તિમાં ખીલનારા ગુણોનો સંકેત નાનપણમાં મળેલા એના નામ પરથી જ મળી રહે !

નિપુણ આ રીતે યથાર્થ નામ ધરાવતો એક ચિત્રકાર હતો, કૌશાંબીમાં જ એનો વસવાટ હતો. નાનપણથી જ ચિત્રકળા એને વરી હતી, એમ કહેવાનું મન થઈ આવે, એવો એ કળા-કસબી હતો. એની માસી

સાકેતપુરમાં રહેતી હતી. એનું નામ ચિત્રમાલા હતું. એનો પુત્ર ચિત્રકેતુ પણ એક અચ્છામાં અચ્છો કળાકાર હતો. માસી ચિત્રમાલા નિપુણ પર માતા જેવું જ વહાલ વરસાવતી હતી. તેમજ ચિત્રકેતુ એક સારામાં સારો ચિત્રકાર હતો, એથી નિપુણે સાકેતપુરમાં જઈને વધુ ચિત્રશિક્ષા મેળવવાનું નક્કી કર્યું અને એ સાકેતપુરમાં પહોંચી ગયો પણ ખરો !

ચિત્રકળાનું પ્રારંભિક શિક્ષણ નિપુણને બાળપણમાં સાકેતપુરમાં એવી અદ્‌ભુત રીતે મળ્યું હતું કે, જેથી થોડાક જ સમયમાં ચિત્રકળામાં એનો હાથ બેસી ગયો. ચિત્રકળાનો રસ તો નિપુણમાં હતો જ, એમાં વળી ચિત્રકેતુનો સાથ મળી ગયો, પછી એ રસની ખિલાવટ થવામાં ખામી શી રહે ? ચિત્રકેતુ અને નિપુણ આ રીતે એકબીજાના પૂરક બનીને કળાની સાધના કરી રહ્યા હતા, એ દિવસોમાં સાકેતપુરમાં અજબગજબની એક ઘટના બની જવા પામી : સાકેતપુરમાં સુરપ્રિય નામે યક્ષનું એક મંદિર હતું. જે કુસુમાકર નામના ઉદ્યાનમાં આવેલું હતું. આ યક્ષ ભારે મહિમાશાળી તરીકે પ્રખ્યાત હતો એ નગરમાં એક એવી પરિપાટી-પરંપરા ચાલી આવતી હતી કે, દર વર્ષે ચૈત્રીમેળો ભરાતો, ત્યારે નગરના ચિત્રકારોમાંથી એક ચિત્રકારને માથે યક્ષનું આબેહૂબ ચિત્ર બનાવવાની જવાબદારી આવતી. આ જવાબદારી અદા કરવામાં એ ચિત્રકાર જો જરાક પણ ગાફેલ રહે અને ચિત્ર જો જરાક પણ ખામીવાળું બને, તો એ ગફલતની બૂરી બક્ષિસ રૂપે એના માથે મૃત્યુદંડ ફટકારાતો. મૃત્યુના આવા ભયથી જો કોઈ ચિત્રકાર ચિત્ર બનાવવાની જ માંડવાળ કરે, તો આખા નગરમાં મારી-મરકી ફેલાવી દઈને એ યક્ષ, એક ચિત્રકારની ભૂલનો બદલો લેવા અનેકને મૃત્યુના મોંમાં હોમી દેતો. આ રીતે વર્ષોથી પરિપાટી ચાલતી આવતી હતી અને એના ભોગ બનીને અનેક ચિત્રકારો મોતના મોંમા હોમાઈ પણ ગયા હતા.

ચૈત્રીમેળો ! યક્ષમૂર્તિનું ચિત્રણ ! અને ચિત્રણમાં ભૂલ, તો જીવન ડૂલ ! આ પરિપાટી આગળ વધતી ગઈ, એનું પરિણામ એક દિવસ એવું આવ્યું કે, ગામમાંથી ચિત્રકારો ઉચાળા ભરી-ભરીને અન્યત્ર વિદાય થવા માંડ્યા. મોતને વધાવી લેવા તો કોણ તૈયાર હોય ? એથી ચૈત્ર મહિને યક્ષ દ્વારા ફેલાવાતા મારી-મરકીના ભોગ જ્યારે અનેક માણસો બનવા માંડ્યા ત્યારે રાજવીએ સાકેતપુરના તમામ ચિત્રકારોને નગરમાં હાજર થઈ જવાનો હુકમ કાઢ્યો અને પછી એવી વ્યવસ્થા ગોઠવી કે, બધા ચિત્રકારોના નામની ચિઠ્ઠીઓ એક કુંભમાં એકઠી કરવી, એમાં પ્રતિવર્ષ જે ચિત્રકારના નામની ચિઠ્ઠી નીકળે, એ ચિત્રકાર યક્ષનું ચિત્ર ચીતરે !

રાજવીની આ વ્યવસ્થા પછી નગરમાં કંઈક અંશે શાંતિ સ્થપાઈ. બધા ચિત્રકારોને ગામમાં પાછા આવવું પડ્યું. વર્ષે-વર્ષે જેના નામની ચિઠ્ઠી નીકળે, એના ઘરે લોહીનાં આંધણ મુકાય અને બીજા ચિત્રકારો **હાશકારો** અનુભવે. જ્યાં સુધી કુંભમાંથી કોઈ એક ચિત્રકારના નામની ચિઠ્ઠી ન નીકળે ત્યાં સુધી તમામ ચિત્રકારોનાં ઘરમાં હાહાકાર અને ચિઠ્ઠી નીકળી ગયા બાદ હાશકારો ! આ ક્રમ ચાલતો રહ્યો. આમાં એક વર્ષે ચિત્રકેતુના નામની ચિઠ્ઠી બહાર નીકળતાં ચિત્રમાલાના ઘરમાં તો રોકકળ મચી ગઈ અને લોહીનાં આંધણ મુકાયાં

કૌશાંબીવાસી ચિત્રકાર નિપુણ બહારગામ ગયો હતો. એ જ્યારે સાકેતપુરમાં પ્રવેશીને માસી ચિત્રમાલાના ઘરે આવ્યો, ત્યારે રોકકળમય ઘરનું વાતાવરણ જોઈને એણે માસીને પૂછ્યું : ઘરમાં આટલી બધી રોકકળ શાની ? ચિત્રમાલાએ કહ્યું : ચૈત્રીમેળો નજીક આવી રહ્યો છે, એથી કુંભમાંથી ચિઠ્ઠી બહાર કાઢવામાં આવી, એમાં મારા દીકરા ચિત્રકેતુનું નામ આવ્યું છે એથી આવી રોકકળ તો મચે જ ને ? ચિત્રકેતુને ચિત્ર ચીતરવાના બહાને મૃત્યુના મોંમાં ધકેલી દેવા કઈ માનો

જીવ ચાલે ? પરંતુ આ સિવાય બીજો ઉપાય પણ શો છે? માટે જ અહીં રોકકળ મચી છે ને લોહીનાં આંધણ મુકાયાં છે.

માસીની આ વાત સાંભળીને ચિત્રકાર નિપુણ પરોપકાર માટે તૈયાર થઈ ગયો. એણે કહ્યું : આપ નિશ્ચિંત બની જાવ. ચિત્રકેતુના બદલે હું યક્ષની મૂર્તિને ચીતરવાની જવાબદારી માથે લેવા તૈયાર છું, મને વિશ્વાસ છે કે, હું યક્ષની પ્રસન્નતા મેળવી શકીશ. છતાં કદાચ પ્રસન્નતા ન પણ મળે, તોપણ આ રીતે પરમાર્થને કાજે મરી જવાનું મારા ભાગ્યમાં ક્યાંથી ?

નિપુણે સાગ્રહ પોતાની વિનંતિ જ્યારે ચાલુ જ રાખી, ત્યારે એની માસીએ આ વિનંતિ સ્વીકારી. નિપુણે જે વિશ્વાસ આપ્યો હતો, એથી એની માસીના મનમાં પણ કંઈક એવી શ્રદ્ધા જાગી હતી કે, નિપુણ જરૂર યક્ષની કૃપા મેળવવામાં સફળ થઈ જશે !

મેળાના એ દિવસો પણ આવી લાગ્યા. પરંતુ સાકેતપુરે જોયું કે, ચિત્રમાળાના ઘરમાં જરા પણ રોકકળનું વાતાવરણ નહોતું, એથી સૌને આશ્ચર્ય થતું હતું, નિર્ણિત દિવસે ચિત્રકાર નિપુણ યક્ષમંદિરમાં ખડો થઈ ગયો. નિપુણે ત્રણ ત્રણ દિવસના ઉપવાસ દ્વારા યક્ષની સાધના કરી. આ પછી ચોથા દિવસે સામાન્ય રંગોના બદલે એણે સુગંધથી મઘમઘતા ચંદન, કેસર, અગર, કસ્તૂરી આદિ મૂલ્યવાન પદાર્થો દ્વારા યક્ષમૂર્તિનું ચિતરામણ ભક્તિથી ભીના ભીના હૈયે અને હાથે શરૂ કર્યું. એથી એ ચિતરામણ ખૂબ ખૂબ ચિત્તાકર્ષક બની જવા પામ્યું. એ ચિત્રને જોનારા સૌને એવો વિશ્વાસ બેસી ગયો કે, આ ચિતરામણમાં જરાક પણ ખામી કોઈ જ નહિ કાઢી શકે ! આ વિશ્વાસ સાચો પણ સાબિત થયો.

ચિત્રકાર નિપુણની બોલચાલમાં યક્ષમૂર્તિ તરફની અપૂર્વ શ્રદ્ધા-ભક્તિનાં દર્શન થતાં હતાં. વળી, વિનય-વિવેક જાળવવામાં પણ એ

જરા પણ ઓછો ન પડ્યો. આ પછી એણે યક્ષને નમસ્કાર કરીને વિનંતી કરતાં કહ્યું કે યક્ષરાજ ! આપને આબેહૂબ આલેખવામાં કોણ સમર્થ થાય ? ભક્તના હૈયામાં જ આપ આબેહૂબ પ્રતિબિંબિત બની શકો. આમ છતાં મેં બને એટલી મહેનત કરીને આપના પ્રતિબિંબને ઝીલવાનો પુરુષાર્થ કર્યો છે. આમાં હું થોડોઘણો પણ સફળ થયો હોઉં, તો એ આપની કૃપાના પ્રભાવે જ ! આમાં જે કોઈ ખૂબીઓ હોય, એ આપની ખૂબી છે. અને જે કોઈ ખામી રહી હોય, એની જવાબદારી મારી છે. માટે મારી ખામીઓને ક્ષમ્ય ગણીને આપ આ ભક્તિચિત્રનો સ્વીકાર કરવા દ્વારા મને અનુગૃહીત કરશો જ, એવા વિશ્વાસ સાથે હું ઉપસ્થિત થયો છું. મારું જીવન કે મારું મરણ હવે આપને જ આધીન છે.

આજ સુધી ચિત્ર ચીતરવા ઘણા ઘણા ચિત્રકારો આવી ગયા હતા. પણ એ બધાનાં વાણી-વ્યવહાર-વર્તન કરતાં નિપુણને આ બધો વ્યવહાર સાવ જ જુદો અને ભક્તિના ભાવથી ભર્યો ભર્યો હતો એથી નિપુણની આ વિજ્ઞપ્તિ સાંભળીને જ યક્ષરાજ પ્રસન્ન બની ઊઠ્યા, આ પછી જ્યાં એ ચિતરામણ પર એમની નજર પડી, ત્યાં તો પ્રસન્નતા કેઈ ગણી વધી જવા પામી હતી. એમણે પ્રસન્નવદને કહ્યું કે : દેવો તો ભક્તિથી જ પ્રસન્ન બની જનારા હોય છે, વત્સ ! તું ભક્તિથી તો ભર્યો ભર્યો છે જ. વધારામાં તારું આ ચિતરામણ ચિત્તને હરનારું છે. માટે હું પ્રસન્ન બનીને તને કહી રહ્યો છું કે, માંગ, મનગમતું માંગ. તું માંગે એ આપવાની મારી તૈયારી છે.

ચિત્રકારે ભક્તિથી ભીના ભીના સાદે કહ્યું : યક્ષરાજ ! સૌ કોઈને વધુમાં વધુ ગમતી ચીજ જો કોઈ હોય, તો તે એક માત્ર પ્રાણ છે. માટે આપ જો પ્રસન્ન જ થયા છો, તો અભયદાતા બનીને સૌને નિર્ભયતા બક્ષો !

તથાસ્તુ કહીને અભયદાતા બનેલા યક્ષરાજે વધુ સંતુષ્ટ બનીને ચિત્રકાર નિપુણને કહ્યું કે : વત્સ ! આ તો તેં પરમાર્થ માંગ્યો. આ માંગણી સ્વીકારતાં હું વધુ સંતુષ્ટ બન્યો છું અને એથી જ તને કહું છું કે, તું તારા સ્વાર્થને સાધી આપતું કંઈક માંગ.

ચિત્રકાર નિપુણે કહ્યું : આપે આ વરદાનથી મને પણ અભયદાન આપ્યું, શું મારો સ્વાર્થ નહિ ? કોઈ એવો પરોપકાર કે પરમાર્થ નથી કે, જેમાં સ્વ-ઉપકાર અને સ્વાર્થ છુપાયો ન હોય ! માટે આટલા વરદાનથી મને સંતોષ છે. આપે આ વરદાન આપીને અહિંસાના ધર્મનો જે જય-જયકાર જગાવ્યો છે, એનો આનંદ તો મારા દિલમાં સમાતો પણ નથી.

ચિત્રકાર નિઃસ્પૃહતા દાખવતો ગયો, એમ યક્ષરાજની પ્રસન્નતા વૃદ્ધિ પામતી ગઈ. એમણે કહ્યું : વત્સ ! તને તો આટલાથી સંતોષ થઈ ગયો, એ તારી મહાનતા છે, પણ મારા સંતોષ ખાતર તું કંઈક વિશેષ માંગ. જેથી મને પૂરેપૂરો સંતોષ થાય. યક્ષનો આગ્રહ એવો જોરદાર હતો કે, એની આગળ નિપુણને ઝૂકવું જ પડ્યું. નિપુણે કહ્યું : દેવ ! હું રહ્યો ચિત્રકાર ! એથી મારી આ ચિત્રકળા જે વરદાનના પ્રભાવે વિશ્વવિખ્યાત બને, એવું કોઈ વરદાન હું ઇચ્છું છું. હું સમજી શકતો નથી કે, મારે આ માટે શું માંગવું ? માટે હું આપની પર જ એ છોડું છું. મારાં કરતાં મારા હિતનો આપને વધુ ખ્યાલ હોય, માટે આપને જે કંઈક આપવું હોય, એ આપી શકો છો.

નિપુણની વિનયશીલતા-વિનમ્રતા પર યક્ષ મુગ્ધ બની ગયો હતો. એણે કહ્યું : વત્સ ! જા, હું તને એવું વરદાન આપું છું કે, તું નિર્જીવ કે સજીવ કોઈ પણ વસ્તુના એકાદ અંશને પણ જોઈશ. તો પણ તું એ ચીજને સંપૂર્ણ અને હૂબહૂ ચીતરી શકીશ. આવી કળા ભાગ્યે જ કોઈને વરેલી હશે ! તું આવો કળાસિદ્ધ બનીશ, એવું વરદાન હું તને આશીર્વાદપૂર્વક આપું છું.

દેવની આવી પ્રસન્નતા ઝીલીને ચિત્રકાર નિપુણના જીવનમાં આનંદના ચાર ચાર ચાંદ ખીલી ઊઠ્યા. સમગ્ર સાકેતપુર પણ દુર્લભમાં દુર્લભ અને પ્રિયમાં પ્રિય ગણાતું અભયદાન પામીને આનંદનું નૃત્ય કરી ઊઠ્યું. ચિત્રકાર નિપુણ પર ધન્ય, ધન્ય શબ્દોની વૃષ્ટિ થવા પામી. સૌ યક્ષદેવને અંતરના અહોભાવથી નમી રહ્યા. એ દિવસે સાકેતપુરમાં ઘરે ઘરે સોનાનો સૂરજ ઊગી નીકળ્યો અને ચાંદીનો ચન્દ્રમા પૂર્ણ પ્રકાશે ખીલી ઊઠ્યો. સૂર્ય-ચંદ્રના સામટા એ ઉદયને આવકારવા સાકેતપુર પાસે શબ્દો નહોતાં.

યક્ષના મંદિરમાં નમ્રાતિ નમ્રતાની મૂર્તિ તરીકે શોભતો ચિત્રકાર નિપુણ એ મંદિરમાંથી વિદાય લઈને ગૌરવભેર ઘરે આવ્યો. આખા નગરમાં એની વાહવાહ બોલાતી હતી. છતાં, એનામાં ખોટો ગર્વ પ્રવેશી પણ શક્યો ન હતો. એની ભક્તિભરી નમ્રતાએ અને વિનય-વિવેકથી ભરી ભરી વાણીએ એનો એકલાનો જ બચાવ કર્યો ન હતો, પરંતુ આખા સાકેતનગરને એ નમ્રતાએ અને એ વાણીએ મૃત્યુના ભયમાંથી મુક્તિ અપાવી દીધી હતી. ચિત્રકારને થયું કે, હવે મારે કળાનો કક્કો વધુ ઘૂંટવાની શી જરૂર ? યક્ષદેવે જે વરદાન આપ્યું હતું એનું પારખું થઈ ગયા બાદ એક દિવસ ચિત્રકારે સાકેતનગરની વિદાય સ્વીકારીને, વતનભૂમિ કૌશાંબીમાં પ્રવેશ કર્યો. ચિત્રકાર નિપુણને મળેલી કળાસિદ્ધિ અને દેવકૃપાની વાતો કૌશાંબીમાં ખૂબ ખૂબ ખ્યાતિ પામી ચૂકી હતી, એથી નગરીએ એને સોના-રૂપાનાં ફૂલડે વધાવી લીધો.

બસ, આ પછી તો કૌશાંબી ઉપરાંત ચિત્રકાર નિપુણની કીર્તિ પૂરા વત્સદેશમાં વધુ ને વધુ ફેલાવો પામવા માંડી અને ભલભલા શ્રેષ્ઠીઓ ઉપરાંત રાજવીઓ તરફથીય ચિત્રના કાર્ય માટે એને સામેથી આમંત્રણો મળવા માંડ્યાં. આવું જ આમંત્રણ એક દિવસ રાજવી શતાનીકે ચિત્રકાર નિપુણને આપ્યું. એનો સ્વીકાર કરીને નિપુણે જે ઘડીપળે ચિત્રશાળાનું

નિર્માણ આરંભ્યું, એ ઘડીપળ શુભ નહિ હોય, એવો જો નિપુણને ત્યારે સામાન્ય આભાસ પણ થઈ ગયો હોત, તો જે રીતે એ રાજકોપનો ભોગ બન્યો અને એનું જીવન જોખમમાં મુકાયું, એ કોપ અને જોખમમાંથી એ જરૂર ઊગરી ગયો હોત !

રાજવી શતાનીકે ચિત્રકાર નિપુણને ફાંસીના માંચડે લટકાવી દેવાનો હુકમ તો કરી નાખ્યો પણ આ હુકમે એવી તો હલચલ મચાવી દીધી હતી કે, જેની રાજવીને ખુદને પણ કલ્પના ન હતી. ચિત્રશાળામાં કામ કરનારા બધા જ ચિત્રકારો ઉપરાંત નગરીના બીજા પણ બધા ચિતારાઓ ભેગા મળીને રાજવી સમક્ષ ઊભા થઈ ગયા. સૌએ સમસ્વરે વિનંતી કરી કે, રાજવી ! આવો અકારણ કોપ શા માટે ? અને આ કોપ જો સકારણ હોય, તો કારણ જણાવવા આપને વિનંતી.

રાજવી આમ તો ગુસ્સામાં જ હતા. છતાં પોતાની સામે જે રીતે ચિત્રકારો સમૂહ સાધીને ઊભા થયા હતા અને જે રીતે વિનંતી કરી રહ્યા હતા, એ જોઈને જરાક શાંત પડેલા રાજવીએ કહ્યું : કોઈ સામાન્ય કાર્ય પણ અકારણ બન્યું હોતું નથી, ત્યારે આવું આ કાર્ય તો નિષ્કારણ શી રીતે હોઈ શકે ? મારે લાંબીચોડી સ્પષ્ટતા કરવી નથી, પણ એટલું જ કહેવું છે કે, ચિત્રકાર નિપુણે મહાસતીનું જે ચિત્રાંકન કર્યું છે, એ ચિત્રાંકન અદ્‌ભુત હોવા છતાં એમાંથી ચિત્રકારના દુરાચારની દુર્ગંધ પણ આવી રહી છે. મારા કોપનું કારણ આ દુર્ગંધ જ છે. ટૂંકમાં જણાવેલ આ સ્પષ્ટતાને જરા વધુ વિસ્તાર આપતાં રાજવીએ કહ્યું : એ ચિત્રમાં જંઘાભાગનો તલ પણ ચિત્રિત થયો છે. આનો શું અર્થ થાય ? એ તમે જ વિચારી લો, એટલે તમને સમજાઈ જશે કે, રાજકોપ નિષ્કારણ નથી.

આ કારણ જાણતાં જ ચિત્રકારોના એક આગેવાને ખુલાસો કરતાં કહ્યું : રાજવી ! ભ્રમણાનું જાળું ગજબનાક ઊભું થઈ ગયું ! ચિત્રકારને એવી દેવકૃપા પ્રાપ્ત થઈ છે કે, સજીવ કે નિર્જીવ કોઈ વસ્તુનો અંશ

પણ જોવા માત્રથી એ અંશના આધારે એ આખું ચિત્ર હૂબહૂ દોરી શકે છે. માટે મૃગાવતીના ચિત્રમાં જે હકીકત ચિત્રિત બની છે. એમાં ચિત્રકાર નિપુણને તો સાવ જ નિર્દોષ ગણવો જોઈએ. આ ચિત્રણમાં જો સાચી દોષપાત્ર કોઈ બાબતને ગણવી હોય, તો તે દેવકૃપા જ ગણવી જોઈએ.

ચિત્રકારોની પાછળ પાછળ આવેલા નગરીના આગેવાનોને પણ આ વાત વાજબી લાગી. એમણે કહ્યું : રાજવી ! ચિત્રકાર નિપુણના જીવનનો દેવકૃપાનો પ્રસંગ તો આપે સાંભળ્યો જ હશે ? છતાં વધુ વિશ્વાસ માટે આપ નિપુણને મળેલી દેવકૃપાની પરીક્ષા કરી શકો છો. આ પરીક્ષા આપ નજરોનજર કરો અને એમાં જો ચિત્રકાર નિર્દોષ સાબિત થાય, તો પછી........

આ વાત ચાલી રહી હતી, એટલામાં જ મંત્રી યુગંધર આવી પહોંચ્યા. એમણે આ આખો મામલો સમાલી લીધો. કંઈક અજુગતું થઈ રહ્યાનો ખ્યાલ એમને આવી ગયો હતો, એથી એમણે ચિત્રકારો અને આગેવાનોને કહ્યું કે, ફાંસીના માંચડે ચઢાવી દેવાનો હુકમ ભલે છૂટી ગયો અને એનો અવળો વરઘોડો પણ ભલે ચઢી ગયો, પરંતુ ચિત્રકાર નિપુણની જો પરીક્ષામાં ખડા રહેવાની પૂરી તૈયારી હોય, તો તમે એને અહીં તેડી લાવો. મહારાજા જરૂર એને પરીક્ષાની તક આપશે જ !

મંત્રીની વાત સૌએ વધાવી લીધી. સૌ વિનાશના એ વરઘોડેથી અધવચ્ચે જ ચિત્રકારને પાછો વાળવા દોડી ગયા. આ અવસરનો લાભ લઈને મંત્રી યુગંધરે ચિત્રકારને સાકેતપુરમાં જે રીતે દેવકૃપા પ્રાપ્ત થઈ અને એણે જે રીતે સાકેતનગરને મોતના ભયમાંથી ઉગારી લીધું, એ આખી ઘટના વિગતવાર કહી સંભળાવી. જેના શ્રવણે રાજવી કંઈક કૂણા પડ્યા.

મોતના મુખમાં પ્રવેશવાની આખરી અણીએ આવીને ઊભેલા ચિત્રકાર નિપુણને તો બચવાની કોઈ જ આશા ન હતી, ત્યાં જ ચિત્રકારો અને નગરના આગેવાનો જીવનસંદેશ લઈને એની પાસે જઈ પહોંચ્યા. એઓ જે દરખાસ્ત લઈને આવ્યા હતા, એને સહર્ષ સ્વીકારી લેતાં નિપુણે કહ્યું : ગમે તેવી પરીક્ષા આપવાની પણ મારી તૈયારી છે, એમાં હું ઉત્તીર્ણ જ થઈશ. એવો મને પૂરો વિશ્વાસ છે. વળતી જ પળે એ વરઘોડાએ દિશા પલટી અને સૌ રાજવી સમક્ષ હાજર થયા. રાજવી શતાનીકે ચિત્રકાર નિપુણને કહ્યું : મહાસતીનું ચિત્ર તો તેં અદ્ભુત દોર્યું છે, પણ આ ચિત્રણમાં ગુપ્ત હકીકત પણ ચિત્રિત થઈ છે. મને લાગે છે કે પાપનો ઘડો ફૂટ્યા વિના નથી જ રહેતો અને વિનાશકાળે વિપરીત બુદ્ધિ જ જાગે છે, માટે જ તને આવું ચિત્ર ચીતરવાની ઇચ્છા થઈ હશે ? આ ચિત્ર જ તારા અપરાધની ચાડી ખાઈ જાય છે, માટે બોલ, આ અંગે તારે તારું ક્યું બચાવનામું રજૂ કરવું છે ?

રાજવીના આ પ્રહારાત્મક પ્રશ્નની સામે પૂરી સ્વસ્થતા જાળવી જાણીને ચિત્રકારે પૂરી ધીરતાથી જવાબ વાળતાં કહ્યું : રાજન્ ! હું નિર્દોષ છું. આપ જો કોઈને દોષિત ગણવા ઇચ્છતા જ હો, તો મને મળેલી દેવકૃપાને દોષિત ગણી શકો છો. આ ચિત્ર મૃગાવતીનું છે, આનો પણ મને ખ્યાલ નથી. આ તો એક વાર અંગૂઠાનું દર્શન થઈ જતા જ એ સ્ત્રી મારી આંખ આગળ રૂપ-લાવણ્યની સામ્રાજ્ઞી તરીકે પ્રતિભાસિત થઈ, મારે એ પ્રતિભાસ ચીતરવો નહોતો, તોય ચિત્રિત થઈ ગયો. શાહીબિંદુ બે-ત્રણ વાર ચિત્ર પર પડ્યું, ત્યારે અંતે મેં એને ભૂંસવાનો પ્રયાસ માંડી વાળતાં મનોમન એવું સમાધાન કર્યું કે, દેવ કૃપા જ આ બિંદુપાત કરાવે છે ! આમ આપ જેને ગુનો ગણો છો, એ વિષયમાં અપરાધને પાત્ર જો ખરેખર કોઈ હોય, તો તે આ દેવ-કૃપા છે. આ વાત પર વિશ્વાસ ન બેસતો હોય, તો આપ મારી પરીક્ષા લઈ શકો છો.

ચિત્રકાર નિપુણની આ વાત યુક્તિસંગત હતી, એથી રાજવી સહિત મંત્રી આદિએ એને સ્વીકારી લીધી. એક કૂબડી દાસીને વસ્ત્રાવૃત

કરીને એ સભામાં હાજર કરવામાં આવી અને એનો માત્ર અંગૂઠો જ દર્શાવીને ચિત્રકારને એ અંગૂઠાના આધારે ચિત્ર દોરવાની આજ્ઞા કરવામાં આવી. માત્ર અંગૂઠાના જ દર્શનથી નિપુણની આંખ સમક્ષ એ કુબજા-કૂબડી નારી આબેહૂબ ઊપસી આવી અને એણે એ કુબ્જાને તાદશ ચીતરી બતાવી. આમ, પરીક્ષામાં નિપુણ ઉત્તીર્ણ તો થઈ ગયો. પરંતુ રાજાનો કોપાગ્નિ હજી સાવ શાંત નહોતો થયો, એથી એમણે આ પરીક્ષાનું ઈનામ આપતાં કહ્યું : ચિત્રકાર ! તારી દેવકૃપા મને મંજૂર છે, પણ દેવકૃપાનો આવો દુરૂપયોગ તો હું કોઈ પણ હિસાબે મંજૂર રાખી શકું એમ નથી. માટે તને જીવતો રાખવાની ઉદારતા અપનાવવા સાથે દુરૂપયોગમાં સાથ આપનારા તારા પંજાને કડક રીતે શિક્ષા કરવા ચાહું છું.

આટલી પ્રસ્તાવના રચીને શતાનીકે ચિત્રકાર નિપુણનો પંજો કાપી નાખવાની આજ્ઞા કરતાં કહ્યું : તારો પંજો કપાઈ જતાં તું જીવતો રહેવા છતાં મર્યા બરાબર જ ગણાઈશ. તું જીવે કે મરે એની સાથે મારે કોઈ નિસબત નથી. મારે તો માત્ર દેવકૃપાનો દુરુપયોગ જ અટકાવવો છે, ને એ માટે તારા પંજાને આટલી શિક્ષા કાફી છે.

આ રાજાજ્ઞા સાંભળીને મંત્રી યુગંધરે કહ્યું : રાજવી ! ભારે અન્યાય થઈ રહ્યો છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને તો સારામાં સારું ઈનામ આપીને નવાજવો જોઈએ, એના બદલે આપ આ શું કરી રહ્યા છો ? માટે આપ વિચાર કરો, નિપુણનાં કાંડાં કપાવીને આપ કળાનાં કાંડાં કપાવી રહ્યા છો ? દેવ જેવા દેવના કૃપાપાત્ર કળાકારને તો ઉપરથી સન્માન આપવું જોઈએ. અને જ્યારે એનો કોઈ ગુનો સાબિત થતો નથી ત્યારે તો એને વિશેષ રીતે વધાવી લેવો જોઈએ. એના બદલે આપ આ કઈ નવી-નીતિ અપનાવી રહ્યા છો ?

મંત્રીની આ વાતને પણ જ્યારે શતાનીકે અવગણી નાખી ત્યારે ચિત્રકારે વ્યંગમાં કહ્યું : પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને આવું મોંઘુ ઇનામ તો રાજવી શતાનીકની ઉદારતા જ આપી શકે ! કોઈ કૃપણ પાસે જેની

આશા ન રાખી શકાય, એવું આ ઈનામ મેળવીને હું ખરેખર કૃતાર્થ થઈ જઈશ. હવે પછી મારે કોઈ જ કામ કરવાનું રહેશે નહિ ! આ બદલ રાજવીને ધન્યવાદ !

ચિત્રકારનો આ વ્યંગ પણ નિષ્ફળ ગયો, ત્યારે એ ક્રોધથી ધમધમી ઊઠ્યો. જો પંજો જ કપાઈ જાય, તો પછી કઈ રીતે ચિત્રકામ થઈ શકે ? એની કકળેલી આંતરડીમાંથી એક નિઃસાસો નીકળી પડ્યો : રાજવી તરફથી જ મને જ્યાં અન્યાય થઈ રહ્યો હોય, ત્યાં પછી પોકાર જઈ કોને કરવો ? પણ યાદ રાખજો : ઘરનો દાઝ્યો ગામને દઝાડીને જ વેર વસૂલતો હોય છે અને મરેલા ઢોરની ચામડીમાં પણ લોઢાને ભસ્મમાં પલટી નાખવાની શક્તિ ઉભરાતી હોય છે.

રાજાએ નિપુણની વાતને જરાય ન ગણકારી. ઉપરથી એમણે દાઝ્યા પર ડામ દેતાં કહ્યું : ચિતારા ! તો તો તને વધારામાં દેશત્યાગની પણ આજ્ઞા કરવામાં આવે છે. જો તું અહીં રહે, તો ગામને પણ દઝાડી શકેને ? જો તને અહીંથી ધકેલી જ દઉં, તો પછી મારે તારી દાઝથી દાઝવાનું તો ન રહેને ?

ચિત્રકાર નિપુણના પંજા પર ધારદાર છરી ફરી વળી. એમાંથી લોહીની ધાર વછૂટી. એ ધાર જાણે એવા લોહીલેખ લખી ગઈ કે, શતાનીક ! કાળજે કોતરી રાખજો કે, આ વેરનો બદલો લેવા એક દિવસ કૌશાંબીમાં આવશે, ત્યારે તમને જાન બચાવવો પણ ભારે પડી જશે. કપાયેલો આ પંજો એવો બદલો લઈને જ જંપશે કે, કૌશાંબી યુદ્ધમાં ખેદાન-મેદાન થઈ ગયા વિના નહિ રહે ?

એ જ પળે ચિત્રકારે કૌશાંબીનો ત્યાગ કર્યો. એના પછડાતા પગલાની, ભયંકર પડઘો પાડતી ચાલમાંથી જાણે એવા ભણકારા નીકળી રહ્યા હતા કે, ઘરનો બાળ્યો ગામ બાળે.

• • •

८

# વાસનામૂલક વેરની વસૂલાત કાજે

ચિત્રકાર નિપુણની આંતરડી ખરેખર એ રીતે કકળી ઊઠી હતી કે, એનો કકળાટ કાળજાને ચીરીને બહાર ઠલવાયા વિના ન જ રહે, એ કકળાટ ઘર બળ્યો ગામને બાળેની ગોઝારી ભાવિ આગાહી રૂપે પ્રગટ થયો હતો. એ આગાહીમાં માત્ર આંતરડીનો કકળાટ જ નં હતો. આથી વિશેષ પણ કંઈક હતું, એ કંઈક તરીકે નિપુણની દેવશ્રદ્ધા, કળા પરનો અખૂટ વિશ્વાસ અને ઉશ્કેરણી કરવાની આવડતને ગણી-ગણાવી શકાય. દર અને ઘરથી દાઝેલા નિપુણે દેશને દઝાડવાનો વ્યૂહ મનોમન બરાબર વિચારી લીધો અને એ બનતી ઝડપે સાકેતનગરમાં જઈ પહોંચ્યો.

એક વાર જે ગર્વભેર સાકેતનગરમાં ઘૂમી શકતો હતો, એ જ નિપુણ જ્યારે ભગ્ન થયેલ હૈયે અને પડી ભાંગેલા મુખે નગરમાં પ્રવેશ્યો, ત્યારની એની અવદશા જોઈને નગરજનોને ખરેખર એની ઉપર દયા જાગી ઊઠી એથી શતાનીક ઉપર દાંત કચકચાવતા સૌ નિપુણની દયા ચિંતવી રહ્યા. સાકેતનગરમાં આવીને નિપુણ સીધો જ એ યક્ષના મંદિરમાં પહોંચી ગયો. એને વિશ્વાસ હતો કે, જે કૃપાએ મોતના મઝધારમાંથી મારી જીવનની નાવને ઉગારી લીધી હતી, એ કૃપા હવે સપાટીએ જાગેલાં તોફાનોમાં મારી જીવનનૈયાને ઉગારી લીધા વિના રહેશે ખરી ?

નિપુણ-ચિત્રકારને સુરપ્રિય યક્ષરાજ પર અખૂટ શ્રદ્ધા હતી, આ શ્રદ્ધાના સહારે જ એણે શતાનીકની સામે વેરની વસૂલાત અંગેના શપથ શૌર્યભર્યા શબ્દોમાં લીધા હતા. નિપુણ પોતાના જીવનનું સર્વસ્વ સમર્પણ કરીને દેવચરણે બેસી ગયો. ત્રણ ત્રણ દિવસ પછીના ઉપવાસના અંતે યક્ષદેવ પ્રગટ થયા. એમણે જોયું, તો ભક્ત તરીકે નિપુણ સામે બેઠો હતો. જીવનમાંથી સર્વસ્વ ખોવાઈ ગયું હોય, એમ એની મ્લાન મુખમુદ્રા જોતાં યક્ષને જણાયું. યક્ષે પૂછ્યું : ચિત્રકાર નિપુણ ! કંઈ ચિંતા તારાં ચિત્તને ચેહ બનીને બાળી રહી છે ? ક્યાં એ દહાડાની તારી પ્રસન્ન મુખમુદ્રા અને ક્યાં અત્યારનો આ તારો સાવ જ મ્લાન બની ગયેલો ચહેરો ?

દેવપ્રશ્ન સાંભળીને કંઈક પ્રસન્ન બની ઊઠેલા ચિત્રકાર નિપુણે કહ્યું : દેવ ! આપે તો કળારત્નની ભેટ ધરી, પણ આ અભાગિયાનો ભાગ્યકુંભ કાણો સાબિત થયો, જેથી મારા પંજાનેય પણ હું જાળવી ન શક્યો, ત્યાં કળાસિદ્ધિ તો ક્યાંથી હું જાળવી શકું ?

આટલી પ્રસ્તાવના રચીને નિપુણે રાજવી શતાનીકે પોતાની પર જે જાતનો સીતમ ગુજાર્યો હતો, એની કથા એવી વ્યથા સાથે વર્ણવી

કે, એ વર્ણન યક્ષરાજના દિલને અપીલ કરનારું નીવડ્યું એથી દ્રવિત બની ગયેલા યક્ષરાજે કહ્યું : નિપુણ, આમ સાવ જ હતાશ-ભગ્નાશ કેમ બની ગયો? હજી એક પંજો તો તારો સાબૂત છે ને? ઘડાની સાથે ઘણુંબધું લાંબું દોરડું પણ કૂવામાં જતું રહ્યું હોય, છતાં માત્ર હાથની જ લંબાઈ ધરાવતું દોરડું હાથમાં હોવામાત્રથી પનઘટ પરની નારી પડી ભાંગતી નથી, તો પછી એક પંજો સાબૂત હોવા છતાં તું કેમ આટલો બધો નિરાશ, હતાશ થઈ જાય છે ?

દેવનું આ સાંત્વન સાંભળતાં જ નિપુણની આંખમાં ચમક ધસી આવી. નિપુણે કહ્યું : યક્ષરાજ! પંજો તો ખરેખર સાબૂત છે જ. પરંતુ જે જતું રહ્યું, એથી હું એટલો બધો ચિંતિત બની ગયો કે, જે રહ્યું હતું, એનું મૂલ્ય પણ ન આંકી શક્યો ! આવા મૂલ્યાંકન તરફ નજર કેન્દ્રિત કરવા બદલ આપનો મહોપકાર! હવે એ પંજાને પણ આપ કળાસિદ્ધ બનાવી દેવાની કૃપા કરો, એવી આ ભક્તસેવકની પ્રાર્થના છે.

ભક્તવત્સલ યક્ષે તો આ પ્રાર્થના સ્વીકારી લેતાં કહ્યું : ચિત્રકાર નિપુણ ! સામાન્ય લોકોનો ડાબો હાથ આડી-અવળી રેખા દોરી શકવા માટે સમર્થ નીવડી શકતો નથી. પણ મારું તને વરદાન છે કે, તારા ડાબા હાથને એવી કળાસિદ્ધિ વરશે કે, એ જમણા હાથને પણ શરમાવે, એવું ચિત્રશિલ્પ અંકિત કરી શકે !

આ વરદાન મેળવીને ચિત્રકાર ખુશખુશ થઈ ગયો. એને થયું કે અડધો જંગ તો જિતાઈ ગયો ! આ પછી એણે કૌશાંબીનાં શત્રુરાજ્યોની માનસિક મુલાકાત લેવી શરૂ કરી, તો અનેક રાજ્યો એની સામે તરવરી ઊઠ્યાં. એમાં કેટલાંય રાજ્યો સમબળિયાં હતાં, એ જો કૌશાંબી સાથે ટકરાય, તો કૌશાંબી નક્કી પરાજય પામે જ, એવી પ્રતીતિ તેને ન થતાં નિપુણે એવાં રાજ્યો પર દૃષ્ટિપાત કરવા માંડ્યો હતો કે જે રાજ્યો કૌશાંબીના કોટ, કિલ્લાને ધૂળ ભેગા કરી નાખવા માટે અવશ્ય સમર્થ

હોય ! આવાં રાજ્યો પણ નિપુણની નજર સામે અનેકાનેક તરી આવ્યાં, પણ એનું મન તો ઉજ્જયિની પર જ ઠર્યું ! કેમ કે ઉજ્જયિની બળમાં અજોડ હતું તેમજ થોડાંક વર્ષો પૂર્વે જ હારી ગયેલા ચંડપ્રદ્યોત વેરની વસૂલાત લેવાની તક ગોતી જ રહ્યા હતા.

ચિત્રકાર નિપુણની નજર સમક્ષ ચંડપ્રદ્યોત રાજવી તરવરી ઊઠ્યા, એ ખુશ ખુશ થઈ ગયો. એણે નક્કી જ કરી નાખ્યું હતું કે, કૌશાંબી-ઉજ્જયિની વચ્ચે સુષુપ્ત સંગ્રામની સુરંગ તો સજ્જ જ છે. એમાં માત્ર દારુગોળો ચાંપવાનું કાર્ય જ મારે કરવાનું રહે છે. આ કાર્ય હું કરીશ અને વેરની વસૂલાત લઈને જ હું જંપીશ.

ચિત્રકાર પાસે બીજી તો કઈ શક્તિ હોય ? ચિત્રકળાના આધારે જ જે કંઈ કરવા જેવું હતું, એ એણે કરવાનું હતું, એથી એ એક સુંદરીનું ચિત્ર ચીતરવામાં આકંઠ મગ્ન બની ગયો. એ ચિત્રપટમાં એણે રંગ જ નહિ, પણ પોતાના પ્રાણ પૂર્યા. સુંદરીનું એ ચિત્ર દોરતી વખતે ચિત્રકારને પુનઃ પ્રાપ્ત દેવકૃપાના પ્રભાવની પૂરેપૂરી પ્રતીતિની અનુભૂતિ થઈ જવા પામી. એને પોતાને પણ લાગ્યું કે, જમણા હાથના ચિત્રકામને હંફાવી દે, એવું ડાબા હાથનું આ ચિત્રકામ બન્યું છે. પોતાનું બનાવેલું ચિત્ર જોઈને એ પોતે જ આશ્ચર્ય અને અહોભાવ અનુભવવા મંડી જાય, એવું એ સુંદર ચિત્ર તૈયાર થઈ જતાં એક દિવસ એણે ઉજ્જયિની તરફ પ્રયાણ કર્યું. આ ચિત્રને દારુગોળો બનાવીને સંગ્રામની સુરંગને ધણધણાવી મૂકવાની એની ખુન્નસભરી ખેવના હતી. ચિત્રકારનો તો માત્ર પંજો જ છીનવી લેવાયો હતો. પણ આના બદલામાં અનેક યોદ્ધાઓના પ્રાણ છીનવી ન લેવાય, ત્યાં સુધી નિપુણનું વેર કોઈ પણ હિસાબે શાંત થાય એમ નહોતું.

રાજવી ચંડપ્રદ્યોતની સંગ્રામપ્રિયતા અને સુંદરીપ્રિયતા જગજાહેર હતી એથી આ બંનેનો ગેરલાભ ઊઠાવીને ચિત્રકાર પોતાની વેરપિપાસા શાંત કરવા ઇચ્છતો હતો એથી એક દિવસ ઉજ્જયિની પહોંચી જઈને

એ રાજસભામાં હાજર થયો. કાળજાની કોર અને જાનની જેમ જાળવી રાખેલા એ ચિત્રપટને ખૂબ ખૂબ જાળવણી સાથે બાજુ પર મૂકીને એણે રાજસભામાં આસન ગ્રહણ કર્યું. નવવધૂ જે રીતે નવજાત શિશુની સારસંભાળ લે, એવી ચિત્રપટની સારસંભાળ લેતા એ આગંતુકને જોઈને રાજવીએ પૂછ્યું : ક્યાંથી આવો છો ? વેશ-પહેરવેશથી તો પરદેશી જણાવ છો. ઉજ્જયિનીના અતિથિ તો પહેલ-વહેલા જ બનો છો કે આ પૂર્વે ક્યારેય અહીંનું આતિથ્ય સ્વીકાર્યું છે !

આગંતુક જે રીતે ચિત્રપટ જેવી જણાતી એક ચીજની સારસંભાળ લઈ રહ્યો હતો, એનું રહસ્ય જાણવાની ઇચ્છાથી ચંડપ્રદ્યોતે અતિથિની પૂછપરછમાં ઊંડો રસ લીધો. જવાબમાં નિપુણે જણાવ્યું : મહારાજ ! હું તો પરદેશી છું એ વાત સાચી, પણ કૌશાંબીથી જ આવું છું એથી પરદેશ જેવો કોઈ અનુભવ થવા પામતો નથી. થોડાંક વર્ષો પૂર્વે આપ કૌશાંબીમાં આવેલા અને યુદ્ધમાં જે કૌશાંબીને હરાવ્યા વિના જ આપ પાછા ફરેલા, એ જ કૌશાંબીથી હું આવી રહ્યો છું.

કૌશાંબીમાં મળેલી કારમી હારને પુનઃ તાજી કરાવીને, ચંડપ્રદ્યોતમાં ખુન્નસ જગાવવાના ઈરાદાથી નિપુણે કૌશાંબીનો આ જાતનો પરિચય કરાવ્યો, પણ મહારાજની નજર તો ચિત્રપટ જેવી જણાતી ચીજ પર જ કેન્દ્રિત હતી, એથી નિપુણના ઈરાદાને જરા પણ વશ થયા વિના એમણે કહ્યું : તો પણ પરદેશ એ તો પરદેશ જ ! પરદેશીપણાનો થોડોઘણો અનુભવ તો થયા વિના થોડો જ રહે ? જોકે વિદ્વાનો અને કલાકારોને દેશ-પરદેશના કોઈ ભેદ નડતા નથી, એમ સુભાષિતનું આ કથન છે. માટે તમે કળાને જિવાડનાર કોઈ કળાકસબી જણાવ છો.

ચિત્રકાર નિપુણે પોતાની બાજી ગોઠવતાં કહ્યું : મહારાજ ! કળાને જીવાડનાર હું તો વળી કોણ ? ઉપરથી કળા મને જિવાડી રહી છે, ચિત્રકાર તો નહિ. પણ, હું એક ચિતારો જરૂર છું.

નિપુણનો આટલો પરિચય સાંભળીને ચંડપ્રદ્યોતને થયું કે, જરૂર આ કોઈ ચિત્રપટ લઈને આવ્યો હશે ! અને એ ચિત્રપટ કોઈ સુંદરીનું જ હોવું જોઈએ, એથી એમણે કહ્યું : હું તો તમને ચિત્રકાર જ કહીશ. દેશ-પરદેશમાં ભમતા ભમતા કોઈ અલૌકિક દર્શન થયું હોય અને તમે એને ચિત્રિત કર્યું હોય, વળી એ ચિત્રપટ અહીં લાવ્યા હોય, તો એને જોવા-જાણવાની મારી જિજ્ઞાસા છે.

ચિત્રકારે જવાબમાં જણાવ્યું : મહારાજ ! આપની જિજ્ઞાસાને સંતોષવી, એ મારી ફરજ ગણાય. પણ એક હાથે ઠૂંઠો એવો હું એવા ચિત્રપટ તો ક્યાંથી ચીતરી શકું કે, જે ચિત્રપટ અવંતિ જેવા રાજ્યના દરબારમાં દર્શન માટે ખુલ્લાં થવાની યોગ્યતા પણ ધરાવતાં હોય ? માટે મારી પાસે એક ચિત્રપટ હોવા છતાં દર્શનાર્થે એને ખુલ્લો મૂકતાં હું ખૂબ જ સંકોચ અને સંક્ષોભ અનુભવું છું, ક્યાં અવંતિ જેવો રાજનો દરબાર ! અને ક્યાં મારા જેવા નાચીઝ એક ચિતારાનું ચિત્રણ !!

ચંડપ્રદ્યોતની જિજ્ઞાસા વધુ ને વધુ સતેજ બની. એમણે કહ્યું : ચિત્રકાર ! આવો સંકોચ કે શરમ રાખવાની કોઈ જરૂર નથી. ઘણી વાર ચીંથરે-વીટ્યાં હોય એવાં રત્ન અહીં આવી જતાં હોય છે કે, જેનાં દર્શનથી આંખ અંજાઈ જાય, માટે તમે જરૂર તમારો ચિત્રપટ ખુલ્લો કરી શકો છો.

ચંડપ્રદ્યોતની આ માંગણીને વશ થઈને જ ચિત્રપટ ખોલવા વિવશ બનવું પડતું હોય, એવો દેખાવ કરીને નિપુણે પટ ખોલવા માંડ્યો. એક પછી એક આવરણો દૂર કરતાં કરતાં એણે જ્યાં સંપૂર્ણ ચિત્રપટ ખુલ્લો કર્યો, ત્યાં જ રાજાની આંખો એ રીતે અંજાઈ ગઈ કે ન પૂછો વાત ! અમાસી અંધકારમાં જેમ વીજળીનો તેજલિસોટો થતાં, જેવી અંજામણ અનુભવાય, એવી અંજામણ અનુભવતાં ચંડપ્રદ્યોતે પૂછ્યું : જો આ ચિત્ર તમે જ ચીતર્યું હોય, તો હું તમને ચિત્રકાર-ચૂડામણિ તરીકે આવકાર્યા વિના ન જ રહી શકું. આ દરબારમાં આજ સુધી અનેક

ચિત્રપટો આવ્યા છે, પણ સૌથી શ્રેષ્ઠ ચિત્રપટ તરીકે તો આ ચિત્ર જ દર્શનની પ્રથમ પળે જ મારા ચિત્તમાં જડાઈ ગયું છે.

થોડીવાર સુધી તો ચંડપ્રદ્યોત એ ચિત્રપટને ટીકી-ટીકીને નિહાળી જ રહ્યા. ત્યારબાદ એમણે એકાએક પૂછ્યું : ચિત્રકાર ! આ સુંદરી તો સ્વર્ગલોકની સુંદરી છે કે સ્વપ્નલોકની સુંદરી છે ? મને લાગે છે કે, આવી કોઈ સુંદરીનું અસ્તિત્વ આ માનવલોકમાં તો સંભવિત જ નથી એથી તમારી કલ્પનાશક્તિને હું ધન્યવાદ આપું છું કે, ખરેખર તમે અદ્‌ભુત સ્વપ્નસૃષ્ટિમાં સદ્‌ભુત કલ્પના- વિહાર માણ્યો છે. અને મનથી માણેલી એ કલ્પનાને તમે આ રીતે ચિત્રપટાંકિત કરીને તો ખૂબ જ અજબ-ગજબની કળાસિદ્ધિનું દર્શન કરાવ્યું છે.

ચિત્રકારને થયું કે, સોગઠા સીધાં પડી રહ્યાં છે એથી વધુ પ્રોત્સાહિત થઈને એણે કહ્યું : રાજવી ! નથી તો આ સ્વર્ગલોકની સુંદરી કે નથી તો સ્વપ્નલોકની કલ્પના સુંદરી !! આ તો છે : આ લોકમાં જ અસ્તિત્વ ધરાવતી માનવલોકની મૃગાવતી ! જે વત્સદેશાધિપતિ કૌશાંબીના રાજવી શતાનીકની મહારાણી તરીકે હાલ વિખ્યાત છે.

ચિત્રકારે જે સુંદરીને ચિત્રાંકિત કરી હતી, એ મૃગાવતી જ હતી. આ વાતનો ઘટસ્ફોટ કરીને એણે તો ચંડપ્રદ્યોતની મનસ્થિતિને ખૂબ ખૂબ ડામાડોળ બનાવી દીધી હતી. પ્રલયકાળનો ઝંઝાવાત જાગતાં મહાસાગર જે રીતે ખળભળી ઊઠે એ રીતે જાત-જાતના સંકલ્પ-વિકલ્પોથી ચંડપ્રદ્યોતનું ચિત્ત ખળભળી ઊઠ્યું : એને થયું કે શું માનવલોકમાં આવી સૌંદર્યસુંદરી અસ્તિત્વ ધરાવી શકે ખરી ? જો હા, તો આવી સુંદરીનું સ્વામીત્વ મારા ભાગ્યમાં નહિ ? શતાનીક જેવા સામાન્ય રાજા જેવું પણ મારું ભાગ્ય નહિ ? ધૂળ પડી મારા જીવતરમાં !!!

થોડાં વર્ષો પૂર્વેનો જ ઈતિહાસ ચંડપ્રદ્યોતના મન સમક્ષ તાજો બની ઊઠ્યો એથી એમણે વધુ જાણકારી મેળવવા ચિત્રકારને પૂછ્યું : મૃગાવતીનું તો કોઈના દ્વારા અપહરણ થઈ ગયાની વાતો સંભળાતી

હતી ને ? શું એ વાતો ખોટી હતી ? ભારંડ નામનું કોઈક પક્ષી એને ઉપાડી ગયું હતું, તો એ પાછી ક્યાંથી મળી આવી ? આવો કોઈ ઈતિહાસ તમે જાણતા હો, તો મને જણાવો.

ચિત્રપટને સંકેલી લેવાની તત્પરતા દાખવતાં ચિત્રકારે મૃગાવતીનો ઈતિહાસ સંભળાવવાની તૈયારી કરી, ત્યાં જ ચંડપ્રદ્યોતે કહ્યું : આ ચિત્રપટ ખુલ્લો રહે, તો તમને કોઈ વાંધો નથીને ? ચિત્રપટ પરથી નજર ઊઠાવવાનું મન જ થતું નથી અને મૃગાવતીનો ઈતિહાસ સાંભળવા કાન તલપાપડ થઈ રહ્યા છે. માટે ચિત્રપટ ભલે ખુલ્લો રહે, તમે તમારે મને ઈતિહાસ સંભળાવવા માંડો.

ચિત્રકાર નિપુણે રાજવીનો આ પ્રસ્તાવ માન્ય રાખીને મૃગાવતીના અપહરણથી માંડીને કૌશાંબીમાં થયેલા એ પ્રત્યાગમન સુધીની બધી જ વિગત વિગતવાર કહી સંભળાવી. જેના શ્રવણે એકબાજુ રાજવીના દિલમાં મૃગાવતીના માલિક બનવાની વાસના જોર કરી ઊઠી, તો બીજી તરફ કૌશાંબી પર વેર વાળવા એમનું ખુન્નસ ખળભળી ઊઠ્યું એથી વાસનાની વાતને મનમાં દબાવી દઈને વેર-પિપાસાને પ્રગટ કરતાં રાજવીએ ચિત્રકારને કહ્યું: એ દિવસે શતાનીકે છળ, પ્રપંચથી મને છેતર્યો હતો, બાકી મને જીતવાની એની પાસે તો કોઈ તાકાત જ ક્યાં હતી ? મૃગાવતી પાછી મળી આવી અને ઉદાયન જેવા રાજપુત્રની પ્રાપ્તિ થઈ ગઈ, એથી શું થઈ ગયું ? આ પ્રાપ્તિથી કંઈ એ બળિયો બની ગયેલો ગણાય નહિ ! માટે એનો ગર્વ ગાળવા હવે મારે યુદ્ધના મેદાનમાં જ એની પાસે જવાબ માંગવો પડશે ! સારું થયું કે, તમે આવ્યા અને આ બધો ઈતિહાસ તાજો થયો. હવે એ મૃગાવતીને હું મારી રાણી બનાવીને જ જંપીશ. એ માટે જરૂર પડશે, તો જીવ સટોસટની લડાઈ લડતાં પણ વિચાર નહિ કરું ?

ચંડપ્રદ્યોતના દિલમાં વાસના અને વેરની આગને આ રીતે બરાબર ભડકાવી દઈને પછી એમાં ઘીનો ઘડો ઠાલવતાં ચિત્રકારે કહ્યું : રાજવી આપ કહો છો, એ રીતે શતાનીક પાસેથી જવાબ માંગવાની પળ હવે પાકી જ ગઈ છે. ઉદાયન સહિત મૃગાવતીને પાછી મેળવીને એનું અભિમાન હવે તો આકાશને આંબી રહ્યું હોય એમ લાગે છે. અભિમાનથી અંધ બનેલા એણે દયાનેય પણ દેશવટો દીધો છે અને ન્યાયની તો ગળચી જ દાબી દીધી છે. મારું જ દૃષ્ટાંત લો ને ?

આટલું કહીને એ ચિત્રકારે પોતાનો પંજા સહિત હાથ ચંડપ્રદ્યોતની આગળ ધરી દીધો. ઠૂંઠા એ હાથને જોઈને ચંડપ્રદ્યોતે પૂછ્યું : આ ઠૂંઠા હાથને અને શતાનીકની નીતિવિહોણી દયાહીનતાને શો સંબંધ છે ? જવાબમાં ચિત્રકારે ચંડપ્રદ્યોત સમક્ષ એ ઘટના મરચું-મીઠું ભભરાવીને અને વધારી-વધારીને કહી સંભળાવી કે, જેમાં પોતાને હડહડતા અન્યાયના ભોગ થવું પડ્યું હતું એની, તેમજ છરી દ્વારા પંજો ઊડાવી દેવાનો કરુણાતિકરુણ જે પ્રસંગ બન્યો, એની વિગતો સમાયેલી હતી. ચિત્રકારે પોતાને થયેલા હડહડતા અન્યાયની વિગત એવી સચોટ શૈલીમાં રડતા હૈયે વર્ણવી કે, જેથી ચંડપ્રદ્યોતની એ આગ ભડકો બની ગઈ અને એણે વહેલી તકે લોહજંઘ નામના એક દૂત સાથે યુદ્ધનો સંદેશ પાઠવવાનો નક્કર નિર્ણય પણ લઈ લીધો.

લોહજંઘ ખરેખર નામ મુજબ લોઢા જેવી જ જંઘા ધરાવતો એક દૂત હતો. અવંતિપતિની સભાના એક રત્ન તરીકેની એની ખ્યાતિ દેશ-વિદેશમાં પ્રસિદ્ધ હતી. યુદ્ધ આદિના તાકીદના સંદેશાઓની આપ-લે કરવાની હોય, ત્યારે લોહજંઘને અવશ્ય યાદ કરવામાં આવતો. અને એ આવું કાર્ય અવિલંબે પાર પાડીને જ જંપતો. ગાઉના ગાઉનો પંથ એક દિવસમાં જ ચાલીને કાપી નાંખવો, એના માટે તો રમત વાત

હતી. ગમે તેવો અશ્વ ચાલીને થાકી જાય, પણ લોહજંઘ એટલું ચાલતાં જરા પણ થકાવટ ન અનુભવે, એવી શારીરિક શક્તિનો એના અંગેઅંગમાં અખૂટ ભંડાર ભરેલો હતો. આવા દૂતના સ્વામીત્વ બદલ ચંડપ્રદ્યોત પણ એક જાતનો ગર્વ ધરાવતો હતો.

સનસનાટીભર્યો યુદ્ધનો સંદેશ તૈયાર કરવાની મંત્રીને આજ્ઞા કરીને ચંડપ્રદ્યોત પાછો એ ચિત્રપટના વિચારોમાં જ ખોવાઈ ગયો. એને થયું કે, એ અંતઃપુર, અંતઃપુર જ ન ગણાય કે, જ્યાં મૃગાવતી જેવી સ્વર્ગીય સુંદરી વિલસતી ન હોય! દેવકૃપાને પાત્ર ચિત્રકાર પણ જ્યાં એમ કબૂલ કરતો હોય કે, મૃગાવતીના દેહમાં તો સૌંદર્યનું જે સરોવર લહેરાઈ રહ્યું છે, એનું તો બિંદુ માત્ર જ મારાથી ચિત્રિત બન્યું છે અને છતાં પણ આ ચિત્રપટ પરથી નજર ખસેડવાનું મન જ થતું નથી. તો પછી એ મૃગાવતીનું સાક્ષાત્ દર્શન તો કેટલું બધું ભવ્ય હશે ? સૌંદર્યની આ સામ્રાજ્ઞી જો મને મળી જાય, તો પછી મારે મેળવવા જેવું કંઈ જ બાકી ન રહે! આ જાતની ગેબી વિચાર-સૃષ્ટિમાં ચંડપ્રદ્યોત એવો તો ખોવાઈ ગયો કે, મંત્રીઓ યુદ્ધસંદેશ લખીને લઈ આવ્યા અને એમણે જ્યારે બે-ત્રણ વાર રાજવીને સંબોધ્યા, ત્યારે જ એઓ એ વિચારની સૃષ્ટિમાંથી માંડ માંડ બહાર આવ્યા.

મંત્રીઓએ તેજાબમાં ઝંભોળીને જ યુદ્ધનો સંદેશ તૈયાર કર્યો હતો. એમાં શતાનીકને ઉદ્દેશીને એમ લખવામાં આવ્યું હતું કે, મૃગાવતી એક રત્ન છે કે, જે સ્વર્ગલોક માટે પણ સુદુર્લભ હોય! આવા રત્નની માલિકી તમે આજ સુધી મુક્ત મને માણી રહ્યા છો, એમાં તમે તમારો પુણ્યોદય કારણ માનતા હો, તો ભારે ભ્રમણાનો ભોગ બન્યા હો, એમ લાગે છે. માટે અવંતિપતિ ચંડપ્રદ્યોતની ઉપેક્ષાભરી ઉદારતાનો લાભ લઈને આજ સુધી તમે ભલે મૃગાવતીની માલિકી માણી, પણ કૌશાંબીમાં રહેલાં આવાં સ્ત્રી-રત્નનો ખ્યાલ આવતાં હવે તો એને સન્માનીય સ્થાને

સ્થાપવા અવંતિપતિ કટિબદ્ધ બનનાર છે. અને ઉજ્જયિનીથી વધુ શ્રેષ્ઠ કોઈ સન્માનીય સ્થાન જણાતું નથી. માટે આજ સુધી માણી લીધેલી મૃગાવતીની માલિકીને અવંતિની ઉદારતા અને કૃપા ગણવા માટે હવે તમે સગા હાથે મૃગાવતીને અવંતિના અંતઃપુરમાં પ્રવેશ કરાવવા સસ્વાગત પધારશો, એમ અવંતિપતિ ઇચ્છે છે.

આ લડાઈનો લેખ વાંચીને ચંડપ્રદ્યોત રાજી રાજી થઈ ગયો. એણે લોહજંઘના હાથમાં આ સંદેશ આપતા કાનમાં ઘણી-ઘણી સૂચનાઓ આપીને એને કૌશાંબીની વાટે વિદાય કર્યો. ઉજ્જયિની-કૌશાંબી વચ્ચેનું વિરાટ અંતર થોડાક જ દિવસોમાં કાપીને લોહજંઘ જ્યારે રાજવી શતાનીક સમક્ષ જઈને ખડો થઈ ગયો ત્યારે શતાનીકે આશ્ચર્ય અનુભવ્યું. એમને થયું કે, એકાએક કેમ લોહજંઘ આવ્યો હશે ? એથી દૂતનું ઔચિત્ય જાળવવા માટે એમણે પૂછ્યું : અવંતિપતિ તો ક્ષેમકુશળ છે ને ? તમારું આગમન થતાં એમના ક્ષેમકુશળતાના સવિશેષ સમાચાર પ્રાપ્ત થશે, એનો આનંદ છે બોલો, ઉજ્જયિનીના બીજા શા સમાચાર છે ?

લોહજંઘે વિલક્ષણ જવાબ વાળ્યો : એણે કહ્યું : અવંતિપતિની ક્ષેમકુશળતામાં ભંગ પાડનાર કોઈ જન્મ્યો નથી. માટે એઓ તો ક્ષેમકુશળ જ છે, પણ હવે તમારે તમારી ક્ષેમકુશળતાનો વિચાર કરવા જેવો છે. તમે જો ક્ષેમકુશળ રહેવા માટે ઇચ્છતા હો અને આ અંગે મારું માર્ગદર્શન મેળવવા માંગતા હો, તો કંઈક માર્ગ દર્શાવવાની મારી ફરજ થઈ પડે છે.

શતાનીકે આતુરતા દર્શાવ્યા વિના જરા ઉપેક્ષા સાથે કહ્યું : તારા રાજવીએ તને ફરજ અદા કરવા માટે મોકલ્યો હોય, તો તેમાં અટકાયત શાને કરવી ? તારી વાત વાજબી હશે, તો બાલાદપિ હિતં ગ્રાહ્યં આ સુભાષિતમાં હું માનનારો છું

શતાનીકનું સ્વમાન એમના જવાબમાં જ્વલંત રીતે ઝળકી રહ્યું હતું. પરંતુ લોહજંઘને તો ચિનગારી પેટાવવી જ હતી, એથી એણે કહ્યું : રાજવી ! મહારાજા ચંડપ્રદ્યોતનો ઉપકાર માનો કે, આ રીતે તમારી કુશળતા અખંડ રહે, એવો માર્ગ દર્શાવવા એઓશ્રીએ મને તમારી પાસે મોકલ્યો. ચાલો, હવે મૂળ વાત પર આવું : રત્ન ઉકરડામાં પડ્યું હોય, એટલા માત્રથી કંઈ એની પર ઉકરડાનો અધિકાર અબાધિત બની જતો નથી ! ઉકરડે રહેલું રત્ન નથી તો સ્વયં શોભા પામતું કે નથી તો એ ઉકરડાની શોભા વધારી શકતું. "વીર ભોગ્યા વસુંધરા" આ કહેવતને ચરિતાર્થ કરનારો બહાદુર જ ઉકરડા પાસેથી એ રત્ન મેળવી શકે છે. તેમજ રત્ન ઉપરાંત જાતને પણ એ શોભાવી શકે છે. આવું એક રત્ન રાજવી ચંડપ્રદ્યોતની નજરથી તમે આજ સુધી છુપાવી રાખ્યું હતું. પરંતુ હવે એ અવંતિપતિની આંખમાં વસી ગયું છે, માટે તમને તમારી કુશળતાની પડી હોય, તો આ રત્નને અવતંપતિના ચરણે ધરી દેવામાં જ લાભ છે. આ રત્નનો તમને ખ્યાલ ન આવે, એવું તો ન જ બને. છતાં હું સ્પષ્ટતા કરી દઉં કે, મૃગાવતી આવું એક અદ્ભુત રત્ન છે કે, જે અવંતિના આધિપત્ય નીચે હોય, તો સ્વયં પણ શોભી ઊઠે, ને અવંતિના અંતઃપુરને પણ શોભાવી શકે !

લોહજંઘની આ વાત સાંભળતાં જ શતાનીકની સાથે આખી કૌશાંબી ખળભળી ઊઠી. રાજવીએ હાસ્યપૂર્વકનો કટાક્ષ કર્યો : ભલા રે દૂત ! કન્યાનાં માગાં હજી સાંભળ્યાં છે. પણ વહુને લૂંટી લેવાની આવી વાત તેં પણ ક્યાંય સાંભળી છે ખરી ? શું તારા રાજાના અંતઃપુરમાં પથરા જ ભર્યા છે કે, જેથી તું રત્નને લૂંટી જવાની વાત કરે છે ? માતા પોતાના દીકરાનાં જે વખાણ કરે, એમાં ભાગ્યે જ સત્યનો અંશ હોય છે. રોહણાચલની તળેટીને ઉકરડો માની લેવાથી કંઈ એ ઉકરડામાં અભિશપ્ત બની જતી નથી અને ઉકરડાને રોહણાચલ

ગણી લેવા માત્રથી એ ભૂમિ કંઈ રત્નપ્રસૂતા બની જતી નથી. આટલી ટૂંકી વાતમાં તારા બધા જવાબો આવી જાય છે. તારી જેમ બહુ સ્પષ્ટતાપૂર્વક વાત કરવાની મને જરૂર જણાતી નથી. અને આટલામાં તું કહેવાનો ભાવ સમજી શકતો ન હોય, તો તારા જેવા ભોઠ આગળ લાંબી-લાંબી સ્પષ્ટતા કરવાનો પણ શો અર્થ ?

લોહજંઘના અંગે અંગે આગ પેદા થઈ જાય, એવો આ જવાબ હતો એથી એ અકળાઈ ઊઠ્યો અને ઉકળાટમાં જ એણે અવંતિનો સંદેશપત્ર આપવાપૂર્વક કહી નાંખ્યું : શતાનીક રાજવી ! મૃગાવતીને સીધી રીતે નહિ સોંપી દો, તો અવળે હાથે પણ તમારે તેને સોંપવી જ પડશે. અમારા રાજવી જે ઇચ્છે છે, એ ઇચ્છાની પૂર્તિ કરીને જ જંપે છે. તમારે જો સંગ્રામ ખપતો ન હોય, તો સુંદરીને સોંપી દેવામાં જ ડહાપણ છે. બાકી સંગ્રામ જો તમને ખપતો જ હોય, તો મારે આથી કશું જ વધુ કહેવાનું રહેતું નથી. લો, વાંચો આ સંદેશ !

ચંડપ્રદ્યોતના મનમાં જાગેલી વાસનાનું સાવ નગ્ન પ્રદર્શન લોહજંઘના આ અંતિમ કથનમાંથી મળી રહેતું હતું એથી દૂતને હવે વધુ કંઈ જ કહેવાનો અર્થ નહોતો. છતાં થોડી હિતશીખ, શિખામણ તો આપવી જ રહી એથી શતાનીકે શાંતિથી દૂતને કહ્યું :

વાસનાના ઘરનો આવો અવિવેકી વિચાર તારા રાજાના ચિત્તમાં જાગ્યો જ કઈ રીતે ? જો જાગ્યો, તો તારી આગળ વચનરૂપે એ કઈ રીતે કહી શક્યા ? અને આવા અકૃત્યને માટે કોઈને મોકલતાં એમનો જીવ કઈ રીતે ચાલ્યો ? રે ! દૂત ! આવો પાપી સંદેશ લઈને આવતાં તને પણ કંઈ વિચાર ન આવ્યો ? ખરેખર, તારા રાજ્યની નીતિ કોઈ અપૂર્વ જ જણાય છે ! રાજાઓ તો પ્રાયઃ પોતાનું હિતાહિત જાણી શકવામાં અસમર્થ જ હોય છે. માટે હિતાહિત તરફ આંગળી ચીંધવાનું આ કાર્ય તો તારા જેવા સેવકોએ જ અદા કરવાનું હોય છે, એથી મને

તો આ વિષયમાં તારો રાજા નહિ, પણ તારા જેવા હજૂરિયા જ વધુ અપરાધપાત્ર જણાય છે. તારા જેવાની તો ફરજ છે કે, રાજા ખોટે માર્ગે જતા હોય, તો સાચા માર્ગે ખેંચી લાવવા જોઈએ, એ સેવક સેવક નથી, જે રાજાનું હિત ન વિચારે, એ રાજા રાજા જ નથી, જે સેવકે પણ દર્શાવેલા હિતમાર્ગને અનુસરે નહિ, માટે હજી કહું છું કે, તું તારા રાજાને મારા વતી પણ આ બધી શિખામણ સાનમાં નહિ, તો કાનમાં પણ સંભળાવજે. આ જ મારો જવાબ છે, કંઈ લખી આપવાની મને જરૂર જણાતી નથી.

શતાનીકની આ હિતશીખ પણ લોહજંઘે સાંભળી ન સાંભળી કરી નાંખી. એની આંખ સામે તો શીલરક્ષા નહિ, સંપત્તિની રક્ષા જ તરવરી રહી હતી, એથી એણે કહ્યું : રાજવી શતાનીક ! હજી પણ હું કહું છું એ માની જાવ. એક મૃગાવતીની રક્ષા કરવા જતાં સામ્રાજ્ય ગુમાવી દેવાનું અને જાનને જોખમમાં મૂકી દેવાનું ગાંડપણ કરવું હોય, તો તમે જાણો. પણ જો એક માત્ર મૃગાવતીને જતી કરી દઈને આ બધું જ જાળવી રાખવાની બુદ્ધિમત્તા તમારે દાખવવી હોય, તો સંઘર્ષનાં મંડાણ જરા પણ હિતકારક નથી.

લોહજંઘની વાચાળતા હજી આગળ વધી જ રહી હતી, ત્યાં એ વાચાળતાના વેગને ખાળતાં શતાનીકે રાડ પાડી રે ? કોણ હાજર છે ? આ વાચાળને ઊઠાવીને જરા અવંતિની વાટે મૂકી આવો. આવી નિર્લજ્જ વાતો સાંભળતાં પણ કૌશાંબીને શરમ આવે છે ! દૂત અવધ્ય ગણાય છે, માટે જ મારે આટલી ઉદારતા દાખવવી પડે છે. બાકી, આજે દુનિયામાં ચાલતા આવા સંઘર્ષો મોટે ભાગે આવા વાચાળ દૂતોને જ આભારી હોય છે. આવા વાયડા વાચાળો જો દૂત બનીને દોડ્યા-દોડ્યા આવવાનું બંધ કરી દે, તો દેશોદેશમાં યુદ્ધની શાંતિનું સામ્રાજ્ય ફેલાઈ જતાં વાર ન લાગે !

રાજાની આજ્ઞાને અમલમાં મૂકવા તરત જ થોડા સૈનિકો આગળ ચાલ્યા. એમણે દૂત તરીકેનું ઔચિત્ય જાળવવાપૂર્વક, એ લોહજંઘને અવંતિની વાટ પકડાવી લીધી. આખી કૌશાંબીમાં આ વાતના પડઘા રૂપે યુદ્ધની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ. સૌને પેલા શબ્દો અને પેલો શાપ યાદ આવવા માંડ્યો : ઘરનો બળેલો હું ગામ આખાને બાળીને જ રહીશ ! અને સૌને એમ પણ થયું કે, ચિત્રકાર નિપુણ જ ચંડપ્રદ્યોતની પડખે ચડી જઈને આ રીતે યુદ્ધની ચિનગારી તો નહિ ચેતવી રહ્યો હોય ને ?

• • •

९

## લડાઈ ભુલાઈ : સગાઈ સમજાઈ

વેર અને વાસનાએ ભેગા મળીને, કૌશાંબી ભણી આક્રમણ લઈ જવાનો નિર્ણય લઈ જ લીધો. અને એ આક્રમણ અવિલંબે લઈ જવાનું પણ નક્કી થઈ ગયું. એક ગોઝારી પળે એ યુદ્ધયાત્રા આરંભાઈ. ચંડપ્રદ્યોતનું ઝનૂન આ વખતે કૌશાંબીના કોટ અને કિલ્લાને ધૂળભેગા જ કરી દેવા થનગનતું હતું એથી એણે પોતાનાં મિત્રરાજ્યોને મદદમાં લીધાં. અંતે ચૌદ ચૌદ મિત્રારાજ્યોની મદદથી મહાસાગર જેવો ઘુઘવાટ રેલાવતી એ સેના ભરતી જેવી ગતિથી કૌશાંબી તરફ આગળ વધી રહી હતી.

યુદ્ધયાત્રાના આ સમાચાર કૌશાંબીને તો મળ્યા વિના કેમ જ રહે ? મહાસતી

મૃગાવતીને જેનું આગમન સંભવિત જ નહિ, અવશ્યંભાવિ પણ જણાતું હતું. એ યુદ્ધ જેમ જેમ નજીક આવતું ગયું, એમ એમ કૌશાંબીની ચિંતામાં વધારો થતો ગયો. કૌશાંબીએ લોહજંઘ દ્વારા થયેલો યુદ્ધનો પડકાર તો ઝીલી લીધો. પરંતુ આ પછીના થોડા જ સમયમાં પરિસ્થિતિએ પલટો લઈ લીધો હતો. જેમના શરીરમાં-નખમાં પણ રોગ જણાતો નહોતો, એ રાજવી શતાનીક એક દિવસ અચાનક જ રોગના ભોગ બની બેઠા. શરીર પર એક તરફથી રોગનું આક્રમણ અને મન પર બીજી તરફથી યુદ્ધની ચિંતાનું આક્રમણ : આવાં બેવડાં આક્રમણ સામે શતાનીક ટક્કર ન ઝીલી શક્યા અને એમનો એ રોગ વકરતો જ ચાલ્યો. એમાં પણ જ્યારે એ રોગ અતિસાર તરીકે અસાધ્ય જણાયો. ત્યારે તો મૃગાવતીની ચિંતાને પણ આરો-ઓવારો ન જ રહ્યો.

ઉદાયન હજી કંઈ યુદ્ધ ખેલી શકે, એટલો મોટો નહોતો થઈ ગયો. રાજવી મોતના બિછાને પોઢ્યા હતા. એમને શાતા-સમાધિ અને સાંત્વન આપવાની મુખ્ય જવાબદારી મૃગાવતીના માથે જ હતી. સાથે સાથે યુદ્ધ અંગેની તડામાર ચાલતી તૈયારીઓમાં રસ લેવો, એ મૃગાવતી માટે એક અનિવાર્ય ફરજ થઈ પડી હતી.

રાજવી શતાનીકની અસાધ્ય બીમારીએ કૌશાંબીનું અડધું કૌવત હરી જ લીધું હતું. અવંતિ આમ પણ તાકાતમાં અજેય હતું. એમાં વળી પાછાં ચૌદ ચૌદ રાજ્યો એને પીઠબળ આપવા સૈન્ય-સજ્જ બનીને એ યુદ્ધયાત્રામાં જોડાઈ ચૂક્યાં હતાં. એથી અવંતિની અજેયતાનો અંદાજ મૂકીને યુદ્ધની તડામાર તૈયારી કરવી, કૌશાંબી માટે અનિવાર્ય બની જતી હતી, મંત્રી યુગંધર અને સેનાપતિ સુપ્રતીપ પોતાની જવાબદારી બરોબર અદા કરવા કેડ કસીને સજ્જ બની ગયા હતા એથી જેમ જેમ ચંડપ્રદ્યોતની સેના નજીક ને નજીક આવી રહી હતી, એમ કૌશાંબીની યુદ્ધની તૈયારીઓ ઝડપી બની રહી હતી. બીજી તરફ રાજવીને લાગુ

પડેલો અસાધ્ય વ્યાધિ રાજા ઉપરાંત પ્રજાની ચિંતાને પણ વેરી બનાવી રહ્યો હતો.

આમ, કૌશાંબીનો પ્રત્યેક પ્રજાજન બહારથી પ્રસન્નતા દર્શાવતો હોવા છતાં ભીતરથી તો ચિંતિત જ હતો. એમાં પણ મહાસતી મૃગાવતી તો ચારેબાજુની ચિંતાઓથી ઘેરાઈ ચૂકી હતી. રાજવી શતાનીકને સમાધિનું દાન આપીને પુણ્યનું પાથેય બંધાવવાની જવાબદારી એણે છાતીને મજબૂત રાખીનેય અદા કરવાની હતી. ઉદાયનની સુરક્ષા માટે પણ એ ચિંતિત હતી. કૌશાંબીની કીર્તિ કઈ રીતે જાળવવી, આ પણ એની ચિંતાનો વિષય હતો. સૌથી મોટી ચિંતા તો એને શીલ-રક્ષાની હતી. કાલ ઊઠીને કૌશાંબી કદાચ હારી જાય, તો પોતાની શીલરક્ષાનું શું ? આ સવાલ એના મનમાં મોટી ગડમથલ મચાવી રહ્યો હતો. આવી બધી ચિંતાઓથી ઘેરાયેલી મૃગાવતીને વિચાર આવતો :

બે રાજ્ય વચ્ચે આ રીતે ઘમસાણ યુદ્ધ ખેલાશે, એમાં મોટું નિમિત્ત તો હું જ બનવાની ને ? ખરેખર જે સ્ત્રીઓને મારા જેવું રૂપ-સૌભાગ્ય પ્રાપ્ત થયું નથી, તેઓ ધન્યવાદને પાત્ર છે ! કારણ કે એમના દ્વારા આવું પાપનિમિત્ત પૂરું પાડવા માટેની સંભાવના જ ખતમ થઈ જાય છે ! ઓહ ! સંસારનું સ્વરૂપ જ આવું છે. પ્રભુશ્રી મહાવીર જે રીતે સંસારની અસારતા દર્શાવી રહ્યા છે, એ આવા પ્રસંગોનાં દર્શને તો એકદમ સાર્થક જણાઈ આવે છે. મોહની આ તે કેવી વિડંબના છે કે સ્ત્રીનો દેહ સમાન હોવા છતાં માનવીની વાસના નવા નવા શિકારને શોધતી-ફરતી રહે છે. પ્યાલીમાં પીણું એક સમાન જ હોવા છતાં પ્યાલીનાં રૂપ-રંગ જુદાં જુદાં હોઈ શકે છે. આ જુદાં જુદાં રૂપરંગમાં મોહાઈને માનવીને જાણે મતિભ્રમ થઈ જાય છે અને એ પીણું પણ જુદું જુદું હોય, એ રીતે જુદી જુદી મનગમતી પ્યાલી ઝૂંટવી લેવાનો દાવો તલવાર ખેંચીને પણ એ કરતો હોય છે અને ત્યારે જ આવા

સંઘર્ષો સહજમાં સળગી ઊઠતા હોય છે. હું જો ભગવાનના સંઘની ભિક્ષુણી બની ગઈ હોત, તો તો આવા કોઈ સંઘર્ષમાં નિમિત્ત બનવાનું પાપ તો મારા કપાળને કાળું જ ન બનાવત ને ? ધિક્કાર છે મારા રૂપને અને ધિક્કાર છે મારા આ જીવનને ! જેથી મને નિમિત્ત બનાવીને સળગનારો આ સંઘર્ષ કેટલાંયને ભડથું બનાવી જશે.

આમ, મૃગાવતી આત્મનિંદાની પળોમાં ખૂબ જ ગંભીર થઈને આત્મનિરીક્ષણ કરતી, તો એને ભાવિ ભયંકર જણાતું, યુદ્ધની સુરંગમાં દારુગોળો ચંપાય, એટલી જ વાર હતી, પછી તો કૌશાંબીની રણભૂમિમાં લોહીની નદીઓ વહેવાની હતી આમ, યુદ્ધાગમન વેગ પકડી રહ્યું હતું. બીજી તરફ કૌશાંબીના પરાજયને સૂચવનારાં નિમિત્તો અને અપશુકનો રોજ વધુ ને વધુ પ્રમાણમાં દેખા થઈ રહ્યાં હતાં. આ બધી પરિસ્થિતિથી શતાનીક લેવાઈ ન જાય અને આત્મબળ ખોઈ ન બેસે, એ માટે જ્યારે જ્યારે અવસર મળતો, ત્યારે મૃગાવતી શતાનીકને ધૈર્ય બંધાવતાં કહેતી :

“આર્યપુત્ર ! આપ જરાય ચિંતા ન કરતા. કોઈની માએ સવાશેર સૂંઠ ખાધી છે કે, એ માનો દીકરો કૌશાંબીના કીર્તિ-ધ્વજની સાથે અડપલું પણ કરી શકે ? આપણું સૈન્ય તો ચંડપ્રદ્યોતને ભગાડી મુકાવવામાં સમર્થ છે જ. પરંતુ એકલો આ ઉદાયન પણ ચંડપ્રદ્યોતને ધોળે દિવસે તારા દેખાડે એવો છે. સાર્વભૌમ સ્વામીત્વની ઉચ્ચારાયેલી ભાવિવાણી જુઠ્ઠી ન હોઈ શકે. આટલી પણ શ્રદ્ધા જો આપના હૈયામાં હોય, તો આપ નબળા કોઈ વિચારને સ્થાન આપ્યા વિના સિંહના સંતાનની જેમ હવે આત્મસાધના માટે સજ્જ બની જશો. વત્સ દેશના રાજ્યની ચિંતા કરવાના આ દિવસો નથી. આખી જિંદગી તો આ જાતની ચિંતામાં જ વીતી જવા આવી. હવે આપે આત્મસામ્રાજ્યની ચિંતા કરવાની છે.

આમ, જ્યારે જ્યારે અવસર મળતો, ત્યારે મૃગાવતી શતાનીકની દૃષ્ટિ ધર્મમાં સ્થિર બની રહે એ માટેની સાત્ત્વિક વિચારણા રજૂ કરતી.

આના પ્રભાવે ધીમે ધીમે શતાનીકની નજર મૃગાવતી, ઉદાયન અને કૌશાંબી પરથી ઊઠી જઈને આત્મા ઉપર કેન્દ્રિત બનતી ચાલી હતી. આવી કેન્દ્રિતતા ધીમે ધીમે એટલી હદ સુધીની સ્થિરતા પામી કે, કૌશાંબીના કોઈ પણ જાતના વિચારથી સાવ મુક્ત બનીને શતાનીક આત્મસાધક બની ગયા. યુદ્ધ-ચંડપ્રદ્યોત-ખૂનખાર જંગ : આ બધું જ એમની નજર સામેથી હઠી ગયું અને ત્યાં સમાધિ, સાધના, મહોત્સવમય મૃત્યુ : આ બધું ગોઠવાઈ ગયું.

દિવસો વીતવા માંડ્યા. એમ એક બાજુ શતાનીકનું સ્વાસ્થ્ય વધુ ને વધુ જોખમાતું ચાલ્યું અને એમના મૃત્યુના બિછાનેથી દૂર દૂર યુદ્ધની બિભિષિકા વધુ ને વધુ ઘેરી બનતી ચાલી એથી કૌશાંબીના કોટ-કિલ્લા બંધ કરાવી દઈને મૃગાવતી બીજી તરફ શતાનીકના દિલનાં દ્વાર ખૂલી જાય, એવી રીતે અંતિમ સાધના કરાવવા માંડી. એ સાધના જેમ જેમ આગળ વધતી ગઈ, એમ એમ મૃત્યુનો ભય શતાનીકથી દૂર ભાગતો ગયો અને એઓ મૃત્યુને મહોત્સવ માનીને વધાવવા માટે તૈયાર થઈ ગયા. એમની એ તૈયારી જોઈને મૃગાવતીને પણ આત્મસંતોષ થઈ ગયો કે, હવે મૃત્યુ જો આ જ પળે આવી જાય, તો પણ સ્વામીનાથની સદ્‌ગતિ નિશ્ચિત ગણી શકાય !

શતાનીકના દેહમાં વ્યાધિ ઉગ્ર બનતો જતો હતો, એમ સમાધિ પણ પુષ્ટ બનતી ચાલી હતી. વ્યાધિ અને સમાધિ વચ્ચેના એ સંગ્રામમાં સમાધિ વિજયી નીવડશે, એવો સંતોષ સેવતી મૃગાવતીની પ્રસન્નતાનો પાર જ નહોતો. એની હવે એક જ મનોકામના હતી કે, જીવનની અંતિમ પળ સુધી સમાધિનો વિજય ચાલુ રહે, તો બસ જંગ જિતાઈ જાય ! મૃગાવતીની આ મનોકામના સફળ થાય, એવા ઘડી-પળ એક દિવસ આવી ગયા. શતાનીકનો જીવન-દીવડો ઝબૂક ઝબૂક થવા માંડ્યો. સૌને એવો અણસાર થઈ આવ્યો કે, હવે આ દીવડો વધુ નહિ જ પ્રકાશી શકે !

મૃગાવતી વધુ સ્વસ્થ બનીને એ મૃત્યુની શય્યા પાસે બેસી ગઈ. શતાનીક તો વિજયી બની જવાના જ હતા. પણ મૃગાવતીને એવી બીક લાગી કે, ક્યાંક મારી હાર ન થઈ જાય ! એથી દિલ પર પથ્થર મૂકીને એણે છેલ્લી આરાધના શરૂ કરાવી : સ્વામીનાથ ! જીવનભર જે ભણતર-ગણતર-ચણતર કર્યું, એની પરીક્ષા આપવાની આ અંતિમ ઘડીએ હવે ગાફેલ ન બનશો. હવે બધું જ ભૂલી જજો. એકમાત્ર આરાધ્ય તરીકે ભગવાન મહાવીરે પ્રરૂપેલા ધર્મને જ નજર સામે રાખજો. જીવન એ તો વિકૃતિ છે. કાળપુરુષ પ્રમાદી ન હોય, તો આટલાં વર્ષો સુધીનું જીવન ન જીવી શકાય ! આમ, વિકૃતિ રૂપ જીવન કાળપુરુષની પ્રમત્તતાનુંય પ્રતીક છે, જ્યારે મૃત્યુ એ સ્વભાવ છે. વીતી ગયેલાં બાળપણ અને યૌવન તેમજ રૂપ-સૌંદર્યની પુનઃપ્રાપ્તિ કરાવવા ઉપરાંત ધર્મયૌવન બક્ષવાની મહેરબાની પણ મૃત્યુ જ કરે છે. માટે હવે મોતને મહોત્સવ રૂપે વધાવવા સજ્જ અને સજાગ પણ બની જજો.

મૃગાવતી આ રીતે ધર્મ પ્રત્યે જાગૃત રાખવા માટે સ્વામીનાથ શતાનીકને નમસ્કાર મહામંત્રાદિનું સ્મરણ-શ્રવણ કરાવતી રહી અને આવા સમાધિમય વાતાવરણની વચ્ચે શતાનીકનો જીવનદીપ બુઝાઈ ગયો. સમાધિની સાધના બરાબર કરાવી શક્યાનો તો આનંદ જ હતો. પણ શિરછત્ર છિનવાઈ ગયાનો શોક પણ એટલો જ હતો. આટલા સમય સુધી જાળવી રાખેલા આંસુપ્રવાહને હવે મૃગાવતી પચાવી ન શકી. શતાનીકના મૃતદેહને અભિષેકવાનું કર્તવ્ય મૃગાવતીની આંસુ ધારે અદા કર્યું. એની આંખ આંસુ વહાવવા દ્વારા વર્ષાઋતુ બની. તો એનું અંતર અંતઃસ્તાપ અનુભવવા દ્વારા ગ્રીષ્મઋતુ બન્યું, આમ, ગ્રીષ્મ અને વર્ષાની સંગમ ભૂમિ સમી મૃગાવતીની અસ્વસ્થતા લાંબો સમય ન ચાલી. હવે પોતાની નજર સામે જે એક સુદીર્ઘ કર્તવ્યનો પંથ લંબાયેલો પડ્યો હતો, એની પર કદમ ઊઠાવવા એ સજ્જ બની ગઈ. શતાનીકની અંતિમવિધિ પતી ગયા બાદ કૌશાંબીએ શોકના વાઘા વધુ લાંબા સમય

સુધી ન પહેરી રાખતાં ફગાવી દીધા. રાજવીની વિદાય શોકપ્રદ જરૂર હતી. પણ એ શોક, ફરજ અને કર્તવ્યની વિસ્મૃતિ કરાવી જાય, એવો નહોતો એથી પાદરે પડાવ નાખીને પડેલા યુદ્ધના ભાવિવ્યૂહ રચવામાં મૃગાવતી સહિત સૌ ખોવાઈ ગયા.

શતાનીકના મૃત્યુના સમાચાર ચંડપ્રદ્યોતની છાવણીમાં પહોંચતાં જ એ આનંદથી ઝૂમી ઊઠ્યો. એણે તો મનોમન એવું નક્કી જ કરી દીધું હતું કે : નોંધારી બનેલી મૃગાવતી હવે મને સામેથી જ વરવા આવશે, આમ, બિંદુનાય રક્તપાત વિના મારો મનોરથ સફળ થશે, ઉપરાંત વત્સદેશના અધિપતિ બનવાનું મારું ભાગ્ય એકાએક ફળી ઊઠશે. આમ, કૌશાંબીના દરવાજા ન ખૂલે, ત્યાં સુધી શેખચલ્લીના આવા હવાઈ કિલ્લા ચણવા માટેનો વિષય અને અવસર ચંડપ્રદ્યોતને સાંપડી જતાં એ પ્રસન્ન-પ્રસન્ન બની ઊઠ્યો.

મૃગાવતીએ પોતાની સમગ્રતા હવે કઈ રણનીતિ સ્વીકારવી અને શીલની રક્ષા ઉપરાંત કૌશાંબીની સુરક્ષા કઈ રીતે કરવી ? આ વિચારણા પાછળ કેન્દ્રિત કરી દીધી. લાંબા વિચારને અંતે એમ લાગ્યું કે, ચંડપ્રદ્યોત તો એક એવો નાગ છે કે, આને છંછેડવામાં પણ મજા નથી. છંછેડવાથી આ પ્રદ્યોતના વિષડંખ જીવનલીલા સમાપ્ત કરી દીધા વિના ન રહે અને આ નાગને વશ થઈ જવાથી તો શીલધર્મના પ્રાણ જ નષ્ટ થઈ જાય, માટે એવી કોઈ કળબળથી જ કામ લેવું રહ્યું કે, આ જાતના કોઈ અનિષ્ટની સંભાવના ન રહે અને શીલધર્મની જાળવણી ઉપરાંત આ કૌશાંબીના કોટ-કિલ્લાની કાંકરી પણ ખરે નહિ !

મનોમન આવો એક વ્યૂહ વિચારીને મંત્રીમંડળને એની જાણકારી આપતી મૃગાવતી પ્રસન્ન બની ઊઠી. એને વિશ્વાસ બેસી ગયો હતો કે, આ વ્યૂહમાં ચંડપ્રદ્યોત જરૂરથી સપડાઈ જશે. કેમ કે કામીકાળજું

દીર્ઘ વિચાર કરી શકતું હોતું નથી, આ કમજોરીનો મૃગાવતીને બરાબર ખ્યાલ હતો.

— ● —

કૌશાંબીના કિલ્લાની ડોકાબારી એક દિવસ એકાએક ખૂલી અને એમાંથી પસાર થઈને આવેલી મૃગાવતીની વિશ્વાસપાત્ર સખી મૃગનયના સીધી જ ચંડપ્રદ્યોતની છાવણીમાં પ્રવેશી. કોઈ સ્વપ્નસૃષ્ટિની સહેલગાહ માણી રહેલા ચંડપ્રદ્યોતે એક સ્ત્રીને સામે ઊભેલી જોઈને પૂછ્યું : તું અમારા સૈન્યની હોય, એમ લાગતું નથી અને કૌશાંબી તો બાયલાની જેમ બારણાં બંધ કરીને બેસી ગયું છે એથી તું ક્યાંથી અહીં આવી શકે ? તારું આગમન સંદેશવાહિકા તરીકે થયું હોય, એમ લાગે છે. તો બોલ, તું કોનો સંદેશો લઈને આવી છે ?

'મૃગાવતીનો.' મૃગનયનાનો આ જવાબ સાંભળીને ચંડપ્રદ્યોત સિંહાસન પરથી અડધો ઊભો થઈ જતાં બોલ્યો : શું સાચે જ મૃગાવતીનો ? કૌશાંબીની રાજરાણી મૃગાવતી કે બીજી કોઈ મૃગાવતીનો ? મૃગાવતી આ રીતે કોઈ સંદેશ પાઠવે, એ ચંડપ્રદ્યોતને અશક્ય જણાતું હતું, એથી એણે સાશ્ચર્ય પૂછ્યું.

"એ જ મૃગાવતીનો ! જેને મેળવવા આપે આટલો દીર્ઘ પ્રવાસ ખેડ્યો છે, એ જ મૃગાવતીએ મને આપની પાસે સંદેશ લઈને મોકલી છે, જો આપ ગુપ્તતાનો કોલ આપો, તો હું સંદેશ રજૂ કરું.

"ગુપ્તતાનો મારો કોલ છે. આ આખી છાવણી સુરક્ષિત છે. મારી રજા વિના આમાં પવનની લેરખી પણ પ્રવેશી શકતી નથી. પછી માણસની તો વાત જ ક્યાં રહી ?" ચંડપ્રદ્યોતે કહ્યું : પણ સામેથી જુદો જ પ્રતિભાવ મળ્યો : આવી ગુપ્તતા તો જરૂરી છે જ. પણ આ સિવાય મારે તો બીજી પણ એક ગુપ્તતા અપેક્ષિત છે. આપણા બે સિવાય

સંદેશાઓની આપ-લે કોઈની પણ જાણમાં ન આવવી જોઈએ, આવી ગુપ્તતા જો જળવાઈ શકતી હોય, તો જ આપણે આગળ વધીએ ?

ચંડપ્રદ્યોતે આથી પણ વધુ ગુપ્તતા જાળવવાનો કોલ આપતાં કહ્યું : આટલી જ ગુપ્તતા શા માટે ? મારા અંતરની વાતને મારો ચહેરો પણ છતો ન કરી શકે, એવી ગુપ્તતા જાળવવા હું પ્રતિજ્ઞાબદ્ધ બનું છું, બોલો, હવે આથી વધારે તારે શું જોઈએ ?

'બસ ! બસ ! આટલું તો ઘણું ઘણું !' મૃગનયનાએ જવાબ આપ્યો અને જાતની જેમ જાળવી રાખેલો, સંતાડેલો એક પત્ર ચંડપ્રદ્યોતના હાથમાં મૂકતા એણે કહ્યું : મૃગાવતીના મનોરથોને હું વ્યક્ત કરું, એના કરતાં આ પત્ર જ બહુ સારી રીતે વ્યક્ત કરી શકશે !

ચંડપ્રદ્યોતે આતુર-અંતરે એ પત્ર સ્વીકાર્યો અને એને ખુલ્લો કરીને વાંચવા માંડ્યો. એ પત્રનો એક એક અક્ષર જાણે અમૃતરસ બનીને ચંડપ્રદ્યોતના ચિત્તમાં અનેરી તૃપ્તિ જગાવી રહ્યો. બે-ત્રણ વાર પત્ર વાંચીને એણે પૂછ્યું : શું આ પત્ર મૃગાવતીનો જ છે ? મૃગાવતીએ જાતે જ આ પત્ર તને હાથોહાથ આપ્યો છે ?

મૃગનયનાએ જવાબમાં કહ્યું : મહારાજ ! આપ સાવ નિઃશંક બની જાવ. આ પત્ર મૃગાવતી દેવીનો જ છે. એમણે જાતે જ લખીને મને હાથોહાથ આપ્યો છે અને હાથોહાથ પહોંચાડવાનું કહીને મને અહીં મોકલી છે.

ચંડપ્રદ્યોત આ જવાબ સાંભળીને હર્ષાવેશ અનુભવી રહ્યો અને હર્ષાવેશમાં આવી જઈને ચંડપ્રદ્યોત એ પત્ર જરા મોટેથી વાંચવા માંડ્યો : અવંતીશ ! સૂર્યાસ્તના સમયે સૂર્યના તેજ સ્વયંવર બનીને ચન્દ્રમાં સંક્રમિત થઈ જતા હોય છે. આવી જ મનઃસ્થિતિ મારી છે. સ્વામીનાથનો સૂર્ય અસ્ત પામી જતાં હવે મારે આપના સિવાય બીજું કોણ શરણભૂત હોય ! માટે વહેલી- મોડી હું આપને જ સ્વયંવરા બનીને

સ્વીકારવાના મનોરથમાં હાલ રમી રહી છું. પણ લોકલાજ, લોક-વ્યવહાર અને પુત્રમોહ થોડોક આડો આવે છે. સ્વામીનાથના પરલોકગમનનો શોક ન પાળું, એય સારું ન ગણાય. વળી, પુત્ર ઉદાયન હજી નાનો છે. કૌશાંબીના કોટ-કિલ્લા કંઈ એટલા બધા મજબૂત નથી, જે ઉદાયનની રક્ષા કરી શકે. એટલા પ્રમાણમાં સૈન્ય પણ સજ્જ નથી, તેમજ સ્વામીનાથ વિહોણા કૌશાંબી પર કરડી નજર રાખનારાં રાજ્યો ઘણાંબધાં છે. એમના માટે અત્યારે કૌશાંબીનું સિંહાસન મધપૂડા જેવું લોભામણું બન્યું છે. આમ, મારા મનોરથોની સિદ્ધિમાં સહાયક થાય, એવા સંજોગો ન હોવાથી થોડો કાળક્ષેપ તો જરૂર થશે જ. મારે હવે શું કરવું ? એ આપ જ ફરમાવો. બાકી મારા મનની માળાના મણકે મણકે આપનો જ જાપ ચાલુ છે એટલું નક્કી માનજો અને આ દાસીના દિલનું દાન સ્વીકારીને આ દાસીને જરૂરથી કૃતાર્થ કરશો.

ચંડપ્રદ્યોત નાચી ઊઠ્યો : જેની કોઈ કલ્પના જ ન હતી એ રીતે ભાગ્યની બાજીને એણે પોતાની તરફેણમાં પલટાતી જોઈ. પત્રનો એક એક અક્ષર એના માટે અમૃતની પ્યાલી બની ગયો. એકદમ અણધારી રીતે મનોરથને મળેલી સફળતાનો હર્ષ એના અંગેઅંગમાંથી છલકાઈને બહાર ઢોળાવા માંડ્યો. હર્ષાવેશમાં આવીને એણે મૃગનયનાને પ્રેમાળ શબ્દોમાં કહ્યું : દેવી મૃગાવતીએ ખરેખર મારી પર ખૂબ જ મોટો અનુગ્રહ કર્યો. હવે તું જ જણાવ કે, મારે મૃગાવતીને વધુ પ્રસન્ન બનાવવા શું શું કરવું જોઈએ ? આવા વિષયમાં તારા જેવી સંદેશવાહિકાઓનો અનુભવ જ વધુ કામ આવે !

મૃગનયના કંઈ ભોળી નહોતી કે, બધું સીધેસીધું જ બોલી નાખે ! એણે કહ્યું : મહારાજ ! આપ મૃગાવતીનો પત્ર ફરી વાર શાંતિથી વાંચો. એટલે મૃગાવતીની ખુશી મેળવવા શું શું કરવું જોઈએ. એ આપમેળે

જ આપને કળાઈ આવશે. મૃગનયનાની આ વાત સાંભળીને ચંડપ્રદ્યોત એ પત્ર પુનઃ વાંચી ગયો.

પત્રનું વાચન પૂરું થતાં જ મૃગનયનાએ કહ્યું : જુઓ, મહારાજ ! મૃગાવતીના મનને કોરી ખાતી મુખ્ય ચિંતાઓ ચાર છે : એક તો ઉદાયન નાનો છે, બીજું કૌશાંબીના કોટ-કિલ્લા પણ મજબૂત નથી. ત્રીજું ઉદાયનની રક્ષા માટે પૂરતું સૈન્ય પણ નથી અને ચોથું કૌશાંબી પર કરડી નજર રાખનારા શત્રુરાજ્યો ઘણાં ઘણાં છે. આ ચાર ચિંતાઓ જો દૂર થઈ જાય, તો મૃગાવતી ખુશ ખુશ થઈ જાય અને મનોરથ-પૂર્તિની મસ્તી અનુભવી શકે. આમ, તમારે શું કરવું જોઈએ, એ તમે જાતે જ સમજી શકવા માટે સમર્થ છો.

ચંડપ્રદ્યોતે સમજણ મળી ગયાનો ભાવ દર્શાવતા કહ્યું : હા, હા સમજી ગયો. ઉદાયન જરા મોટો થઈ જાય. કોટ-કિલ્લા પણ મજબૂત થઈ જાય. થોડાક સૈનિકોની સહાય પણ મળી જાય અને કૌશાંબીની ધિંગી ધાક ચોમેર ફેલાઈ જાય, તો પછી મૃગાવતીના માથે કોઈ જ ચિંતા ન રહે અને પોતાના મનોરથની સિદ્ધિ માટે પછી પળનો પણ વિલંબ કર્યા વિના ઉજ્જયિનીના રાજમહેલનું આતિથ્ય એ સ્વીકારી લે.

મૃગનયના ઘણી ચાલાક નારી હતી. એણે વધુ પાકું કરવા પૂછ્યું : મહારાજ ! આ બધું કરતાં તો પાંચ-છ વર્ષ તો સહેજે સહેજે નીકળી જાય. એટલે સુદીર્ઘ કાળક્ષેપ મૃગાવતી કઈ રીતે સહી શકશે, એ જ સવાલ છે. માટે ઝડપથી મનોરથસિદ્ધિ થાય, એવું કોઈ આયોજન વિચારવું જોઈએ. જોકે આ રસ્તો સૂચવતાં મને સંકોચ થાય છે. પણ પરિસ્થિતિ જ એવી છે કે, સંકોચ રાખવાથી સિદ્ધિ વિલંબિત થાય, આપની સાથે આપનું સૈન્ય જો કિલ્લાના નવનિર્માણમાં થોડો જ હાથ લંબાવે, તો આપની સાથે આવેલા ચૌદે ચૌદ રાજાઓ કંઈ થોડા જ અક્કડ ઊભા રહીને એ કરસેવા નિહાળતા રહેવાની ધિઠ્ઠાઈ કરે ?

આપની કરસેવા જોઈને એ બધાને કરસેવા કરવી જ પડે અને મજબૂત કિલ્લો જોતજોતામાં ઊભો પણ થઈ જાય.

મૃગનયનાના આ પ્રસ્તાવને ચંડપ્રદ્યોતની કામવિવશતાએ સહર્ષ શિરોધાર્ય કરી લીધો. માલવસમ્રાટ ગણાતો ચંડપ્રદ્યોત એક માત્ર મૃગાવતીના મિલનના આ મનોરથોને સફળ કરવા કિલ્લાના નિર્માણને માટે ઈંટ-પથ્થરો ઉપાડવા તૈયાર થઈ ગયો. હવે એને એક સવાલ મૂંઝવતો હતો. કૌશાંબીની કદમબોસી કરે, તો અવંતિની આબરૂનું ધોળે દિવસે છડેચોક કેવું લિલામ થાય? ચંડપ્રદ્યોતે આ સવાલ રજૂ કરતાં મૃગનયનાએ આનો સારામાં સારો ઉકેલ ચંડપ્રદ્યોતના કાનમાં કહી સંભળાવ્યો અને પછી એણે વિદાય માંગી.

આમ, બધી જ બાજી ગોઠવાઈ જતાં ચંડપ્રદ્યોતનું ચિત્ત ચેન અનુભવી રહ્યું અને મૃગનયનાના મનનો મોરલો નૃત્ય કરી ઊઠ્યો. બંને મનથી બંધાઈ ગયાં હતાં, પણ તનથી બંનેને છૂટા પડ્યા વિના છૂટકો જ ન હતો. અવંધિપતિ પોતાના યુદ્ધની શિબિર ભણી રવાના થયા. મૃગનયના કૌશાંબી તરફ જવા માટે તૈયાર થઈ. આ મંત્રણા કોઈની નજરમાં નોંધાઈ ન હતી. એ આ બંને માટે સંતોષનો વિષય હતો. આજ સુધી યુદ્ધના ભણકારાથી ગાજતી રહેલી કૌશાંબીની આવતી કાલ કેવી ઊગવાની હતી, એની તો કોઈનેય કલ્પના ન હતી.

ગઈકાલ સુધી જ્યાં યુદ્ધનાં નગારાં વાગવાના ભણકારા ભૂતની જેમ ભમી રહ્યા હતા, એ કૌશાંબીના આકાશે બીજા દિવસનો સૂર્યોદય સ્નેહ-વહાલનો સંદેશ પ્રસરાવતો ગયો. આડી રાત, એની શી વાત, આ અનુભવોક્તિની અનુભૂતિ બંને સૈન્યને આશ્ચર્યવિભોર બનાવી ગઈ. લડાઈની વાતો લલકારતી અવંતિની સેનાનું જાણે રાતોરાત જ દિલથી પરિવર્તન થઈ ગયું અને એ સૈન્ય સગાઈની દુહાઈ દઈ રહ્યું.

અવંતીશ ચંડપ્રદ્યોત ખુદ એ વાત સગર્વ જાહેર કરી રહ્યા હતા કે : રે ! કૌશાંબી અને ઉજ્જયિની તો સગી બહેનો જેવી નગરીઓ ગણાય. કેમ કે રાજવી ચેટકની પુત્રી શિવા અવંતિની રાજરાણી બની અને મૃગાવતી કૌશાંબીની રાજરાણી બની. વળી શતાનીક સ્વર્ગવાસી બનતા કૌશાંબી નોંધારી બની, એથી એને મદદ કરવી એ ઉજ્જયિનીની ફરજ બની રહે છે. શતાનીકની વિદાયે જ ઉજ્જયિનીને આ ફરજનું ભાન કરાવ્યું, માટે ઢાલ-તલવાર નહિ, હવે તો વહાલ અને આવકારની વાતો જ શોભે !

અવંતીશ ચંડપ્રદ્યોતના દિલના પરિવર્તનને સૂચવતી આ જાહેરાત થતાંની સાથે જ આખું વાતાવરણ એકાએક પલટાઈ ગયું. આ જાહેરાતના શ્રવણે કૌશાંબીની જેમ અવંતિની યુદ્ધછાવણીએ પણ ગજબનાક આશ્ચર્ય અનુભવ્યું. કોટ-કિલ્લાઓના નવનિર્માણની જે કાર્યવાહી જે રીતે યુદ્ધના ધોરણે આરંભાઈ ગઈ અને એમાં કરસેવાના રૂપમાં ચંડપ્રદ્યોત આદિ ચૌદ ચૌદ રાજવીઓ જે રીતે જોડાઈ ગયા, એ જોતાં તો સૌને આ દિલનું પરિવર્તન, એમાં સચ્ચાઈનું સ્પષ્ટ દર્શન જણાવા માંડ્યું. ચૌદ ચૌદ રાજવીઓ અને એમની વિરાટ સેનાઓ આમ કૌશાંબીની કદમબોસી કરવા પુરુષાર્થશીલ બની ગયેલી હોય, ત્યાં નવનિર્માણનું એ કાર્ય દિવસે પ્રગતિ ન સાધે એટલું રાતે સાધે અને રાતે ન સાધે એટલું દિવસે સાધે, આવી ત્વરિત પ્રગતિનાં પગથિયાં સર કર્યાં વિના રહે ખરું ?

• • •

१०

# મૃગાવતી મહાભિનિષ્ક્રમણના માર્ગે

અવંતિપતિ ચંડપ્રદ્યોતની નજર સમક્ષ સોહામણી એક સ્વપ્નસૃષ્ટિ નૃત્ય કરી રહી હતી. જે સ્વપ્નસૃષ્ટિમાં કૌશાંબીના કોટ-કિલ્લાના નવનિર્માણની સમાપ્તિ અને મહાસતી મૃગાવતીની પ્રાપ્તિ : આ બે મુખ્ય દશ્યોની જ પ્રધાનતા હોય ! મૃગાવતી પરના પોતાના પ્રેમની પ્રતીતિ કરાવવા ચંડપ્રદ્યોત એ રીતે કોટ-કિલ્લાનું નિર્માણ કરાવવા માંગતો હતો કે, જેવું નિર્માણ કોઈએ જ કરાવ્યું ન હોય અને આ માટેનો વ્યૂહ એણે એવો ગોઠવ્યો કે, અવંતિથી કૌશાંબી સુધીની એક સળંગ માનવ-સાંકળ રચીને અવંતિથી એક હાથથી બીજા હાથમાં, બીજા હાથમાંથી ત્રીજા હાથમાં, આ રીતની કરસેવા દ્વારા કિલ્લાના

નિર્માણ માટેની ઈંટ-પથ્થર આદિ સામગ્રી છેક કૌશાંબી સુધી આવતી જાય અને નિર્માણ કાર્ય વેગ પકડતું જાય !

ચંડપ્રદ્યોતની પોતાની સેના જ વિરાટ હતી, એમાં વળી ચૌદ ચૌદ રાજવીઓ સસૈન્ય મદદમાં હતા, એથી અવંતિ-કૌશાંબી વચ્ચે આવી માનવ-સાંકળ રચવી, એ ચંડપ્રદ્યોત માટે ડાબા હાથનો ખેલ હતો. કૌશાંબીમાં નિર્માણ-કાર્યનો પ્રારંભ કરાવી દઈને અને બીજી બધી વ્યવસ્થા બરાબર ગોઠવી દઈને, એક દિ' ચંડપ્રદ્યોત ઉજ્જયિનીમાં પહોંચી ગયો, ત્યાં પહોંચી જઈનેય એણે પોતાના મુખ્ય કાર્ય તરીકે કૌશાંબીના કિલ્લા-નિર્માણને જ પ્રાધાન્ય આપ્યું. આ કાર્યમાં સહેજે લાંબો સમય કૌશાંબીમાં ગાળવા કરતાં ઉજ્જયિનીમાં ગાળવો અનેક દૃષ્ટિએ વધુ લાભપ્રદ હોવાથી જ ચંડપ્રદ્યોતે આવો નિર્ણય લીધો હતો.

કૌશાંબીના કિલ્લાનિર્માણની વાતો જેમ જેમ ફેલાતી ગઈ, એમ એમ અનેક રાજ્યો ચંડપ્રદ્યોતના આવા અકલ્પ્ય દિલ-પરિવર્તનથી આશ્ચર્યમગ્ન બનતા ગયા. આમ, એક તરફ આશ્ચર્યમગ્નતા વધતી રહી, બીજી તરફ કોટ-કિલ્લાની ઊંચાઈ વધતી ગઈ. એ કાળમાં રાજ્યની અજેયતાનો મુખ્ય આધાર કોટ-કિલ્લાની ઊંચાઈ મજબૂતાઈ જ ગણાતી એથી કૌશાંબીના બધા જ પ્રશ્નો કોટ-કિલ્લાના નિર્માણ દ્વારા જ હલ થઈ જાય એમ હતા.

દિવસો, મહિનાઓ અને વર્ષોનેય વીતતાં શી વાર ? ધાર્યા કરતાં થોડાં જ વર્ષોમાં આભને અડતા કોટ-કિલ્લાથી કૌશાંબી-નગરી જ્યારે સુરક્ષિત થઈ ગઈ, ત્યારે આ નિર્માણની પૂર્ણાહુતિના સમાચાર જણાવવા પૂર્વક હવે પછીનું મૃગાવતીનું કર્તવ્ય યાદ દેવડાવવા એક દિ' ચંડપ્રદ્યોતે ખૂબ જ કુશળ દાસીને કૌશાંબી તરફ રવાના કરી. ચંડપ્રદ્યોતના મનોરથના વેગ કરતાં સવાયા વેગ સાથે એ દાસી કૌશાંબીમાં આવીને ઊભી. જે રીતે કિલ્લો નિર્માણ પામ્યો હતો, એનાં દર્શનથી એ આશ્ચર્યવિભોર બની ગઈ હતી. આસપાસ ક્યાંય ન હોય, એવો એ

કિલ્લો બન્યો હતો. એની ઊંચાઈ આભને અડતી હતી, તો એનો પાયો પાતાળને સ્પર્શતો હતો ! એની પહોળાઈ સહેલાઈથી પાર કરી શકાય, એવી ન હતી. આવો અજોડ-અદ્ભુત એ કિલ્લો બન્યો હતો. કિલ્લો તો કૌશાંબીનો જ ! આવા શબ્દો મોંમાંથી સરી પડે, એવા એ કિલ્લાનું કાર્ય સંપૂર્ણ થઈ ગયું હતું.

કિલ્લાની અદ્ભુતતા માણતી માણતી દાસી કૌશાંબીમાં પ્રવેશી, તો કોટ-કિલ્લાની અંદર પણ પગલે-પગલે નવનિર્માણ જ નજરે ચઢતું હતું. ઠેર ઠેર જળ-સંગ્રહ અને અન્નસંગ્રહ જોવા મળતો હતો. રાજમાર્ગો વધુ સુરક્ષિત કરાયા હોય, એમ લાગતું હતું. આ બધું નિહાળતી નિહાળતી દાસી છેક રાજમહેલમાં પહોંચી, તો રાજમહેલની રોનક પણ એને દર્શનીય જણાઈ. દાસીનું નામ અવંતિકા હતું. એણે મૃગાવતી સમક્ષ પહોંચી જઈને એકાંતમાં મળવાની ઇચ્છા દર્શાવી.

મૃગાવતીની આંખના એક ઇશારે એકાંત સુલભ બની ગયું. એકાંત જણાતાં જ નિર્ભીક બનીને દાસીએ પોતાનો પરિચય આપતાં જણાવ્યું : હું ઉજ્જયિનીથી આવું છું. મારું નામ અવંતિકા છે. મહારાજ ચંડપ્રદ્યોતનો એક મહત્ત્વનો સંદેશ લઈને હું આવી છું. એમણે મૌખિક એમ કહેવડાવ્યું છે કે, ઉજ્જયિનીએ કૌશાંબીનું ઇચ્છિત તો પૂરું કર્યું. હવે કૌશાંબી ઉજ્જયિનીનું ઇચ્છિત ક્યારે પૂરું કરશે ? મૃગાવતી સ્વસ્થ બની ગઈ. એણે પૂછ્યું : અવંતિકા ! અરસપરસનાં ઇચ્છિત અંગે મહારાજે કંઈ નિર્દેશ કર્યો છે ખરો ?

જવાબમાં અવંતિકાએ મહારાજનો સંદેશપત્ર મૃગાવતીના હાથમાં મૂકીને હસતાં હસતાં કહ્યું : આપની વિસ્મરણશીલતા અંગેનો વિચાર આવી ગયો હશે, એથી જ કદાચ મહારાજે આ પત્ર પાઠવ્યો હોવો જોઈએ. વિગતવાર લખાયેલા આ પત્રમાં કદાચ અરસપરસનાં ઇચ્છિત અંગેનો ઉલ્લેખ હોવો જ જોઈએ.

મૃગાવતીએ ચંડપ્રદ્યોતનો પત્ર ખોલીને વાંચવા માંડ્યો. એમાં લખ્યું હતું : મારી મનોરથ માળાનો મણકે મણકો જેની સ્મૃતિથી રોમાંચિત બની ઊઠે છે એવી દેવી મૃગાવતી ! તને જે ઈષ્ટ હતું, એ ઈષ્ટપૂર્તિની જવાબદારી મેં તો બરાબર અદા કરી બતાવી, હવે મારી ઈષ્ટપૂર્તિ ક્યારે થવા પામશે ? મારા માટે તો પળ ઘડી સમી, ઘડી પ્રહર સમી, પ્રહર દિવસ સમો, દિવસ સપ્તાહ સમો, સપ્તાહ પક્ષ સમો અને પક્ષ મહિના સમો વીતી રહ્યો છે. મહિના તો મેં વર્ષ જેવા વસમા વિતાવ્યા છે. હવે થોડો પણ વિલંબ વેઠવો, મારા માટે ગજા બહારની વાત છે. મેં તારું મનગમતું કરી આપવા માટે રાત-દહાડો એક થઈ જાય, એવો પ્રચંડ પુરુષાર્થ કરીને અંતે આજે કૌશાંબીની સુરક્ષાને એટલી બધી સજ્જડ બનાવી દીધી છે કે, હવે એની કાંકરીય કોઈ ખેરવી ન શકે ! પત્રમાં આથી વધુ કંઈ લખવાની જરૂર મને જણાતી નથી. મને વિશ્વાસ છે કે, હવે તો તારું આગમન જ આ પત્રનો પ્રત્યુત્તર હશે ?

પ્રદ્યોતનો આ પત્ર વાંચીને વાઘણ અને નાગણની જેમ છંછેડાયેલી મૃગાવતીએ પોતાનો પ્રત્યુત્તર વાળતાં કહ્યું : અવંતિકા ! તારો રાજા આમ રક્ષક મટીને ભક્ષક બનવા હજી સુધી તલપાપડ જ છે ? કૌશાંબીની રક્ષા કરીને મેળવેલો યશ, સવાયો કરી બતાવવો એ તારા રાજાની ફરજ છે. અને એ મને શીલરક્ષામાં સહાયક બનવા દ્વારા જ અદા થઈ શકે છે. નાગના માથે રહેલો મણિ, કેસરીની કેસરા અને સતી નારીનું શીલ : આ ત્રણે એવી ચીજ છે કે, જે કોઈ લૂંટી શકે નહિ અને લૂંટવા આવેલો જ લૂંટાઈ જાય, એવી પ્રભાવશાળી આ ચીજોની પ્રભાવકતાનો પરચો મેળવવા ઇચ્છવું કે આ ત્રણેનું પારખું કરવાની ચેષ્ટા કરવી, એ ઝેરનાં પારખાં કરવા જેવું જીવલેણ જોખમ છે. માટે તું તારા રાજાને કાનમાં અને સાનમાં સમજાવી દે કે, પારખાં ઝેરનાં ન હોઈ શકે !

મૃગાવતીનો નાગણ સમો આ ફૂંફાડો જોઈને એક વાર તો અવંતિકા ડઘાઈ જ ગઈ અને ભયની મારી એ નીચે પડતાં રહી ગઈ. પણ બીજી જ પળે સજ્જ થઈ જતાં એણે કહ્યું : પણ વચનનું શું ? શીલધનની જાળવણી જરૂર મહત્ત્વની છે. પણ આપેલાં વચન અને વિશ્વાસનો ભંગ કરવાનો, એથી કંઈ પરવાનો પ્રાપ્ત થઈ જતો નથી ! વચન આપતાં પૂર્વે આવું ડહાપણ ક્યાં ભૂલાઈ ગયું હતું !

મૃગાવતીનો જુસ્સો હજી એનો એ જ હતો. એણે જવાબ વાળ્યો : અવંતિકા ! મને ડહાપણની યાદ દેવડાવનારી તારી આવી વાતમાં ડહાપણ, અંશ પણ છે ખરો ? ધર્મે માયા નો માયા, આ નીતિની શીખ જો તારા કાને એક વાર પણ પડી હોત, તો તું આમ દોઢડાહી બનીને મને શિખામણ આપવા આવત જ નહિ ! જો ધર્મને સાચવવા માટે દેખીતા ક્રોધ-માન-માયા-લોભ કરવા પડતા હોય, તો આ ચારે કષાયોનું સેવન એ પણ ધર્મારાધન રૂપ જ છે. અને આ ચારેનો ત્યાગ કરવાથી પણ જો ધર્મની રક્ષા ભયમાં મુકાતી હોય, તો એ કષાય-ત્યાગ મહા અધર્મરૂપ બની જતો હોય છે. આટલું પહેલાં તારા કાળજે કોતરી કાઢ, પછી જ ધર્મ અને અધર્મની ફિલસૂફીની વાતો કરવાનો અધિકાર તને મળી શકે.

મૃગાવતીનો ધર્મરક્ષાની ખુમારીથી ભર્યો ભર્યો આ જવાબ હતો એથી અવંતિકા બીજું તો શું બોલી શકે ? એનું તો મોઢું જ સિવાઈ ગયું. એનું મોઢું જ્યારે માંડ માંડ ખૂલ્યું, ત્યારે એ મોંમાંથી ઘણી મુસીબતે આટલા શબ્દો બહાર નીકળ્યા : દેવી ! આશભર્યા અંતરે આવેલી મારે શું સાવ નિરાશ અને હતાશ બનીને જ પાછું ફરવું પડશે ? આપનો કોઈ સંદેશો ?

મૃગાવતીના જવાબમાં એની એ જ જવાંમર્દી ધસી આવી. એણે કહ્યું : આવા કાર્યમાં નિરાશા, હતાશા જ ઇચ્છવી જોઈએ. માટે તારે

આથી તો ખુશ થવા જેવું છે, એના બદલે તું ખિન્ન કેમ બની રહી છે ? બસ, શીલરક્ષા એ જ મારો સંદેશ છે.

અવંતિકાની ધારણા ધૂળમાં મળી હતી. એટલું જ નહિ, ઉપરથી એ ધારણા સાવ જ અવળી પડી હતી એથી અવિલંબે એ અવંતિ તરફ પાછી ફરી. મહાસતીની ખુમારી કેવી હોય, એનો એને આ પહેલવહેલો જ અનુભવ થવા પામ્યો હતો. આ અનુભૂતિ એના અંતરમાં વસી ગઈ હતી. પણ રાજસેવા જ એવી હતી કે, આ રીતે દુરાચારની દલાલી કરવી જ પડે. એક દિવસ ઉજ્જયિની પહોંચી જઈને એણે રાજવી ચંડપ્રદ્યોતને કહ્યું : નાગના મસ્તકનો મણિ હજી મળી શકે, પણ મહાસતી મૃગાવતી આપને મળે, એ તો કોઈ કાળે શક્ય જ જણાતું નથી.

આ સાંભળીને તો ચંડપ્રદ્યોત પછડાઈ જ પડ્યો. અવંતિકાએ ચંડપ્રદ્યોતને સ્વસ્થ બનાવીને પછી બધી જ વાત વિગતવાર કહી સંભળાવી, તેમજ અડીખમ કોટના કિલ્લાથી સુરક્ષિત બનેલ કૌશાંબીની વર્તમાન પરિસ્થિતિ શી છે ? એ પણ કહી સંભળાવ્યું. જે સાંભળીને ચંડપ્રદ્યોતથી એક ઊંડો નિઃસાસો લેવાઈ ગયો : ઓહ ! તો તો ફાળ ચૂકેલા વાનર જેવી મારી દશા થઈ ? કૌશાંબી સુરક્ષિત રહે, એ માટે મેં આ બધા જે કંઈ પ્રયત્નો કર્યા, એ હવે તો સાપને દૂધ પાવા જેવો જ વિપાક આણનારા નીવડ્યા વિના નહિ રહે ! મારાં જ શસ્ત્રોથી કૌશાંબી હવે મારી જ સામે લડ્યા વિના નહિ રહે કે શું ?

એક બાજુ ચંડપ્રદ્યોત આમ સાવ હતાશા અનુભવી રહ્યો, તો બીજી તરફ મૃગાવતીની આવી બુદ્ધિ-કુશળતા પર ચંડપ્રદ્યોતથી વારી જવાયું. તેમજ એની શીલ-શ્રદ્ધા પણ એને વખાણવા જેવી જણાઈ. આ બધું હોવા છતાં સ્ત્રીચરિત્ર આગળ પોતાની ભૂંડી રીતે જે હાર થઈ હતી, એનો કારી ઘા એના કાળજાને એ રીતે વીંધી રહ્યો કે, ઉજ્જયિનીમાં મોં ઊંચું રાખીને હરવું-ફરવું પણ એના માટે ભારે થઈ પડ્યું. હાર્યો

જુગારી જો બમણું રમે, તો પછી હારેલો કામી-ક્રોધી ચંડપ્રદ્યોત ચારગણું રમવા મેદાને પડે, એમાં તો શી નવાઈ હતી એથી અવિલંબે એણે કૌશાંબીની સામે લડાઈ જાહેર કરી દીધી. યુદ્ધ જો જંગવવું જ હોય, તો રાજાઓ પાસે તો નિમિત્તોનો ક્યારેય દુકાળ હોતો જ નથી એથી ચંડપ્રદ્યોતે એવું એક નિમિત્ત આગળ કર્યું કે, લડાઈને ભૂલીને સગાઈને સાચવવા માટે લોહી-પાણી એક થઈ જાય, એ રીતનો મેં ભોગ આપ્યો છે, પણ આ ભોગ બદલ આભાર માનવાની પણ તૈયારી કૌશાંબીએ ન દર્શાવી એથી એનો જવાબ લેવા મારે માટે હવે યુદ્ધ સિવાય ક્યો રસ્તો અપનાવવો રહ્યો ?

જેને સામાન્ય કારણ ગણી શકાય, એવી કારણતાનો કણ પણ જાહેર કરાયેલા આ કારણમાં ન હતો, એ વાત જ્યારે ઉજ્જયિનીને સમજી જતાં વાર ન લાગી, ત્યારે કૌશાંબીને તો આ આક્રમણ અકારણ જ લાગે, એમાં શી નવાઈ હતી. અકારણ જાગેલા આ આક્રમણની વાતો સાંભળીને દાળમાં કંઈ કાળું હોય, એવી શંકાથી કૌશાંબી પર એ દહાડે જાગી ઊઠેલી સગાઈનું રહસ્ય શોધવા બંને રાજ્યો માનસિક રીતે મથામણ કરી રહ્યા. પણ એ રહસ્ય કોઈના હાથમાં ન આવી શક્યું. અવંતિનું આક્રમક સૈન્ય કૌશાંબી તરફ જેમ જેમ આગળ વધતું ગયું, એમ એમ એ રહસ્ય પણ વધુ ને વધુ રહસ્યભર્યું અને ઊંડાણભર્યું બનવા લાગ્યું.

મહાસતી મૃગાવતીને મન જેની અવશ્યંભાવિતા નકકી જ હતી, એ અવંતિનું આક્રમણ એક દિવસ કૌશાંબીના ગગનચુંબી કોટ કિલ્લા આગળ આવીને અટકી ગયું. એ અટકાવ ભરતીનાં મોજાંને પાછા ધકેલતી દરિયાઈ દિવાલ જેવો હતો. અવંતિએ જ લોહી રેડીને તૈયાર કરેલા કૌશાંબીના કોટ-કિલ્લા અવંતિને જ આવકાર આપવા માટે તૈયાર ન હતા એથી ચંડપ્રદ્યોતના સૈન્યની ભરતી એ કિલ્લા સાથે અથડાઈ ને ત્યાં જ અટકી ગઈ.

એક બાજુ જયારે કિલ્લાનું નિર્માણકાર્ય ચંડપ્રદ્યોત દ્વારા ચાલુ હતું, ત્યારે અગમચેતી વાપરીને બીજી બાજુ મહાસતી મૃગાવતીએ કૌશાંબીને બધી જ રીતે સુસજ્જ અને સુરક્ષિત બનાવવાનું કાર્ય પણ આરંભી દીધું હતું. મૃગાવતી ચંડપ્રદ્યોતને કપટના દાવમાં ફસાવીને કાળક્ષેપ કરાવવા જ માંગતી હતી એથી કદાચ ચંડપ્રદ્યોતના વિચાર પરિવર્તનમાં આ કાળક્ષેપ નિમિત્ત બની જાય. બીજી એક શક્યતા એવી પણ હતી કે, ચંડપ્રદ્યોત વધુ છંછેડાય અને ઝનૂનીપૂર્વક હુમલો કરે ! આવી કટોકટીની પળે કૌશાંબીના દ્વાર બંધ કર્યા વિના ચાલે જ નહિ અને દ્વાર લાંબા સમય સુધી બંધ જ રાખવાં પડે, તોય નગરજનોને બીજી કોઈ તકલીફ ન પડે, એ માટે અન્ન અને પાણીનો પૂરો પુરવઠો પણ એણે સંગ્રહિત કરી રાખ્યો હતો. આ બધું કાર્ય પતાવીને મૃગાવતીએ ઉદાયનને રાજ્યાભિષિક્ત કરી દેવાનું મહત્ત્વનું કાર્ય પણ પતાવી દીધું હતું.

આમ, એક તરફ કૌશાંબીના કોટ-કિલ્લાનાં કમાડો બંધ કરી દઈને મૃગાવતી સાવ નિશ્ચિંત બની ગઈ હતી, તો બીજી તરફ ઉજ્જયિનીથી કૌશાંબી સુધી આવેલા અવંતિપતિ માટે "હીરો ઘોઘે જઈ આવ્યો", જેવું વાતાવરણ સર્જાયું હતું, કેમ કે કૌશાંબી તો કોટ-કિલ્લામાં સુરક્ષિત થઈ ગઈ હતી એથી હવે યુદ્ધ કોની સાથે ખેલવું ? ચંડપ્રદ્યોતની ગણતરી એવી હતી કે, કોટ-કિલ્લા બંધ રાખી-રાખીને કૌશાંબી કેટલા દિવસ સુધી બંધ રાખશે ? પાણી અને અન્નનો પુરવઠો ખૂટતાંની સાથે જ કૌશાંબીને કોટનાં કમાડને ખોલ્યા સિવાય થોડું જ ચાલવાનું હતું ! આમ, ચંડપ્રદ્યોતને વિશ્વાસ હતો કે, થાકીને અંતે કૌશાંબીને કમાડ ખોલ્યા વિના છૂટકારો નહિ જ થાય અને એ દ્વારોદ્‌ઘાટન જ આપણો "વિજય" બની રહેશે.

દિવસો વીતવા માંડ્યા. એમ અવંતિપતિની યુદ્ધ શિબિરની અકળામણ વધતી જ રહી. કેમ કે કિલ્લાનાં એ કમાડ હજી ખૂલવાનું નામ જ

લેતાં નહોતાં. કિલ્લાનાં દ્વાર ચંડપ્રદ્યોત માટે ભાગ્યના દ્વાર બની રહે, એવાં હતાં એથી હજારો, લાખો નિરાશાઓની વચ્ચે એક અમર આશાને આધારે આધારે ચંડપ્રદ્યોત કાળ પસાર કરી રહ્યો હતો, ત્યારે એક દિવસે એકાએક જ...?

ચંડપ્રદ્યોત માટે જેમ જેમ અમર આશાનું એક કિરણ કૌશાંબી છોડવાનો વિચાર પણ કરવા દેતું ન હતું, એમ કૌશાંબી બધી રીતે સુસજ્જ હતું, એ સુસજ્જતા પણ કૌશાંબીને કોટ, કમાડ ખોલવાનો જરા પણ વિચાર કરવા દે એવી ન હતી. મહિનાઓ વીતી ગયા હતા, પણ વર્ષો વીતી જાય તોપણ કોટનાં દ્વાર ખોલવાની કૌશાંબીને કોઈ જ જરૂર પડે એવી ન હતી, એવામાં એક દિવસ એકાએક જ...?

— ● —

આવા તંગદિલીભર્યા વાતાવરણમાં એક દિવસ એકાએક જ કૌશાંબીના ઉદ્યાનનું ભાગ્ય ખીલી ઊઠ્યું. શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના આગમનની વધામણીએ વાતાવરણમાં એકાએક જ પુણ્યનો પલટો આણી દીધો ! જ્યાં વેરની પાનખર ખડખડી પડી હતી ત્યાં વસંતના ગીત રેલાઈ રહ્યાં. સમશેરો એકાએક જ મ્યાનમાં પ્રવેશી ગઈ. લડાઈની આગ તો સાવ શાંત થઈ ગઈ અને ત્યાં સગાઈના બાગ મહોરી ઊઠ્યા. આવું વાતાવરણ જોતાં ચંડપ્રદ્યોત પ્રસન્ન બની ઊઠ્યો, એને થયું કે, એવાં ભાગ્ય ક્યાંથી કે, આવા યુદ્ધના મેદાનમાં "ક્ષમા વીરસ્ય ભૂષણમ્"નો સંદેશ પ્રભુના મંગલમુખે સાંભળવા મળે !

કૌશાંબીમાં મૃગાવતીને આ વધામણી મળતાં એને થયું કે, ઓહ ! મારી ભાવના ભગવાને સાંભળી ખરી ? દિવસોથી મૃગાવતી એવી ભાવના ભાવી રહી હતી કે, અવંતિ તો હવે પીછેહઠ કરે, એવી કોઈ શક્યતા જણાતી નથી અને કૌશાંબીને તો દ્વાર ખોલવા વિવશ બનવું પડે, એમ જ નથી. તો આવી પરિસ્થિતિનો હવે અંત ક્યારે આવશે ?

હા, પ્રભુ મહાવીર પરમાત્માની જો પધરામણી થાય, તો મને વિશ્વાસ છે કે, આખી પરિસ્થિતિ જ પલટાઈ ગયા વિના ન રહે. ઉલટાયેલી આ પરિસ્થિતિ સુલટાઈ જાય, તો મહાભિનિષ્ક્રમણના માર્ગે જવાની મારી ભાવના પણ સફળ બની જાય !

મૃગાવતી તો આવા મનોરથની માળા જ જપી રહી હતી, એમાં જ્યાં એણે ભગવાનની પધરામણી થવાની વધામણી સાંભળી. ત્યાં એક અનોખો, નિરાળો જ કહી શકાય, એવો નિર્ણય એણે લઈ લીધો અને એની જાણ કરતાં મંત્રીશ્વરને કહ્યું : આનંદો ! દિલનાં દ્વાર અને કાળજાનાં કમાડ યુગોયુગોથી પણ બંધ પડેલાં હોય, તોય એને ખોલાવી નાંખવાની અલૌકિક શક્તિ ધરાવતા પ્રભુ પધારી રહ્યા છે, ત્યારે કૌશાંબીનાં કમાડ બંધ હોય, એ કેમ શોભે ? આખી કૌશાંબી દિલનું દ્વારોદ્‌ઘાટન પામી શકે એ માટે હું ઈચ્છું છું કે, કોટ-કિલ્લાનાં દ્વાર અબઘડી જ ખોલી નાંખવામાં આવે ! મને વિશ્વાસ છે કે, ચંડપ્રદ્યોતની સેના પણ આપણી જેમ જ પ્રભુના શરણે ઉપસ્થિત થઈને પોતાના દિલના દ્વારોદ્‌ઘાટનનો આ મહોત્સવ માણવામાં પાછી પાની નહિ જ કરે !

મૃગાવતીએ તો તરત જ જાહેરાત કરાવી કે, કૌશાંબીના આંગણે પ્રભુ પધાર્યા છે, માટે કૌશાંબીના દ્વાર ખૂલવાનાં છે અને રાજા અને પ્રજા સૌએ કોઈપણ જાતનો ભય, રાખ્યા વિના દિલનાં દ્વાર ખોલી નાંખતી ધર્મદેશનાનું શ્રવણ કરવા દર્શનયાત્રામાં જોડાવાનું છે.

આખી કૌશાંબી આનંદિત બની જઈને નિર્ભયતા સાથે દેશના-શ્રવણ કરવા માટે ઉત્કંઠિત બની ઊઠી. અને કોટ-કિલ્લાનાં દ્વાર ખૂલતાંની સાથે જ મોટો માનવ મહેરામણ બહાર ઉમટી આવ્યો. કૌશાંબીનું અનુકરણ અવંતીશ ચંડપ્રદ્યોતની સેનાએ પણ કર્યું. જે પ્રભુના પ્રભાવમાં આવીને સાપ-નોળિયા જેવા જન્મજાત વેર ધરાવતાં પ્રાણીઓ પણ મિત્ર બનીને

એકબીજાથી વહાલ કરવા લાગી જાય, એ પ્રભુનો પ્રભાવ ગમે તેવા વેરી પર પણ કામણ કરવા માટે કેમ સમર્થ ન હોય ! પ્રભુના પ્રભાવે ચંડપ્રદ્યોતની વેર અને વાસના તો જાણે વિદાય થઈ ગઈ તેમ જ મૃગાવતીની પ્રદ્યોત પરની હિતકામના વધુ ઘેરી બની.

કૌશાંબી અને અવંતિ સાથે મળીને જ્યારે પ્રભુના સમવસરણ તરફ જવા માંડ્યા, ત્યારે મોટો એક માનવ મહેરામણ ઘૂઘવતા મોજાંઓ સાથે ભરતી ભણી ધસી રહ્યો હોય, એવું દૃશ્ય ત્યાં સર્જાયું. એમાં જોડાનારાય ધન્ય બની ગયા, એ મહેરામણને નિહાળનારા પણ ધન્ય ધન્ય બની ગયા. સૌ સમવસરણમાં પહોંચ્યા, ત્યાં તો સાક્ષાત્ અમૃતની વર્ષા જ થઈ રહી હતી ! દેવાધિદેવની દિવ્ય-વાણીના શ્રવણે સૌનાં બિડાયેલાં દિલ-દ્વાર ખૂલી રહ્યાં. પ્રભુની એ ધર્મધારામાં સંસારનું સ્વરૂપ અને મોહનાટકનું વિડંબન હૂબહૂ રજૂ થતાં મૃગાવતીને ખુદને એમ જ લાગ્યું હતું કે, મહાભિનિષ્ક્રમણની મારી ભાવનામાં વેગ આણવા જ પ્રભુએ આવી દેશના આપી હોવી જોઈએ અને ચંડપ્રદ્યોતને એમ જ લાગ્યું કે, મારા મોહતિમિરને હરવા જ પ્રભુએ ધર્મનાં આવાં અજવાળાં ફેલાવ્યાં હોવાં જોઈએ ! પ્રભુની દેશનાના એવા અતિશયના પ્રભાવે સૌને જાણે એમ લાગ્યું કે, પ્રભુ મને ઉદ્દેશીને જ ઉપદેશ સુણાવી રહ્યા છે ! ત્યારે મૃગાવતી અને ચંડપ્રદ્યોતને તો આવી વિશેષાનુભૂતિ ન થાય, એ જ નવાઈ ગણાય.

કૌશાંબીની અંદર શત્રુભયથી શંકિત બનેલ વાતાવરણ હતું અને બહાર યુદ્ધની વિભીષિકાનો પડઘો હતો. આવા વાતાવરણમાં પ્રભુનું આગમન થયું, એ જ એક આશ્ચર્ય હતું, બીજું આશ્ચર્ય એ હતું કે, કૌશાંબી અને ઉજ્જયિની એક ધર્મતીર્થને આરે પ્રેરણાનું જલપાન કરી રહી હતી. આ બંને આશ્ચર્યોને સાવ વામણાં સાબિત કરી દે એવું ત્રીજું આશ્ચર્ય એ ધર્મદેશનામાં સર્જાયું હતું. મહાસતી મૃગાવતી એકાએક ખડી થઈ ગઈ. ભાગવતી પ્રવ્રજ્યાના સ્વીકારની એની ભાવના એક ભરતીની

જેમ પ્રચંડ બની. એણે પ્રભુને વિનંતી કરી : ભગવન્ ! કૃપા કરીને મને પ્રવ્રજ્યાનું પ્રદાન કરો.

આ સાંભળીને કૌશાંબી નગરી પણ ખળભળી ઊઠી. એટલું જ નહિ અવંતીશ ચંડપ્રદ્યોતના આશ્ચર્યનો પણ પાર ન રહ્યો. સૌને માટે કલ્પના બહારનું આ દૃશ્ય હતું. આંખમાંથી હર્ષનાં આંસુ સારવા કે અંતરમાં અનુતાપ અનુભવવો, એ કોઈ સમજી શકતું ન હતું, ત્યાં તો મહાસતી મૃગાવતીએ તો પ્રભુની સમક્ષ અંતરની આરઝૂને રજૂ કરતાં કહ્યું :

"ભગવન્ !!! અવંતિપતિ ચંડપ્રદ્યોત અણીના અવસરે મારા રક્ષણહાર બન્યા છે,હવે ઉદાયન પણ એમના ખોળે જ નિર્ભયતા માણી શકશે. મારા રક્ષણહાર ચંડપ્રદ્યોત મને જરૂર સંયમના માર્ગે સંચરવાની અનુમતિ આપશે જ, એવો મારો વિશ્વાસ છે. આમ, મારો સંયમપથ મને તો નિર્વિઘ્ન જણાય છે."

આટલું બોલીને મૃગાવતી ઉદાયનને લઈને ચંડપ્રદ્યોત પાસે આવી ઊભી. ઉદાયનને ચંડપ્રદ્યોતના ખોળામાં સમર્પિત કરતાં એણે કહ્યું : કૌશાંબીની જેમ આની સુરક્ષા પણ આપે જ કરવાની છે. આટલું બોલીને મૃગાવતી ચંડપ્રદ્યોતનાં ચરણો ઝાલતી બોલી : રક્ષણહાર ! અંતરથી અનુમતિ આપો, જેથી મારો સંયમનો પથ નિર્વિઘ્ન અને નિષ્કંટક બને.

ચંડપ્રદ્યોતે એક સુખદ આંચકો અનુભવ્યો. સ્નેહથી ભર્યા ભર્યા એક હાથે એમણે ઉદાયનને પોતાના ખોળામાં બેસાડ્યો અને બીજો હાથ મૃગાવતીના માથે ધરતાં કહ્યું : શિવાસ્તે સન્તુ પંથાનઃ.

આ પછીનું દૃશ્ય તો અદ્ભુત, અતિ અદ્ભુત, અતિ-અતિ અદ્ભુત સર્જાયું. આંખે-આંખે આંસુનાં આસોપાલવીય તોરણો રચાયાં. અંતરે-અંતરે સ્વસ્તિ-ભાવનાનાં સ્વસ્તિકો રચાયાં અને આવા સર્વ-મંગલ-

માંગલ્યથી ભર્યા-ભર્યા વાતાવરણમાં મહાસતી મૃગાવતી દીક્ષિત બનીને મહાસાધ્વી મૃગાવતી બન્યાં. એમનાં દર્શને કૌશાંબીપતિ ઉદાયન અને અવંતિપતિ પ્રદ્યોત જાણે બાપ બેટા બનીને હર્ષાશ્રુ વહાવી રહ્યા. મૃગાવતીની આ દીક્ષાની ખૂબ જ ઘેરી અસર ચંડપ્રદ્યોતની અંગારવતી આદિ આઠ રાણીઓ ઉપર પડી હતી, એનો સૌને ખ્યાલ તો અત્યારે જ આવ્યો કે, જ્યારે એ રાણીઓ ચંડપ્રદ્યોતની અનુમતિ લઈને એ જ ધર્મસભામાં દીક્ષિત બની ગઈ, સાધ્વીજી શ્રી ચંદનબાળાના ભિક્ષુણી-સંઘમાં જોડાઈને એ સૌ નૂતન સાધ્વીજીઓ સંયમ-ધર્મનો અનેરો જયજયકાર જગાવી રહ્યાં. યુદ્ધઘોષણાથી ભીષણ ભાસતા એ વાતાવરણમાં આ રીતે પ્રબુદ્ધનો જે પ્રઘોષ એક દિ' એવો જાગ્યો કે, એ અનેક રાજ્યોમાં તે પડઘાતો જ રહ્યો !

• • •

૧૧

# ઉદાયનનું ભેદી અપહરણ

મહાસતી મૃગાવતી કૌશાંબીના રાજકીય આકાશમાં થોડો સમય સુધી સૂર્યની જેમ પ્રકાશનું સામ્રાજ્ય રેલાવીને દીક્ષિત બની ગયાં. પ્રભુ શ્રી મહાવીરદેવના સાંનિધ્યે અને સતી-સાધ્વી મૃગાવતીના પ્રભાવે આખી બાજી જ પલટાવી નાંખી, જેથી અવંતિની ચંડપ્રદ્યોતે પૂર્વે તો કોટ-કિલ્લા દ્વારા જ રક્ષા કરી હતી, એઓ હવે કૌશાંબી માટે સાચા અર્થમાં પ્રાણના રક્ષક બન્યા. પ્રભુ વીરની, ધર્મસભામાં પોતે વચનબદ્ધ બન્યા હતા, એથી મૃગાવતી અને પોતાની સાત રાણીઓની દીક્ષા બાદ તેઓ ઉદાયનને આગળ કરીને કૌશાંબીમાં પ્રવેશ્યા. ઉદાયનનો રાજ્યાભિષેક થઈ ગયો હોવા છતાં રાજ્યાભિષેક જેવી જ

ખુશાલી મનાવીને ચંડપ્રદ્યોતે કૌશાંબીનું થોડુંક આતિથ્ય માણ્યું અને એક દિ' એઓ પોતાની રાજધાની ઉજ્જયિની તરફ પાછા ફર્યા.

કૌશાંબીએ બહારથી જ નહિ, ભીતરથી પણ નવા સાજ-શણગાર સજ્યા હતા, એથી ત્યાં રાજવી તરીકે પહોંચેલ ઉદાયનની અને મંત્રી તરીકે યુગંધરના પુત્ર યૌગંધરની બોલબાલા બોલાઈ રહી હતી. પ્રજા આ રાજવીની દિલના દીવડાઓથી આરતી ઉતારતાં થાકતી નહોતી. નવા રાજવીને ભેટણાં ધરવા માટે આવનારા રાજવીઓની કતાર તો અવિરત ચાલુ જ રહેતી હતી. આમ, થોડા દિવસો સુધી તો રાજવી ઉદાયનની આંખ સામે આ જલસો એવી રીતે છવાયેલો જ રહ્યો કે, એ આચ્છાદન મૃગાવતીની સ્મૃતિ પર પડદો બની શક્યું ! પણ ખુશાલીના એ દિવસો વીત્યા અને પછી તો ઉદાયનની આંખ માતૃ-સ્મૃતિથી ભીની ભીની જ રહેવા માંડી.

રાજવી ઉદાયનની આસપાસ પુણ્યનો પ્રકાશ છવાયેલો હતો. વત્સદેશના અધિરાજ તરીકે એમની નેકી અને છડી પુકારાતી હતી. સ્વર્ગની અપ્સરાને પાણી ભરાવે, એવી સુંદરીનું સ્વામીત્વ એમને પ્રાપ્ત થયું હતું. સાર્વભૌમ સ્વામીત્વ ફેલાવતો એમનો પુણ્યનો પ્રકાશ ભલભલાં રાજ્યોને આંજી દે એવો હતો. પરંતુ આ બધું હોવા છતાં ઉદાયનના મનની સ્થિતિ તો "જલ બીન મીન પિયાસી" જેવી હતી. સમૃદ્ધિનું આ સરોવર તો ભર્યું ભર્યું જ હતું, પણ માતૃસ્મૃતિની એમની પ્યાસ બુઝાવવા જે તત્ત્વ ખૂટતું હતું, એની પૂર્તિ તો હવે શક્ય જ ન હતી.

ઉદાયનના ચરણોની સેવા કરનારા તો અનેક હતા, પણ ઉદાયનને જેની સેવા કરવાના મનોરથ હતા, એવું ચરણ તો એક પણ નહોતું. જેની સેવાથી ઉદાયન આત્મ સંતોષ અનુભવી શકે, એવી માતા મૃગાવતી સંયમી બની ચૂકી હતી. એનો જોકે એને આનંદ હતો. પણ

બીજી તરફ માતૃછાયા વિનાના જીવનમાં એમને ખૂબ ખૂબ એકલતા ભાસી રહી હતી, એ પણ એક હકીકત હતી. આ એકલતાની પૂર્તિ કાજે એઓ કદી વન-ઉપવનોમાં ટહેલવા જતા, કદી એમના ચરણ બાગ-બગીચા તરફ આગે બઢતા, કોઈક વાર એમનો પ્રવાસ ગિરિપર્વતો તરફ થતો. આ બધાં સ્થાનોમાં ઘૂમવા-ફરવા છતાં એમને જે સંતોષ ન થતો, એ સંતોષ વીણાવાદન દ્વારા સામેથી ચાલીને એમને ભેટવા માટે આવતો હતો એથી થોડા દિવસોના જુદા જુદા પ્રયોગો પછી વનનો પ્રવાસ આદિ બધી જ પ્રવૃત્તિઓ માંડી વાળીને અંતે એમણે વીણાવાદન દ્વારા જ આત્મસંતોષ માણવાનું નક્કી કર્યું અને લગભગ રોજેરોજ થોડુંઘણું વીણાવાદન એમના જીવનનો એક અવિભાજ્ય નિત્યક્રમ બની ગયું.

જે વીણાવાદન દ્વારા ઉદાયન માતાના અભાવની થોડીઘણી પૂર્તિ અનુભવતો, એ વીણાવાદન કૌશાંબીની પ્રજા માટે પણ પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટેનું એક મોટું સંગીત-સરોવર બની ગયું ! દેવતાએ "અપૂર્વ વીણાવાદક" તરીકેનું વરદાન બક્ષ્યું હતું, એથી એ વીણાવાદન ભલભલાનાં દિલ ડોલાવનારું બની રહે, એમાં શી નવાઈ હતી. એથી વીણાવાદનના સમયની સૌ પ્રતીક્ષા કરતા અને જ્યાં વીણાવાદનની સૂરાવલિ સંભળાતી, ત્યાં જ દૃશ્ય-અદૃશ્ય રીતે એને સાંભળનારા સૌ મંત્રમુગ્ધ બનીને ડોલી ઊઠતા. આમ, મૃગાવતીની દીક્ષા બાદ ઉદાયન સાર્વભૌમ ઉપરાંત અપૂર્વ વીણાવાદક તરીકે ધીમે ધીમે એવી પ્રખ્યાતિ પામતા ગયા કે, વીણારસિકો માટે કૌશાંબી જાણે એક પ્રિયધામ થઈ પડ્યું.

ઉદાયનની વીણાવાદન કલા ખરેખર અપૂર્વ જ નહિ, કોઈના મગજમાં ન ઊતરે, એવા ચમત્કારો સર્જનારી હતી. ભરજંગલમાં જઈને એઓ વીણાના તાર છેડતા તો આસપાસમાંથી હરણિયાંઓ, સર્પો અને હાથી જેવાં પ્રાણીઓ પણ એ સંગીત સાંભળવા માટે દોડી આવતા.

એ સંગીત-સૂરાવલિની મુગ્ધતા એટલી તો સરસ અને સચોટ નીવડતી કે, એના નાદેનાદે, અવાજથી ખેંચાતાં હરણિયાં અને હાથી જેવાં પ્રાણીઓ નિર્ભય બનીને છેક કૌશાંબીમાં દોરાઈને આવતાં. આવી મંત્રમુગ્ધતા નજરોનજર જોઈ ન હોય, તો તો કોઈ સાચી માનવા માટે તૈયાર જ ન થાય ! પરંતુ એને જોનારા પણ, જોયા બાદ એવી શંકા સેવનારા બની જતા કે, આવું કઈ રીતે બની શક્યું હશે ? શું શબ્દ અને સ્વરની શક્તિ આટલી બધી હોઈ શકે ?

આમ, વીણામાં રહેલી વશીકરણ શક્તિ ઉદાયનના હાથના સ્પર્શે જેમ જેમ પ્રગટ થતી ગઈ, એમ એમ એની વાતો કથા બનીને આસપાસ ફેલાવો પામતી રહી. આ વાત એક દહાડો ઉજ્જયિની પહોંચી અને ચંડપ્રદ્યોત રાજવીના કાનમાં પ્રવેશીને એમને જાણે કહી રહી : વાસવદત્તા માટે ઉદાયન જેવો શિક્ષક મળતો હોય, તો એને જરૂર મોતીથી વધાવી જ લો !

અવંતિપતિ ચંડપ્રદ્યોતની એક પુત્રીનું નામ વાસવદત્તા હતું. સાર્થક આ નામ હતું. વાસવદેવની આરાધના બાદ આ પુત્રીની પ્રાપ્તિ થઈ હોવાથી જ, એનું નામ વાસવદત્તા રાખવામાં આવ્યું હતું. શૈશવ અવસ્થામાંથી જ વાસવદત્તાએ જાણે ગળથૂથીમાં સ્વરકળાનું ધાવણ રૂપે પાન કર્યું હતું. એથી થોડીક વય વધ્યા બાદ એ બોલતી તો જાણે ફૂલડાં ખરતાં અને એ ચાલતી તો જાણે પાયલ બજી ઊઠતા. આમ, સંગીત-કલા એને જાણે સામે જઈને વરી હતી એથી ચંડપ્રદ્યોતે એમ નક્કી કર્યું હતું કે, વાસવદત્તાને એવું સંગીતશિક્ષણ આપવું કે, વાસવદત્તા જાણે જીવતું-જાગતું સંગીતનું શાસ્ત્ર જ બની જાય !

એક તો વાસવદત્તા પૂર્વના કોઈ સંગીત-સંસ્કાર લઈને આવી હતી, એમાં પાછું એને ઊંચામાં ઊંચું શિક્ષણ પણ મળ્યું. પછી એના કર અને કંઠ પામીને સંગીતશાસ્ત્રો બોલકાં બની જાય, એમાં શી નવાઈ ! આમ, ધીમેધીમે વાસવદત્તા સંગીત-કળાની અપૂર્વ સાધિકા બની ગઈ. એની

વય બાર-તેર વર્ષની થઈ. સંગીતની એની સાધના તો ચાલુ જ હતી. એ અરસામાં ચંડપ્રદ્યોતના કાને ઉદાયનની સંગીત વિશારદતાની વાતો સાંભળવામાં આવી અને એઓ ખુશખુશ થઈ ગયા. એમને થયું કે, ઉદાયન જો ગાંધર્વ સંગીતના શિક્ષક તરીકે મળી જાય, તો વાસવદત્તાની સંગીતકળા બિનહરીફ બની ગયા વિના ન રહે !

ઉદાયન યૌવનના પ્રવેશદ્વારે ઊભા હતા, વાસવદત્તાની વય પણ લગભગ ઉદાયન જેટલી જ હતી. અને બંનેને એ સંગીત જેવા વાતાવરણમાં વિલસવાનું બને, તો એથી ગુરુ-શિષ્યનો આ સંબંધ જોખમી બની જાય, એવી સંભાવનાઓ હોવા છતાં એ સંભાવનાઓ નિષ્ફળ નીવડે એવો વ્યૂહ વિચારવાનું ભાવિ પર છોડીને એક દિવસ ચંડપ્રદ્યોતે ઉદાયનને ગાંધર્વકળાના ગાયકગુરુ તરીકે આમંત્રણ આપવાનું નક્કી જ કરી નાખ્યું. પોતાના અનેક ઉપકારો ઉદાયન પર હતા, એથી ઉદાયન આ આમંત્રણને તરત જ સ્વીકારી લેશે, એવો વિશ્વાસ સેવતા ચંડપ્રદ્યોતે એક દિવસ લોહજંઘને કૌશાંબી ભણી રવાના કર્યો.

લોહજંઘને માટે તો ઉજ્જયિની અને કૌશાંબી વચ્ચેનું અંતર થોડા જ દિવસોમાં કાપી નાખવું, એ તો રમત વાત હતી એથી થોડા જ દિવસોમાં કૌશાંબીપતિ ઉદાયનની રાજસભામાં એ આવી ઊભો. લોહજંઘને એકાએક ઉપસ્થિત થયેલો જોતાં જ મંત્રી યૌગંધર સાશંક બની ગયા. ઉદાયને સ્નેહપૂર્વક દૂતને પૂછ્યું : અમારા મહોપકારી અવંતિપતિ તો આનંદમંગલમાં છે ને ? તેં દર્શન આપીને ખરેખર અવંતિપતિની યાદ વધુ ઘેરી બનાવી !

લોહજંઘ દૂતે કહ્યું : અવંતિપતિને પણ આપની યાદ બહુ સતાવી રહી છે. માટે જ હું આપને અવંતિ પધારવાનું આમંત્રણ આપવા જ આવ્યો છું. અવંતિપતિ સકુશળ છે. પણ આપનું અવંતિ-આગમન

એમને વધુ કુશળતા અને મંગલમયતા બક્ષશે એમાં શંકાને કોઈ સ્થાન નથી. આ આમંત્રણ સકારણ પણ છે.

'કયું કારણ ?' ઉદાયને પ્રશ્ન કર્યો. આ પ્રશ્નમાં હૈયાનો પ્રેમ નીતરતો હતો. એવા જ નીતરતા નેહ સાથે લોહજંઘે કહ્યું કે અમારા રાજવી ચંડપ્રદ્યોતને વાસવદત્તા નામની એક પુત્રી છે. દેવે દીધેલી આ દીકરી ગત જન્મની અધૂરી સંગીતની સાધનાને પૂરી કરવા જ જાણે જન્મી હોય, એમ એની સંગીતજ્ઞતા જોતાં લાગે ! એની બોલચાલ, એનું હલનચલન, અરે ! એની હરકોઈ પ્રવૃત્તિમાંથી સંગીત રેલાતું ન હોય, એવું બને જ નહિ ! હાલ તો એ વાસવદત્તાએ સંગીતનું સર્વોચ્ચ શિખર સર કરી લીધું છે. હવે એને વધુ ભણાવે, એવા સંગીતજ્ઞની શોધમાં હજી સફળતા મળી નથી. તોય અવંધિપતિએ નિરાશ બન્યા વિના શિક્ષકની એ શોધ ચાલુ જ રાખી છે. એટલામાં મહારાજને આપ યાદ આવ્યા અને આપની અપૂર્વ વીણાવાદકતા પણ યાદ આવી. સાથે સાથે આપની સાથેનો પ્રસ્થાપિત નવો સંબંધ પણ યાદ આવ્યો. એટલે મહારાજે મને આપની પાસે પાઠવ્યો છે. હું આપને વિનંતી કરું છું. આપ કળાગુરુ તરીકે ઉજ્જયિનીમાં પધારો અને અનેકની આંખમાં અમૃતનું અંજન પૂરું પાડો.

લોહજંઘની વાત સાંભળીને ઉદાયનનું સ્નેહાળ હૈયું દ્રવિત બની ગયું. એમણે મંત્રીની સામે નજર કરી. મંત્રીનો ઈશારો સમજી જઈને એમણે દૂતને કહ્યું : મહારાજ જેમ મને ઝંખે છે, એમ હું પણ મહારાજનું દર્શન ઝંખું છું. પરંતુ આ અંગેનો અંતિમ નિર્ણય તો કાલ ઉપર જ રાખીએ.

લોહજંઘે આ જવાબ સાંભળ્યો અને એને આશા બંધાઈ. સભાના વિસર્જન બાદ ઉદાયન મંત્રણાખંડમાં પધાર્યા. મંત્રીશ્વર પણ ત્યાં હાજર થઈ ગયા હતા. આ એક મહત્ત્વનો વિષય હતો, એથી મંત્રી યૌગંધરના પિતાશ્રી યુંગધરને પણ ત્યાં બોલાવાયા હતા. મંત્રણાનો સંદર્ભ જાણી

લીધા બાદ મંત્રી યુગંધરે નવો જ એક મુદ્દો આગળ કરતાં કહ્યું : વાસવદત્તાની શિષ્યા થવાની શું ખરેખર તૈયારી છે ? તો શિષ્યા ગુરુની સામે જાય કે ગુરુએ સામેથી ચાલીને શિષ્યા સમક્ષ જવાનું ?

મંત્રી યૌગંધરને પણ આ મુદ્દો ગમી ગયો. ઉજ્જયિની જવું એમને ઉદાયન માટે હિતાવહ જણાતું ન હતું. પણ કોઈ મહત્ત્વનો મુદ્દો વિરોધ ઊઠાવવા માટે મળી જાય, તો જ નોંધાયેલો એ વિરોધ વજનદાર ગણાય એથી મંત્રી યૌગંધરે પણ આ જ મુદ્દાને મહત્ત્વ આપતા કહ્યું કે : રાજન્ ! ખરેખર સંગીતની વિદ્યા મેળવવી જ હોય, તો વાસવદત્તા જ અહીં શા માટે આવે નહિ ? એની આગતા-સ્વાગતા કરવામાં આપણે કોઈ જાતની કમી, ઓછપ નહિ રાખીએ.

આ પછી ઘણી બધી વિચારણા થઈ. એ મંત્રણા-વિચારણા દરમિયાન ચંડપ્રદ્યોતનો ભૂતકાળ પણ ઉલ્લેખવામાં આવ્યો. નજીકનો જ ભૂતકાળ-વર્તમાનકાળ તાજો કરીને એમાં ચંડપ્રદ્યોતે અપનાવેલો અભિગમ વિચારવામાં આવ્યો અને અંતે સર્વસંમતિપૂર્વક એવું નક્કી કરવામાં આવ્યું કે, કૌશાંબી તરફથી આપણે ચંડપ્રદ્યોતને એવું આમંત્રણ પાઠવવું કે, વાસવદત્તા જરૂર જરૂર કૌશાંબીમાં સંગીતશાસ્ત્રના વિશેષ અધ્યયનાર્થે પધારે, કાળજાની કોરની જેમ કૌશાંબી રાજપુત્રીને જાળવશે, અહીં એમનું અધ્યયનકાર્ય પણ ચાલશે, સાથે સાથે ઉદાયન રાજકાજનું સંચાલન પણ કરી શકશે. આમ, બેવડો વિચાર કરીને વાસવદત્તાને કૌશાંબી તરફ પ્રયાણ કરવાની અનુજ્ઞા આપશો, તો અમે આપના ખૂબ ખૂબ આભારી થઈશું.

રાજવી ઉદાયન વિના રાજકાજ તો સારી રીતે ચાલી શકે એમ જ હતું, પણ ચંડપ્રદ્યોતનો ભૂતકાળ વિચારતાં એમના પર કોઈને વિશ્વાસ બેસતો ન હતો. કૌશાંબીના કોટ-કિલ્લાના નવનિર્માણને કાજે ઈંટ, પથ્થર ઉપાડવા સુધીની કરસેવા કરવા તૈયાર થઈ ગયેલા ચંડપ્રદ્યોત જેમ મનોરથ નિષ્ફળ જતાં તાતી તલવાર તાણીને વેર વાળવા ખડા થઈ ગયા

હતા, એમ અત્યારે રક્ષણહાર સમાન દેખાતા તેઓ પાછા ક્યારે તલવાર તાણી બેસે એ કહી ન શકાય ! આ જાતની અવિશ્વાસભરી આશંકાના કારણે જ મંત્રીઓ એમ નહોતા ઇચ્છતા કે, અવંતિપતિનું આમંત્રણ ઉદાયન સ્વીકારે ! એથી આમંત્રણનો અસ્વીકાર કરવાના બદલે એમણે સામેથી વાસવદત્તાને જ આમંત્રણ પાઠવવા દ્વારા પોતાનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવવાનો નિર્ણય લઈ લીધો.

બીજા દિવસની રાજસભા શરૂ થઈ, ત્યારે ઉદાયનનો જવાબ જાણવા લોહજંઘ હાજર જ હતો. અવંતિના આમંત્રણનો જવાબ, કૌશાંબીના પ્રતિ આમંત્રણ દ્વારા જ્યારે એને મળ્યો, ત્યારે એ જરા નિરાશ થઈ ગયો. કૌશાંબીનું હિત જાળવવા જતાં કોઈને નિરાશ કરવા પડે, એની કોઈ ચિંતા મંત્રીશ્વરોને નહોતી. લોહજંઘે પોતાનું આમંત્રણ અનેક રીતે દોહરાવ્યું, પણ કૌશાંબીએ તો જરા પણ નમતું ન તોળ્યું. એથી અંતે લોહજંઘ નિરાશ હૈયે એક દિવસ ઉજ્જયિની તરફ પાછો ફર્યો.

અવંતિપતિને તો એવો આકંઠ વિશ્વાસ હતો કે, પોતાનું આમંત્રણ, નિમંત્રણ પાછું તો નહિ જ ઠેલાય ! પણ જ્યારે લોહજંઘ હતાશ હૈયે પાછો ફર્યો, ત્યારની એની ચાલ પરથી જ કૌશાંબીના જવાબ અંગે એમણે એવું અનુમાન કરી લીધું હતું કે, અવંતિનું આમંત્રણ પાછું ઠેલાયું હોય એમ લાગે છે : લોહજંઘે જ્યારે વિગતવાર, સંપૂર્ણ બધી વાત કરી, ત્યારે ચંડપ્રદ્યોતનું હૈયું જરાક ઘવાયું. કળાગુરુ તરીકે ઉદાયનનું ઉજ્જયિનીમાં આગમન કોઈ પણ રીતે તેઓ કરાવવા માંગતા હતા અને વાસવદત્તાનું સંગીત અધ્યયન આગળ વધારવા પણ ઇચ્છતા હતા, એથી હવે આ અંગેની વિચારધારા એમના દિલોદિમાગમાં વહેતી થઈ ગઈ.

કૌશાંબીથી ગયેલા લોહજંઘના ગમન પર દિવસો વીતી ગયા, પરંતુ ઉજ્જયિનીથી બીજો કોઈ સંદેશ આવ્યો નહિ, એથી વત્સરાજ ઉદાયને

એમ માની લીધું કે, પોતાની વાજબી વાત ચંડપ્રદ્યોતના ગળે ઊતરી ગઈ લાગે છે, એથી હવે તેઓએ પોતાના આગ્રહને મૂકી દીધો હોવો જોઈએ. આમ ટાઢે પાણીએ ખસ ગયાની સંતોષાનુભૂતિ માણીને કૌશાંબીએ નિશ્ચિંતતા અનુભવી અને રાજવી ઉદાયન રાજકાજની સાથે સાથે વ્યસનની જેમ વળગેલા વીણાવાદનના માધ્યમે ધીમે-ધીમે માતૃસ્મૃતિને વિસારે પાડવામાં સફળ નીવડતા ગયા. હવે એમને એવી અનુભૂતિ થવા માંડી કે, એ માતા સાધ્વીજીની સંયમસાધના જ કૌશાંબીની ક્ષેમ કુશળતાની વાહક નહિ બની રહી હોય, એની શી ખાતરી ?

વત્સરાજ ઉદાયનના જીવનમાં આમ રાજકાજ અને વીણાવાદન કોઈ એક જ ચીજના બે પાસાંની જેમ રસ-વિસ્તાર વધારતા ગયા. એમની રાજકુશળતા જોનારને એમ થતું કે, આ હાથને વળી વીણાવાદનની કુશળતા કંઈ રીતે વરી શકે ? એમનું વીણાવાદન જોનારને તો એમ થઈ આવતું કે, વીણાના આવા અઠંગ વાદકની ચાંચ રાજકાજમાં વળી કઈ રીતે ખૂંચતી હશે ?

અવંતિનું આમંત્રણ આવ્યું અને એના જવાબમાં પ્રતિ આમંત્રણ પાઠવવામાં આવ્યું. આ પ્રસંગ બની ગયા પછીના ઘણા મહિનાઓ પછીની વાત છે. એક દિવસ રાજવી ઉદાયન સભામાં બેઠા હતા. ત્યાં જ એક વનેચર સભામાં પ્રવેશ્યો, રાજ્ય તરફથી વનની રક્ષા કાજે નિયુક્ત કરાયેલો એ વનેચર હતો. નામ તો એનું વનમાળી હતું. પણ બધા એને વનેચરના નામે જ ઓળખતા હતા. વનેચર રાજવીનાં ચરણને નમીને ઊભો રહ્યો. ઉદાયને એને પૂછ્યું : વનપ્રદેશના શા સમાચાર છે ? કોઈ વન્ય-પ્રાણી આપણી હદમાં ઘૂસી તો આવ્યું નથી ને ?

વનેચરની નિયુક્તિ એ માટે જ હતી કે, અન્ય પ્રદેશના કોઈ પ્રાણીને એ કૌશાંબીના વનપ્રદેશમાં ઘૂસવા ન દે અને કોઈ ઘૂસણખોરી

કરી ગયું હોય, તો એને ભગાડી મૂકે તેમજ એમાં તેને સફળતા ન સાંપડી શકે એમ હોય, તો કૌશાંબી આવીને એની વિગત રજૂ કરે ! વનેચરે કહ્યું : સ્વામી ! એક મહાકાય ગજરાજ છેલ્લા કેટલાક દિવસોથી આપણા પ્રદેશમાં ઘૂસણખોરી કરતો કરતો આગળ આવી રહ્યો છે. શી ગંજાવર એની કાયા છે ? એક નાનકડી ટેકરી જ ન હોય, એવો આભાસ કરાવતો એ ગજરાજ ભયંકર પણ છે અને દર્શનીય પણ છે. મેં તો મારી જિંદગીમાં આવો ગજરાજ ક્યારેય જોયો નથી. એની ચાલ પર વહાલ કરવાનું મન થઈ જાય એમ છે. એની કાયા કામણગારી છે, ઇન્દ્રનો હાથી જાણે એની કાયામાં પ્રતિબિંબિત બની રહ્યો છે. મહારાજ ! હું આપને વિનંતી કરવા આવ્યો છું કે, આવું ગજરત્ન જો હાથમાં આવી જતું હોય, તો એને જવા દેવા જેવું નથી ! છેવટે આ ગજ-રત્નનાં દર્શન તો અત્યારે જ અવશ્ય કરવા જેવાં છે.

વનેચરે જે વર્ણન કહ્યું, એ સાંભળતાં જ ઉદાયનને પોતાનું પ્રિય વાદ્ય સાંભરી આવ્યું. વીણાવાદન ગમે તેવા મદોન્મત્ત ગજરાજને પણ વશ કરવા માટે સમર્થ હોય છે. એની ઉદાયનને ખાતરી હતી, એથી વીણા લઈને એઓ એ ગજરત્નને વશ કરવા ચાલી નીકળ્યા. વનનો સવાલ હતો અને એક ગજરાજને વશ કરવાનો મામલો હતો એથી ઠીક ઠીક સૈનિકો પણ ઉદાયનની પાછળ પાછળ ચાલી નીકળ્યા. જાણે એક નાનકડી સેના જ ઉદાયનની પાછળ પાછળ એ વનમાં જઈ પહોંચી. ઉદાયનની આંખમાં ગજરાજનાં દર્શનની આતુરતા હતી, એથી એઓ કોઈ પણ જાતની થકાવટ અનુભવ્યા વિના આગળ વધી રહ્યા. થોડા જ દિવસોમાં એમની આતુરતાનો અંત આવ્યો. જે વનના પ્રદેશમાં ગજરાજની સંભાવના હતી, એનો આરંભ થતાં જ ઉદાયને પોતાની પાછળ આવી રહેલી સેનાને ત્યાં જ થંભી જવાનો આદેશ આપતાં કહ્યું : મને મારી વીણા પર વિશ્વાસ છે. માટે પ્રથમ દાવ મારે જ અજમાવવો છે. તમે બધા જ અહીં અટકી જાવ. વીણાવાદનથી ગજરાજને વશ

કરવામાં તમે બધા અટકાયત રૂપ બનો, એવી સંભાવના છે. કદાચ તમને બધાને જોઈને ગજરાજ નજીક પણ ન આવે. માટે અહીંથી આગળ હવે એકલો હું અને એકલી મારી વીણા જ આગળ વધશે. તમે બધા દૂર દૂરથી મારું વીણાવાદન સાંભળીને જ સંતોષ માનજો ! બાકીની બધી બાજી હું સંભાળી લઈશ.

ઉદાયનની આજ્ઞા થતાં જ સેના ત્યાં જ થંભી ગઈ અને ઉદાયન અત્યંત વિશ્વાસુ એવા થોડાક સાથીઓ સાથે વીણાવાદન કરતાં કરતાં આગળ વધી રહ્યા. એઓ જ્યાં થોડાક જ આગળ વધ્યા, ત્યાં જ દૂર દૂર કોઈ ડોલતો ડુંગર જેવો એક હાથી એમની નજરે ચડ્યો. એને જોઈને ઉદાયને વીણાના વાદનમાં વધુ પ્રાણ પૂર્યા. ઉદાયન દ્વારા એક તરફ વીણાવાદનમાં પ્રાણ પુરાતા ગયા, એમ બીજી તરફ ગજરાજનું ડોલન નૃત્યમાં પલટાતું ગયું. મદારીની મોરલીના સૂર જેમ નાગને ડોલાવે, એમ ઉદાયનનું વીણાવાદન ડુંગર જેવા એ ગજરાજને ડોલાવી ગયું.

ગજરાજનું ડોલન જોતાં જ ઉદાયનને વિશ્વાસ બેસી ગયો કે, આ ગજરાજને વશ કરવો, એ તો હવે મારા માટે ડાબા હાથનો ખેલ ગણાય ! એથી વીણાવાદનમાં એમણે એવી માધુરી બિછાવી કે, ઉદાયન અને ગજરાજની વચ્ચે થોડાક જ હાથનું છેટું રહ્યું, ઉદાયન ખુશ ખુશ થઈ ગયા. પણ વળતી જ પળે બાજી પલટાઈ ગઈ. એકદમ નજીક આવી પહોંચેલા ગજરાજ હવે પાછા હટવા લાગ્યા એથી એમની પાછળ પાછળ ઉદાયન ખેંચાવા માંડ્યા.

ઉદાયન ગજરાજને ખેંચવા આવ્યા હતા, એ કાર્યસિદ્ધિ થઈ જતાં હવે જાણે ઉદાયનને ગજરાજ પોતાના તરફ આકર્ષી રહ્યા. ગજરાજે પણ હઠવાની ગતિમાં વધારો કર્યો, ઉદાયન સમજી શકતા ન હતા કે, મારાથી આકર્ષાયેલા ગજરાજ હવે મને કેમ આકર્ષી રહ્યા છે ? અને

ધીમી ગતિએ મારા તરફ આવનારા ગજરાજ હવે ઝડપી ગતિએ કેમ મને દોડાવી રહ્યા છે ! આમ હાથીની પાછળ પાછળ દોડતા ઉદાયન વિચારમગ્ન હતા. એમની એ વિચારમગ્નતા વધી, સાથે-સાથે વીણાવાદનમાં વધુ માધુર્ય ઉમેરાયું. ઉદાયન હવે છેલ્લી કક્ષાની વીણા માધુરી બિછાવી દઈને એમાં ગજરાજને મોહાવી-મૂંઝવી મારવા માંગતા હતા અને એથી આંખો મીંચાઈ જાય અને અંતરની સમગ્રતા એકાકાર થઈ જાય એવું વીણાવાદન ઉદાયને આરંભ્યું. વીણાવાદનના આવા આરંભે સમગ્ર વન-પ્રદેશમાં સ્વરમોહિની બિછાવી દીધી એથી આસપાસ દોડાદોડ કરતાં હરણિયાંઓ થંભી ગયા. રાફડામાંથી ફેણ બહાર કાઢીને સર્પો ડોલી રહ્યા, પવન પણ જાણે પાવો બજાવી રહ્યો અને ચોમેર પુરબહારમાં સંગીતનું સામ્રાજ્ય ફેલાઈ ગયું. આ સામ્રાજયમાં ખુદ ઉદાયન પણ ભાનભૂલાં બનીને ડોલી રહ્યા હતા.

એક તરફ આવું સંગીતનું સામ્રાજ્ય સ્થપાયું, ત્યાં બીજી તરફ એક અકલ્પિત આશ્ચર્ય સરજાયું. ડોલતા ડુંગર જેવો એ ગજરાજ તો થંભી ગયો. પણ રાફડામાંથી મોટા મોટા સાપ બહાર આવે, એમ એ ગજરાજના પેટમાંથી એક પછી એક સૈનિકો બહાર કૂદવા માંડ્યા. આ જોઈને ઉદાયનની આંખ આશ્ચર્યવિભોર બની ગઈ. એઓ હજી વધુ કંઈ વિચાર કરે, એ પૂર્વે તો હાથીના પેટમાંથી બહાર કૂદી પડેલા એ સૈનિકો વત્સરાજ ઉદાયનને ચોમેરથી વીટળાઈ વળ્યા અને કોઈ કેદીને નહિ, કોઈ નવજાત બાળને હાથમાં લઈ રહ્યા હોય, એમ ઉદાયનને હસ્તગત કરીને એઓ જાણે પવનની પાંખે ગતિમાન બની ગયા.

હાથીનું એકાએક સ્થંભન ! એના પેટમાંથી સૈનિકોનું નિર્ગમન ! સૈનિકો દ્વારા પોતાનું પ્રેમપૂર્વક ગ્રહણ ! અને પવનની ગતિને પછાડી દે, એવી ઝડપી ગતિ સાથે સૈનિકોનું ગમન ! આ બધી જ એક પછી એક વધુ ને વધુ આશ્ચર્ય પેદા કરનારી ઘટનાઓ હતી, ઉદાયન આ

ઘટનાક્રમનું રહસ્ય પિછાણી શકતા ન હતા, પોતે સત્યની સૃષ્ટિ પર સ્થિર છે કે સ્વપ્નની સૃષ્ટિમાં પોતાને કોઈ ઊડાડી રહ્યું છે. એની ગંભીર વિચારધારામાં મગ્ન ઉદાયનને એ સૈનિકો થોડી વારમાં તો એ વનપ્રદેશની સીમા વટાવીને પ્રદેશાંતરમાં પ્રવેશ કરાવી ગયા.

વત્સરાજ ઉદાયન સમજી શકતા નહોતા કે, પોતાને કોઈ સ્વપ્નમાં ઉડ્ડયન કરાવી રહ્યું છે કે પોતાનું કોઈ અપહરણ કરાવી રહ્યું છે ! આમ છતાં પણ એમને એટલો તો વિશ્વાસ થઈ ગયો કે, પોતે જેની પાછળ પાછળ દોરાયા હતા, એ કોઈ સાચો ગજરાજ નહિ, પણ કોઈ યાંત્રિક ગજરાજ જ હોવો જોઈએ.

• • •

# ૧૨

## પ્રપંચનો પડદો પ્રલય પામ્યો

વત્સરાજ ઉદાયનનું અપહરણ એ કોઈ આકસ્મિક ઘટના ન હોતી, પણ પૂર્વ આયોજિત એક કાવતરું જ હતું. લોહજંઘ દ્વારા પાઠવાયેલું એ આમંત્રણ જ્યારે ઉદાયને પાછું ઠેલ્યું, ત્યારે અવંતિપતિ ચંડપ્રદ્યોતે ભેદી રીતે ઉદાયનનું અપહરણ કરાવવાનું એક કાવતરું ઘડી કાઢ્યું. કૌશાંબીના વનપ્રદેશમાં ગંજાવર હાથીનું ગમન, એ ભેદી કાવતરાનો જ એક અતિ ભેદી મુખ્ય ભાગ હતો. એ હાથી યાંત્રિક બનાવાયો હતો, જેથી એના પેટાળમાં સૈનિકો છૂપા રહી શકે, છતાં એ યાંત્રિક હાથી એવી કરામત અને એવી કુશળતાને કામે લગાડીને બનાવવામાં આવ્યો હતો કે, કોઈને એ બનાવટની ગંધ પણ ન આવે અને સાચા હાથીની જેમ જ એ બધી ચેષ્ટાઓ કર્યા કરે ?

યાંત્રિક હાથીના પેટાળમાં છુપાયેલા સૈનિકો જ ગમનાગમન આદિ બધી પ્રક્રિયા કરે, પણ જોનારને એ બધી પ્રક્રિયાઓ હાથીની જ જણાય, આ રીતની કરામતનો એ હાથીની રચનામાં પૂરેપૂરો ઉપયોગ કરાયો હતો અને આવી કરામતના કપટમાં રાજવી ઉદાયન આબાદ ફસાઈ ગયા હતા. પ્રારંભમાં એમણે વીણાવાદન શરૂ કર્યું, ત્યારે એ નકલી હાથીએ ધીમે ધીમે આકર્ષાવાનો દેખાવ કર્યો. સૈનિકોથી ઉદાયન દૂર આવી ગયા બાદ જ એ હાથીએ ઉદાયનને વશ થઈ ગયાનો આભાસ દર્શાવ્યો, આ પછી એણે તરત જ બાજી ફેરવી અને એ પાછો ફરતો ફરતો એવા એકાંત પ્રદેશમાં આવી ગયો કે, જ્યાંથી ઉદાયનના સૈનિકો ખૂબ પાછળ રહી ગયા હોય અને જ્યાંથી ઉદાયનનું અપહરણ કરવું સાવ સહેલું થઈ પડે ! આ જાતની કારકિર્દી હાથીના પેટાળમાં છુપાયેલા સૈનિકો દ્વારા જ થઈ હતી. પણ બહારથી જોનારને આ બધી કારકિર્દી હાથીની જ જણાય.

આ રીતે અસલની નકલ કરનારામાં અક્કલ ન હોય, એ કહેવતને ખોટી પાડતી એ હાથીની કપટ-રચના ખરેખર સફળ નીવડી અને અપહરણ દ્વારા હસ્તગત કરાયેલ ઉદાયનને બનતી ઝડપે રાજવી ચંડપ્રદ્યોતની આગળ સમર્પિત કરાયા. પોતે જેની પાછળ મોહાયા હતા, એ ગજરત્ન યાંત્રિક હતો, એનો નિશ્ચય તો ઉદાયનને થઈ જ ગયો હતો તેમજ પોતાનું અપહરણ થઈ રહ્યાનો ખ્યાલ પણ એમને આવી જ ગયો હતો, પરંતુ પોતાના અપહરણનું કારણ એઓ કળી શક્યા ન હતા, તેમજ આ અપહરણ પાછળના કર્તાહર્તાનો ખ્યાલ પણ એમને આવ્યો ન હતો, પરંતુ પોતાને જ્યાં અવંતિપ્રદેશમાં થઈને આગળ લઈ જવાયા, ત્યાં જ એમના દિલોદિમાગમાં એક ઝબકારો થઈ આવ્યો કે, કદાચ ચંડપ્રદ્યોતે તો પોતાનું અપહરણ નહિ કરાવ્યું હોયને ? પોતાનું આમંત્રણ અસ્વીકૃત થતા ચંડપ્રદ્યોતે કદાચ અપહરણનો આવો માર્ગ અપનાવ્યો હોય, એવી ઉદાયનના દિલમાં જાગેલી શંકા ઉજ્જયિનીમાં

પ્રવેશ થયો અને એકદમ દૃઢ બની ગઈ. એમાં પણ જ્યારે પોતાને ચંડપ્રદ્યોત સમક્ષ સમર્પિત કરાયા, ત્યારે તો એમને આ બાબતમાં જરા પણ શંકા જ ન રહી અને એઓ એવા દૃઢ નિર્ણય પર જ આવી ગયા કે, અપહરણકર્તા ચંડપ્રદ્યોત સિવાય કોઈ નથી !

ચંડપ્રદ્યોત સમક્ષ ઉદાયન સમર્પિત કરાયા અને ઉદાયનને જ્યારે ચંડપ્રદ્યોતનું દર્શન થયું, ત્યારે બંનેના હૃદય-ભાવો કોઈ અનોખા જ હતા, ત્યારે બંને લાગણીભીની નજરે એકબીજાને નિહાળી રહ્યા. અપહરણ કરીને લવાયા હોવાની કોઈ આડ-અસર ચંડપ્રદ્યોતની વૃત્તિ-પ્રવૃત્તિઓમાં જોવામાં ન આવી. ઉદાયનને જોઈને ચંડપ્રદ્યોત આસન પરથી ઊભા થઈ ગયા અને પોતાના અર્ધ-આસન ઉપર ઉદાયનને પરાણે બેસાડતાં એમણે સહાસ્ય કહ્યું : આમંત્રણ સ્વીકાર્યું હોત, તો મારે આમ અપહરણનો અવળો રસ્તો લેવો ન પડત ને ?

ઉદાયને પણ સહાસ્ય જવાબ આપતાં કહ્યું : તો યાંત્રિક હાથી જેવી અપૂર્વ રચના નિહાળવાનો અને આમ પવનની ગતિએ અપહરણ પામવાનો મોકો પણ મને ન જ મળતને ? માટે હવે જે થયું, એ સારા માટે ! એમ જ માનવું રહ્યું.

આ જાતના હાસ્ય દ્વારા ઉદાયને ઠીક ઠીક હળવાશ અનુભવી, પરંતુ પોતાને ઉજ્જયિની લાવવા માટે અપહરણનો જે માર્ગ અપનાવવામાં આવ્યો હતો, એ અંગેનું થોડું દુઃખ એમના ચહેરા પર વંચાતું હતું. એને કળી જઈને ચંડપ્રદ્યોતે કહ્યું : ઉદાયન ! બંધન કંઈ બધાને માટે જ બાધાપ્રદ નીવડતું નથી હોતું. કેટલાંક પ્રાણીઓ અને પુરુષોને માટે બંધન પણ સન્માનપ્રદ બની જતું હોય છે. ગજરાજો, અશ્વો, રાજવીઓ અને સત્પુરુષો માટે બંધન બેડી નહિ, સત્સંગની કેડીરૂપ નીવડતું હોય છે. હાથી-ઘોડા બંધાયા પછી રાજદ્વારે કેવું માન-સન્માન પામતા હોય છે, એ તો આખી દુનિયા જાણે જ છે માટે અપહરણ બદલ દુભાવાની જરૂર નથી. અપહરણ હવે ભૂલી જાવ અને તમને મારી સાથે પ્રાપ્ત

થયેલા આ અર્ધાસન પર જ નજરને કેન્દ્રિત રાખો, તો દિલ પ્રસન્નતાથી ભરાઈ ઊઠશે.

ચંડપ્રદ્યોતનું આ સાંત્વન ખૂબ જ સફળ નીવડ્યું, એથી વત્સરાજ ઉદાયનની રહી-સહી અપ્રસન્નતા પણ અદશ્ય બની જવા પામી અને એમણે તો સામેથી જ પૂછ્યું : મહારાજ ! મારા અપહરણનો હેતુ સામાન્ય રીતે તો હું સમજી શકું એમ છું, પણ આપના મુખે મને જો એ સાંભળવા મળશે, તો મને વધુ સંતોષ થશે. ચંડપ્રદ્યોતે કહ્યું : ઉદાયન ! તમે અપૂર્વ વીણા-વાદક છો, એમ મેં સાંભળ્યું તો હતું જ. પરંતુ આ વિષયમાં છેલ્લાં કેટલાક સમયથી જે વાતો સાંભળવા મળી, આથી મેં તમને આમંત્રણ પાઠવ્યું, મારે તમારા જેવા કળાગુરુની આવશ્યક્તા ઊભી થઈ છે.

ઉદાયને નમ્રતા દર્શાવતાં કહ્યું : મહારાજ ! મારી જે કોઈ સેવા અપેક્ષિત હોય, એ નિઃસંકોચ જણાવવા વિનંતી ! મારી પર તો આપનો પિતા જેવો જ ઉપકાર છે, એથી જ હું આપને પિતૃતુલ્ય સમજું છું એથી આપે તો વિનંતિ કરવાની ન જ હોય, આમ તો આપ આજ્ઞા કરવાના અધિકારી છો, ફરમાવો, શી આજ્ઞા છે ?

ચંડપ્રદ્યોતને હવે તો જરાય સંકોચ રાખવા જેવું રહ્યું જ નહિ, એથી એમણે ઉદાયનને કહ્યું : દેવે દીધેલી મારી એકની એક પુત્રીનું નામ વાસવદત્તા છે. રૂપે-રંગે અને બળ-બુદ્ધિમાં એ તો પૂરેપૂરી છે. પણ ખાટલે મોટી એક ખોડ એ રહી ગઈ છે કે, એ પુત્રી એક આંખે કાણી છે. એકબાજુ એના દેહમાં રૂપરૂપનો અંબાર પ્રકાશી રહ્યો છે, તો બીજી તરફ આ પ્રકાશ પર પાણી ફેરવી દે, એવું કાણાપણું પણ રૂઠેલા દુર્ભાગ્યે એના પનારે પડ્યું છે એથી ચિંતિત રહેતાં મને એક દહાડો એવો વિચાર આવ્યો કે, ભવિષ્યમાં મારી દીકરીનો ભરથાર થવા કોઈ તૈયાર નહિ થાય, માટે આ અંગે મારે અત્યારથી જાગ્રત બની જવું જોઈએ. અને મેં એવો નિર્ણય લીધો કે, વાસવદત્તાને જો ગાંધર્વ-કળામાં સર્વશ્રેષ્ઠ

બનાવી દઉં, તો એનું ભાવિ ભવ્ય બની જવા પામે, તો પછી અનેક રાજકુમારો સામેથી મારી દીકરીને માંગતા આવશે. કેમ કે કળા અને એમાં પણ સંગીત-કળાનું તો એવું સામર્થ્ય છે કે, આવો કળાવાન કાણો-કૂબડો અને અપંગ હોય, તોય એને સર્વત્ર સન્માન મળી રહે, તેમજ એ કળાને વરવા માટે સૌ કોઈ તલપાપડ બની રહે ! આ નિર્ણય મુજબ મેં બાળપણથી જ એને સંગીતકળા શીખવવાની શરૂઆત કરી દીધી, જેના પ્રભાવે આજે એ ભલભલા સંગીતકારોને આંટી જાય, એવી સ્વરસ્વામિની બની ચૂકી છે. હજી એની વય જો કે ચૌદ વર્ષની જ છે. પણ મારાં તો એને અજોડ સ્વરસામ્રાજ્ઞી બનાવવાનાં અરમાન છે, એથી તમે જો કળાગુરુ બનીને એને વીણાવાદન શીખવાડો, તો તો મારું કામ થઈ જાય અને મારા માથેથી એક ચિંતા સર્વથા ટળી જાય.

ઉદાયન તો ચંડપ્રદ્યોતને પિતૃસમ પૂજ્ય જ માનતો હતો એથી પિતાની આ ભાવનાને એણે સહર્ષ વધાવી લેતાં કહ્યું : અગણિત ઉપકારોના ભારથી લદાયેલા આપે મને આ માટે યાદ કર્યો, એનો મને આનંદ છે. આપની પુત્રીને હું જરૂર વીણાવાદન શીખવીશ અને કંઈક ઋણમુક્ત થઈ રહ્યાનો સંતોષ અનુભવીશ. ફરમાવો, આ સિવાય બીજી કોઈ આજ્ઞા !

ચંડપ્રદ્યોતના આનંદની પણ અવધિ ન રહી, એણે કહ્યું : તમારા જેવા કલા-ગુરુને પામીને મારી પુત્રી જ નહિ, અવંતિ પણ ગૌરવ અનુભવશે. હા, પણ એક વાતની ચોખવટ કરવાનું તો ભૂલાઈ જ ગયું ! મારી વાસવદત્તા બહુ શરમાળ છે, મેં એને ઘણી વાર સમજાવ્યું છે કે, કર્મદત્ત કુરૂપતા કે વિષમતા તો સહર્ષ વેઠી લેવી જોઈએ. એને વેઠવામાં શરમ-લજ્જા અનુભવવાથી તો કર્મની સત્તા વધુ રૂઠે અને વધુ કરુણ વિપાક વેઠવાનો અવસર આવે, પણ આ વાત એના ગળે ઊતરતી જ નથી અને એ લગભગ પડદામા કાળ વ્યતીત કરે છે. એની શરમાળતા તો એટલી હદ સુધીની છે કે, આજ સુધીનો બધો જ અભ્યાસ

એણે પડદા પાછળ રહીને જ કર્યો છે. એ પોતાનો એક આંખથી વિહોણો ચહેરો કળાગુરુને બતાવતાં પણ શરમાય છે. માટે તમારે પણ વચ્ચે પડદો રાખીને જ એને અભ્યાસ કરાવવો પડશે. જોકે આવી લજ્જાળુતા સારી તો ન જ કહેવાય. ભણવા-ભણાવવામાં રસક્ષતિ કરાવે, એવી આ લજ્જાળુતા છે. પણ આ તો બાળહઠ અને રાજહઠનો સવાલ છે, માટે આટલી હઠ ચલાવી લઈને પણ ભણાવવા વિનંતી છે.

આમ તો વચ્ચે પડદો રાખીને ભણાવવાનું કોઈને પણ સ્વીકાર્ય ન જ બને ! પણ આ તો પિતૃતુલ્ય રાજવીના ઉપકારમાંથી કંઈક ઋણમુક્ત બનવાની તક હાથમાં આવી હતી, એથી ઉદાયને આ વાતને પણ વધાવી લેતાં કહ્યું : મહારાજ ! આ કંઈ બહુ મોટી વાંધાજનક બાબત નથી. અધ્યયનમાં વચ્ચે પડદો હોય કે ન હોય, એથી કંઈ બહુ મોટો ફરક પડી જતો નથી. એક અપેક્ષાએ તો ચહેરેચહેરો ન મળે, તો જ અભ્યાસ વધુ સારો થાય, ચહેરાનું અરસપરસ દર્શન પ્રીતિવર્ધક છે અને વધતી પ્રીતિ વાર્તાલાપમાં પરિણમ્યા વિના નથી જ રહેતી. તેમજ વાતોનો રસ અભ્યાસને કુંઠિત બનાવીને જ રહે છે. માટે આ લજ્જા તો ગુણ બનીને રાજપુત્રીની કળાવૃદ્ધિ માટે ઉપરથી ઉપકારક નીવડશે.

ચંડપ્રદ્યોત ખુશ થઈ ઊઠ્યા, એમની આંખ હર્ષાશ્રુથી ભીની બની ઊઠી. ઉદાયન પાસેથી વિદાય લઈને એ તો સીધા જ વાસવદત્તા પાસે જઈ પહોંચ્યા. એમણે પુત્રીને વધામણી આપતા કહ્યું : બેટી ! તારા પુણ્યે એક અજોડ કળાગુરુનો ભેટો થઈ ગયો છે. અપૂર્વ વીણાવાદક તરીકેની જેની વિખ્યાતિ અજોડ-અપૂર્વ છે, એવા ગુરુનો ભેટો થઈ જતાં મારી શોધ સફળ બની છે. એનો મારી જેમ તું પણ આનંદ માણ. બધી વાતે પૂરા એ કળાગુરુ એક વાતે અધૂરા છે. પણ એ અધૂરાશ તારા અભ્યાસમાં અડચણ પેદા કરે એવી નથી. માટે ચિંતા ન કરતી. કળાગુરુને વિધાતાને કુષ્ઠ રોગી બનાવીને જાણે ચંદ્રને કલંકિત બનાવવા જેવી ચેષ્ટા કરી છે. કળાગુરુને લાગુ પડેલો આ રોગ ચેપી પણ છે.

કળાગુરુએ તને ભણાવવાનું એક શરતે સ્વીકાર્યું છે અને તને જણાવ્યા-પૂછ્યા વિના જ એ શરત મેં કબૂલી લીધી છે. શરત મુજબ કળાગુરુ તને ભણાવતી વખતે વચ્ચે એક પડદો રાખશે, જેથી એમની કોઢી કાયા ખુલ્લી પડી ન જાય. તારે તો વીણાવાદન શીખવાનું જ કામ છે ? વચ્ચે પડદો હોય, એથી શું થઈ ગયું ? આમ બધું જ પાકું થઈ ગયું છે અને બે દિવસ બાદ તારો અભ્યાસ પણ ચાલુ થઈ જશે.

વચ્ચે પડદો રહે, એ આડખીલી વાસવદત્તાને ગમતી ચીજ તો નહોતી જ. પણ વીણાવાદનમાં એને પારંગત તો થવું જ હતું એથી અણગમતું આ મનગમતું બનાવી લઈને એણે પણ મનની પ્રસન્નતાપૂર્વક જ શરત સહિતનું કળાધ્યયન સ્વીકારી લીધું અને બે જ દિવસ બાદ અધ્યયન કાર્ય ચાલુ પણ થઈ ગયું. આ માટે ગાંધર્વશાળા જેવો એક કામચલાઉ અભ્યાસખંડ તૈયાર થઈ ગયો. આમાં પ્રવેશ મેળવવાના મુખ્ય અધિકારી બે જ હતા : એક કળાગુરુ ઉદાયન, બીજી કળાશિષ્યા વાસવદત્તા !

અધ્યયન-કાર્ય ચાલવા માંડ્યું. ગુરુ-શિષ્ય વચ્ચે પડેલો એ પડદો જાણે લોખંડી હોય, એ રીતે હટવાનું નામ જ લેતો નહોતો, કોઈ પ્રપંચ જાણે એક પડદા રૂપે ગોઠવાઈને બંનેને અલગ અલગ રાખતો હતો. પરંતુ બંનેને તો એ પડદો કાપડનો જ ભાસતો હતો, એમાં કપટ કે પ્રપંચનો એકેને ભાસ થતો ન હતો એથી વાસવદત્તા એમ જ માનતી હતી કે, મારા કળાગુરુ કોઢિયા છે ! અને ઉદાયન એમ જ માનતો હતો કે મારી કળા શિષ્યા વાસવદત્તા એક આંખે કાણી છે. ખરી રીતે ન તો ઉદાયનને કોઢ લાગુ પડ્યો હતો કે ન તો વાસવદત્તા કાણી હતી. પણ બંનેને એકબીજાથી અલગ રાખવા અને એ દ્વારા બંને વચ્ચે પ્રેમ પાંગરવાની શક્યતાને જ ઊભી થવા ન દેવા ચંડપ્રદ્યોતે આ રીતે પ્રપંચનો પડદો ખડકી દેવાની કપટભરી અગમચેતી દાખવી હતી, પણ પ્રપંચ જ એનું નામ કે, જે વહેલો-મોડો ખુલ્લો પડી ગયા વિના ન જ રહે !

દિવસો વીતવા માંડ્યા, એમ સંગીતાધ્યયન વેગપૂર્વક આગળ વધતું ગયું. ગુરુને શિષ્યા એવી પ્રબુદ્ધ મળી હતી કે, એને માત્ર આંગળી ચીંધણું જ કરવું પડતું હતું. શિષ્યાને ગુરુ એવા મળ્યા હતા કે, જે આપતા થાકે જ નહિ ! શિષ્યાને મન એ વાતનો આનંદ હતો કે પોતાને મળેલા ગુરુ ભલે કુષ્ઠી હોય, પરંતુ ગાંધર્વોને પણ એમની કળા આગળ પાણી ભરવા વિવશ બનવું પડે એમ હતું, તો ગુરુને પણ એ વાતનો અપૂર્વ સંતોષ હતો કે, પોતાને મળેલી શિષ્યા ભલે કાણી હતી, પરંતુ સુક્તિમાં પડેલું જળબિંદુ જેમ મોતી બની જાય, એમ એના દ્વારા ગ્રહણ થતી વિદ્યા બહુફલા બનીને જાણે એ કહેવતને સાર્થક બનાવી રહી હતી કે, ગુરુ કરતાં શિષ્ય સવાયા !

એક સમયની વાત છે : આકાશમાં મેઘ ગર્જારવ કરી રહ્યો હોય, બપૈયા બોલી રહ્યા હોય, મોર શોર મચાવી રહ્યા હોય, મેહુલિયો ઝરમર વરસી રહ્યો હોય, ધરતીમાંથી માદક સુગંધ રેલાઈ રહી હોય, આછા વાદળિયા ગડગડાટના નાદ સાથે તાલ મિલાવીને વીજળી જાણે આરતી બનીને ઝિલમિલ થઈ રહી હોય, આવી મનભાવની ઋતુરાણી વર્ષાનો માહોલ પુરબહારમાં જામ્યો હતો, ત્યારે ગાંધર્વશાળામાં ગીત-સંગીત ને આલાપની બરાબરની રમઝટ બોલાઈ રહી હતી. કળાગુરુનું વીણાવાદન ઓર ખીલ્યું હતું. એમાં ઋતુરાણી વર્ષાનું ગીત-વર્ણન એ રીતે રંગ જમાવી રહ્યું હતું કે, વાસવદત્તા એવા વિચારે ચઢી ગઈ કે, ઓહ ! કેવું અદ્ભુત છે આ વીણાવાદન અને કેવું અજબ-ગજબનું છે આ ગીત ! આવો ગીતગાયક કોઢી હોય, એ કોઈ માનવા જ તૈયાર ન થાય. શું ખરેખર આવી કળાસિદ્ધિ પ્રચંડ પુણ્યશાળી સિવાય બીજા કોઈને વરી શકે ખરી ? અને આવા પુણ્યપ્રતાપીને પણ કોઢનો રોગ લાગુ પડી શકે ખરો ?

ગાંધર્વશાળાની અંદરનો અને બહારનો માહોલ જ એવો અજબ-ગજબનો તેમજ અદ્ભુત હતો કે, ગમે તેવું હૈયું પણ સ્વપ્નસૃષ્ટિમાં સરી

પડે ! તો પછી યૌવનના દ્વારે ઊભેલી વાસવદત્તા તો સ્વપ્નસૃષ્ટિથી દૂર ક્યાંથી રહી શકે ? એના મનમાં પણ રંગીન-સ્વપ્નો ઘેરાવા માંડ્યાં. એ વિચારી રહી હતી : આવો બીજો કોઈ ગાયક અસ્તિત્વ ધરાવતો હશે ખરો. જેને હું ભરથાર તરીકે મેળવી શકું ?

કળાગુરુ ઉદાયન વિદ્યાપ્રદાન કરી રહ્યા હતા અને બીજી તરફ વાસવદત્તા સ્વપ્નસૃષ્ટિમાં પટકાઈને ઊંડી ને ઊંડી ઊતરી રહી હતી એથી ઉદાયન દ્વારા અપાતા વિદ્યાપાઠને ગ્રહણ કરવામાં અને એનું પ્રત્યર્પણ કરવામાં એ જરા ગોથું ખાવા માંડી. કોઈ દિવસ નહિ ને, આજે જ આ રીતે ગોથું ખાતી રહેલી શિષ્યાને જોઈને ગુરુએ જરાક અમથી ટકોર કરી : કેમ આજે ગોટાળા વળી રહ્યાં છે. ભણવામાં એકાગ્રતા રાખવી જરૂરી છે. એકાગ્ર બનીને વિદ્યાગ્રહણ થાય, તો જ વિદ્યા આપનારને પણ મજા આવે અને લેનારને પણ મજા આવે, માટે જરા ધ્યાન રાખો !

આવી ટકોર થતાં જ, વાસવદત્તા ઝબકીને જાગી ગઈ એથી થોડીક વાર સુધી તો વિદ્યાગ્રહણ બરોબર થતું રહ્યું. પણ વાસવદત્તાને વિચારસૃષ્ટિએ પાછી પટકી દીધી અને એથી એ શૂન્યમના બની ગઈ એથી અભ્યાસમાં પાછા ગોટાળા સર્જાવા માંડ્યા. કળાગુરુની ટકોરમાં જરા ઉગ્રતા ભળી, એથી વાસવદત્તા સફાળી જાગી ગઈ અને એણે ભૂલનો એકરાર કર્યો. આમ, થોડી વારે આ રીતે ભૂલોનું પુનરાવર્તન થતું જ રહ્યું. ત્યારે અંતે કળાગુરુ ક્રોધને કાબૂમાં ન રાખી શક્યા અને એમણે કઠોર વાણીનો પ્રયોગ કરીને પણ ભૂલનું થતું રહેલું પુનરાવર્તન અટકાવવા વાસવદત્તાને કહ્યું : અરે ! કાણી ! આંખની સાથે તારું અંતર ક્યાં ભટકે છે કે, આમ, વિદ્યાગ્રહણ કરવામાં તારું ચિત્ત તો બરાબર ચોંટતું નથી. વિદ્યાગ્રહણ કરવું હોય, તો બીજી આંખ બંધ કરીને જાણી જોઈને કાણી બની જા, જેથી તારું મન ભટકે નહિ અને વિદ્યા બરાબર ગ્રહણ થાય !!!

કળાગુરુનું આવું કઠોર સંબોધન વાસવદત્તાના કાળજે કારી ઘા પેદા કરી ગયું, એથી એ પણ ગુસ્સામાં આવી ગઈ. મનોમન એ બબડી : ઊંટનાં અઢારેય વાંકાં અંગો, તે અંગે બરાડી બરાડીને ગાનારા આ ગર્દભરાજના ગળામાં કંઈ ગાંધર્વનો વસવાટ નથી ! એથી ઈંટનો જવાબ પથ્થરથી વાળવાના ગુસ્સાનો ભોગ બનીને વાસવદત્તાએ કળાગુરુને સાફ સાફ સુણાવી દીધું : હું તો કદાચ એક આંખે જ કાણી હોઈશ, પણ તમે તો અંગેઅંગ કોઢિયા છો, એનું શું ? તમને તમારી કોઢી-કાયાનો પણ ખ્યાલ હોત, તો તમે મને કાણી કહેતાં હજાર વખત વિચાર કરત કે, કાચના ઘરમાં બેઠેલા મને બીજા કોઈના ઘર તરફ કાંકરીચાળો કરવાનો અધિકાર છે ખરો ?

આ સાંભળીને ઉદાયન એકદમ ચોંકી ઊઠ્યા. પ્રપંચનો એ પડદો પ્રલય પામવા માટે સર્જાયો હતો એથી એમના મનમાં એવો વિચાર આવી ગયો કે, હા, હું જેવો કોઢિયો છું, એવી જ વાસવદત્તા કાણી હોવી જોઈએ. ચોકક્સ મારી સાથે કોઈ ભારે દગો-પ્રપંચ-કપટ ખેલાયેલ છે. હકીકતમાં તો હું જેમ કોઢિયો નથી, એમ વાસવદત્તા પણ કાણી નહિ જ હોય ! પરંતુ અમને બંનેને અલગ રાખવા જ અમારી બંનેની વચ્ચે પ્રપંચનો આવો પડદો પાડવામાં આવ્યો હોવો જોઈએ.

જે દશા ઉદાયનની હતી, એ જ વાસવદત્તાની હતી. એને પણ એવું થઈ રહ્યું હતું કે, પિતાજી ! પોતાને રમાડી ગયા ! માટે જેવી હું કાણી છું, એવા જ મારા કળાગુરુ કુષ્ઠી હોવા જોઈએ. આવી બનાવટ શા માટે ? અમારી બંનેની વચ્ચે પ્રપંચનો આવો પડદો શા માટે ? ખરેખર, હું કાણી નથી જ, તે જ રીતે કળાગુરુ કુષ્ઠી ન જ હોઈ શકે !

ગુરુ અને શિષ્યા બંનેના મનમાં એકીસાથે એકસરખા જ વિચાર આવ્યા, તેમજ હકીકતનો તાગ મેળવવા બંનેએ માનસિક રીતે એવો નિર્ણય કર્યો કે, હવે બંને વચ્ચે પ્રપંચનો આ પડદો ન જ હોવો જોઈએ. આ નિર્ણયને અમલી બનાવવા માટે બંને એકીસાથે જ કટિબદ્ધ બન્યા.

એથી મહિનાઓથી તોતિંગ દીવાલની જેમ અણનમ રહેલો એ પડદો બીજી પળે જ ભોંયભેગો થઈને પ્રલયનો ભોગ બની ગયો. એથી એ ચારે આંખોની આગળ જે દશ્ય ખડું થઈ ગયું, એનાં દર્શને એ ગુરુ-શિષ્યા આશ્ચર્યનાં મોજા પર તરી રહ્યાં : કળાગુરુ ઉદાયનની આંખ પર બંધાયેલા ભ્રમણાના પાટા ફંગોળાઈ ગયા અને તેઓ પોતાની નજર સમક્ષ જાણે એક સ્વર્ગીય સુંદરીને જ સાક્ષાત્ અવતરેલી નિહાળી રહ્યા : આ સ્વપ્ન કે સત્ય ? ઉદાયન સમજી શકતા ન હતા.

વાસવદત્તાની આંખ પર છવાયેલાં ભ્રમણાનાં પડળ હઠી ગયાં હતાં અને એની નજર સમક્ષ જાણે એક ગાંધર્વદેવ જ વીણા-પાણિ બનીને ગીત ગાતા દર્શન દેતા હતા. શું આ સ્વપ્ન કે સત્ય ! વાસવદત્તા માટે આ અનુત્તરિત સવાલ હતો.

પ્રપંચ પડદાના રૂપમાં અને પડદાના રૂપમાં પ્રપંચ આડો ગોઠવાયો હતો એથી એનું અસ્તિત્વ ચિરસ્થાયી તો નહોતું જ ! છતાં, આજ સુધી એ પડદો કઈ રીતે ઊભો રહી શક્યો એ જ આશ્ચર્યની વાત નહોતી કેમ શું ?

• • •

૧૩

# પાગલને પગલે-પગલે

**ક**હેવત છે કે, **દાબી દુબી ના રહે રૂઈ લપેટી આગ !** આ કહેવત અંતે સાર્થક બનીને જ રહી ! પ્રપંચનો પડદો હટી જતાં જ એ ગાંધર્વશાળામાં વત્સરાજ ઉદાયન અને રાજકુમારી વાસવદત્તાના સામસામાં દર્શન થઈ રહ્યા. એ પળે બંનેની મનોસૃષ્ટિ સ્વપ્નમય બની ઊઠી હતી. ઉદાયન વિચારી રહ્યા કે, એ રાજકુમાર ખરેખર ધન્ય બની જશે કે, જેના કંઠે ભવિષ્યમાં આ વાસવદત્તા વરમાળાનું આરોપણ કરશે. દરિદ્ર પોતાના આંગણે કલ્પતરુની છાયા જેમ ન ઇચ્છી શકે, એમ હું તો આવા મનોરથ સેવવાનો અધિકારી પણ ન ગણાઉં. યોગ્યતા વિના મનોરથ સેવવાનો અર્થ પણ શો ? આ જ

પરિસ્થિતિ વાસવદત્તાની હતી. એના મનમાં પણ એવા જ વિચારો ઘોળાઈ રહ્યા હતા કે, દેવકુમાર જેવા આ રાજકુમાર જેનો હાથ ઝાલશે, એ સુંદરી તો સૌભાગ્યની શિરોમણિ હશે ! એથી આવા રાજકુમારને વરવાનો વિચાર પણ મારાથી કઈ રીતે કરી શકાય ! પણ આ રાજકુમાર જેનો હાથ ઝાલશે, એ તો ખરેખર બડભાગી સુંદરી હશે. એ દંપતીનાં મને દર્શન થશે, તો પણ હું ધન્યતા અનુભવીશ.

આમ, અરસપરસ, અરસપરસને ઇચ્છતા હોવા છતાં વિધિની વિચિત્રતા એવી હતી કે, એ માટેની પોતાની અયોગ્યતા બદલ બંને લમણે ટકોરા દઈ રહ્યાં હતાં. બંનેની મુખમુદ્રા મૌન હતી, પણ એ મૌન પણ બહુ બોલકું હતું, એથી એ મૌન ઉદાયન-વાસવદત્તાનાં અંતરની ઘણી ઘણી વાતોને ખુલ્લી કરી જવા માટે સમર્થ હતું. એટલામાં જ ત્યાં વાસવદત્તાની પ્રિયસખી કાંચનમાલા આવી ચડી. જૂની આંખે નવો તમાશો જોતાં જ એ આશ્ચર્યચકિત બની ગઈ. એણે જોયું, તો ગુરુ અને શિષ્ય વચ્ચેનો જે પડદો હટી ગયો હતો અને ધાર્યા કરતાં એકબીજા-એકબીજાને કોઈ જુદા જ સ્વરૂપમાં નિહાળીને આશ્ચર્યમગ્ન બની ગયાં હતાં.

કાંચનમાલાની નજર સામે જે દશ્ય ખડું થયું હતું, એ અંગેની એવી સંભાવના તો એણે કલ્પી જ રાખી હતી કે, આ પડદો પ્રપંચનો છે એથી વહેલો મોડો હટી ગયા વિના રહેવાનો જ નથી ! એથી એક દષ્ટિએ પડદો હટી ગયા બદલ એ આનંદ અનુભવી રહી હતી એથી એણે સખી વાસવદત્તાને કહ્યું કે, દગાની દીવાલ કાચા પાયા પર જ ઊભી થતી હોય છે એથી એ દીવાલ પડી જતાં આશ્ચર્ય અનુભવવાનું ન હોય, પણ સચ્ચાઈની મોડી મોડી પણ પ્રતીતિ થયા બદલ ઉપરથી આનંદ અનુભવવાનો હોય ! આ પળ આનંદઅનુભૂતિની છે. એક પ્રપંચ પ્રલય પામી ગયો, એનો મને આનંદ છે. આપના મનોરથ હું સમજી શકું છું. એમ આપના કળાગુરુના મનોરથ પણ કળી શકું છું, છતાં

અત્યારે આપ બંનેના મનોરથ પર પડદો છવાયેલો રહે, એ જ વધુ યોગ્ય છે. એની પણ પળ પાકશે અને એ પડદો પણ આપોઆપ જ હટી જશે. માટે હવે આપ નિશ્ચિંત બનીને અધ્યયનનું કાર્ય આગળ વધારો, પડદો હટી જતાં હવે અધ્યયનની ગતિ પણ વેગ પકડશે.

ઉદય પામેલા સૂર્ય પર કોઈ વાદળ છવાઈ જાય અને એ સૂર્યોદયનો થોડા સમય માટે ખ્યાલ પણ ન આવે, એવું બને. પણ એ વાદળ અંતે તો વિખેરાઈ જ જાય અને સૂર્ય આખરે પ્રકાશી જ ઊઠે ! પ્રપંચનો પડદો હટી ગયાની વાત ધીમે ધીમે ચંડપ્રદ્યોતના કાને આવી ગઈ એથી એમણે કારમો આઘાત તો ન અનુભવ્યો, કારણ કે એ પોતે પણ જાણતા જ હતા કે, પડદો જેટલો સમય ટકે, એટલો લાભ છે. પડદાનો થઈ ગયેલો માત્ર પ્રલય જ હજી એમના ખ્યાલમાં આવ્યો હતો અને આના પરિણામ રૂપે પ્રગટ થનારા પ્રેમની પણ કલ્પના એમને થઈ આવી હતી. પણ અભ્યાસ અધૂરો રહે એ કોઈને પણ ઈષ્ટ નહોતું એથી નછૂટકે આંખ આડા કાન કર્યા સિવાય છૂટકો જ નહોતો. હટી ગયેલો પડદો હવે પાછો ઊભો થાય એય શક્ય નહોતું અને હવે પડદો ઊભો કરવાનો ઝાઝો અર્થ પણ નહોતો.

આમ, ઉજ્જયિનીની ગાંધર્વ શાળામાં એક તરફ સંગીતનું અધ્યયન પુરબહારમાં ખીલ્યું હતું, ત્યાં એક દહાડો પ્રજાજનના દિલોદિમાગ ઊંચકાઈ જાય, એવી એક ઘટના બની. બન્યું એવું કે, રાજહસ્તી સેચનક એકાએક જ આલાનસ્તંભને ઉખેડી દઈને મેદાનમાં આવી ગયો. મેદાનમાં મનસ્વી રીતે ઘૂમતો એ સેચનક હાથી બજારોની દુકાનોને ખેદાનમેદાન કરતો એ બધે જ કચ્ચરઘાણ વાળી રહ્યો. ચંડપ્રદ્યોતને સેચનક હાથી પ્રાણથી પણ વધુ પ્રિય હતો, એથી એને વશ કરીને પાછો આલાનસ્તંભ સાથે બાંધવા માટે એમણે કંઈ ઓછા પ્રયત્નો ન કર્યા, પણ એ બધા જ પ્રયત્નો નિરર્થક નીવડ્યા.

હોશિયારમાં હોશિયાર મહાવતોને ચંડપ્રદ્યોતે હાથીની પાછળ દોડાવ્યા. હાથીનું વશીકરણ જાણનારા લોકોને પણ છૂટો દોર આપીને એમણે હાથીને પાછા લાવવાનું કાર્ય સોંપ્યું. પણ આ બધા જ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા. હાથી પર જ્યાં મહાવતો આસન પણ જમાવી ન શકે ત્યાં પછી આગળના પ્રયોગો તો કઈ રીતે અજમાવી શકે ! આમ, ગજરાજ જાણે યમરાજની જેમ આખી ઉજ્જયિનીમાં હાહાકાર મચાવી રહ્યો. એને વગડાની વાટે આગળ વધી ગયો. જાણે વતનની ભૂમિ વિન્ધ્યાચલની યાદ એને સતાવી રહી હતી. ત્યારે અંતે ચંડપ્રદ્યોતે શત્રુ છતાં મિત્ર જેવું મન ધરાવતા મગધના મહામંત્રી અભયકુમારની સલાહ લેવાનું નક્કી કર્યું.

અભયકુમાર અત્યારે ઉજ્જયિનીમાં જ હાજર હતા, એટલું જ નહીં, રાજકેદી તરીકે એઓ કેદવાસ ભોગવી રહ્યા હતા. આ કેદવાસ ભૂતકાળની એક ઘટના સાથે સંબંધિત હતો. અભયકુમારે કપટથી યુદ્ધ ટાળ્યું હતું અને ચંડપ્રદ્યોતને રાજગૃહી સાથે લડ્યા વિના જ પાછું ઉજ્જયિનીમાં આવવું પડ્યું હતું. ઉજ્જયિની આવ્યા બાદ ચંડપ્રદ્યોતને સાચી હકીકતનો ખ્યાલ આવ્યો હતો, એથી અભયકુમારનું અપહરણ કરાવ્યું હતું અને એથી જ એઓ રાજકેદી તરીકે કારાવાસમાં નિવાસ કરી રહ્યા હતા. આમ, ઉજ્જયિની અભયકુમારને શત્રુ માનતું હતું, છતાં ચંડપ્રદ્યોતને એ એ જાતનો વિશ્વાસ હતો કે, અભયકુમાર તો સલાહ તો સાચી જ આપશે ! એથી ચંડપ્રદ્યોતે સેચનક હાથીને વશ કરવા અંગે એની સલાહ માંગી ત્યારે બુદ્ધિનિધાન અભયકુમારે માર્ગ દર્શાવતા કહ્યું કે,

'મહારાજ ! મહાવતથી જે હાથી વશ ન થઈ શકે, એને વશીભૂત કરવા માટે શબ્દશક્તિ જ સમર્થ નીવડે એમ છે. હાથીની સંગીતપ્રિયતા તો જગતપ્રસિદ્ધ હોય છે. આમ, હાથીને વશ કરવાનો ઉપાય તો આપની પાસે જ છે : કેમ કે વત્સરાજ ઉદાયનની વીણાવાદની

કલા તો ખૂબ જ વિખ્યાત છે. એઓ જો વીણાવાદન દ્વારા હાથીને વશ કરવાનું સ્વીકારી લે, તો સેચનક ખૂબ જ સહેલાઈથી કાબૂમાં આવી જાય.'

અભયકુમારની આ સાચી સલાહ ચંડપ્રદ્યોતને ગળે વિના વિલંબે ઊતરી ગઈ, એથી એઓએ તરત જ વત્સરાજ ઉદાયનને સાદ દીધો. પડદો હટાવવાનો પ્રસંગ બન્યા બાદ આમ તો ઉદાયન પર તેઓ થોડાક નારાજ રહેતા હતા, પણ અત્યારે એ નારાજગીને વચ્ચે લાવી શકાય એમ ન હતી. કેમ કે સેચનકને ગમે તે ભોગે કાબૂમાં લાવવો જ હતો અને એ માટે ઉદાયનને યાદ કર્યા વિના ચાલે એમ જ ન હતું. પિતાતુલ્ય ચંડપ્રદ્યોતનો સાદ સાંભળીને ઉદાયન તરત જ હાજર થઈ ગયા. ચંડપ્રદ્યોતે ચહેરા પર પ્રસન્નતા લાવીને કહ્યું : ઉદાયન ! તમારું બીજું એક કામ પડ્યું છે. રાજ્યના પ્રિયાતિપ્રિય પ્રાણી સેચનક હાથીનું નામ તો તમે સાંભળ્યું જ હશે. એ સેચનક છેલ્લા કેટલાય દિવસોથી મદોન્મત્ત બનીને આલાનસ્તંભ તોડીને ભાગી છૂટ્યો છે અને છેલ્લા સમાચાર મુજબ નગરમાં કચ્ચરઘાણ વાળીને હવે એ વનવગડા તરફ આગળ વધી રહ્યો છે. આને વશ કરવાના ઘણા ઘણા પ્રયત્ન નિષ્ફળ નિવડતા અંતે મેં બુદ્ધિનિધાન શ્રી અભયકુમારની સલાહ લીધી, તો એમણે કહ્યું કે, વત્સરાજ ઉદાયન ! જો વીણાવાદન કરે તો એની સ્વર-માધુરી સેચનકને વશ બનાવીને છેક ઉજ્જયિનીમાં પાછો ખેંચી લાવી શકે ! આ માટે જ મેં તમને યાદ કર્યા છે.

ઉદાયનને પણ વીણાવાદન પર વિશ્વાસ હતો અને વીણાવાદનની કામણશક્તિ પર તો એમને અખૂટ વિશ્વાસ હતો. એથી એમણે ચંડપ્રદ્યોતની આ વાતને એક શરતપૂર્વક સ્વીકાર કરવાની તૈયારી દર્શાવતા કહ્યું : મહારાજ ! આપની વાતનો તો મારે સ્વીકાર જ કરવાનો હોય, પણ સેચનક જેવો હાથી જ્યારે મદોન્મત્ત બન્યો હોય ત્યારે મારાં વીણાવાદનમાં વાસવદત્તાની વીણાકળા પણ ભળે, તો તો કોઈ પણ

હિસાબે સેચનકને વશવર્તી બની જ જવું પડે ! માટે વાસવદત્તાને પણ આપે આ અંગે જાણ કરવાની રહેશે.

પ્રપંચનો પડદો જે રીતે હટાવી દેવાયો હતો, એ ઘટનાની સ્મૃતિ ઉદાયનનો આ પ્રસ્તાવ સાંભળતા જ ચંડપ્રદ્યોતને તાજી થઈ આવી. આ રીતે ઉદાયનની પાછળ પાછળ વાસવદત્તા વનવગડાની વાટે સહપ્રવાસી બને, એ એમને ઈષ્ટ તો ઓછું હતું. પણ આ અનિષ્ટને ઈષ્ટ બનાવ્યા વિના ચાલે એમ જ નહોતું. એથી ચંડપ્રદ્યોતે એ શરત પણ માન્ય રાખી અને વાસવદત્તાને ઉદાયનના સહપ્રવાસી બનવા એમણે જણાવી પણ દીધું. ઉજ્જયિનીના દરબારની શોભા જેમ સેચનક હાથી હતો, એમ ભદ્રાવતી નામની હાથણી પણ એક શોભા હતી, એના મહાવતનું નામ વસંતક હતું. આ ભદ્રાવતી પર આરૂઢ થઈને ઉદાયનની સાથે વાસવદત્તાનેય જવાનું નક્કી થયું. એ જ દિવસે ભદ્રાવતી પર ઉદાયન આરૂઢ થયા, એમના હાથમાં વીણા શોભતી હતી. એમની પાછળ વાસવદત્તાની બેઠક હતી એ પણ વીણાધારિણી હતી. ભદ્રાવતીને દોરવાની જવાબદારી મહાવત વસંતકે અદા કરી. જ્યાં એઓ પ્રયાણ કરવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યાં જ એક વનેચર હાજર થયો. રાજવીએ એ વનેચરને સેચનકની ભાળ લેવા માટે પાઠવ્યો હતો. એણે આવીને જણાવ્યું કે, રાજન્ ! ગજરાજ સેચનક અત્યારે વિંધ્યાટવી તરફ દોટ મૂકી રહ્યો છે. એનો વેગ એવો છે કે કોઈ એને આંબી ન શકે !

આ સમાચાર મળતા જ ચંડપ્રદ્યોતે વત્સરાજને કહ્યું : આ વનેચર તમારો ભોમિયો બનશે. હવે તમારે હાથીને શોધવામાં સમય બગાડવો નહિ પડે. આ વનેચર તમને સીધો જ ત્યાં દોરી જશે, જ્યાંથી સેચનક આગળ વધી રહ્યો હશે ?

ઉજ્જયિની કુશળમંગળ વાંછી રહ્યું અને ભદ્રાવતીનો એ પ્રવાસ ચાલુ થયો. વીણાધારી ઉદાયન-વાસવદત્તાનું એ દર્શન મેળવીને સૌનાં

નયનો નૃત્ય કરી ઉઠ્યા, થોડા જ દિવસોમાં એ પ્રદેશની હદ ચાલુ થઈ ગઈ કે જ્યાં સેચનક હાથી હોવાની સો ટકા સંભાવના હતી. સંભવિત આ વનપ્રદેશ આવતા જ ઉદાયને પોતાની વીણા સંભાળી લીધી અને એવું કળા-કુશળતાભર્યું વાદન ચાલુ કર્યું કે વનનું એ બિહામણું વાતાવરણ પણ સોહામણું બની ઊઠ્યું. એમાં પાછી વાસવદત્તાની વીણાકળા ઉમેરાઈ, એથી તો વાતાવરણમાં સૂર ને સંગીતનું અદ્વૈત રચાઈ ગયું. આ અદ્વૈતને માણવા હરણિયા પણ દોડતા આવ્યા અને નાગરાજો ત્યાં આવીને ડોલી રહ્યા. ભદ્રાવતી આગળ વધી રહી. એમ આ સંગીતની મિજલસ પણ આગળ વધી રહી. ઉદાયનની નજર જે પળને જોવા તલસી રહી હતી એ પળ પણ આવી ઊભી.

ઉદાયન-વાસવદત્તાનાં વીણાવાદનના એ સૂરો સેચનકના કાનમાં પ્રવેશ્યા અને ગાંડોતૂર જણાતો એ હાથી એકદમ થંભી ગયો, એટલું જ નહિ, એ સ્તબ્ધ બનીને સંગીતના શ્રવણમાં એકતાન થઈ ગયો. બસ ! ઉદાયનનું કામ હવે થઈ જ ગયું હતું. એમણે વસંતકને કહ્યું : મહાવત ! હવે આપણી ફતેહ છે, હવે આપણે સેચનકની પ્રતીક્ષામાં એની પાછળ પાછળ જવાની જરૂર નથી, સંગીતની સાંકળથી બંધાયેલો એ જ હવે આપણી પ્રતીક્ષા કરતો કરતો આપણી પાછળ પાછળ આવશે. માટે હવે હાથણીને પાછી વાળો, જેથી વહેલી તકે ઉજ્જયિની આવે !

વસંતક પણ આશ્ચર્યચકિત હતો. વનેચરની આશ્ચર્યમગ્નતા તો કોઈ ઓર જ હતી. ભલભલાના પ્રયત્નો જ્યાં સરિયામ નિષ્ફળ નીવડ્યા હતા, ત્યાં એક માત્ર વીણાએ સફળતા હાંસલ કરી બતાવી હતી. સેચનકની સાથે જાણે એ આખી અટવી ભદ્રાવતીને અનુસરી રહી હતી. એ અટવીમાં હરણિયાંય હતાં, સર્પો પણ હતા અને સેચનક જેવા હાથીઓ પણ હતા. ઉજ્જયિનીની હદ આવતાં જ ઉદાયને ભદ્રાવતીને

અટકાવી દેવાની આજ્ઞા કરી. સંગીતના આલાપો ઉદાયને એવી અદાથી અટકાવી દીધા કે જેથી અટવી અને અટવીનાં વન્યપ્રાણીઓ અટવી ભણી પાછાં વળી શકે અને છતાં સેચનક ભદ્રાવતી અને વીણાધ્વનિથી આકર્ષિત બનીને નગરીમાં પ્રવેશી શકે.

વનેચર દ્વારા સેચનકના આ સમાચાર મળતાં જ આખી ઉજ્જયિની નગરીમાં આનંદ અને આશ્ચર્યને છવાઈ જતાં વાર ન લાગી. બીજાં બધાં વન્યપ્રાણીઓ પાછાં વળી ગયા બાદ ઉદાયને વીણાવાદન પુનઃ શરૂ કર્યું. મંદ મંદ નાદે શરૂ થયેલ એ સંગીત વાસવદત્તાના વીણાવાદન દ્વારા ઘેરું બનતું ચાલ્યું. એ સંગીતાકર્ષણ સેચનકને છેક ઉજ્જયિનીના રાજમહેલ સુધી ખેંચી લાવ્યું, વહાલા સેચનકની પુનઃપ્રાપ્તિથી આનંદિત અને આશ્ચર્યચક્તિ બની ઊઠેલી ઉજ્જયિનીએ આવી વીણાકળાથી જે અહોભાવની અનુભૂતિ કરી હતી, એ તો વર્ણનાતીત જ હતી.

શબ્દ અને સ્વરની શક્તિનો ચમત્કાર દર્શાવતી એ ઘટના ઉજ્જયિનીમાં દિવસો સુધી રસપૂર્વક ચર્ચાતી જ રહી. આ ઘટના બન્યા બાદની ચંડપ્રદ્યોતની સ્થિતિ જરા વિચિત્ર પ્રકારની બની જવા પામી. સેચનક જેવા ગજરાજની પુનઃપ્રાપ્તિ કરાવી આપવા બદલ એમનું મન એક તરફ વત્સરાજ ઉદાયનનાં ઓવારણાં લેવા તલપી રહ્યું, તો બીજી તરફ પુત્રી વાસવદત્તાને આકર્ષિત કરવા બદલ ઉદાયન તરફ એમની આંખમાં ફેલાયેલી લાલાશમાં ધીમે ધીમે વધારો થતો ગયો. એમને એવો સંદેહ થઈ આવ્યો હતો કે, વાસવદત્તા હાથમાંથી તો નહિ જતી રહે ? હું જે રીતે ઉદાયનને ઊઠાવી લાવ્યો, આનો બદલો લેવા આ ઉદાયન વાસવદત્તાને તો ઊઠાવી નહિ જાય ને ?

હૈયામાં ઘોળાતો, આ જાતનો સંદેહ કોઈ ને કોઈ રીતે પ્રગટ થવા માટે ધમધમતો અને એ કદીક ચંડપ્રદ્યોતની વાણીમાં તો કદીક વર્તનમાં ડોકાઈ જતો. ધીમે ધીમે પરિસ્થિતિ એટલી હદ સુધી વણસી ગઈ હતી

કે, ચંડપ્રદ્યોતે વત્સરાજ ઉદાયન સાથે પ્રેમપૂર્વક બોલવા-ચાલવાનો સંબંધ પણ સાવ જ તોડી નાંખ્યો હતો. ઉદાયન માટે એ વાસવદત્તાનું આકર્ષણ ન હોત, તો ક્યારનાય તેઓ ચંડપ્રદ્યોત પાસેથી ભાગી છૂટ્યા હોત, પણ આવા વિષમ વાતાવરણમાં પણ ત્યાં ટકી જવા વાસવદત્તા વિવશ બનાવી રહી. ધીરે ધીરે એમને અને વાસવદત્તાને પણ સ્પષ્ટ ખ્યાલ આવી ગયો હતો કે, આપણી વચ્ચે અંકુરિત થતો અનુરાગ જ ચંડપ્રદ્યોતની આંખમાં શૂળની જેમ ભોંકાય છે, પરંતુ આ હકીકતની પરવા કર્યા વિના ઉદાયને સંગીતનું અધ્યયન પણ ચાલુ જ રાખ્યું.

પ્રપંચનો પડદો હઠી ગયા પછી તો વિદ્યાધ્યયનની સાથે-સાથે અવારનવાર વાર્તાલાપનો સિલસિલો પણ ચાલુ થઈ ગયો હતો. એમાં એક દિવસ ઉદાયને વાસવદત્તાને મનની વાત કહી નાંખી : આજ સુધી તો હજુ ચંડપ્રદ્યોતનો ગુસ્સો એમની આંખમાં લાલાશ રૂપે જ ડોકાઈ રહ્યો છે. પણ, આ ગુસ્સો શત્રુતામાં પલટાઈને લડાઈનો વિપાક દર્શાવે, એ પૂર્વે જ આપણે હવે ભાવિ માટેનું કોઈ આયોજન વિચારી લેવું જ જોઈએ. કાયાથી આજ સુધી આપણે પૂરાં પવિત્ર પણ રહી શક્યા છીએ અને જ્યાં સુધી વિધિપૂર્વક આપણે સંલગ્ન-સંમિલિત ન બનીએ, ત્યાં સુધી આ રીતની પવિત્રતા પૂરેપૂરી જાળવવાનો આપણો જે ધર્મ છે, એને વળગી રહેવા તો આપણે કૃત સંકલ્પ છીએ જ. પણ, આજનો આપણો અનુરાગ ક્યારે ને ક્યારે વિધિપૂર્વકની સંલગ્નતામાં પલટાયા વિના નહિ જ રહે એ હકીકત છે. માટે ભાવિની દૃષ્ટિએ કંઈ ને કંઈ વિચારણા તો કરવી જ રહી.

વાસવદત્તાને ઉદાયનની આ વાતમાં અસંમત થવા જેવું કંઈ જ નહોતું, કેમ કે એના મનનો પડઘો જ આ વાર્તાલાપમાં ધ્વનિત થતો હતો. એ પોતાનો સાનુકૂળ પ્રતિભાવ દર્શાવવા જતી હતી. ત્યાં તો ગાંધર્વશાળાની બહાર એક જાતનો કોલાહલ થતો સાંભળવામાં આવ્યો. કુતૂહલતાવશ વાસવદત્તા ઊભી થઈને વાતાયન વાટે બહાર જોવા માંડી.

જે દશ્ય જોવા મળ્યું, એથી એ આશ્ચર્યચક્તિ બની ઊઠી અને એણે ઉદાયનને કહ્યું : પધારો, પધારો, પધારો ! આ તરફ પધારો ! રાજમાર્ગ પર જોવા જેવું એક દશ્ય ખડું થયું છે. ઓહ ! આવી પાગલતા મારી જીંદગીમાં આજે પહેલી જ વાર નિહાળી રહી છું.

વાસવદત્તાના સાદે ઉદાયન પણ ગવાક્ષમાં આવીને ઊભા રહી ગયા. બારી બહારનું આ દશ્ય એમને પણ આશ્ચર્ય અને આઘાતમાં ગરકાવ બનાવી ગયું. પાગલ જેવો જણાતો એક બ્રાહ્મણ વિચિત્ર વેશ પહેરીને નાચગાન કરી રહ્યો હતો. એ કશુંક એવું ગાતો હતો કે, જેમાં કૌશાંબીનું નામ આવતું હોય. એ નૃત્ય પણ એ જાતનું કરતો હતો કે, જેની સાથે કૌશાંબીની સ્મૃતિ તાજી થઈ જાય. એની દૃષ્ટિ ગાંધર્વશાળા તરફ ઊંચી થઈ નહોતી, ત્યાં સુધી તો નાચગાન અને એવા-એવા ચેનચાળો જ કરતો હતો કે, જેને જોઈને બીજા લોકો પણ ખડખડાટ હસી પડે, એ હાસ્ય જોઈને પછી એ જાણે પણ હસવા માંડતો. પણ જ્યાં એણે ગોખે ઊભેલા ઉદાયનને નીરખ્યા, ત્યાં જ એ પાગલની આંખોમાંથી દડદડ કરતી આંસુધારા વહી નીકળી, એનું હૈયું પણ ભરાઈ ઊઠ્યું. ક્ષણ પૂર્વે ખડખડાટ હસતી એની મુખમુદ્રા તો બીજી ક્ષણે જ કરુણ રસનું ઝરણું બનીને એવી અશ્રુધારા વહાવી રહી હતી કે, જેને જોઈને આસપાસ એકઠું થઈ ગયેલું ટોળું પણ ગમગીન અને ગંભીર બનીને રડી પડ્યું !

એકાએક આવેલું આ પરિવર્તન જોઈને એ લોકોનું ટોળું પણ પળભર વિચારી રહ્યું કે આ કોઈ પાગલ તો જણાતો નથી. પાગલના આ રુદનમાં આટલી સચ્ચાઈ કે આટલી અસરકારકતા ન જ હોઈ શકે ! ઉદાયનની દશા પણ આવી જ હતી : પોતાની તરફ નજર પડતાંની સાથે જ વેદનાવિહ્વળ બનીને આંસુ સારતા પાગલની આવી વિચિત્ર દશાનું પ્રેરક કોઈ કારણ તેઓ કલ્પી શકતા ન હતા. એમને એમ થતું હતું કે, મારા દર્શનમાં એવું તે શું આ પાગલને દેખાયું હતું કે એનો હાસ્યરસ

અલોપ થઈ ગયો અને જોનારને પણ રડાવી દે, એવો કરુણરસ એના અંગેઅંગમાં વ્યાપી ગયો.

વાસવદત્તાને તો કશું જ સમજાતુ નહોતું. પાગલ શા માટે હસતો હતો અને પાગલે એકાએક રોવાનું કેમ શરૂ કરી દીધું, આ અંગે કશી જ કલ્પના વાસવદત્તા કરી શકતી ન હતી. એની નજરમાં તો એટલી જ બાબત નોંધાઈ હતી કે, હસતો-હસાવતો આ પાગલ ગવાક્ષ તરફ નજર આવતાંની સાથે જ રડવા મંડી પડ્યો હતો. કેમ આમ બન્યું હશે? વાસવદત્તા વિચારી રહી, પણ આનું કોઈ જ કારણ હસ્તગત ન થતા એની વિચારવ્યગ્રતા વૃદ્ધિંગત બની ગઈ.

પાગલને પગલે-પગલે આવી વિચારવ્યગ્રતા ગાંધર્વશાળાની આસપાસ વધુ ને વધુ ઘેરી બની રહી! પોતાના પગલે પગલે એક જાતની વિચારવ્યગ્રતા જગવતો એ પાગલ કોણ હશે?

● ● ●

૧૪

## ડહાપણભરી પાગલતાના પ્રભાવે

**પા**ગલતાનો દેખાવ કરનારી એ વ્યક્તિ બીજી કોઈ નહિ, પણ કૌશાંબીનું મહામાત્ય પદ સંભાળનાર યૌગંધર ખુદ જ હતા. એ પાગલ નહોતા, પણ જાણી જોઈને પાગલ હોવાનો એમણે દેખાવ કર્યો હતો, કેમ કે તો જ ઉજ્જયિની આવીને વત્સરાજ ઉદાયનને મળી શકાય અને વત્સરાજને પુનઃ કૌશાંબીમાં લઈ જવાનું કોઈ આયોજન યુક્તિપૂર્વક વિચારી શકાય ! આ બધું પાર પાડવા ડહાપણભરી પાગલતા અપનાવવી, એ અનિવાર્ય હતું. એથી એમણે પાગલ તરીકેનો આબાદ વેશ ભજવી જાણ્યો હતો અને ઉજ્જયિનીમાં ઘૂમતા ઘૂમતા તેઓ છેક ગાંધર્વશાળા સુધી પહોંચી શક્યા હતા. જ્યાં

સુધી વત્સરાજનું દર્શન નહોતું મળ્યું, ત્યાં સુધી હસતા-હસાવતા રહેલા યૌગંધરને જ્યાં ઉદાયનનું દર્શન થયું, ત્યાં જ હૈયું લાગણીથી ભરાઈ ગયું, અને એમનાથી રડી જવાયું. આ રુદનનું રહસ્ય કોઈ જ જાણી ન શક્યું, ઉદાયનને પણ આનો કોઈ ખ્યાલ ન આવ્યો. પાગલતાના પડદા પાછળ સંતાયેલા યૌગંધરને તેઓ પિછાણી શક્યા ન હતા, એથી જ પિછાણ કરાવવા પાગલ યૌગંધર સીધો જ ગાંધર્વશાળામાં પેસી ગયો અને એણે ઉદાયનના પગે પડીને કોઈક એવો સંકેત કર્યો કે, જેથી ઉદાયન પરિસ્થિતિ પામી ગયા અને ટોળાને વિખેરાઈ જવાનો એમણે આદેશ આપ્યો.

છેક ગાંધર્વશાળામાં ઘૂસી જવાની અને ઉદાયન સુધી પહોંચી જવાની પાગલની આ પ્રવૃત્તિને પાગલતાના ખાતે ખતવી દઈને સૌએ નિર્દોષ ગણી લીધી. યૌગંધરને તો બસ આટલું જ ખપતું હતું. હવે પછીની બાજીને બરાબર સંભાળી લેવાની એમની પૂરી તૈયારી હતી. લોકો વિખેરાઈ જતાં ઉદાયન અને યૌગંધર એકાંતમાં ભેગા થતાં જ બંનેની આંખોમાંથી દડ દડ કરતી આંસુધાર વહી નીકળી. એમણે કૌશાંબીની કુશળતા અંગે પૂછતા જવાબ મળ્યો :

કૌશાંબીની કુશળતા દિવસોથી અલોપ થઈ ગઈ છે. આપના વિના કૌશાંબીને કળ ક્યાંથી વળે ? એ દહાડે આપ ગજરત્નને વશ કરવા ગયા, પણ પછી જ્યારે પાછા જ ન ફર્યા, ત્યારે આપની શોધમાં સૈનિકોએ આકાશ-પાતાળ એક થઈ જાય, એવી દોડધામ મચાવી, પણ એ પ્રવૃત્તિ જ્યારે પાણી વલોવવા જેવી જ સાબિત થઈ, ત્યારે મારા મનમાં એક ઝબકારો થઈ આવ્યો કે, ઉજ્જયિનીનું આમંત્રણ આપણે સ્વીકાર્યું નહોતું, એથી કદાચ ચંડપ્રદ્યોતે જ આપનું અપહરણ કર્યું/કરાવ્યું હોવું જોઈએ. આ અનુમાનના આધારે રાજ્ય અન્યને ભળાવીને મેં વેશપલટો કર્યો અને અહીં સુધી હેમખેમ આવી પહોંચ્યો. ઉજ્જયિનીમાં પ્રવેશ કરતા પૂર્વે મેં પ્રકૃતિનો પણ પલટો કર્યો અને

પાગલ હોવાનો દેખાવ કર્યો. જેથી આપને આ રીતે મળી શકું. આમ, કૌશાંબીને કોઈ વાતે અકુશળતા નથી, છતાં કૌશાંબી કુશળ નથી. આપ પધારો તો જ કૌશાંબી કુશળતા અનુભવે.

'કૌશાંબીની આ અકુશળતા સાંભળતા જ વત્સરાજ ઉદાયન પણ ગળગળા બની ગયા. આમ પણ ચંડપ્રદ્યોતના વિચિત્ર વર્તનનાં કારણે એમનું મન ઉજ્જયિની પરથી ઊઠી તો ગયું જ હતું. એમાં વળી યૌગંધરે કરેલી વાત પછી તો એમને કૌશાંબી પર વધુ વહાલ ઊભરાઈ આવ્યું અને એ વહાલ જાણે આંસુ બનીને ટપકી રહ્યું.

યૌગંધરની છાતી પણ ભરાઈ આવી. એમણે રાજવીને કહ્યુંઃ હું આપને કૌશાંબી પધારવાનું આમંત્રણ આપવા જ આવ્યો છું. મારી પાસે યોગીદત્ત એક એવી ગુટિકા પણ છે કે, જે મોંમાં મૂકવા માત્રથી વ્યક્તિ બીજા માટે અદશ્ય બની શકે. આના પ્રભાવે આપણે હેમખેમ કૌશાંબી પહોચી શકીશું.

યૌગંધરની આ વાત સાંભળતા જ વત્સરાજ ઉદાયનનું રાજતેજ ઝળકી ઊઠ્યું. એમણે કહ્યું : અવંતિપતિ ચંડપ્રદ્યોતને માટે અપહરણ અને ચોરીછૂપી ભલે શોભાસ્પદ ગણાતી હોય, પરંતુ શતાનીક જેનો પિતા હોય, મૃગાવતી જેની માતા હોય, કૌશાંબીનું રાજ્ય જેના ભાગ્યમાં હોય તથા યૌગંધર જેવા મંત્રીશ્વર જેને મળ્યા હોય, એવા મારા માટે તો અપહરણ કે પલાયન એ તો શરમની વાત ગણાય. માટે ભાગવા-ભગાડવાની વાત રહેવા દો, મંત્રીશ્વર ! કૌશાંબી જરૂર આવવું છે, સાથે વાસવદત્તાને પણ જરુર લેવી છે. પરંતુ આપણું આ ગમન અપહરણ કે પલાયન ન જ બને, એવો કોઈ માર્ગ ગોતી કાઢો. ડંકાની ચોટે જાહેરાત કરીને મને વાસવદત્તાની સાથે કૌશાંબી લઈ જવાની તમારી જો તૈયારી હોય, તો હું અબઘડી તૈયાર છું.

વાસવદત્તાનું નામ સાંભળીને યૌગંધર કંઈક વિચારમગ્ન બની ગયા હોય, એમ જણાઈ આવતાં ઉદાયને અવંતિ-ઉજ્જયિનીમાં બનેલી

બધી જ ઘટના અથથી ઇતિ સુધી કહી સાંભળાવી. યાંત્રિકહાથીની રચના દ્વારા પોતાને કઈ રીતે છેતરવામાં આવ્યા, વીણાવાદનનું અધ્યયન પણ કઈ રીતે પ્રપંચ/પડદો વચમાં રાખીને કરાવાયું, આ બધાની વિગત જાણીને તો યૌગંધરને ય પોરસ ચડી ગયું અને એથી એમણે છાતી ઠોકીને કહ્યું : વત્સરાજ ! આ રીતે ચોર બનવું, ચંડપ્રદ્યોતને ભલે રુચ્યું હોય પણ કૌશાંબીને તો શાહુકારની શાન વધુ વહાલી છે, એથી આપણે ડંકાની ચોટે જાહેરાત કરીને જ કૌશાંબી જઈશું. આપને અને વાસવદત્તાને હું આ રાતે ઉઘાડેછોગ કૌશાંબી ન લઈ જઈ શકું તો મારું નામ યૌગંધર નહિ ! હું આપને હજી એક વાર મળીશ, પરંતુ મારી ધારણા મુજબ એક સપ્તાહમાં જ બધી યોજના ઘડાઈ જશે. બરાબર આજથી સાતમા દિવસની સાંજે આપણે પ્રયાણ કરીશું. આ પછી થોડીક મંત્રણા કરીને યૌગંધરે વિદાય માંગી. વાર્તાલાપ દરમિયાન એક વાત આવતાં જ ઉદાયને કહ્યું : મંત્રીશ્વર ! ભદ્રાવતી-હાથણીના મહાવત વસંતકનો મારી ઉપરનો ભક્તિ ભાવ ઘણો છે. હુંય એને જણાવીશ, જો એની સહાય અપેક્ષિત હોય, તો તમે એને એક વાર મળી આવશો, સેચનક હાથીને વશ કરવાનો પ્રસંગ બન્યા બાદ એ મહાવત ચંડપ્રદ્યોત કરતાં મને વધુ ચાહે છે. વળી વિશ્વાસ મૂકવા જેવો માણસ છે. જો ભદ્રાવતી હાથણીની અપેક્ષા હોય, તો આ અપેક્ષા એ પૂરી કરી આપશે.

મંત્રીશ્વર ખુશ થઈ ગયા. હવે તો એમનો આત્મવિશ્વાસ ખૂબ જ વધી ગયો. એમણે રોમાંચિત બની ઊઠતાં કહ્યું : તો આપણે ભદ્રાવતી પર આરૂઢ થઈને જ પ્રયાણ કરીશું. બસ, હવે હું વિદાય લઈને પાછો પાગલ બની જાઉં છું. આ બધી વાત એકદમ સુરક્ષિત જ રહેવા પામશે, એવો મારા તરફથી આપને કોલ છે.

મંત્રીશ્વરની બુદ્ધિશક્તિ પર ઉદાયનને પૂરેપૂરો વિશ્વાસ હતો એથી એઓ સપ્તાહ પછીની સાંજની પ્રતીક્ષા કરી રહ્યા. બીજી તરફ યૌગંધર

પાછો પાગલ બનીને એ ગાંધર્વશાળામાંથી બહાર નીકળી ગયો અને જ્યાં ચંડપ્રદ્યોતનો રાજમહેલ હતો, ત્યાં એ નાચતો-કૂદતો પહોંચી ગયો. રાજમહેલના આંગણે પહોંચતા જ એ જોર-જોરથી બરાડા પાડીને એવું ગાવા માંડ્યો : કોશાંબીના ઉદાયનને અને ઉજ્જયિનીની વાસવદત્તાને ડંકાની ચોટે હું જો કૌશાંબી તરફ પ્રયાણ ન કરાવી શકું, તો હું યૌગંધર નહિ. હા, હું યૌગંધર છું, હું કૌશાબીનો મહામાત્ય યૌગંધર ! મારા માટે કશું જ અશકય નથી. હું ઉદાયનને અને વાસવદત્તાને લેવા જ આવ્યો છું.

આ બૂમબરાડા સાંભળીને ચંડપ્રદ્યોતે પાગલને સભામાં હાજર કરવાનો આદેશ કર્યો. રાજસેવકો તરત જ એ પાગલને સભામાં લઈ આવ્યા. એણે તો સભામાં આવીને આ જ ગાંડું ગીત ગાઈ બતાવ્યું ! ચંડપ્રદ્યોતે એની પર આંખ લાલ કરીને કહ્યું, તું આ શું ગાઈ રહ્યો છે ? બીજી વાર આવું બોલીશ, તો તારી જીભ ખેંચી લઈશ. માટે હવે મૂંગો મરજે.

આવી કડક આજ્ઞા સાંભળીને તો એ પાગલને વધુ તાન ચડ્યું. એણે પોતાની જીભ બહાર કાઢીને ખેંચી કાઢવાનો અભિનય દર્શાવ્યો, પણ આમાં સફળતા ન મળતાં એ ભૂમિ પર સૂઈને આળોટવા માંડ્યો અને એ જ ગાંડું ગીત ફરીથી બરાડી રહ્યો. એની આવી બધી ચેષ્ટા જોઈને ચંડપ્રદ્યોતને લાગ્યું કે, આ તો કોઈ ગાંડો માણસ છે. આની આ વાતને ગાંડાના લવારાથી વિશેષ જરાય મહત્ત્વ આપવા જેવું નથી, એથી ચંડપ્રદ્યોતે સેવકોને કહ્યું : છોકરા સાથે જેમ છાશ ન પીવાય, એમ ગાંડા સાથે વાત પણ ન થાય. માટે આને રસ્તા પર જ રખડવા દો. આના દ્વારા ઉજ્જયિનીને જરાક મનોરંજન મળશે.

રાજસભામાંથી તગેડાઈ ગયેલો એ પાગલ રસ્તા પર આવીને જોરજોરથી એ જ ગાંડું ગીત બરાડતો બરાડતો નગરમાં ઘૂમી વળ્યો. આખી ઉજ્જયિની આવું મફતિયું મનોરંજન માણી રહી. બસ ! આ

પછી તો આખો દિવસ નગરમાં ઘૂમતા રહેવું અને પેલું ગાંડું ગીત ગાયા કરવું, એ જ આ પાગલની પ્રિય પ્રવૃત્તિ બની રહી. શરૂઆતમાં તો મોટા માણસોને પાગલનો પ્રલાપ સાંભળવામાં રસ પડતો. પણ એકાદ બે દિવસ પછી તો બધા લોકો એ પાગલની સરિયામ ઉપેક્ષા કરવા લાગ્યા, પછી તો એની પાછળ માત્ર છોકરાઓનું ટોળું જ ઘૂમવા માંડ્યું. છોકરાંઓ એને ચીડવતા : એ ગાંડા ! તું કયા ઉદાયનની અને કઈ વાસવદત્તાની વાત કરે છે ? ત્યારે ખડખડાટ હસી પડતો એ પાગલ જવાબ આપતો કે, ગાંધર્વશાળામાં રહેલો જે ઉદાયન મારો રાજા છે અને જે વાસવદત્તા એની શિષ્યા છે, એને હું કૌશાંબીમાં લઈ જઈશ. આમાં શી મોટી ધાડ મારવાની હતી. મારા માટે આ તો મરચાના છોડને ઠેકી જવા જેવી રમત વાત છે. હું મંત્રી યૌગંધર છું, સાથે સાથે તમારે બધાને આવવું હશે, તોય લઈ જઈશ હોં. છોકરાઓ કૌશાંબી આવવા તૈયાર રહેજો હોં.

આમ છોકરાઓની સાથે સાથે ઘૂમતા એ પાગલના પ્રલાપથી ઉજ્જયિનીના રાજમાર્ગો દિવસભર ગાજતા રહેતા. દિવસે આ રીતે પાગલ પ્રવૃત્તિ કરતો એ પાગલ રાતભર કૌશાંબી-પ્રયાણની ગુપ્ત તૈયારી કરવામાં મશગૂલ રહેતો. આ યોજનામાં મહાવત વસંતક ખૂબ ખૂબ દિલચસ્પીથી રસ લેતો હતો. બંનેએ ભેગા થઈને બરાબર યોજના ઘડી કાઢી હતી. એ યોજના મુજબ સાતમા દિવસે ભદ્રાવતી હાથણી શસ્ત્ર-અસ્ત્રોથી બરાબર સજ્જ બનાવાઈ. કોઈ જોઈ ન શકે, એ રીતે આ ગોઠવણ થઈ હતી. તેમજ હાથણીનાં મૂત્રથી ભરેલી ચાર ઘડીઓ તૈયાર કરીને એ હાથણીની સાથે બાંધવામાં આવી હતી. એમાં અમુક જાતની ઔષધિઓ પણ મેળવવામાં આવી હતી. આ મૂત્રનો પ્રભાવ એવો હતો કે, એ મૂત્રનો જમીન પર છંટકાવ કરવામાં આવે, તો મારમાર કરતો મદોન્મત હાથી પણ મૂત્ર-ગંધી એ ભૂમિ આગળ આવીને અટકી જ જાય, ને એમાંથી નીકળતી ગંધમાં મુગ્ધ બનીને એ ત્યાં જ

સ્થિર થઈ જાય. આ રીતે બધું જ આયોજન બરાબર ગોઠવાઈ જતાં ઉદાયનને સંધ્યા પછીના સમયે તૈયાર રહેવાનો સંકેત પાઠવાઈ ગયો.

ઉદાયનને સંકેત મળી ગયો. ઉદાયન, વાસવદત્તા અને કાંચનમાલા તો તૈયાર થઈને બેઠાં હતાં. સંકેત મુજબ પેલો પાગલ ગાંધર્વશાળા આગળ આવીને પેલું ગાંડું ગીત ગાવા લાગ્યો. એટલે આ અવસર સાધી લઈને તેઓ સાદા વેશમાં બહાર આવ્યાં અને ટોળામાં સામેલ થઈ ગયાં. પાગલનો એ લવારો તો ચાલુ જ હતો : ઉદાયન, વાસવદત્તા અને કાંચનમાલાનો આ કાફલો લઈને યૌગંધર એવો હું કૌશાંબી જઈ રહ્યો છું. સાંભળો ! ભાઈ, સાંભળો ! ભદ્રાવતી હાથણી અમારી પ્રતીક્ષા કરતી નગર બહાર ખડી છે.

પાગલના પ્રલાપની સાથે સાથે એ કાફલો પણ રાજમાર્ગો પરથી આગળ વધી રહ્યો. પણ કોઈએ આ કાફલાને ગંભીર નજરે નિહાળ્યો પણ નહિ. કેમ કે સૌના માટે તો આ પ્રલાપ અને આ પાગલ રોજનો માથાનો દુખાવો બની ગયો હતો. અંધારું પણ જામતું હતું. કૌશાંબી તરફ ઉઘાડેછોગ પ્રયાણ કરતો એ કાફલો હેમખેમ નગરી બહાર જઈ પહોંચ્યો. ત્યાં તો ભદ્રાવતી હાજર જ હતી. સૌ એની પર સવાર થઈ ગયા અને બીજી પળે તો એ હાથણી અંધારામાં અદૃશ્ય બની ગઈ.

— ● —

ઉજ્જયિની નગરી જ્યારે ભર ઊંઘમાંથી જાગી, ત્યારે તો વાતાવરણમાં અજબગજબની એક હલચલ મચી ગઈ હતી. એ હલચલ ચકચારભરી હતી. એ ચકચાર રાજા-પ્રજા સૌના ચિત્તને ચોંટ પહોંચાડે એવી હતી. એ હલચલ અને એ ચકચાર એ વાતની હતી કે, ગાંધર્વશાળાથી ઉદાયન-વાસવદત્તા-કાંચનમાળા ગુમ થઈ ગયાં હતાં અને હસ્તીશાળામાં ભદ્રાવતી અને એના મહાવત વસંતકની હાજરી કળાતી ન હતી. થોડીઘણી તપાસના અંતે રાજવી ચંડપ્રદ્યોતને પોતાની

ભીંત જેવી મોટી ભૂલનો ખ્યાલ આવી ગયો. જેની ચાલને આજ સુધી પાગલ ગણવામાં આવી હતી અને જેના બોલને પાગલ-પ્રલાપ સમજવામાં આવ્યો હતો, પણ આ એક મોટી ભૂલ હતી. આ કોઈ પાગલને યોગ્ય પ્રવૃત્તિ કે પ્રલાપ જ નહોતા, પણ જે એક સાચું નાટક ભજવાવાનું હતું, એનો જ એક પ્રયોગ અને પૂર્વ તૈયારી હતી. એનો ખ્યાલ આવી જતાં જ ચંડપ્રદ્યોતે પોતાના ગોપાલ અને પાલ નામના પુત્રોને બોલાવીને કહ્યું કે, તમે બંને હવે પળનોય વિલંબ કર્યા વિના ગજરાજ જંઘાલ ઉપર આરૂઢ થઈને કૌશાંબીની વાટે ચાલી નીકળો અને ઉદાયનનો પીછો પકડો. એ તમારી બહેનનું અપહરણ કરીને ભાગી છૂટ્યો છે. આટલું જ નહિ, વાસવદત્તાની સાથે એણે કાંચનમાલાનેય ભગાડી દીધી છે. વસંતક મહાવતને ભોળવી દઈને એણે ભદ્રાવતીનેય ભગાડી દીધી છે. માટે તમે તરત જ પીછો પકડવા ચાલી નીકળો. જંઘાલની ઝડપી ગતિ આગળ ટકવાનું એ ભદ્રાવતીનું તો શું ગજું ? ઉદાયને ભલે રાતથી જ કૌશાંબીનો માર્ગ કાપવાની શરૂઆત કરી હતી, પણ જંઘાલ આજે ને આજે જ એ કાફલા સહિત ભદ્રાવતીને પકડી પાડ્યા વિના નહોતો જ રહેવાનો !

પોતાની બહેનનું અપહરણ સાંભળીને ગોપાલ અને પાલ ધમધમી ઊઠ્યા. એમને અભિમાન હતું કે, આપણા ભુજાબળ સામે ટકવાનું ઉદાયનનું તો શું ગજું ? ઉદાયન વીણા ભલે વગાડી જાણે, પણ સમશેર ઝાલવાની વાત આવશે, ત્યાં જ એ પાણીમાં બેસી ગયા વિના નહિ રહે ! એથી કોઈ બીજો વિચાર કર્યા વિના એ બંને ભાઈઓ જંઘાલ નામના ગજરાજ પર આરૂઢ થઈને કૌશાંબીની વાટે ઝંઝાવાતી ઝડપે ચાલી નીકળ્યા.

યૌગંધર જ્યારે ભદ્રાવતી હાથણીને કૌશાંબી-પ્રયાણ માટે તૈયાર કરી રહ્યો હતો અને શસ્ત્ર-સામગ્રી તેમજ મૂત્ર-ઘડીઓ એ હાથણી પર ગોઠવી રહ્યો હતો, ત્યારે એ હાથણીના મોંમાંથી એક જાતનો સિસકાર

નીકળ્યો હતો, એ નજીકમાં જ બેઠેલા પ્રજ્ઞાચક્ષુ કોઈ નૈમિત્તિકે સાંભળ્યો હતો અને એના મોંમાંથી ભદ્રાવતી માટે એવી ભવિષ્યવાણી નીકળી હતી કે, આ હાથણી સો જોજન ચાલ્યા બાદ આગળ નહિ વધી શકે, આટલો પંથ કપાયા બાદ એ ત્યાં જ મૃત્યુ પામશે. વસંતક પણ આ વિષયનો થોડોક જાણકાર હતો, એથી ભદ્રાવતીનું ભયભર્યું આ ભાવિ સાંભળીને એ ચિંતિત બની ગયો હતો, પણ આ ચિંતા અત્યારે વ્યક્ત કરવાનો સમય ન હતો એથી આ ચિંતાને મનમાં જ સમાવી દઈને એણે પૂર્વયોજના મુજબ બધું થવા દીધું હતું. પણ જ્યાં ઉજ્જયિની છૂટી ગઈ, ત્યાં એણે પોતાની ચિંતાને યૌગંધર સમક્ષ વ્યક્ત કરતાં કહ્યું : આપણે કૌશાંબી તરફ પ્રયાણ તો કરી શક્યા, પરંતુ સવા લાખનો સવાલ એ છે કે, આ હાથણી આપણને કૌશાંબી સુધી પહોંચાડી શકશે કે કેમ ?

આમ જણાવીને મહાવતે નૈમિત્તિકની ભવિષ્યવાણી કહી સંભળાવી, ત્યારે યૌગંધરે કહ્યું કે, સૌ સારાંવાનાં થઈ રહેશે. એક વાર આપણે થોડા આંગળ વધી જઈએ, પછી કોઈ ચિંતા નહિ. પછી તો આગે આગે ગોરખ જાગે ! આમ, મન મનાવીને એ કાફલો આગળ વધી રહ્યો. મધ્યાહ્‌ન થવા આવ્યો, ત્યાં સુધીમાં તો ઉજ્જયિનીને પચ્ચીસ યોજન પાછળ મૂકી દેવામાં મહાવતને સફળતા સાંપડી હતી એથી વસંતક થોડી નિશ્ચિંતતા વ્યક્ત કરવા જતો હતો, ત્યાં જ એક જાતની એવી સુગંધ પાછળથી આવતી એણે અનુભવી કે, જેથી પાછળ પાછળ આવી રહેલા કોઈ ગજરાજનું અનુમાન થઈ શકે. હસ્તીવિદ્યાનું ઊંડું જ્ઞાન વસંતક ધરાવતો હતો એથી પળ બે પળમાં જ બધી ખાતરી થઈ જતા ભયભર્યા સાદે એણે રાજવી ઉદાયનને જણાવ્યું કે, મહારાજ ! ભય ભાગતો ભાગતો આવી રહ્યો છે, એક જાતની જે સુગંધ મને આવી રહી છે, એના આધારે હું છાતી ઠોકીને એમ કહી શકું છું કે, આપણો પીછો પકડવા જંઘાલ નામના હાથી ઉપર આરૂઢ થઈને કોઈ નીકળી

ગયું છે અને હવે થોડી જ પળોમાં એ હાથી આપણને આંબી જવો જોઈએ.

વસંતકની આ આગાહી સાંભળીને વાસવદત્તા એકદમ ઢીલી પડી ગઈ. એણે કહ્યું કે, જંઘાલ હાથી પરના એ સવારોમાં ગોપાલ અને પાલ નામના મારા બે ભાઈઓ સિવાય બીજું કોઈ નહિ જ હોય, એવી મને ખાતરી છે. જો મારા બે ભાઈઓ અહીં આવી ચડે તો.... ! તો કોઈની તાકાત નથી કે, ગોપાલ અને પાલને એ હરાવી શકે ?

આ સાંભળતાં જ ઉદાયને છાતી ફુલાવીને કહ્યું : સિંહ દ્વારા સુરક્ષિત સિંહણ પર કોઈ તરાપ મારી શકે ખરું ? આવી તરાપ મારનારી તાકાત હજી કદાચ મળી આવે, પણ મારા હાથમાંથી વાસવદત્તાને ઝૂંટવી જનારી તાકાત હજુ જન્મી નથી અને જન્મશેય નહિ ! માટે જરાય ગભરાવાની જરૂર નથી. મને જેમ વીણા વગાડતા આવડે છે, એમ તાતી તલવાર ઘુમાવતાંય આવડે છે. વીણાના પ્રલાપ તો તમે બધાએ સાંભળ્યા જ છે, હવે તાતી તલવાર ચલાવવા દ્વારા હું કેવો પ્રલયકાંડ સરજી શકું છું, એ જોવાય સૌ તૈયાર થઈ જાય.

વસંતકની આંખ તો બાજની આંખે પાછળનું નિરીક્ષણ કરી રહી હતી. થોડી વારમાં એણે જંઘાલ હાથીને વાવાઝોડા જેવા વેગપૂર્વક ધસી આવતો જોયો. એને થયું કે, હવે દોડવામાં તો ફાવી નહિ શકાય એથી એણે મૂત્ર ભરેલી એક ઘડી પટકીને ફોડી નાખી એથી એ ભૂમિમાંથી એવી સુગંધ નીકળવા માંડી કે, જબરજસ્ત વેગ સાથે આવતો જંઘાલ હાથી ત્યાં આવીને એકદમ થંભી ગયો. સુગંધ વહાવતી એ ભૂમિ સાથે એના પગ જાણે બંધાઈ ગયા, એની પર બેઠેલા ગોપાલ અને પાલે એક ત્રાડ પાડીને ઉદાયનને પડકારતાં કહ્યું : ચોરની જેમ મારી બહેનને લઈને આ રીતે ભાગી જતાં શરમ નથી આવતી ? શાહુકાર હોય તો ઊભો રહે. અમે કોઈ પણ ભોગે બહેન વાસવદત્તાનું આ રીતે અપહરણ નહિ જ થવા દઈએ !

ઉદાયનનું ક્ષાત્ર તેજ હવે તલવાર તાણ્યા વિના રહી શકે ખરું ! એમણે સામેથી સણસણતો એક સવાલ બાણની જેમ છોડ્યો : ચોર ? અમને ચોર કહનાર તમે ચોરના શિરમોર છો, એનું શું ?

આ સવાલને વધુ વેધક બનાવતાં યૌગંધરે કહ્યું : તમારા પિતાજી જ્યારે ઉદાયનને અહીંથી ચોરીની ચીજની જેમ ઊઠાવી લાવ્યા, ત્યારે તમે ક્યાં સૂઈ ગયા હતા ? અમે તો ડિંડિમ નાદે દિવસો સુધીની જાહેરાત પછી જ આ રીતે રાજવી અને રાજકુમારીને લઈ જઈ રહ્યા છીએ. હું જે એક ચેતવણી દિવસો સુધી ઉચ્ચારી રહ્યો હતો કે, ઉદાયન, વાસવદત્તા અને કાંચનમાલાને હું કૌશાંબી લઈ જઈ રહ્યો છું, એને તમે પાગલ-પ્રલાપ જેવી ગણી હતી ને ? જો આમ હોય, તો તો તમારી ચતુરાઈને મારે ધન્યવાદ જ આપવા પડે ! રાજકારણમાં ઘણીવાર જે દેખાતું હોય છે, એના કરતાં વાસ્તવિકતા તો કોઈ જુદી જ હોય છે અને વાસ્તવિકતા હોય છે, એ તો પ્રાયઃ દેખાતી જ નથી હોતી. માટે હવે શાહુકારીની શેખી મારવાની મૂકી દઈને, બાવડામાં જો બળ હોય, તો બહેનને બચાવવા મેદાનમાં આવી જાવ.

યૌગંધરનો આ લલકાર સાંભળીને ગોપાલ અને પાલ હાથી પરથી નીચે કૂદી પડ્યા. એમને તો એવો જ વિશ્વાસ હતો કે, વીણાવાદન કરવા જેટલું સહેલું અને સરળ કાર્ય લડાઈ ખેલવાનું હોત, તો તો જોઈતું હતું શું ? આવો આત્મવિશ્વાસ હોવાથી બંને ભાઈઓ ઉદાયન સામે ખડા થઈ ગયા.

મૂત્ર-ઘડીને ફોડી નાખવાથી જે ભૂમિ ભીની ભીની થઈ ગઈ હતી અને ગજરાજને પ્રિય એવી જે સુગંધ વહાવી રહી હતી, એની મોહિનીમાં મસ્ત બનીને જંઘાલ હાથી તો હાલવા ચાલવાનું નામ જ લેતો ન હતો. પળ પછીની કલ્પના આવતાં જ વાસવદત્તા ધ્રૂજી ઊઠતી હતી. કેમ કે પોતાના ભાઈ ગોપાલ-પાલની વીરતાની એ સાક્ષી હતી, જ્યારે ઉદાયનની તો એણે માત્ર વીણાવાદનની કલા જ નિહાળી હતી

એથી એના ચહેરા પર ચિંતાની રેખાઓ અંકિત થઈ ગઈ હતી. ત્યાં જ ઉદાયન અને ગોપાલ-પાલ વચ્ચે યુદ્ધનું મંડાણ થઈ ગયું. થોડી જ પળો વીત્યા બાદ ગોપાલ અને પાલને ખાતરી થઈ ગઈ કે, વીણાવાદક ઉદાયનને વીણામાં આંટી જવા, એ જેમ અશક્ય વાત હતી, એમ સમશેરધારક ઉદાયન સમક્ષ વીરતામાં વિજય મેળવવો, એય જરાય સરળ અને શક્ય ન હતું.

આમ, વાસવદત્તા ચિંતિત હતી અને ઉદાયનને જે યુદ્ધમાં વિજય નિશ્ચિત જણાતો હતો, એ યુદ્ધને ગોપાલ-પાલ સાશંક હૈયે ખેલી રહ્યા હતા.

• • •

## ૧૫

# સફળ બનતી યૌગંધરની યોજના

**વી**રતા, વક્તૃત્વ, વાક્ચાતુર્ય, વિદ્વત્તા અને વીણાવાદન : આ બધી એવી તો કામણગારી કળાઓ છે કે, જે વેરીને પણ વશ બનાવી દે ! વત્સરાજ ઉદાયનમાં આવી અનેક કળાઓ એકબીજા સાથે સ્પર્ધા કરતી વિકસતી રહી હતી, એથી શત્રુ બનીને આવેલા ચંડપ્રદ્યોતના પુત્ર ગોપાલ અને પાલ માટે પણ ઉદાયનનું વ્યક્તિત્વ કામણગારું નીવડે, એ કોઈ આશ્ચર્યની વાત ન હતી ! બંને ભાઈઓ આવ્યા હતા તો ઉદાયન સાથે લડી લઈનેય બહેન વાસવદત્તાને પાછી લઈ જવા ! આ માટે એમણે સંઘર્ષનાં મંડાણ કર્યાં પણ ખરાં ! પરંતુ સંઘર્ષ જ્યાં થોડોક જ આગળ વધ્યો, ત્યાં ગોપાલ-પાલને ઉદાયનનો

સાચી રીતનો પરિચય મળી જતાં એમની વિચારધારાએ એકાએક જ પલટો લઈ લીધો. એ બંને વિચારી રહ્યા :

'આમ પણ કન્યા એ પારકું ધન જ ગણાય છે. માટે વાસવદત્તા ખરી રીતે તો પારકી થાપણ હોવાથી આજે નહિ તો કાલે એને કોઈના ઘરે વળાવવી તો પડશે જ. તો પછી વાસવદત્તા માટે આ ઉદાયન જ શા ખોટા ગણાય ? ઉદાયન જેવું વીરત્વ મળવું, ખરેખર દુર્લભ ગણાય. આવી વીરતા, આવી કળાકુશળતા અને આવી રૂપરાશિનું દર્શન આજે જ થવા પામ્યું ! માટે આપણે પિતાજીને આ બધું સમજાવીશું, તો પિતાજી જરૂર આપણી વાતને સ્વીકારી જ લેશે. આપણે ભલે સંઘર્ષ કરવા આવ્યા છીએ, પણ અત્યારે એમ લાગે છે કે ઉદાયન સંઘર્ષ કરવા લાયક નહિ, પણ ચાહવા જેવા રાજકુમાર છે.'

આ જાતનું દિલપરિવર્તન ગોપાલ અને પાલ પાસેથી શસ્ત્રો હેઠાં મુકાવી ગયું. તેઓએ બહેન પાસે જઈને કહ્યું : બહેન ! તું સાચી છે. તેં જેની પર પસંદગી ઉતારવાનું વિચાર્યું છે, એ પસંદગી અંધારામાં હીરો હાથમાં આવી ગયા જેવી જણાય છે. માટે ક્રોધનો ધોધ વહેવડાવવાના ધ્યેયપૂર્વક આવેલા અમે હવે પ્રેમનો ધોધ વહેતો મૂકીને પિતાજી પાસે જવા માંગીએ છીએ. અમે પિતાજીના પગ પકડીને એમને વિનવણી કરીશું કે, આપને આવો ઉદાયન જેવો જમાઈ બીજો નહિ મળે, એથી વાસવદત્તાના હાથમાં અંધારે આવી ગયેલા હીરાને વધાવી લો અને સામે ચાલીને ચાંલ્લો કરવા આવેલી લક્ષ્મી જેવા મૂલ્યવાન આ અવસરને અંતરથી આવકારી લો !

ભાઈઓની આ વાતને વાસવદત્તાએ હૈયાના હેતથી વધાવી લીધી. ગોપાલ-પાલ સંઘર્ષને સમેટી લઈને ઉજ્જયિની તરફ વિદાય થયા અને ઉદાયનનો કાફલો કૌશાંબીની વાટે આગળ વધી રહ્યો. આ રીતે આકાશ નિરભ્ર બની ગયું. જ્યાં ભયનાં વાદળો તૂટી પડે, એવી સંભાવના હતી, ત્યાં વિશેષ રીતે વરસ્યા વિના જ એ વાદળો વિખેરાઈ

ગયાં. પણ મહાવત વસંતક રાજપુત્રોના આ દિલપરિવર્તન સાવ સાચું માની લેવા તૈયાર ન હતો, એથી એ ૨૫/૨૫ યોજનના અંતરે એક એક મૂત્ર-ઘડી ફોડતો રહ્યો, જેથી અચાનક કોઈ હાથી-સવાર પીછો કરવા આવે, તો આગળ વધી શકે જ નહિ. આમ કરતાં કરતાં ચારે ઘડીઓ ફોડી નાખવામાં આવી, ત્યારે ૧૦૦ યોજન જેટલો હાથણી-પ્રવાસ પૂરો થઈ ગયો હતો, નૈમિત્તિકની એ ભવિષ્ય-વાણી ખોટી પડે, એવું વસંતક અંતરથી ઇચ્છતો હતો, આમ છતાં એને વિશ્વાસ હતો કે, પરભવની કોઈ પુણ્યાઈ આડી આવી જાય અને હાથણી માટેના ભાવિલેખ ભૂંસાઈ જાય, તો અલગ વાત ! બાકી એ નૈમિત્તિકની આગાહી ખોટી ઠરે, એ વાતમાં માલ નથી. ૧૦૦ યોજનનો પ્રવાસ પૂર્ણ થતા જ એ આગાહી અક્ષરશઃ સાચી ઠરી. એકાએક જ ભદ્રાવતી જમીન પર પછડાઈ પડી અને થોડી જ વારમાં એનું પ્રાણપંખેરું ઊડી ગયું.

ભદ્રાવતીનું આ અકાળ મોત ઉદાયનને ગમગીન બનાવી ગયું. એક મોટો ભય ઉજ્જયિની તરફથી ધસી આવે, એવી એક શક્યતા હતી, પણ ભાગ્યયોગે એ શક્યતા તો માત્ર ઉપસ્થિત થઈ અને આખી ઘટનાને પુણ્યપલટો આપવા ઉપરાંત ઉપકારક બનીને વિદાય થઈ ગઈ. હવે મલયાચલનો વન-પ્રદેશ શરૂ થતો હતો, આ પ્રદેશમાં પગપાળા આગળ વધવું ઘણું કષ્ટપ્રદ હતું. પરંતુ આ કષ્ટને ઇચ્છા-અનિચ્છાએ વધાવી લેવા સિવાય કોઈ છૂટકો જ ન હતો એથી સૌ આગળ વધવા માંડ્યા. વત્સરાજ ઉદાયનને પોતાની સાહસિકતા અને પોતાના ભુજા-બળ પર વિશ્વાસ હતો એથી એમણે મંત્રી અને મહાવતને આગળ વધવાની અનુમતિ આપતાં જણાવ્યું :

'મંત્રીશ્વર ! હવે મલયાચલનો વિકટ પ્રદેશ શરૂ થાય છે. તમને યાદ હોય તો પેલો ભીલ આ પ્રદેશનો રાજા જેવો જ હોવાથી 'ભીલરાજ' તરીકે ઓળખાય છે. માતા મૃગાવતીનું કંકણ લઈને એ

પિતા શતાનીક પાસે આવ્યો હતો, ત્યારથી એ આપણા પર અનેરો સદ્ભાવ રાખે છે. માટે તમે ત્યાં જઈ પહોંચો અને અમારો માર્ગ નિર્વિઘ્ન બની રહે, એ માટે એને આગળ કરો. જેથી આપણે સૌ હેમખેમ કૌશાંબી પહોંચી જઈએ !'

મંત્રીશ્વર યૌગંધર સમયના જાણકાર હતા એથી કૌશાંબીથી નીકળીને પોતે ઉજ્જયિની આવ્યા, એ વચગાળામાં ભીલરાજને મળીને જ આગળ વધ્યા હતા એથી એમણે કહ્યું : રાજવી ! હું આપને ગુપ્તવેશે મળવા આવ્યો, ત્યારે ભીલરાજને મળીને જ આવ્યો હતો. આપના પર તોળાયેલા વિઘ્નની વાત સાંભળીને ભીલરાજ ગળગળો બની ગયો હતો અને એણે આપને હેમખેમ કૌશાંબી પહોંચાડવાનું મને વચન આપ્યું હતું, એથી હું એ પલ્લીમાં જલદી પહોંચી જવા ઇચ્છતો જ હતો. પણ મને એમ થતું હતું કે, આવી અટવીમાં આપને એકલાઅટૂલા મૂકીને કઈ રીતે આગળ જઈ શકાય ? પરંતુ આપે જ્યારે સામેથી જ આવી ઇચ્છા દર્શાવી, ત્યારે મને ભાવતું ભોજન પીરસાયા જેવો આનંદ થયો છે. પલ્લી સુધી આવી પહોંચતાં આપને બે ત્રણ દિવસથી વધુ સમય નહિ થાય. માટે વહેલામાં વહેલી તકે અમે બે ત્યાં પહોંચી જઈશું અને આપને લેવા માટે ભીલરાજને પાઠવીશું. ફરમાવો, આ સિવાય બીજી કોઈ આજ્ઞા ?

રાજવી ઉદાયન યૌગંધરની અગમચેતી પર ઓવારી ઊઠ્યા. એમની કાર્યદક્ષતા પર ઉદાયનને વારી જવાનું મન થઈ આવ્યું. એમણે કહ્યું : તમારા જેવા કાર્યકુશળ મંત્રીશ્વરની પ્રાપ્તિ બદલ ગૌરવ લેવાનું મન થાય છે. તમે આગળ વધો, તમારા પગલે પગલે અમે આવી જ રહ્યા છીએ, પલ્લીમાં પહોંચી ગયા બાદ તો કૌશાંબી આવી જ ગઈ, એમ સમજોને ?

મંત્રીશ્વર અને મહાવત રાજવી ઉદાયનથી છૂટા પડ્યા, એ બંનેએ પવનવેગે પોતાના પ્રવાસને દોડાવી મૂક્યો, ઉદાયન-વાસવદત્તા અને

કાંચનમાલા પણ બનતી ઝડપે પ્રવાસને લંબાવી રહ્યા. હવે તો અટવીમાં જ પર્યટન કરવાનું હતું અને પગ સિવાયનું બીજું કોઈ વાહન વિદ્યમાન ન હતું. આમ છતાં ઉદાયનને વાસવદત્તાનો અને વાસવદત્તાને ઉદાયનનો તેમજ આ બંનેને કાંચનમાલાનો એવો સાથ અને સથવારો હતો કે, કોઈ પણ જાતના ખેદ વિના એ ત્રણે આગળ વધી રહ્યા. થોડા ગાઉ સુધી તો એ બધાની પ્રસન્નતા અકબંધ જળવાઈ રહી. પણ મનની મક્કમતા જાળવી રાખવી, એ જુદી વાત હતી અને પગનું પરાક્રમ ટકાવી રાખવું, એ જુદી વાત હતી એથી થોડા ગાઉનો પંથ કપાયા બાદ એમના શરીરમાં એવો થાક ભરાયો કે, પગલું પણ આગળ ઊઠાવવાની તાકાત સૌ ખોઈ બેઠાં.

અટવીનો પ્રદેશ ! ઉબડખાબડ રસ્તા ! અડવાણું મસ્તક અને અડવાણા પગ ! પગલે પગલે પથ્થરા અને કાંટા-કાંકરા ! રાજસુખમાં ઊછરેલા ઉદાયન ને વાસવદત્તા આવા કષ્ટોને ક્યાં સુધી ખમી શકે ? એથી શરૂઆતમાં તો પવનવેગે ટકાવી રાખવામાં સફળ સાબિત થયેલો એમનો પ્રવાસ એકાદ બે દિવસ પછી તો ઉનાળામાં વહેતી પવનની લહેર જેવી ગતિ ટકાવી રાખવામાંય અસફળ નીવડ્યો. પ્રવાસના કષ્ટ ઉપરાંત એમાં ભૂખ-તરસનું દુઃખ ઉમેરાયું અને એ ત્રિપુટી મનથી થોડી પડી ભાંગી ને ભીલરાજની પ્રતીક્ષા કરતી રહી. ભીલરાજની પ્રતીક્ષામાં ને પ્રતીક્ષામાં એ ત્રિપુટીએ થોડો પંથ કાપ્યો, ત્યાં એક દિશામાંથી અણધારી આફત ધસી આવી.

ઉદાયને આશા તો ભીલરાજની રાખી હતી, પણ આવી પડી ભીલસેના ! અટવીમાં આમતેમ રખડતા ભીલોએ જ્યારે પોતાની નજર સામેથી પસાર થતા ઉદાયન આદિ ત્રણને નિહાળ્યા, એમના અંગ પર દમકતા દાગીના જ્યાં એમની નજરે ચડ્યા, ત્યાં એમને વારસામાં મળેલા લૂંટફાટના સંસ્કાર જાગી ઊઠ્યા અને એ ભીલોએ કોઈ સેનાની જેમ સંગઠિત બનીને ત્રણેને લૂંટવાનું નક્કી કરી નાખ્યું. આ નિર્ણય

મુજબ એ બધા ભીલોએ એક ઠેકાણે એકઠા થઈ જઈને ઉદાયનને અધવચ્ચે જ ઊભા રહેવાની ફરજ પાડી.

અણધારેલી આવેલી આ આફતે વાસવદત્તાને એકદમ બેબાકળી બનાવી મૂકી. એના હૈયામાંથી નિસાસો નીકળી પડ્યો. એણે ઉદાયનને કહ્યું : ઓહ ! આ તો પડતા પર પાટું ! ઉજ્જયિનીથી આપણે કેવા કેવા મનોરથો સેવીને નીકળ્યા હતા. પણ ધાર્યું બધું પાર પડતું નથી અને અણધાર્યું ઘણુંબધું સામેથી આવીને ઉપસ્થિત થઈ જાય છે. આપણે ક્યાં ધાર્યું હતું કે, એકલાઅટૂલા વનવગડાની વાટે ચાલવું પડશે ! ભૂખ અને તરસનાં દુઃખ પણ ધારણાની બહારના જ ગણાય ! અને આવી રીતે ભીલો સામે થશે, એની તો આપણને કોઈ ધારણા જ ન હતી. ખરેખર આફત આવે છે, ત્યારે એ એકલી નથી આવતી, પણ છોકરાં-છૈયાં ને ભાઈ-ભાંડુઓનેય સાથે સાથે તેડતી આવે છે !

આટલું કથન પૂરું કરતા વાસવદત્તા રડી પડી. ઉદાયને એને સાંત્વન આપતાં કહ્યું : અત્યારે એક માત્ર 'મૃગાવતી'નું નામ સ્મરણ કરો. એના પ્રભાવે આ આપત્તિ તો પળવારમાં પલાયન થઈ જશે. જે સાપને જોઈને સામાન્ય માણસ ભયભીત બની ઊઠે, એ જ સાપને જોઈને મોર નાચી ઊઠતો હોય છે અને એ સાપનો કોળિયો કરી જતો હોય છે. માટે આ ભીલોથી આપણે ડરવાની જરૂર નથી, આપણે તો મોર છીએ મોર ! મોર વળી સાપથી ડરે ખરો ?

આ પ્રમાણે મહામંત્ર અને મૃગાવતીનો મંત્ર વાસવદત્તાને આપીને ઉદાયન એ ભીલસેના તરફ વળ્યા. એમણે પોતાના ધનુષ્ય-બાણને સજ્જ બનાવીને ભીલસેનાની સામે સંઘર્ષ ખેલવો શરૂ કરી દીધો. પોતે એકલવીર હતા ને સામે સેંકડો ભીલો હતા. પણ ઉદાયન ખરેખર એકેહજારા સાબિત થયા. ભીલો એમના પરાક્રમને આંખ ફાડી-ફાડીને નિહાળી રહ્યા, ત્યારે એકેહજારા ઉદાયને સામે સવાલ કર્યો : તમારી સાથે લડતાં મને શરમ આવે છે. ક્યાં છે તમારો સેનાપતિ અને ક્યાં

છે તમારો રાજા ? એ બંનેને આ મેદાનમાં ઢસડી લાવો, તો મને લડવાની પણ કંઈક મજા આવે ! તમારા જેવા બાળકો સામે લડવામાં મારી શી બહાદુરી ?

ભીલોએ કહ્યું : અમે અમારા રાજાને યુદ્ધ માટે સંદેશો મોકલી જ આપ્યો છે. અમારો રાજા આવશે, ત્યારે તો તમારે ભાગવું પણ ભારે પડી જશે. માટે આવી મોટી મોટી શેખી મારવાની રહેવા દઈને અમારું કહ્યું માની જાવ. અમારે તો તમારા દરદાગીના જ જોઈએ છે, માટે દરદાગીના ઉતારીને અહીં મૂકી દો, તો અમે તમને જીવતા છોડી દેવા તૈયાર છીએ. બાકી અમારો રાજા આવશે, ત્યારે તો તમારે દરદાગીનાય ધરી દેવા પડશે અને તમારું જીવન પણ ધરી દેવું પડશે. માટે શાણા થઈને દરદાગીના અહીં મૂકી દો ને જીવ બચાવવા ભાગી છૂટો !

ભીલોએ નાનકડું યુદ્ધ શરૂ કરી દઈને, એમાં ભાગ લેવા માટે પોતાના રાજાને આમંત્રણ પાઠવી દીધું હતું. એમને આકંઠ વિશ્વાસ હતો કે, પોતાના રાજા આવતાં જ આ શેખીખોરને નાકની લીટી તાણીને એમનું શરણ સ્વીકાર્યા વિના ચાલશે જ નહિ ! આમ ભીલસેના પોતાના રાજાના આગમનની પ્રતીક્ષા કરી રહી, સાથે સાથે ઉદાયન પણ એ આગમનને આતુર અંતરે ઝંખી રહ્યા. પ્રતીક્ષા અને આતુરતાથી ભરી ભરી આવી થોડી પળો વીતી ન વીતી, ત્યાં તો ભીલસેનાની આંખમાં અમૃતનું અંજન આંજતા એના ભીલ રાજા આવી પહોંચ્યા. ભીલસેનાની ધારણા તો એવી જ હતી કે, આવતાંની સાથે જ પોતાના રાજા તૂટી પડશે. પરંતુ આવી આ ધારણાને ધૂળ ચાટતી કરી દેતા એ રાજાએ તો આવતાંની સાથે જ ઉદાયનના પગ પકડી લઈને આશ્ચર્યથી પૂછ્યું : આપ અહીં ક્યાંથી ? આપ તો ઉજ્જયિનીના રાજકેદી બન્યા હતા ને ? શું આપને કેદમુક્ત કરવામાં યૌગંધરને આટલી જલદી સફળતા મળી ગઈ ? ઉદયનના અંતરમાં પણ આવું જ આશ્ચર્ય ઘૂમરાતું હતું. એમણે પૂછ્યું : ભીલરાજ ! તમે અહીં ? શું આ તમારી જ સેના

છે ? મારું આગમન સૂચવવા આગળ નીકળેલા મંત્રીશ્વર યૌગંધરે શું તમને કંઈ જ સમાચાર નથી આપ્યા ? એ તો અમારાથી છૂટા પડીને તમને મળવા ક્યારના રવાના થઈ ગયા છે !

ભીલો જેને રાજા તરીકે ઓળખાવતા હતા, એ વ્યક્તિ ખુદ 'ભીલરાજ' જ હતી એથી ઉદાયનને જોતાં જ એ ભક્તિભાવથી ભાવિત બની ઊઠી હતી. મંત્રી યૌગંધર દ્વારા ભીલરાજને કોઈ સમાચાર મળ્યા નહોતા. બીજી બાજુ ભીલો દ્વારા જે સમાચાર મળ્યા હતા, એ સાંભળીને દરદાગીનાના લોભથી ભીલરાજ લૂંટ ચલાવવા હાજર થઈ ગયો હતો. ભીલોએ સમાચારમાં જણાવ્યું હતું કે, ત્રણ વટેમાર્ગુઓ અટવીમાં આગળ વધી રહ્યા છે, એમના દેહ પર દરદાગીના દમકી રહ્યા છે માટે અમે લૂંટ કાજે લડાઈ શરૂ કરી દઈએ છીએ, આ લડાઈને ઉગ્ર સ્વરૂપ આપવા આપ અવિલંબે પધારવા કૃપા કરશો. આ સમાચાર મુજબ ભીલરાજે જ્યારે પલ્લી છોડીને અટવી તરફ પ્રયાણ કર્યું, ત્યારે તો એને સ્વપ્નેય કલ્પના નહોતી કે, એ વટેમાર્ગુઓમાં રાજવી ઉદાયન અગ્રેસર હશે ? એથી લોભ-લાલચથી ખેંચાઈને એ સંકેત મુજબના અટવીપ્રદેશમાં આવી તો ઊભો, પણ જ્યાં એણે ઉદાયનને જોયા, ત્યાં જ એની લોભ-લાલચ મરી પરવારી અને એનું સ્થાન ભક્તિભાવે લઈ લીધું એથી ઉદાયનના પ્રશ્નના જવાબમાં એણે જણાવ્યું :

'વત્સરાજ ! મંત્રીશ્વર દ્વારા મને આપના સમાચાર મળી ગયા હોત, તો આવો વિપાક આવત ખરો ? મને આપના થોડા પણ સમાચાર મળ્યા હોત, તો આ આખી અટવી આપની સેવામાં ખડે પગે ખડી થઈ ગઈ હોત ! એથી જ્યાં આપને વધાઈ મળવી જોઈએ, ત્યાં આ રીતે લડાઈનો સામનો કરવાનો વારો આવ્યો, એ બદલ હું સૌ વતી ક્ષમા ચાહું છું. ખરેખર અમારા ભીલો વચ્ચે અને રીંછ વચ્ચે કોઈ જ અંતર નથી. આપના સમાચાર ન મળ્યા અને એમાંથી આ મોટું ઘમસાણ ઊભું થઈ ગયું. જો કે આમાં પણ મૂળ ભૂલ તો મારી જ છે. મંત્રીશ્વર

ઉજ્જયિની તરફ રવાના થયા, ત્યારે મને મળતા ગયા હતા અને પોતાની યોજના સમજાવતા ગયા હતા, એથી આપની ખબર મેળવવાની જવાબદારી મારી જ હતી. જે હું ચૂક્યો, માટે મને ક્ષમા આપશો.'

મૃગાવતીનો મંત્રજાપ કરી રહેલી વાસવદત્તા અને કાંચનમાલા બંને આ ચમત્કાર જોઈને આભાં બની ગયાં. લડાઈનો સગાઈમાં થઈ ગયેલો આ રીતનો પુણ્યપલટો ખરેખર આશ્ચર્ય અને અહોભાવ જગાડનાર હતો. ભીલરાજે જ્યાં ઉદાયનના ચરણની ચાકરી સ્વીકારી, ત્યાં જ આખી ભીલસેના પણ એ ચાકરી સ્વીકારવા પડાપડી કરી રહી. વાસવદત્તાને મન આ એક મહાન ચમત્કાર જ હતો. એ વિચારી રહી કે, આટલી બધી ચમત્કૃતિની સર્જક મૃગાવતી કોણ હશે ? ભીલરાજ આવી જતાં હવે તો ઉદાયન-વાસવદત્તા અને કાંચનમાલા આ ત્રણે માટે દુઃખના દિવસો અસ્ત પામી ગયા હતા અને સુખનો સૂર્યોદય થઈ ચૂક્યો હતો. ભીલસેનાએ પોતાના ખભાને પાલખી બનાવીને અને એ પાલખીમાં ઉદાયન - વાસવદત્તાને પ્રેમપૂર્વક બેસાડીને પોતાની પલ્લીના પ્રવેશદ્વારે લાવી મૂક્યા. એ પાલખી જ્યારે પલ્લીમાં પ્રવેશી, ત્યારે ભીલરાજ હર્ષનૃત્ય કરી રહ્યો.

ભીલરાજની પ્રજા અજ્ઞાની જરૂર હતી, પણ એના હૈયામાં જે ભક્તિભાવ ઊભરાતો હતો, એ કૌશાંબીની પ્રજાની ભક્તિથી જરાય ઊતરતો ન હતો ! એથી બે દિવસનું પલ્લીનું આતિથ્ય માણીને વત્સરાજ ઉદાયન જ્યારે કૌશાંબી તરફ આગળ વધ્યા, ત્યારે એક શ્રેષ્ઠ હાથી પર એમનો પ્રવાસ ચાલુ થયો. ભીલરાજે કેટલાય મણિ-મૌક્તિકો ભેટણા રૂપે ધરીને ઉદાયન તરફ જે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, એ તો કોઈ ભૂલી શકે એમ જ ન હતું.

ભીલરાજ જેના ભોમિયા હતા, એવો વત્સરાજ ઉદાયનનો એ કાફલો થોડા જ દિવસોમાં કૌશાંબીમાં પ્રવેશ્યો. રાજવીની પુનઃપ્રાપ્તિ બદલ એટલી બધી પ્રસન્નતા કૌશાંબીનગરી માણી રહી કે, મંત્રીશ્વર

યૌગંધરની ગેરહાજરી કોઈને કળાઈ પણ નહિ. પરંતુ પ્રવેશનો માહોલ જ્યારે વિખરાયો, ત્યારે પ્રજાએ રાજવી સમક્ષ પ્રશ્ન રજૂ કર્યો : રાજન્ ! મંત્રીશ્વર યૌગંધર કેમ દેખાતા નથી? ઉદાયન પણ મંત્રીશ્વરને ભૂલી શકે એમ ન હતા. દિનરાત એમના હૈયામાં એક જ સમસ્યા ઘૂમરાતી હતી કે, મંત્રીશ્વર અને વસંતક ક્યાં ગુમ થઈ ગયા હશે ? આ વિષયમાં પ્રજા કરતાં હું પણ વિશેષ કશું જ જાણતો નથી.

પ્રજાનો એ પ્રશ્ન, રાજવીના પ્રશ્ન દ્વારા બેવડાયો અને વાતાવરણ વધુ પ્રશ્નાત્મક બન્યું ! યૌગંધરની યોજના તો સફળ બની. જેના પ્રભાવે વત્સરાજ કૌશાંબીમાં હેમખેમ આવી પહોંચ્યા. પણ યોજનાના યોજક યૌગંધરને કોણ ઊઠાવી ગયું હશે ?

• • •

## ૧૬

# મહિમા મૂર્તિ મૃગાવતીની સ્મૃતિ

ધોળે દહાડે વાસવદત્તાનું જે રીતે અપહરણ થયું હતું, એથી ચંડપ્રદ્યોતની બંને આંખો આગ ઓકી રહી હતી. એ આગ-વમનનું લક્ષ્ય ઉદાયન હતા. પણ એઓ તો વાસવદત્તાને લઈને ઉઘાડે છોગે અને છતાં માયાના પડદામાં છુપાઈને ભાગી છૂટ્યા હતા એથી ચંડપ્રદ્યોતે પોતાના પુત્રો ગોપાલ અને પાલને એક તરફ ઉદાયનનો પીછો કરવા રવાના કર્યા અને બીજી તરફ સેનાપતિ જયવર્મને પણ બીજા માર્ગે ઉદાયનનો પીછો પકડવા રવાના કર્યા. જેથી આડોઅવળો માર્ગ પણ ઉદાયને લીધો હોય, તોય એ ઝડપાઈ ગયા વિના ન રહે.

સેનાપતિ જયવર્મે ખૂબ ખૂબ રઝળપાટ કરી. પણ ઉદાયન-વાસવદત્તાનો પડછાયોય એ પકડી શક્યો નહિ. આમ છતાં હતાશ બન્યા વિના એણે શોધ ચાલુ જ રાખી, તો એક દહાડો એની નજરે વસંતકને પકડી પાડ્યો. ઉજ્જયિનીનો એ મહાવત હોવાથી સેનાપતિ એને ઓળખી ગયા. વસંતક પકડાયો, એટલે પગલે પગલે જે પ્રવાસ કરી રહ્યા હતા, એ મંત્રી યૌગંધર પણ પકડાઈ ગયા. આમ, મહત્ત્વની બે વ્યક્તિઓની ધરપકડ કરીને જયવર્મે સીધો જ ઉજ્જયિનીનો રાહ પકડ્યો. ઉદાયનની અને વાસવદત્તાની કોઈ ભાળ મળી ન હતી, પણ વસંતક અને યૌગંધર પકડાઈ જતા સેનાપતિ જયવર્મે પોતાની રઝળપાટને સફળ ગણી. કેમ કે વાસવદત્તાના અપહરણની યોજનાના મુખ સૂત્રધાર તો આ બે જ હતા એથી બંનેને પકડી લઈને જયવર્મ ઘણી ઘણી આશા સાથે ચંડપ્રદ્યોત સમક્ષ ઉપસ્થિત થયો. પણ એની આશા પર પાણી ફરી વળ્યું. કેમ કે પોતાની પૂર્વે ગોપાલ-પાલ આવી પહોંચ્યા હતા.

ગોપાલ-પાલે ઉદાયનમાં જે વિશેષતાઓ નિહાળી હતી, એથી એ બંને એટલા બધા પ્રભાવિત બની ગયા હતા કે, બનેવી તરીકે જો કોઈનો સ્વીકાર કરવાનો હોય, તો તેઓના મનમાં ઉદાયનનાં નામકામ જ સ્વીકૃત બને એમ હતાં. પિતા ચંડપ્રદ્યોત સમક્ષ બંનેએ ઉદાયનનું પરાક્રમ જે રીતે વર્ણવ્યું અને બહેન વાસવદત્તાની રુચિ/પસંદગી જે રીતે વર્ણવી, એ સાંભળીને તો ચંડપ્રદ્યોતનો કોપ એકદમ શાંત બની ગયો હતો અને એમણે ગોપાલ-પાલની વાતને સહર્ષ સ્વીકારી લીધી હતી, એથી સેનાપતિ જયવર્મની આશા પર પાણી ફરી વળે, એ સહજ હતું.

સેનાપતિ જયવર્મે ચંડપ્રદ્યોત સમક્ષ હાજર થઈને જણાવ્યું : મહારાજ ! ઉદાયનની ભાળ તો નથી મેળવી શકાઈ, પણ રાજકુમારીને ભગાડી જનારા આ બંનેને પકડવામાં મને જરૂર સફળતા સાંપડી છે. એમાં એક તો વિશ્વાસઘાતી વસંતક છે અને બીજા પાગલ બનીને

આપણને છેતરી જનારા કૌશાંબીના મંત્રી યૌગંધર છે. મારી સમક્ષ તો આ બંનેએ મૌન રહેવામાં જ સલામતી માની છે, એથી આપ હવે આ બેની સાથે પૂછપરછ કરી શકો છો.

પોતાના મનની બદલાઈ ચૂકેલી પરિસ્થિતિનો અણસાર દર્શાવતા ચંડપ્રદ્યોતે સેનાપતિ જયવર્મને કહ્યું : તમે આ બંનેને લઈ આવ્યા, એ તો સારું જ કર્યું. કેમ કે વાસવદત્તાનું વિધિપૂર્વક વાગ્દાન કરવામાં આ બંનેની સહાય ખૂબ જ ઉપયોગી થઈ પડશે. આટલી ભૂમિકા રચીને ગોપાલ અને પાલ દ્વારા વર્ણિત ઉદાયનનું પરાક્રમ સેનાપતિ સમક્ષ સવિસ્તર જણાવીને ચંડપ્રદ્યોતે કહ્યું કે, આવા જમાઈરાજ તો ભાગ્ય હોય, તો જ સાંપડે !

ચંડપ્રદ્યોતની આ વાત સાંભળીને સેનાપતિ ઉપરાંત યૌગંધર અને વસંતકના આશ્ચર્ય ને આનંદને કોઈ જ અવધિ ન રહી. એમણે નહોતું ધાર્યું કે, પરિસ્થિતિ આટલો બધો સુખદ પલટો પામી જશે. ત્યાં તો ચંડપ્રદ્યોતે વસંતકને પૂછ્યું : ઉદાયન અને વાસવદત્તા સકુશળ તો છે ને ?

વસંતકે જવાબમાં નિવેદન કર્યું : મહારાજ ! ગોપાલ અને પાલ આવી ગયા બાદ તો ઉદાયન અને વાસવદત્તા જે પ્રસન્નતા અનુભવી રહ્યા છે, એ વર્ણવી શકાય એવી નથી. આ પછી આગળ વધ્યા બાદ ૧૦૦ ગાઉનો પંથ કાપીને શ્રમિત થઈ ગયેલી ભદ્રાવતી હાથણી મૃત્યુ પામતાં, ઉદાયને થોડીક ગમગીની જરૂર અનુભવી. કેમ કે આ પછી તો મલયાચલનો પ્રદેશ શરૂ થવાનો હતો અને વાહન તરીકેની સેવા આપનાર હાથણીનો વિયોગ થઈ ગયો હતો. એથી એમનો પગપાળો પ્રવાસ શરૂ થયો. કાંટા-કાકરાથી છવાયેલો એ પંથ ઉદાયનના સંગે સૌ મસ્તીથી કાપી રહ્યા. થોડોક પંથ કપાયા બાદ ઉદાયનના કહેવાથી અમે બે ભીલરાજની પલ્લીમાં આગળ પહોંચી જવા છૂટા પડ્યા. અમારું ધારણા-ગણિત એવું હતું કે, અમે આગળ પહોંચી જઈએ અને ભીલરાજને ઉદાયનની સેવામાં પાઠવીએ, તો વનપ્રવાસ નિર્વિઘ્ન બની

રહે ! પણ અમારું આ સ્વપ્ન વેરવિખેર બની ગયું. કેમ કે પલ્લી તરફ આગળ વધતા રહેલા અમને આપના સેનાપતિએ ઝડપી લીધા અને આપની સેવામાં ઉપસ્થિત કરાયા. આમ, આટલી વિગતના તો અમે સાક્ષી છીએ. ઉદાયન-વાસવદત્તાનો વનપ્રવાસ અત્યારે કેવો ચાલતો હશે, એ તો ભગવાન જાણે ! પણ ઉદાયનના ભાગ્ય પર અમને પૂરો ભરોસો છે કે, એઓ હેમખેમ આગળ વધી રહ્યા હશે ? પરંતુ આ તો ભીલ-પ્રદેશ છે, એથી ચોક્કસ કંઈ કહી શકાય નહિ.

યૌગંધર-વસંતકની વાત પૂરી થતાં ચંડપ્રદ્યોતે સુખદુઃખથી સંમિશ્ર લાગણી અનુભવી. ભદ્રાવતી જેવી પ્રિય હાથણીનું મૃત્યુ જેમ શોકપ્રદ હતું, એમ નિઃસહાય જેવી અવસ્થામાં આગળ વધતો એ ત્રણેયનો વનપ્રવાસ પણ દુઃખદ હતો. આમ છતાં ઉદાયન વાસવદત્તા-કાંચનમાલા આ ત્રણેને મળી રહેલો અરસપરસનો સથવારો સુખપ્રદ હતો, એથી ચંડપ્રદ્યોતે સેનાપતિ સહિત બંનેને સંબોધતાં કહ્યું :

'હવેની મહત્ત્વની જવાબદારી તો તમારે જ ઝડપથી અદા કરવાની છે. વનપ્રવાસ વધુ સુખદ બની રહે, એ માટે હવે તમારે ખૂબ જ જલ્દી અહીંથી રવાના થઈને ઉદાયન-વાસવદત્તાના સહપ્રવાસી બની જવાનું છે. વાસવદત્તાનો ઉદાયન સાથેનો સંબંધ હવે તમારે વિધિપૂર્વક સ્થાપન કરવાનો છે. કાંચનમાલા તો વાસવદત્તાની સેવામાં સજ્જ છે, હવે આ જવાબદારી સહભાગી બનીને વસંતકે પણ અદા કરવાની છે. સારામાં સારા ઘડી-પળ શોધીને ઉદાયન-વાસવદત્તાને લગ્નબંધને બાંધવાની જવાબદારી સેનાપતિ જયવર્મે અદા કરવાની છે. આટલાં કાર્યો પાર પડી જાય, તો મારા આનંદને કોઈ અવધિ ન રહે !'

ચંડપ્રદ્યોતે પોતાની જે ભાવના રજૂ કરી, એને સેનાપતિ જયવર્મ સહિત યૌગંધર અને વસંતકે સહર્ષ શિરોધાર્ય કરી અને બનતી ઝડપે કૌશાંબી પહોંચવાના મુદ્રાલેખ સાથે બીજે જ દિવસે એ કાફલો જયવર્મની આગેવાની નીચે ઉજ્જયિનીથી વિદાય થયો.

— ● —

કૌશાંબીમાં તો અણધાર્યા અમૃતના મેહુલા વરસી રહ્યા હતા. વત્સરાજ ઉદાયન વાસવદત્તાની સાથે નગરીમાં પ્રવેશ્યા હતા, એનો હર્ષોલ્લાસ દિવસો સુધી એકધારો છવાયેલો જ રહ્યો. ઉદાયનના આનંદનો પણ પાર ન હતો. આમ છતાં મંત્રી યૌગંધરનો વિયોગ એમને અવશ્ય સાલી રહ્યો હતો, વસંતકે જે વફાદારી દાખવી હતી, એને પણ એઓ ભૂલી શકે એમ ન હતા. એમણે ભીલરાજને મંત્રી શોધ અંગેની જવાબદારી સોંપી હતી અને ભીલરાજે એને સહર્ષ સ્વીકારી લીધી હતી પણ ખરી !

વત્સરાજના દિલમાં મંત્રીશ્વર અંગે અનેકવિધ દ્વિધાઓ જાગતી જ રહી હતી. એમાં એક દહાડો દ્વારપાલે રાજવીની અનુજ્ઞા પ્રાપ્ત કરીને બે અજાણ્યા અતિથિઓને રાજસભામાં પ્રવેશ આપ્યો. એ બેમાંના એક વસંતકને રાજવી ઉદાયન તરત જ ઓળખી ગયા. એમણે પ્રશ્ન કર્યો : વસંતક ? એકલો કેમ ? તારી સાથેનો આ સાથીદાર કોણ છે ? મંત્રીશ્વર યૌગંધર કેમ દેખાતા નથી ?

વસંતકે કહ્યું : મહારાજ ! દિલની તમામેતમામ દુવિધાઓ શાંત થઈ જાય, એવી વધામણી લાવ્યો છું. આપ નિશ્ચિંત બની જાવ. આપનો એકે પ્રશ્ન અનુત્તર નહિ રહે. બધી વાતો પછી કરીશું, પહેલાં આપ મંત્રીશ્વર યૌગંધરને એમના ઔચિત્ય મુજબ નગરીમાં પ્રવેશાવવાની તૈયારી શરૂ કરાવો. અમે એમને નગર બહારના ઉદ્યાનમાં રાખીને આવ્યા છીએ. એઓ હેમખેમ છે. આ મારી સાથે છે, એ ઉજ્જયિનીના સેનાપતિ જયવર્મ પોતે જ છે. આપની સાથે વાસવદત્તાનો વિધિપૂર્વક લગ્ન-પ્રસંગ ઊજવવાની જવાબદારી ચંડપ્રદ્યોતે આ સેનાપતિના શિરે મૂકી છે.

આ સમાચાર સાંભળીને ઉદાયનની ખુશાલીનો પાર ન રહ્યો. વાસવદત્તાનેય આ સમાચારે ખુશખુશાલ બનાવી દીધી. આ બધાનું ખરું શ્રેય તો યૌગંધરને ફાળે જ જતું હતું, એથી એમને સન્માનભેર

તેડી લાવવા કૌશાંબી સજ્જ બની ગઈ. હજારોની આંખે આવકારાતા યૌગંધર નગરીમાં પ્રવેશીને સીધા જ રાજસભામાં પ્રવેશ્યા અને વત્સરાજનાં દર્શને હર્ષાશ્રુ વહાવી રહ્યા. રાજસભાનું વાતાવરણ ગંભીર છતાં સુપ્રસન્ન બની ગયું. વાતનો આરંભ કરતાં મંત્રીશ્વરે કહ્યું :

'મહારાજ ! અમારી ઉતાવળ વિલંબમાં પરિણમી. પરંતુ આ વિલંબ પણ સારા માટે બની. ધીરજના એ મીઠાં ફળનો આપને આસ્વાદ કરાવવા જ હું, વસંતક અને સેનાપતિ જયવર્મ અહીં આવી પહોંચ્યા છીએ.'

આટલી ભૂમિકા રચીને પોતે ભીલપલ્લી તરફ ઝડપી પગલે રવાના થયા, ત્યારથી માંડીને અત્યારની આ ઘડી-પળ સુધીનું ઘટનાચક્ર યૌગંધરે વત્સરાજ સમક્ષ વર્ણવી બતાવ્યું, એ વર્ણન સાંભળીને હૈયેહૈયા હર્ષથી ઝૂમી ઊઠ્યાં. જે ધાર્યું ન હતું, છતાં જે સૌને ઈષ્ટ હતું, એ આ રીતે વગર મહેનતે સંભવિત બની જશે, એની તો કોઈને કલ્પના ન હતી. એથી તરત જ જોશીઓને આમંત્રણ અપાયાં અને વહેલામાં વહેલો આવતો સારામાં સારો લગ્નદિવસ શોધી આપવાની વિનંતી કરવામાં આવી.

ભાગ્યશાળીને તો શુભ ઘડી-પળ શોધવા જવું પડતું હોતું નથી, શુભ ઘડી-પળ સામેથી એમને શોધતા આવવામાં ગૌરવ અનુભવતાં હોય છે. આ સચ્ચાઈની પૂરી પ્રતીતિ કરાવતા જ્યોતિષીઓએ કહ્યું : મહારાજ ! કાલના ઘડીપળ જ શુભાતિશુભ છે. અમને કાલની દિનશુદ્ધિ જોતા અને સર્વશ્રેષ્ઠતા વિચારતા એમ જ લાગે છે કે, આપની રાહ જોઈને જ મુહૂર્ત બેઠું હોવું જોઈએ ! એથી જ પંચાંગ ખોલતાંની સાથે જ કાલની તિથિ પર અમારી નજર સ્થિર થવા પામી અને સ્થિર થતાની સાથે નૃત્ય કરી રહી : ઓહ ! કાલનો દિવસ કેટલો બધો શુભ છે ? માટે સમય ઓછો હોવા છતાં કાલના ઘડી-પળને સોનારૂપાનાં ફૂલડે વધાવી લેવા વિનંતી છે.

જ્યોતિષીની આ વિનંતીને સૌએ વધાવી લીધી. સેનાપતિ જયવર્મના હૈયામાં હર્ષ છલકાઈ રહ્યો. કરિયાવર રૂપે પોતાની પાછળ પાછળ ગજસેના, અશ્વસેના અને મણિમુક્તાના ભંડારો કૌશાંબીમાં આવવા રવાના થઈ ગયા હતા અને એ આવતીકાલની સવારે જ આવી જવાના હતા. આમ આ બધું જ શુભનું સૂચક હતું.

કૌશાંબી નગરીમાં જાણે ઘેર ઘેર લગ્ન મહોત્સવ મંડાઈ ચૂક્યો હોય, એવો માહોલ સરજાઈ ગયો. એ રાતે કોઈની આંખે ઉંઘવાનું નામ લીધું નહિ. સૌ સવારની પ્રતીક્ષા કરતા જાગતા જ રહ્યા અને એ ઘડીપળ પણ આવી ચૂકી કે, જ્યારે ચોરી ફેરા ચાર ફરીને ઉદાયન-વાસવદત્તા લગ્નના સંબંધે બંધાયાં.

કૌશાંબી જ નહિ, ઉદાયન વત્સરાજ માટે પણ આ બધું અણધાર્યું જ ફળીભૂત બની ગયું હતું એથી ચિર-પ્રતીક્ષિત મનોરથો સફળ થતા વત્સરાજ ઉદાયન અને પ્રદ્યોત-પુત્રી વાસવદત્તા પ્રસન્નતાના સાગરની સપાટીએ જે રીતે સહેલગાહ માણી રહ્યાં હતાં, એ વર્ણન લેખન કે કથનની સીમાને વટાવી જાય, એવું હતું. મનોરથોની કેટલીય માળાઓ ફેરવ્યા બાદ એકબીજાની એકબીજાને પ્રાપ્તિ થઈ હતી, મનોરથોની માળાના મણકા ફેરવી ફેરવીને આંગળીના ટેરવાં ઘસાઈ ગયા બાદ પ્રિયપાત્રોનું મિલન શક્ય બન્યું હતું, એથી રાજકાજની તમામ જવાબદારીઓ મંત્રીશ્વરના માથે મૂકી દઈને ઉદાયન-વાસવદત્તા એકબીજામાં ખોવાઈ જાય, એ સંસારની દૃષ્ટિએ સહજ હતું. પરંતુ આવી સહજતામાં પણ વાસવદત્તાની એક સહજતા વારંવાર છતી થયા જ કરતી હતી :

એ ભર જંગલમાં મૃગાવતીના જે મંત્રે અણધારી સફળતા બક્ષી, એ મૃગાવતી કોણ ? આ પ્રશ્ન વાસવદત્તાના દિલમાં વારંવાર ઊભરાતો જ રહેતો હતો, દુઃખના દિવસોમાં થતી રહેતી આ પ્રશ્નસ્મૃતિને સુખ ભુલાવી શક્યું ન હતું. ઉપરથી સુખના આ સમયમાં એ પ્રશ્નસ્મૃતિ

વધુ સજીવ બની અને એક દહાડે વાસવદત્તાએ સ્વામીનાથ ઉદાયનને પૂછ્યું : યાદ આવે છે એ દિવસો ? આપણે ઘોર આપત્તિમાં ચોમેરથી ઘેરાયા હતા, મલયાચલની એ અટવીમાં આપે મને મૃગાવતીનો મંત્ર આપ્યો હતો. હું જાણવા ઇચ્છું છું કે, આપત્તિઓના એ ઘેરાવાને સ્મરણ માત્રથી ભગાડી મૂકવા સમર્થ નીવડેલી એ મૃગાવતી કોણ છે ? મારે એમનો મહિમા સાંભળવો છે અને સુખની આ ભૂતાવળમાં આપણે ભૂલા ન પડી જઈએ, એ માટેની શક્તિ મહિમા-મૂર્તિ એ મૃગાવતી પાસેથી ઇચ્છવી છે.

આ પ્રશ્નના શ્રવણે જ ઉદાયનની આંખ હર્ષાશ્રુથી છલકાઈ ઊઠી. એ માતૃસ્મૃતિ મોહપ્રેરિત ન હતી, પણ ધર્મ-પ્રેરિત હતી એથી ભક્તિભાવથી ગદ્‌ગદિત બની ઊઠેલા ઉદાયને પોતાની માતા મૃગાવતીનું જીવન આદિથી અંત સુધી કહી સંભળાવ્યું, એ સાંભળીને વાસવદત્તાનાં રોમેરોમ નાચી ઊઠ્યાં. એ બોલી પડી : આવી મહાસતી અને મહાસાધ્વી મૃગાવતી મને સાસુ તરીકે ભેટી, એ કંઈ મારું ઓછું સૌભાગ્ય ન ગણાય !

આવા આ સૌભાગ્યનાં ઓવારણાં લઈને વાસવદત્તા એક એવી ભાવનાસૃષ્ટિમાં ખોવાઈ ગઈ કે, આવી મહાસતી મૃગાવતીના દર્શન ક્યારે થશે ? સાચી ભાવના તો ભવનાશિની અને શીઘ્ર ફળનારી હોય છે. આ સચ્ચાઈની પ્રતીતિ કરાવતી એક વધામણી એ જ સમયે આવી. વધામણી એ વાતની હતી કે, મહાસતી મૃગાવતીજી નજીકના જ પ્રદેશમાં પધાર્યા હતાં. પ્રભુ મહાવીર દેવની સાથે જ આ પધરામણી થવા પામી હતી. વધામણી આપનારને હીરામોતીથી વધાવી દઈને વત્સરાજ અને વાસવદત્તા સુખથી છલકાતા એ માહોલને એક જ ઝાટકે તરછોડી દઈને 'મહાવીર' ને મૃગાવતી'ની પધરામણીને માણવા જવાની તૈયારીમાં મગ્ન બની ગયા.

• • •

૧૭

## વાસવદત્તાના વિરહમાં વત્સરાજનો વલોપાત

કૌશાંબીની નજીકના પ્રદેશમાં સ્વર્ણપુર નામનું એક નગર હતું. વિશાળ પરિવારને સનાથ બનાવતા ભગવાન શ્રી મહાવીર પરમાત્મા વત્સદેશમાં વિચરતા વિચરતા એક દહાડો એ સ્વર્ણપુરમાં પધાર્યા. આ પધરામણીની વધામણી જ્યાં જ્યાં ફેલાઈ, ત્યાં ત્યાં કોઈ અનોખા જ હર્ષોલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું. આ વધામણી કૌશાંબીમાં પણ એવા અવસરે જ પહોંચી કે, જે અવસરે મૃગાવતીનું જીવન સાંભળીને વાસવદત્તાના દિલમાં મૃગાવતીનાં દર્શનની ભાવના એક તલપની જેમ જાગ્રત થઈ ચૂકી હતી એથી ભૂખ્યાને ભાવતાં ભોજન મળ્યા જેવો હર્ષ વત્સરાજ અને વાસવદત્તાએ

અનુભવ્યો. ભાવના તો મૃગાવતીનાં દર્શનની જ જાગી હતી, પણ વધામણીમાં જ્યારે ભગવાન મહાવીર પરમાત્મા અને મહાસાધ્વી મૃગાવતીનું આગમન સાંભળવામાં આવ્યું, ત્યારે તેઓનો ઉલ્લાસ કેઈ ગણો વૃદ્ધિ પામ્યો.

વત્સરાજ અને વાસવદત્તા જ્યારે કૌશાંબીથી નીકળીને સ્વર્ણપુર જવા તૈયાર થઈ ગયાં, ત્યારે એમના પગલે પગલે પ્રજા પણ વિશાળ સંખ્યામાં પ્રભુદર્શન માટે ચાલી નીકળી. એકાદ દિવસના પ્રવાસના અંતે સૌ સ્વર્ણપુરમાં પહોંચી ગયા. ત્યાં તો ઉદ્યાનમાં અજબગજબની હલચલ મચી ગઈ હતી : સુર-રચિત સમવસરણમાં પ્રભુ બિરાજમાન થયા હતા અને ધર્મની અમૃતધારા વરસી રહી હતી. કૌશાંબીની જનતા સમવસરણમાં પહોંચી જઈને એ ધર્મધારામાં ભીંજાઈ જઈને અનેરી ધન્યતા અનુભવી રહી. એ ધર્મધારાનું સવિશેષ રીતે સ્નાન-પાન માણીને વત્સરાજ અને વાસવદત્તા જ્યારે મહાસાધ્વી મૃગાવતી સમક્ષ પહોંચ્યાં, ત્યારે એમણે બંનેએ જે રોમાંચ અનુભવ્યા, એ અનોખા અને અદ્ભુત હતા. જેનો મહિમા સાંભળ્યો હતો, એ મૃગાવતી મહાસાધ્વી દર્શનની પળે તો વાસવદત્તાને શ્રવણ કરતાંય વધુ મહિમાશાળી જણાયાં. પુત્ર અને પુત્રવધૂને એમણે જે હિતશિક્ષા આપી, એને રત્નરાશિની જેમ જાળવીને રાજા-રાણી કૌશાંબીમાં પાછા ફર્યાં, આ પછીથી એમની પ્રવૃત્તિમાં ધર્મ વધુ પ્રમાણમાં ધબકવા લાગ્યો, આ ધર્મ-ધબકાર થોડાં વર્ષો સુધી તો અખંડ જ રહ્યો, પણ વત્સરાજ ઉદાયન પાસે નવયૌવન હતું અને યૌવનને વિલાસની વાટે લઈ જતો વાસવદત્તાનો સંગ હતો એથી એ વત્સરાજ એ સંગમાં ભાન ભૂલી જઈને વાસવદત્તાની પાછળ વધુ ને વધુ પ્રમાણમાં પાગલ બનવા માંડ્યા.

દિવસે દિવસે વત્સરાજ ઉદાયનની કામાસક્તિ એટલી બધી વકરી ઊઠતી ચાલી કે, રાજકાજની બધી જ જવાબદારીઓ મંત્રીશ્વરના માથે નાંખીને એઓ અંતઃપુરમાં જ આકંઠ-મગ્ન રહેવા માંડ્યા. પરિણામે પ્રજાને

દિવસો-મહિનાઓ સુધી રાજાનું દર્શન દુર્લભ રહ્યું. એમાં એક દિ' કટોકટીની એવી જ પળ ઉપસ્થિત થઈ કે, અંતઃપુરમાં આકંઠ ડૂબેલા રાજવીને રાજસભામાં લઈ આવવાની મંત્રીઓને ફરજ થઈ પડે !

પાંચાલપતિની નજર કૌશાંબી અને વાસવદત્તા પર બગડી હોવાની વાતો તો દિવસોથી વાતાવરણમાં ઘૂંટાતી હતી. પણ આ ઘૂંટાતી વાતોએ એક દિ' સચ્ચાઈનું સ્વરૂપ પકડ્યું અને પાંચાલથી નીકળીને એ રાજવીએ કૌશાંબી તરફ યુદ્ધ-પ્રયાણ પણ આરંભી દીધું. આ પરિસ્થિતિ જણાવવી જ રહી, એથી મંત્રીશ્વરો કોઈ ને કોઈ બહાને વત્સરાજ ઉદાયનને રાજસભામાં લઈ આવ્યા. ઘણા દિવસે રાજવીની પધરામણી રાજસભામાં થતા પ્રજા હકડેઠઠ ઊભરાઈ હતી. રાજવીને સૌ પ્રસન્ન હૈયે અનિમેષ આંખે નિહાળી રહ્યા.દમામભરી રાજસભા તો રાજવીને અમીટ નજરે જોવામાં મગ્ન હતી, પણ રાજવીની આંખ આગળ તો વાસવદત્તા જ ઉપસેલી રહી હતી. એમને વાસવદત્તા સિવાય કશું જ દેખાતું ન હતું અને આ સિવાય બીજું કંઈ જ જોવામાં એમને રસ પણ નહોતો. રાજસભા હજી શરૂ થઈ-ન-થઈ, ત્યાં જ અશુભનો સૂચક એક બનાવ બની ગયો. રાજ સિંહાસનની બંને પડખે પ્રજ્વલિત બે દીપિકાઓ એકાએક બુઝાઈ ગઈ. આ જોઈને કોઈ અશુભ ભાવિની કલ્પનાથી નૈમિત્તિકો ગભરાઈ ઊઠ્યા.

નૈમિત્તિકોની આ ગભરામણ થોડી જ પળોમાં રાજા અને પ્રજાની પણ ગભરામણ બની ઊઠી, કેમ કે અંતઃપુરમાંથી એકાએક જ 'બચાવો, બચાવો' નો પોકાર ઊઠ્યો. રાજા-પ્રજાની ભયભીત નજર અંતઃપુર તરફ મંડાઈ, તો ત્યાંથી ધુમાડાના ગોટેગોટા નીકળી રહેલા જણાયા. એ ગોટેગોટામાં બીજી જ પળે લબકારા મારતી જ્વાળાઓએ ભળી જઈને જે ભયાનકતા સરજી, એથી તો ચોમેર ભાગદોડ અને હોહા મચી ગઈ.

રાજવી ઉદાયન ભયથી બેબાકળા બનીને અંતઃપુર તરફ તાકી રહ્યા. આગની લપેટથી વધુ ને વધુ ઘેરાઈ રહેલા અંતઃપુરને જોઈને એ રાડ

પાડી ઊઠ્યા : દોડો, દોડો. અંતઃપુરને આગે ભરડો લીધો છે ! દેવી અંદર છે. આ આગ ભડથું બનાવી દે, એ પહેલાં જ દેવીને ઉગારી લો.

ઉદાયનનો આ પોકાર પ્રજાએ ઝીલી લીધો અને જેને જે કંઈ મળ્યું, એ લઈને સૌ આગ બુઝવવા દોડી ગયા. મંત્રી યૌગંધર આવી કટોકટીની પળે નિષ્ક્રિય રહી શકે ખરા ? રાણી વાસવદત્તાને બચાવી લેવા એમણેય દોટ મૂકી. પણ એ જાતે જ જ્યાં બચી શક્યા નહિ, ત્યાં વાસવદત્તાને તો કઈ રીતે બચાવી શકે ? અંતઃપુરમાંથી નીકળેલી એ ગગનચુંબી જ્વાળાઓએ મંત્રીનો ભોગ લીધો હોય, એમ જણાતાં પ્રજા રડી પડી. વાસવદત્તાને બચાવી દેવા દોટ મૂકનાર યૌગંધરને જ પોતાની લપેટમાં લઈ લઈને અગ્નિ જ્વાળાઓએ પોતાનો વિસ્તાર વધરવા જ માંડ્યો, વધારવા જ માંડ્યો !

રાજમહેલ અને રાજસભાનું આખું વાતાવરણ જ થોડી પળોમાં રોકકળથી કરુણ બની ઊઠ્યું. પ્રજાને એક વાતનો સંતોષ હતો કે, રાણીઓ તો બીજી પણ લાવી શકાશે, પણ રાજવીની પ્રાપ્તિ ફરી ક્યાંથી થઈ શકવાની હતી ? એથી રાજવી ઊગરી ગયાનો સંતોષ અનુભવતા સૌ અંતઃપુર ભસ્મીભૂત થઈ ગયાનો ખેદ અનુભવી રહ્યા. સૌથી વધુ કરુણતા તો રાજવી ઉદાયનને ઘેરી વળી હતી. પ્રાણપ્યારી વાસવદત્તામાં વર્ષોથી આકંઠ મગ્ન રહેલા તેઓ વાસવદત્તાનો વિરહ હવે કઈ રીતે વેઠી શકશે ? પ્રજાજનના કાળજામાં કાપો મૂકતો આ જ સવાલ હતો.

મંત્રીશ્વરને તો આગ ભરખી ગઈ હતી એથી વસંતક, સેનાની તેમજ મહાજન એકઠા મળીને વત્સરાજને સાંત્વન આપવાનું કર્તવ્ય અદા કરવા આગળ આવ્યા. વત્સરાજ તો આગનો આવો વિપાક જોઈને બેભાન જ થઈ ગયા હતા અને રાજસભામાં જ ઢળી પડ્યા હતા. કોઈને કશું જ સમજાતું ન હતું કે, એકાએક આ આગ કેવી રીતે લાગી ? આગને બેકાબૂ બનવામાં કયું તત્ત્વ મદદગાર બની ગયું ?

અને ઘડી અધઘડીમાં જ સર્વનાશ બોલાવી દઈને આગ કઈ રીતે શાંત થઈ ગઈ ? ન સમજાય, એવી આ સમસ્યાઓ હતી, છતાં અત્યારે એનો ઉકેલ લાવવાનો સમય ન હતો. અત્યારે તો વાસવદત્તાના વિરહાગ્નિમાં શેકાતા વત્સરાજને બચાવી લેવાના કર્તવ્યને અગ્રિમતા આપવી આવશ્યક હતી, એથી સૌએ ચંદન આદિના શીતલ લેપ દ્વારા વત્સરાજને સભાન બનાવવાનો પ્રયાસ કર્યો. થોડા પ્રયાસો બાદ વત્સરાજ ભાનમાં આવ્યા અને ઉન્મત્ત પ્રલાપ કરવા માંડ્યા :

'દેવી ! દેવી તું ક્યા જતી રહી ? શું હું તને છોડીને આજે રાજસભામાં આવ્યો, એ તને ન ગમ્યું, એથી જ તું રિસાઈ ગઈ ? જાતે અગ્નિમાં બળીને મને વિરહાગ્નિમાં તું બાળતી રહે, એ શક્ય અને સંભવિત જ નથી, માટે તું ક્યાંક છુપાઈ જઈને કોઈ રમત રમી રહી હોય, એમ મને લાગે છે. પણ આ રમત મારા માટે તો જીવલેણ જ સાબિત થશે, આવો વિપાક ન આવે, એ પહેલાં જ તું રમતનો પડદો હટાવી દઈને બહાર આવી જઈશ, એવો મને વિશ્વાસ છે. દેવી ! દયા કર અને જલદી બહાર આવ !'

વત્સરાજે સગી આંખે જોયું હતું કે, અંતઃપુર આગમાં ભસ્મીભૂત બની ગયું છે ! આમ છતાં પ્રેમના ઘરની પાગલતા જ એમની પાસે આવો ઉન્મત્ત પ્રલાપ કરાવી રહી હતી, એ સમજી શકાય એમ હતું. આ રીતે આખો દિવસ 'દેવી, દેવી' કરતા વત્સરાજ ઉદાયન જ્યારે કંઈક થાક્યા, ત્યારે વસંતક આદિ આગળ આવ્યા અને એમણે આશ્વાસન આપવા માંડ્યું. પણ આ આશ્વાસન તો વધુ દુઃખદ બન્યું એથી વાસવદત્તાની યાદ વધુ ઘેરી બનતાં ઉદાયને ગુસ્સામાં ને ગુસ્સામાં કહ્યુ : દેવી જો પોતાની ક્રૂર રમત મૂકી દેવા તૈયાર જ ન હોય, તો મારે પણ એની સામે એવી જ ક્રૂર રમત રમવી છે. હું અગ્નિમાં પડતું મૂકીને બળી મરીશ, પછી એ દેવી ભલે જીવનભર વિરહાગ્નિમાં શેકાયા કરે. દેવીને જો મારી કંઈ જ પડી ન હોય, તો મારે પણ એની

કંઈ જ પડી નથી ! તમે ચિતા રચાવો, એમાં હું અગ્નિસ્નાન કરીને જ રહીશ. કાં તમે દેવીને હાજર કરો, કાં મને તમે અગ્નિસ્નાન કરવા દો. આ સિવાય ત્રીજો કોઈ જ વિકલ્પ મારે ખપતો નથી.

વત્સરાજની પ્રેમ-પાગલતામાં ક્રોધ ઉમેરાયો હતો, એ એમના આવા પ્રલાપ દ્વારા વ્યક્ત થતો હતો. માટે હવે ખૂબ જ સંભાળીને કામ લેવાનું હતું એથી વસંતક આગળ આવ્યો. એણે ધીમે રહીને વાત શરૂ કરી : મહારાજ ! આખું અંતઃપુર આગની ઝાળમાં ઝડપાયું, એ તો આપે સગી આંખે જોયું જ છે ને ? જો આગ આખા અંતઃપુરને બાળીને ભસ્મસાત બનાવી ગઈ, તો દેવી કઈ રીતે એ આગમાંથી ઊગરી શકે ? આ સત્ય કડવું જરૂર છે. પરંતુ કડવું પણ આ સત્ય છે કે, દેવીને આગ ભરખી ગઈ છે. માટે આપે હવે આ સત્યને સ્વીકારી લેવું જ રહ્યું !

વસંતકને શાંતિથી સાંભળ્યા બાદ ઉદાયને આઘાત અનુભવતાં સખેદ પૂછ્યું : વસંતક ! શું એ આગ દેવીને ભરખી ગઈ? તો તો હવે દેવીની પ્રાપ્તિ દુર્લભ જ નહિ, દુઃશક્ય જ નહિ, સાવ અશક્ય જ ગણાય ને ?

'હા. મહારાજ ! અશક્ય જ ગણાય. પણ મહાસાધ્વી મૃગાવતીનો મહિમાશાળી મંત્ર કોઈ ચમત્કાર સરજી જાય અને દેવી મળી જાય, તો જુદી વાત ! બાકી હાલની પરિસ્થિતિ જોતાં તો દેવીનું પુનર્મિલન હવે શક્ય જ ન ગણાય. પરંતુ આનો અર્થ એવો નથી કે, દેવીની આશા મૂકી જ દેવી, જીવનને સાવ નીરસ જ બનાવી દેવું કે દેવી પાછળ જીવનના તમામ સુખચેન હોમી દેવા !'

વસંતકને થયું કે, પોતાનો પ્રયત્ન કંઈક સફળતાના માર્ગે છે એથી એણે વધુ સહાનુભૂતિ દાખવતાં આમ કહ્યું. પણ આનો પ્રતિભાવ જુદો જ મળ્યો. ઉદાયને કહ્યું કે, દેવીની પ્રાપ્તિ હવે જો શક્ય જ નથી, તો પછી એક ભારેખમ બોજની જેમ આ જીવનને વેંઢારી રાખવાનો શો અર્થ ? વિરહના અંગારા આજીવન દઝાડતા રહે, એવી

દીર્ઘજીવી વેદના કરતાં તો ભડભડતી આગમાં ઝંપલાવી દેવાથી થતી વેદના ખૂબ જ ઓછી હોવાની શક્યતા છે. જો દેવી હવે નથી જ મળવાની, તો પછી મારા માટે દેવી-વિહોણું જીવન જીવવાનો કોઈ જ અર્થ નથી અને વ્યર્થ જીવન જીવવું, એના કરતાં જીવનનો અંત ખેંચી લાવવો વધુ સાર્થક ન ગણાય શું ? મારો તો હવે આ એક જ નિશ્ચય છે. મારે બીજું કંઈ સાંભળવું નથી. જે દેવીની ગતિ, એ જ મારી ગતિ ! દેવીને અગ્નિ સામેથી સ્વાહા કરી ગયો, તો હું અગ્નિમાં સામેથી સ્વાહા રુપે સમર્પિત થઈ જઈશ અને જ્યાં દેવી ગઈ હશે, ત્યાં જવાના સંકલ્પ સાથે આત્મવિલોપન કરી દઈશ. વસંતક ! હવે તું વધુ કંઈ જ બોલતો નહિ. જા, એક ચિતા તૈયાર કરાવ. એ ચિતા મારી સુખશય્યા બનશે.

વસંતકે હવે બીજો જ એક મુદ્દો આગળ કરીને સમજણ આપવાનો માર્ગ અખત્યાર કર્યો. એણે કહ્યું : મહારાજ ! આપની ઈચ્છાની આડે આવનાર હું વળી કોણ ? પણ આપણી વચ્ચેના સંબંધની રુએ મને એક પ્રશ્નં પૂછવાનો અધિકાર છે અને આપ એ પ્રશ્નનો જવાબ આપવા બંધાયેલા છો. માટે પૂછું છું કે, જે અગ્નિ દેવીને ભરખી ગયો, એ આપનો જો અપરાધી ગણાતો હોય, તો મારો સવાલ છે કે, અપરાધીને તે વળી ગળે લગાડવાનો હોય, એને શું ભેટી પડવાનું હોય, કે એની સામે તો તલવાર તાણવાની હોય ! આનો જવાબ આપીને પછી આપને જે કરવું હોય, એ કરવા આપ સ્વતંત્ર છો.

વત્સરાજ ઉદાયને કહ્યું : વસંતક ! તારી વાત તો સાચી છે. અપરાધીને તો શિક્ષા જ કરવાની હોય એને કંઈ ભેટાય નહિ ! પણ હવે હું જીવીને પણ શું કરું ?

વસંતકે અધવચ્ચે જ કહ્યું : કેમ મહારાજ ! પેલી કહેવત નથી સાંભળી કે, જીવતો નર ભદ્રા પામે ! આ કહેવત જો આપે સાંભળી જ હોય અને મૃગાવતી મહાસાધ્વીના મંત્ર-જપ પર આપને શ્રદ્ધા હોય,

તો હું આપને પગમાં પડીને અને કરગરીને વીનવું છું કે, આત્મહત્યાનો કાયરોચિત માર્ગ લેવાનું છોડી દો. જીવતા હશો, તો કદાચ વાસવદત્તાય મળી આવશે, છેવટે વાસવદત્તા જેવી રૂપરાશિ તો મળી જ રહેશે, કદાચ વાસવદત્તાનેય ભુલાવી દે, એવી સુંદરી પણ આપના ભાગ્યમાં નહિ જ લખાઈ હોય, એમ કેમ કહી શકાય ! કારણ કે આ વસુંધરા તો બહુરત્ના છે અને શેરની સામે અહીં સવા શેર પાકતા જ રહેતા હોય છે. છેલ્લે પુનરુક્તિના દોષને વહોરી લઈનેય મારે એટલું જ કહેવાનુ છે કે, અગ્નિશય્યાનું શરણ અને શયન તો આપ સ્વપ્નેય વિચારશો જ નહિ, કેમ કે આ અગ્નિએ તો સ્ત્રીહત્યાનું ગોઝારું પાપ કર્યું છે, એથી એનું દર્શન પણ જ્યાં વર્જ્ય હોય, ત્યાં એને ભેટવાની વાતને તો અવકાશ જ ક્યાંથી હોય ?

વસંતકે કથન પૂર્ણ કર્યું. ઉદાયનના ચહેરા પર અંકાતા હાવભાવ પરથી એ એટલું તો સમજી શક્યો કે, મહારાજ હવે આત્મહત્યાનો માર્ગ તો નહિ જ સ્વીકારે ! એથી વસંતકે વધુ માર્ગદર્શન કરાવતાં કહ્યું : આપને અણીના અવસરે અદૃશ્ય રીતે જ ઉગારી લેનાર મહાસાધ્વી મૃગાવતીનાં આપ એક વાર દર્શન કરી આવો, આ દર્શન આપના માટે મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડનારું બની રહેશે. વસંતકની આ વાત સાંભળીને વત્સરાજ ઉદાયન કંઈક વિચારમગ્ન બન્યા. એમણે કહ્યું : આ વાત બરાબર છે. અગ્નિશય્યા તો ન જ કરી શકાય અને આ રીતનું નીરસ જીવન વેંઢારવાનુંય ઝાઝું મન થતું નથી એથી શું કરવું ? એ મારે મન મોટો મૂંઝવણનો વિષય છે એથી લાગે છે કે, મહાસાધ્વી મૃગાવતીનું દર્શન જ ખરેખર મને ભાવિનો માર્ગ દર્શાવી જશે.

વસંતક અને સેનાની આ સાંભળીને ખુશ ખુશ થઈ ગયા. કેમ કે એમને તો કાળક્ષેપ જ ઇષ્ટ હતો અને 'અણી ચૂક્યો સો વરસ જીવે' આ કહેવત પર એમને અતૂટ શ્રદ્ધા અને અખૂટ વિશ્વાસ હતો.

• • •

१८

## કૌશાંબી પાંચાલપતિના કબજામાં

એકાએક આગ અને અણધાર્યું જ અંતઃપુર ભસ્મીભૂત ! આ કોઈ રહસ્યમય ઘટના જ હોવી જોઈએ, એવું કૌશાંબીએ અનુમાન કર્યું. પણ આની પાછળનો હેતુ કોઈ કહેતાં કોઈ જ કળી શકતું ન હતું. અત્યારે તો સૌની આંખ સામે ભસ્મસાત બની ગયેલા અંતઃપુરમાં જ ભસ્મીભૂત બની ગયેલા મંત્રી યૌગંધર, રાણી વાસવદત્તા અને સખી કાંચનમાલા : આ ત્રિપુટી જ તરવરી રહી હતી.

વાસવદત્તાના વિરહાગ્નિમાં તરફડતા રાજવી ઉદાયનના એ વલોપાતની તો કલ્પના કરતાંય કૌશાંબી ધ્રૂજી ઊઠતી હતી. આ ઘટના જીરવવી રાજવી માટે કઠિન હતી. પરંતુ

વસંતક આદિના પ્રયાસો સફળ નીવડતાં વત્સરાજ ઉદાયને માતા સાધ્વી શ્રી મૃગાવતીનાં દર્શને જવાનો નિર્ણય લીધો હતો, આખી કૌશાંબીના કાળજે ટાઢક પેદા કરતી આ વાત હતી. આ નિર્ણય મુજબ તરત જ વત્સરાજ ઉદાયન, સેનાપતિ અને વસંતકની ત્રિપુટી થોડા પરિવાર સાથે કૌશાંબીથી પૂર્વ દિશા ભણી આવેલા પ્રદેશ તરફ રવાના થઈ ગઈ. કેમ કે એ પ્રદેશમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્માનું વિચરણ સંભવિત હતું.

વત્સદેશની હદ પાંચેક દિવસના પ્રવાસ બાદ પૂર્ણ થતા એ ત્રિપુટી જ્યાં થોડીક જ આગળ વધી, ત્યાં જ એક અતિરમણીય ઉપવન આવતાં વત્સરાજ ઉદાયને આરામ કરવા એમાં પ્રવેશવાની ઇચ્છા દર્શાવતાં સૌ અંદર પ્રવેશ્યા. કૌશાંબીથી નીકળ્યા બાદ પ્રકૃતિની ખુલ્લી ગોદમાં થતું વિચરણ વત્સરાજને થોડા પ્રસન્ન બનાવવામાં નિમિત્ત બની ગયું હતું, એ પ્રસન્નતા ઉપવનના દર્શને વધુ ઘેરી બની, એમાં પણ જ્યાં એ ઉપવનમાં એક સિદ્ધપુત્રનાં દર્શન મળ્યાં, ત્યાં તો એ પ્રસન્નતા ઓર ખીલી ઊઠી.

એક વૃક્ષની નીચે એ સિદ્ધપુત્ર બેઠા હતા. એમની આસપાસ અનેકવિધ ગ્રંથો જોવા મળતા હતા. તેમજ કેટલાય વિદ્યાર્થીઓ એમની પાસે શાસ્ત્રપઠન કરી રહ્યા હતા. સેનાપતિને થયું કે, આ સિદ્ધપુત્ર અવશ્ય નૈમિત્તિક આદિ શાસ્ત્રોના જ્ઞાતા હોવા જ જોઈએ, એથી એમના ચરણની પર્યુપાસના કરવા વત્સરાજ આદિ સૌએ એ વૃક્ષ નીચે બેઠક લીધી. સિદ્ધપુત્રના મુખે થોડોક ધર્મોપદેશ સાંભળ્યા બાદ સેનાપતિએ મનમાં ઘૂમરાતી સમસ્યા રજૂ કરતાં પૂછ્યું : આપ વિશિષ્ટ જ્ઞાની જણાવ છો. તો અમારી એક સમસ્યાનો ઉકેલ દર્શાવવા કૃપા કરશો. અમે કૌશાંબીથી નીકળ્યા છીએ અને પૂર્વ દિશા તરફના પ્રદેશમાં પ્રભુ મહાવીરના દર્શનાર્થે જઈ રહ્યા છીએ. આ અમારા સ્વામી વત્સરાજ ઉદાયન છે.એમનાં માથે વિપત્તિના ડુંગરા તૂટી પડ્યા છે. હજી થોડાક

જ દિવસો પૂર્વે અંતઃપુરમાં એકાએક જ આગ લાગી, એ આગે મહારાણી વાસવદત્તાને અને મહામંત્રી યૌગંધરને બાળીને ભસ્મસાત્ બનાવી દીધા. આ બનાવથી હતપ્રહત બની ગયેલા વત્સરાજ માતા સાધ્વી શ્રી મૃગાવતીજી પાસે પહોંચીને સાચું સાંત્વન અને સાચું માર્ગદર્શન મેળવવાના મુદ્રાલેખ સાથે આગળ વધી રહ્યા છે. માટે અમારે એ જાણવું છે કે, વત્સરાજ ઉદાયન આ આફતમાંથી ક્યારે ઊગરશે ? જો આપ અમારા પર કૃપાળુ હો, તો આટલી વિગત જણાવવા વિનંતી.

સિદ્ધપુત્ર જ્ઞાની હતા, એથી થોડી જ પળો બાદ વત્સરાજનું ભાવિ ભાખતાં એમણે કહ્યું : વત્સરાજ ઉદાયનનું ભાવિ ખૂબ જ ભવ્ય છે, આમ છતાં હજી એક વર્ષ સુધી એમનો ભાગ્યસૂર્ય વાદળછાયો બની રહેશે. વર્ષના અંતે એમનો ભાગ્યભાનુ પુનઃ પ્રકાશી ઊઠશે, એટલું જ નહિ, તેઓ બીજા એક કન્યા રત્નને મેળવવા પૂર્વક વાસવદત્તાને અને કૌશાંબીના સમ્રાજ્યને પુનઃ મેળવશે અને એમનો સૌભાગ્ય-સૂર્ય હજાર હજાર કિરણે ફરીથી પ્રકાશી ઊઠશે.

વત્સરાજના ભવ્ય ભાવિની આ આગાહી સાંભળીને વસંતક અને સેનાનીના આનંદનો પાર ન રહ્યો. આ આગાહી જ એવી હતી કે, જેના શ્રવણે આનંદાનુભૂતિ ન પામવી હોય, તોય પામી જ જવાય ! પણ વત્સરાજ ઉદાયનને થયું કે, આ રીતે જો બળી મરેલી વ્યક્તિની વળી પુનઃપ્રાપ્તિ શક્ય હોય, તો તો જોઈતું જ શું હતું ? તો પછી પૂર્વજોનો વિરહ સહન કરવાનો અવસર જ ન આવે ! માટે આ આગાહી તો ઠગારી એક આશા જ હોવી જોઈએ !

સિદ્ધપુત્રને પ્રણામ કરીને સૌ ઊભા થયા. એ ઉપવન રહેવા જેવું સ્થળ હતું એથી ઉપવનમાં ફરતા ફરતા વત્સરાજે વસંતક અને સેનાનીને કહ્યું : ધુતારી આશા દેખાવમાં ખૂબ જ સારી જણાતી હોય છે. એ મૃતપ્રાયઃ બની ગયેલા માનવીને પણ દોડાવવામાં સફળ સાબિત થતી

હોય છે. પણ એ દોડનો અંત ખૂબ જ કરુણ નીવડતો હોય છે. કેમ કે આશા અંતે નિરાશામાં પલટાતાં માનવી પછડાટ ખાઈને ઢળી પડતો હોય છે અને એનું પ્રાણપંખેરું ઊડી જતું હોય છે. મૃગતૃષ્ણાની પાછળ દોડતા મૃગલા જેવા હાલહવાલ સરજતી આ આગાહીથી તમે ભલે ખુશ થાવ, પણ મને તો આમાં ખુશ થવા જેવું કંઈ જણાતું નથી. કેમ કે જો મરેલાનું મિલન પુનઃ થતું હોય, તો આ આગાહીને સાચી માની શકાય !

વસંતક અને સેનાની માટે તો સિદ્ધપુત્રની આ આગાહી અતિવિશ્વસનીય હતી, એથી એઓએ કહ્યું : વત્સરાજ ! આ કોઈ સામાન્ય માણસે કરેલી આગાહી નથી. માટે સિદ્ધપુત્રની આ આગાહી પર વિશ્વાસ રાખો. અમને તો પૂરેપૂરો વિશ્વાસ છે કે, વાસદવત્તા આ આગાહી મુજબ જીવંત હોવી જોઈએ, એ જો જીવતી હશે, તો તો મંત્રીશ્વર યૌગંધર પણ જીવતા જ હોવા જોઈએ ! જો આમ હોય, તો લાગેલી એ આગ કોઈ આકસ્મિક ઘટના નહિ, પણ પૂર્વ-આયોજિત કાવતરું જ હોવું જોઈએ.

વત્સરાજને આ વાત પર શ્રદ્ધા ન હતી. છતાં એમણે સેનાનીને કહ્યું કે, જો આમ જ હોય, તો તો તમારે હવે વિના વિલંબે કૌશાંબી પહોંચી જ જવું જોઈએ. આ આગ પૂર્વયોજિત હોય, તો તો એનો પ્રતિકાર કરવો જ જોઈએ અને એ માટે તમારી હાજરી કૌશાંબીમાં જ જરૂરી ગણાય. વનવગડાના આ પ્રદેશમાં મને વસંતકનો સથવારો ઘણો થઈ પડશે. માટે કૌશાંબીનું હિત જો તમારા હૈયે વસ્યું હોય, તો તમે હવે વિના વિલંબે કૌશાંબી પહોંચી જાવ, એ જ મને વધુ યોગ્ય જણાય છે.

વત્સરાજની આ વાત વાજબી હતી એથી સેનાનીએ એને શિરોધાર્ય ગણીને એ જ દિવસે કૌશાંબી તરફ પ્રયાણ કર્યું અને વત્સરાજનો પ્રવાસ પૂર્વદિશા ભણી આગળ વધ્યો. એકાદ બે દિવસના પ્રવાસ

બાદ વત્સરાજની નજર એક ગગનચુંબી પર્વત પર સ્થિર થઈ. એ પર્વતની શોભા અનેરી હતી. પર્વત પર લઈ જનારી સોપાન-પંક્તિની રચના તો એટલી બધી અદ્‌ભુત હતી કે, ચડવાનું મન ન હોય, તોય એની પર પગ મૂકતા જ ગિરિઆરોહણ કરવાનું મન થઈ આવે, આ બધી વિશેષતાઓમાંથી સૌથી ચડિયાતી વિશેષતા તો ગિરિશિખરે શોભી રહેલું એક જિનમંદિર હતું. તળેટીમાં ઊભા રહીએ, તોય એ ગિરિમંદિરનું દર્શન થઈ શકતું હતું, એ દર્શન જ એવું કામણગારું હતું કે, દર્શકને એ મંદિરનાં દર્શન કરવાના મનોરથ જાગ્યા વિના ન જ રહે.

વત્સરાજનું વિષાદગ્રસ્ત મન, જોકે સિદ્ધપુત્રની આગાહી સાંભળીને કંઈક પ્રસન્ન બની ઊઠ્યું હતું, પણ આ ગિરિમંદિરનાં દર્શને તો એ પ્રસન્નતા જાણે નૃત્ય કરી ઊઠી અને વત્સરાજ, વસંતકની સાથે એ ગિરિ ઉપર ચડીને જિનમંદિરના દ્વારે આવી ઊભા. મંદિર તો એવું અદ્‌ભુત હતું કે, એના બાહ્ય દર્શને વત્સરાજના મનનો કબજો લઈ લીધો, એઓ જ્યાં મંદિરની અંદર પ્રવેશ્યા અને યુગાદિનાથ ભગવાન શ્રી આદિનાથ પ્રભુની અદ્‌ભુત પ્રતિમાનાં એમને જ્યાં દર્શન મળ્યાં, ત્યાં બધી જ વેદના વીસરી જઈને તેઓ ભગવદ્‌ભક્તિમાં ખોવાઈ ગયા. ભક્તિની એ પળોમાં વત્સરાજ કૌશાંબી ભૂલી ગયા, અંતઃપુરને બાળી નાખનારી આગની ઘટના વીસરી ગયા અને વાસવદત્તાનો વિરહ પણ વિસ્મૃત થઈ ગયો. પ્રભુનાં દર્શને એમણે જે રોમાંચ અને પ્રસન્નતાનો અનુભવ કર્યો, એથી એમને પોતાને પણ એવો આભાસ થવા માંડ્યો કે, મને ભેટી પડવા માટે જાણે કોઈ અભ્યુદય મારી સમક્ષ સામે પગલે આવી રહ્યો છે !

આ આભાસની સચ્ચાઈનો પરચો વત્સરાજને તરત જ મળ્યો. દર્શન કરીને એઓ જ્યાં બહાર નીકળ્યા, ત્યાં જ એક ચારણશ્રમણનું એમને દર્શન થયું અને પ્રભુદર્શનથી પ્રગટ થયેલો એ આનંદ જાણે

બેવડાઈ જઈને વત્સરાજની વાણીની વાટે બહાર આવ્યો. એમણે ચારણશ્રમણને કહ્યું : આજનો દિવસ મારા માટે ધન્ય દિવસ છે, જ્યાં અકાળે આંબા ફળ્યાની જેમ મને દેવ ઉપરાંત આપના જેવા ગુરુનાં દર્શનનો પણ લાભ મળ્યો. આ તીર્થભૂમિ પર આવતાની સાથે જ મારાં તનમનનો શોક ક્યાંય ગાયબ થઈ ગયો હોય, એમ મને લાગે છે એથી એવું અનુમાન થાય છે કે, આ કોઈ વિશિષ્ટ પ્રભાવવંતુ સ્થાન હોવું જોઈએ. આ સ્થાનનો ઈતિહાસ અને પ્રભાવ સાંભળવાની જિજ્ઞાસા મારામાં જાગી છે. મારામાં જો યોગ્યતા હોય, તો આ જિજ્ઞાસાને સંતોષવા આપ કૃપાળુને વિનંતી કરું છું.

ચારણ શ્રમણે ઉદાયનને કહ્યું : આ રત્નશૈલ નામનો પર્વત છે. અપરંપાર આનો મહિમા છે. બહુ ભાગ્યે જ આની યાત્રાનો લાભ મળી શકે છે. સેંકડો વિદ્યાધરો અહીં સાધના કરીને વિદ્યાસિદ્ધ બન્યા છે અને હજીય આવો સાધનાક્રમ આ ગિરિ પર ચાલુ જ છે. શ્રી યુગાદિદેવ આદિનાથ ભગવાન સ્વદેહે વિચરતા વિચરતા આ ગિરિ પર પધાર્યા હતા. પ્રભુની ચરણરજથી પુનિત બનેલ આ ગિરિ પર આ પધરામણીની સ્મૃતિમાં અદ્ભુત જે જિનમંદિરનું નિર્માણ વિદ્યાધરોએ કર્યું હતું, એ મંદિર વિદ્યાધર-મંદિર તરીકે આજેય આ ગિરિના ગૌરવ તરીકે ખડું છે, તેમજ અનેક સાધકોની સાધના માટે આલંબન પૂરું પાડી રહ્યું છે. રાજન્ ! તમે મહાસતી મૃગાવતીની રત્નકુક્ષિમાં પેદા થયેલા એક મુક્તામણિ જ છો, એથી ઉપદેશ દ્વારા તમને ઉપકૃત કરવાની ભાવના હતી જ ! તમે સામેથી માંગણી કરી, એથી મારો આનંદ નિરવધિ બન્યો છે.

આટલું બોલીને ચારણ શ્રમણ કંઈક અટક્યા, એટલે વત્સરાજે વિનયાવનત થઈને બધું ભક્તિભાવિત બનવાપૂર્વક વિનંતી કરી : ભગવંત ! આપ વિશિષ્ટ જ્ઞાની લાગો છો, એથી આપના શ્રીમુખે ઉપદેશામૃતનું પાન કરવા હું ખૂબ જ ઉત્કંઠિત છું. જે મહાસાધ્વી

મૃગાવતીના સંતાન તરીકે આપ મને ઓળખી ગયા, એમની સમીપે જ જવા હું નીકળ્યો છું એથી મારા યોગ્ય હિતશિક્ષા ફરમાવવા વિનંતી.

વત્સરાજનું હૈયું એટલું બધું ભાવિત અને પ્રભાવિત બની ઊઠ્યું હતું કે, એઓ વિચારી રહ્યા : જે થાય એ સારા માટે ! આગ ન લાગી હોત, તો હું આ રીતે પ્રવાસે થોડો જ નીકળવાનો હતો અને પ્રવાસે ન નીકળત, તો મને આવા ચારણ શ્રમણનાં દર્શનનો અને એમના મંગલમુખેથી હિતશિક્ષા-શ્રવણનો થોડો જ લાભ મળત ? માટે જે પણ થયું, એ સારા માટે જ થયું છે.

વત્સરાજની વિનમ્રતા અને ભક્તિ ભાવિતતા પર ચારણ શ્રમણ વારી ઊઠ્યા. એમણે જાણે માતા બનીને ઉદાયનને કહેવા માંડ્યું : સુખની જેમ જીવનમાં આવતું દુ:ખ પણ વધાવી લેવા જેવું જ તત્ત્વ છે. કેમ કે જે દુ:ખને દિલપૂર્વક વધાવી લે છે. એ અંતે તો સુખને જ વધાવતો હોય છે. દુ:ખને આપેલો આવકાર વહેલો મોડો સુખને જ સસ્વાગત તેડી લાવતો હોય છે. સુખ દુ:ખ તો એવું વિચિત્ર યુગ્મ છે કે, સુખનો કરાતો સત્કાર દુ:ખને તેડી લાવનારો સાબિત થાય અને દુ:ખનો કરાતો સત્કાર સુખને તેડી લાવનારો બને ! એથી આ બે તત્ત્વો ખૂબ જ સમજી લેવા જેવાં છે. જે આ બે તત્ત્વોને સારી રીતે સમજી શકે, એ જ સાચી રીતે ધર્મારાધન કરી શકે. ધર્મનું મૂળ વિનય છે અને વિનય-વિનમ્રતા વ્યક્ત કરવાનું સર્વોત્કૃષ્ટ સ્થાન શ્રી પંચપરમેષ્ઠી છે. આ પરમેષ્ઠીને પ્રમાણ કરાવતો મંત્ર શિરોમણિ જો કોઈ મંત્રાધિરાજ હોય, તો તે શ્રી નમસ્કાર મંત્ર છે.

ચારણ શ્રમણે આટલી ભૂમિકા એવા વાત્સલ્ય સાથે સમજાવી કે, જેના શ્રવણે વત્સરાજ ઉદાયન અને વસંતક પણ ગદ્ગદિત બનીને પોતાની ધર્મયોગ્યતા વ્યક્ત કરી રહ્યા. આ યોગ્યતા જ એવી હતી કે, ચારણ શ્રમણને મુક્ત મને ધર્મધારા વહેવડાવવાનું મન થઈ આવે ! એથી પાકો પાયો રચીને ચારણ શ્રમણે આ પછી વત્સરાજને પરમેષ્ઠી-

મંત્રની આરાધનાવિધિ દર્શાવી તેમજ આરાધનામાં સહાયક તત્ત્વો તરીકે ધ્યાન, આસનબંધ અને જપના ભેદ-પ્રભેદો અંગે એવું સુંદર માર્ગદર્શન કરાવ્યું કે, વત્સરાજ બધી જ બાહ્ય ગડમથલોને સાવ જ ભૂલી જઈને કોઈ સાધકની અદાથી મહામંત્રના આરાધક બની ગયા. એમને સાધનાભૂમિ તરીકે એ ગિરિમંદિર એટલું બધું ભાવી-ફાવી ગયું કે, આવી ફાવટ કૌશાંબીના રાજમહેલોમાંય ઉદાયનને નહોતી અનુભવાઈ !

દિવસો-મહિનાઓ વીતવા માંડ્યા, એમ વત્સરાજ-ઉદાયનની સાધના-મસ્તી દિન-પ્રતિદિન વધતી જ ગઈ, વધતી જ ગઈ. આવી વધતી પ્રસન્નતામાં ભંગ પાડતા સમાચાર એક દિ' આવ્યા અને વત્સરાજ ફરી પાછા થોડાક વ્યગ્ર બની ગયા. કૌશાંબીથી એક રાજસેવક વત્સરાજને શોધતો ગિરિશિખરે આવ્યો. એણે એવા સમાચાર આપ્યા કે, રાજન્ ! આપત્તિ આવે છે, ત્યારે એકલી નથી આવતી, પણ પોતાના પૂરા પરિવારને એ તેડતી આવે છે. આપે કૌશાંબીનો પરિત્યાગ કર્યો, આ પછી તો કૌશાંબીના માથે વધુ એક આફત તૂટી પડી. પાંચાલપતિ રાજવી ચતુરના આક્રમણના ભણકારા તો સંભળાઈ જ રહ્યા હતા. અંતે તે ભણકારા સાચા સાબિત થઈને જ રહ્યા. પાંચાલપતિ એવા પ્રતાપ-પ્રભાવ સાથે ધસી આવ્યા કે, એ પ્રતાપમાં અંજાઈ જઈને આપણા સેનાપતિ પણ સામેથી શત્રુને શરણાગત બની ગયા એથી આજે કૌશાંબી પર પાંચાલપતિનો સત્તા-સૂર્ય પ્રકાશી ઊઠ્યો છે. આમ, કૌશાંબી માટે ખરેખર પડતીના દિવસો શરૂ થઈ ગયા છે.

આ સમાચાર પૂરા કરતાં કરતાં તો એ દૂત રડી પડ્યો. વત્સરાજના સાધના-રંગમાં આ સમાચારનું શ્રવણ ભંગ પાડી ગયું. દૂતને વિસર્જિત કરીને વત્સરાજે વસંતકને કહ્યું : પડતા પર પાટુ ઝીંકનારા આ સમાચારના શ્રવણે મારું તો મગજ બહેર મારી ગયું છે. હવે શું કરવું, એ જ સમજાતું નથી. આગથી આરંભાયેલી આ અવનતિ ક્યાં જઈને અટકશે, એ કહેવું મુશ્કેલ છે. અકારણ શત્રુ બનેલી એ આગે,

અંતઃપુરનો ભોગ લીધો, વાસવદત્તા અને કાંચનમાલાને એ આગ સ્વાહા કરી ગઈ. મંત્રી યૌગંધરનેય એ આગે ન છોડ્યા. આટલી આટલી આપત્તિઓ તૂટી પડ્યા પછી પણ 'ભાંગ્યું તોય ભરૂચ'ની કહેવતને સાર્થક કરતી કૌશાંબીની અડીખમ રહેલી કીર્તિને આ સેનાનીએ સામે ચડીને ભોંયભેગી કરી નાખી, એથી આજે સામ્રાજ્યલક્ષ્મી પણ છડેચોક લૂંટાઈ જવા પામી.

આટલું કથન માંડમાંડ પૂરું કરીને વત્સરાજ રડી પડ્યા. વસંતકે સાંત્વન આપતા કહ્યું : મહારાજ ! ચારણ શ્રમણનો એ હિતોપદેશ યાદ કરવા જેવો છે. સુખ-દુઃખ તો આ સંસારની ઘટમાળ જેવાં તત્ત્વો છે. ભરેલી ઘટમાળને સુખ સાથે સરખાવી શકાય તો ખાલી ઘટમાળની દુઃખ સાથે સરખામણી થઈ શકે અને ઘટમાળ નામ જ એનું કે જે ન તો કાયમ માટે ભરેલી રહી શકે, ન તો કાયમ માટે ખાલી રહી શકે ! ભરેલું જળ ઠલવાઈ જાય અને ઠલવાઈ ગયેલી ઘટમાળ પાછી જળથી ભરાય. આમ, આ સંસારમાં તો સુખ દુઃખનું ગમનાગમન ચાલુ જ રહે. આ ઉપદેશ યાદ કરશો, તો ખાલી ઘટમાળ પર આંસુ સારવાનું પણ નહિ થાય અને ભરેલી ઘટમાળ પર ગર્વોન્નત બનવા મન તૈયાર નહિ થાય.

વત્સરાજ ઉદાયનને ચારણ-શ્રમણનો ધર્મબોધ યાદ આવ્યો અને તેઓ કંઈક સ્વસ્થ બન્યા. પણ ઘટેલી ઘટના જ એવી આઘાતજનક હતી કે, એમના મોંમાંથી પાછો એક નિસાસો નીકળી પડ્યો : ક્યાં મારી ભાગ્ય-પરંપરા અને ક્યાં અત્યારનું આ દુર્ભાગ્ય ! એ પણ દિવસો હતા કે, જ્યારે ભરતીમાં ભરતીનો અનુભવ થતો હતો. આ પણ દિવસો આવી લાગ્યા છે કે, ખોટની ઉપર ખોટ અનુભવવા મળી રહી છે. માર પર મીઠું ભભરાવાઈ રહ્યું હોય, એવા આ સમાચારથી જે વેદના ને વલોપાત અનુભવાઈ રહ્યો છે, એને શમાવવા કોઈ ઉપવન, કોઈ વાવડી કે સરોવરનું રમણીય સ્થળ પણ સમર્થ નથી. માટે મને

તો મૃત્યુ જ માંગવા જેવું લાગે છે. પરંતુ મૃત્યુને માંગવા-માણવા માટે આ સ્થળ-કાળ અનુકૂળ નથી. હવે શું કરવું, એ જ સમજાતું નથી.

લાંબો નિસાસો મૂકતાં વત્સરાજે જે હૈયાવરાળ ઠલવી, એ જોઈને વસંતકનું હૈયું પણ ભરાઈ આવ્યું. પરંતુ મનને મક્કમ કરીને એણે કહ્યું : રાજવી ! જ્ઞાનીનાં કથન પર વિશ્વાસ રાખો. આગાહીમાં ભાખેલી વર્ષાવધિ હવે લગભગ પૂરી થવા આવી છે. માટે આટલા સમય સુધી ધરી રાખેલ ધીરજ હવે એળે ન જવા દો. આ ગિરિભૂમિ પર આપણે ઘણો સમય ગાળ્યો છે. માટે હવે સ્થાન-ફેર પણ જરૂરી છે. ચાલો, હવે થોડું વનભ્રમણ કરીએ. હા. સમયસર યાદ આવ્યું. ગઈ કાલે મને એક આમંત્રણ મળ્યું છે. એને સ્વીકારીને આપણે થોડો વિનોદ મેળવીએ.

'આમંત્રણ ? કોનું આમંત્રણ?' વત્સરાજ પૂછી બેઠા. જવાબમાં વસંતકે ગઈ કાલે જ બનેલી એક ઘટના કહેવાનો પ્રારંભ કર્યો.

• • •

૧૯

# તર્ક-વિતર્ક સર્જતા વાર્તાલાપનાં શ્રવણે

**મા**નવ મનની એ વિલક્ષણતા અને વિશેષતા છે કે, જે સ્થાન, જે વાતાવરણ અને જે માહોલ પર મન વર્ષોથી મુગ્ધ બની ગયું હોય, એ માનસિક મુગ્ધતાને ખંડિત કરવા આઘાતજનક એકાદ કોઈ ઘટના પળવારમાં જ સમર્થ નીવડતી હોય છે.

વત્સરાજ ઉદાયનના મનમાં રત્નશૈલ ગિરિ એવી રીતે વસી ગયો હતો કે, એ ગિરિના રમ્ય વાતાવરણમાંથી ઊડીને એમનું મન-પંખીડું બીજે જઈને બેસે, એ શક્ય જ લાગતું ન હતું. પણ એક દહાડો કૌશાંબી પર કબજો જમાવીને બેસી ગયેલા પાંચાલપતિ ચતુરના સમાચાર જાણવા મળ્યા અને એઓ એટલા બધા ખિન્ન બની ગયા કે, એમને

મરવા સુધીનો વિચાર આવી ગયો. ત્યારે વસંતકે બગડતી એ બાજીને બરાબર સંભાળી લીધી અને સ્થાનફેર કરવા માટે એણે રાજવીને સમજાવી લીધા. વધુમાં આગલે દિવસે જ બનેલી એક ઘટના કહેવાની શરૂઆત કરી.

એ ઘટના સાંભળવાની વત્સરાજ ઉદાયનની ઉત્કંઠા અને ઉત્સુક્તા જોઈને પ્રસન્ન બની ઊઠેલા વસંતકે રસપૂર્વક ઘટના-કથન શરૂ કર્યું. મહારાજ ! આપે પંચ પરમેષ્ઠીની સાધના શરૂ કરી, ત્યારથી રોજ ફૂલો ચૂંટવા જવાનો મારો નિત્યક્રમ બની ગયો છે. આ ક્રમ મુજબ ગઈ કાલે હું પુષ્પો ચૂંટવા નજીકમાં જ આવેલા સુપુષ્પ નામના ઉપવનમાં ગયો હતો. ત્યારે મેં હજારો ફૂલોને એકઠી કરતી એક સ્ત્રીને જોઈને પૂછેલું કે, આવા વનમાં એકલી તું શા માટે આટલાં બધાં જ ફૂલો એકઠાં કરી રહી છે! ત્યારે એણે મને કહેલું કે, અહીંથી થોડે દૂર માહિષ્મતી નામની એક નગરી છે. ત્યાંનાં રાજા-રાણીનું નામ અનુક્રમે મહાબાહુ અને કમલમાલા છે. તેમને સુદર્શન નામનો પુત્ર અને પદ્માવતી નામની પુત્રી છે. નાનપણથી જ એની કાયામાં વિકસતા જતા રૂપસૌન્દર્યને જોઈને સૌ કોઈને એમ થતું કે, ભવિષ્યમાં આ પદ્માવતીનો જે કોઈ પણ પતિ બનવા ભાગ્યશાળી નીવડશે, એ ખરેખર પુરુષોત્તમ હશે ! એની વય વધતી રહી, એમ એને વરવાની ઉત્કંઠા ધરાવતા રાજપુત્રોની સંખ્યા પણ ઉત્તરોત્તર વધવા માંડી. આમ એક દિ પદ્માવતી યુવાવસ્થાના ઉંબરે આવી ઊભી. પરંતુ એણે કોઈ પણ રાજકુમાર પર પસંદગી ન ઉતારી, એટલું જ નહિ, રોજ રોજ પોતાને માટે આવતા માંગાની માથાકૂટમાંથી મુક્ત થવા રાજમહેલ છોડીને એણે વનવાસ સ્વીકારવાનું નક્કી કર્યું. નિર્ણય મુજબ એ વનવાસી બનીને અત્યારે કોઈ તપ કરી રહી છે. તેમજ ત્રિસંધ્ય દેવતાર્ચન કરવાનો એનો નિયમ હોવાથી આ માટે ફૂલો એકઠા કરવાની જવાબદારી મને સોંપવામાં આવી છે. માટે હું આ રીતે હજારો ફૂલો એકઠાં કરવા રોજ આ વનમાં આવું છું. મારું નામ ચંપકમાલા છે, હું રાજપુત્રી પદ્માવતીની પ્રિયસખી છું.

વસંતકે જોયું કે, પોતાના દ્વારા વર્ણવાતી ઘટનાનું શ્રવણ વત્સરાજ એક ચિત્તથી કરી રહ્યા હતા એથી વસંતકે સંતોષ અનુભવ્યો અને વર્ણન આગળ ચલાવ્યું : રાજવી ! ચંપકમાલા પુષ્પો વીણતાં વીણતાં આ રીતે મારી સાથે વાર્તાલાપ કરી રહી હતી, એટલામાં જ એક સ્ત્રી ત્યાં આવી અને એણે કહ્યું કે, ચંપકમાલા ! ફૂલ એકઠાં કરવાનું પછી રાખજે. આપણી સ્વામિની પદ્માવતી અત્યારે ને અત્યારે જ તને યાદ કરે છે. માટે હું તને બોલાવવા જ આવી છું. ચંપકમાલા એ સ્ત્રીની સાથે પદ્માવતી પાસે જવા રવાના થઈ ગઈ. પણ જતાં જતાં એણે મને આમંત્રણ આપ્યું કે, અમે અહીંથી નજીક આવેલા એક મંદિરના પરિસરમાં જ રહીએ છીએ. તમને અમારા અતિથિ બનવાનું આમંત્રણ છે. જેટલો વહેલો આનો સ્વીકાર કરશો, એટલો તમારો ઉપકાર વધુ માનીશું. આ રીતે મને આમંત્રણ આપીને ચંપકમાલા ઝડપી પગલે રવાના થઈ ગઈ. હું એને પૂછવાનું ભૂલી જ ગયો કે, પદ્માવતી ક્યા દેવની પૂજા-સાધના કરે છે ? આ પૂછવાનું ભૂલાઈ ગયું, એ અત્યારે મારા મનમાં ખટકી રહ્યું છે. પણ રાજન્ ! મને એમ થાય છે કે, ભગવાન યુગાદિનાથ સિવાય પૂજવાનું મન થાય, એવા દેવ બીજા વળી કોણ હશે ? માટે પદ્માવતી યુગાદિનાથને જ પૂજતી હશે એમ હું માનું છું.

વસંતકે વાત પૂરી કરી. વત્સરાજને થયું કે, આ પદ્માવતી વળી કેવી હશે કે, આટલું બધું સૌન્દર્ય ધરાવવા છતાં જે વનવાસી બનીને દેવતારાધના કરી રહી હશે ? આ પ્રશ્ન વત્સરાજના ચહેરા પર એ રીતે અંકિત બની ગયો કે, જેને કળી જતાં વસંતકને વાર ન લાગી એથી એણે સામેથી જ વત્સરાજને કહ્યું કે, તાજું જ આમંત્રણ છે, એથી એને આપણે સ્વીકારી લઈશું, તો ચંપકમાલા નાચી ઊઠશે અને પદ્માવતીના વિષયમાં તેમજ એ જે દેવતાર્ચન કરી રહી હશે, એના વિષયમાં પણ વધુ કંઈક જાણવાનું મળશે. તેમજ આપનું મન પણ પ્રસન્ન બની ઊઠશે. માટે ચાલો, આપણે સુપુષ્પ-ઉપવનના સુગંધ-સામ્રાજ્યમાં થઈને એ મંદિરના પરિસરમાં પહોંચી જઈએ.

વત્સરાજ ઉદાયને આ વાત સ્વીકારી અને એઓ તરત જ વન-ભ્રમણ માટે તૈયાર થઈ ગયા. આ માટે વસંતકની તૈયારી તો હતી જ એથી બંનેએ વન તરફ ચાલવા માંડ્યું. સુપુષ્પ ખરેખર સાર્થક ઉપવન હતું. ત્યાં ડગલે ને પગલે સુગંધના સામ્રાજ્યની છડી પોકારતા પુષ્પો વિલસી રહ્યાં હતાં. જો એ વનશ્રીની શોભા-આભા બરાબર નિહાળવી હોય, તો દિવસોની સમયાવધિ પણ ઓછી પડે. પરંતુ અત્યારે તો વત્સરાજના મનનો કબજો વસંતક દ્વારા વર્ણવાયેલી ઘટનાએ જ લઈ લીધો હતો, એથી વનશ્રી પર ઉપરછલ્લી નજર નાંખતા નાંખતા તેઓ બે-ત્રણ ઘડીમાં તો પેલા મંદિરના પરિસરમાં પહોંચી ગયા. એમને વધાવી લેતાં ચંપકમાલા તો અડધી અડધી થઈ ગઈ. એણે ધાર્યું નહોતું કે, પોતાનું આમંત્રણ આટલું ઝડપી સ્વીકૃત થશે અને વસંતક બીજા અતિથિઓને સાથે લઈને આવશે. ચંપકમાલાના હૈયાનો આવકાર જોઈને વત્સરાજ ને વસંતક પણ ખુશ ખુશ થઈ ગયા. રત્નશૈલગિરિનું વાતાવરણ અતિભવ્ય હતું, તો નાનકડા છતાં નમણા આ મંદિરની આસપાસનો માહોલ પણ કંઈ ઓછો કામણગારો ન હતો ! મંદિરની ભવ્યતા તો માણવા જેવી હતી એથી પરિસરમાં પગ મૂકતાની સાથે જ વત્સરાજ અને વસંતક જ્યાં મંદિરમાં પ્રવેશવાની તૈયારી કરવા લાગ્યા, ત્યાં જ હાથ જોડીને ચંપકમાલાએ વિનંતી કરી : આર્ય ! આપ અહીં બહાર જ બેસી શકો છો. થોડી વાર પછી આપને મંદિરમાં પ્રવેશ મળી શકશે. માટે હાલ કૃપા કરીને આપ અહીં જ બિરાજો.

આ અવરોધ સાંભળીને વસંતકના આશ્ચર્યને અવધિ ન રહી. એણે ચંપકમાલાને આશ્ચર્યથી પૂછ્યું : ગઈકાલે તમે ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું અને અત્યારે આવો અવરોધ કરી રહ્યાં છો ? મંદિર-દર્શન વિના કોને ચેન પડે ! હરવા-ફરવાનું પહેલું ન હોય, પહેલું તો મંદિર-દર્શન જ હોય !

ચંપકમાલાએ વસંતકને કહ્યું : આ બધું હું બરાબર સમજું છું. મંદિર-દર્શનને પ્રાથમિકતા આપવાની વાત તો એકદમ વાજબી જ છે. પરંતુ હું જે નિવારણ કરી રહી છું, એ પણ સકારણ જ છે.

વસંતકે આશ્ચર્ય વ્યક્ત કર્યું : મંદિરમાં પ્રવેશવાનો નિષેધ ! અને એય વળી સકારણ ? આ કઈ રીતે સંભવે ?

ચંપકમાલાએ જવાબમાં ગઈકાલની ઘટનાનું અનુસંધાન આગળ વધારતાં કહ્યું : આર્ય ! ગઈકાલે હું તમને આમંત્રણ આપીને ત્વરિત પગલે અહીં આવી, ત્યારે સ્વામિની પદ્માવતીની પાસે એક સુંદરીને બેઠેલી જોઈને મેં આશ્ચર્યથી પૂછ્યું : રૂપરૂપના અંબાર સમી આ સુંદરી કોણ છે અને એકાએક આ સુંદરીનું આગમન અહીં ક્યાંથી થયું ? પદ્માવતીએ મને કહ્યું : ચંપકમાલા, તું જ્યારે પુષ્પો ચૂંટવા ગઈ ત્યારે એક વિપ્રદેવ બ્રાહ્મણ બે સ્ત્રીઓની સાથે અહીં આવ્યા. એમણે મને આશીર્વાદ આપવાપૂર્વક કહ્યું : આ બે સ્ત્રીઓમાં રૂપરૂપના અંબાર સમી આ એક મારી પુત્રી છે અને આ બીજી એની પરિચારિકા છે. મારી આ પુત્રીના સ્વામીનાથ પરદેશના પ્રવાસે સંચર્યા છે અને મારે મહત્ત્વના કામ માટે ઉજ્જયિની જવું જ પડે એમ છે, એથી આ બંને સ્ત્રીઓને થાપણ રૂપે સાચવી રાખવા માટે મારી નજર તમારી પર ઠરી છે. તમારામાં અને મારી આ પુત્રીમાં હું કોઈ જાતનો અલગાવ નિહાળતો નથી. મારા માટે તો તમે બંને ડાબી-જમણી આંખ જેવા જ છો. માટે તમે આ મારી પુત્રીની થાપણ સ્વીકારી જ લેશો અને મને નિશ્ચિંત બનાવશો, એવો વિશ્વાસ છે. દેવી પદ્માવતીએ આ થાપણ સ્વીકારી લીધી એથી પેલા વિપ્રદેવ ઉજ્જયિની તરફ રવાના થઈ ગયા. ચંપકમાલા થોડીક અટકી, આ પછીની પદ્માવતી દ્વારા વર્ણિત ઘટનાને આગળ ચલાવતાં એણે વસંતકને ઉદેશીને કહ્યું : આર્ય ! પદ્માવતીનાં કથન મુજબ એ વિપ્રદેવનું વ્યક્તિત્વ પણ ખૂબ જ પ્રભાવશાળી હતું. એઓ ઉજ્જયિની તરફ ચાલ્યા ગયા. આ પછી પદ્માવતીએ ફૂલો

ચૂંટવા ગયેલી મને તરત જ બોલાવી લઈને કહ્યું : આપણા ભાગ્યથી આ સખી આપણને પ્રાપ્ત થઈ છે. મારું તપ મને ફળ્યું હોય, એમ લાગે છે. માટે હવે તારે મારી જેમ જ આની સાથે પ્રેમથી વર્તવાનું છે. આ કથનને સ્વીકારી લઈને એ વિપ્રપુત્રી સાથે મેં પ્રેમાલાપ કરવાની શરૂઆત કરી, પણ એ તો પિતા અને પતિના વિયોગથી વ્યથિત બનીને એવું રડતી હતી કે, એનું રુદન પદ્માવતીને પણ રડાવી ગયું. આખી રાત જ્યારે એ રડતી/રડાવતી જ રહી, ત્યારે ગમે તે રીતે એને સમજાવીને પદ્માવતી અત્યારે એને લઈને અહીં આવી છે અને એને આ મંદિરમાં લઈ ગઈ છે. જતાં જતાં પદ્માવતીએ મને કહ્યું છે કે આ મંદિરમાં અત્યારે કોઈને પ્રવેશ ન આપતી. અત્યારે દેવી પદ્માવતી અને ગઈકાલે આવેલી બે સ્ત્રીઓ આ મંદિરમાં છે. માટે મારે પદ્માવતીના આદેશ મુજબ આપને મંદિરમાં પ્રવેશતા રોકવા પડે છે. આ બદલ હું ક્ષમા ચાહું છું.

ચંપકમાલાએ વાત પૂરી કરી. આ બધી વાત સાંભળતાં વસંતકને એક એવો વિચાર આવી ગયો કે, ઘટનામાં વર્ણિત વિપ્રદેવ મંત્રીશ્વર યૌગંધર તો નહિ હોય ને ? તેમજ એમણે પોતાની પુત્રી તરીકે જેને ઓળખાવી, એ રાણી વાસવદત્તા તો નહિ હોય ને ? જો આમ હોય તો એ ત્રીજી વ્યક્તિ વાસવદત્તાની સખી કાંચનમાલા જ હોઈ શકે ? વસંતકના મનમાં આ કલ્પના વધુ ને વધુ મજબૂત રીતે બંધબેસતી બનવા માંડી. આવી કોઈ જ કલ્પના વત્સરાજ ઉદાયનના મનમાં તો જાગી ન હતી એથી એમણે વસંતકને કહ્યું : ચંપકમાલા તો ગમે તેમ તોય ચિઠ્ઠીની ચાકર ગણાય ! એથી આપણને મંદિરમાં પ્રવેશવાની છૂટ એ તો ક્યાંથી આપી શકે ? માટે ચાલો, આપણે બીજે જઈએ. જો મંદિરમાં પ્રવેશ મળવાનો જ ન હોય, તો અહીં બેસી રહીને માખીઓ ઊડાડતા રહેવાનો અર્થ પણ શો છે ?

વત્સરાજની આ વાત સાંભળીને વસંતકે કહ્યું : મહારાજ ! આમ કંઈ દર્શન કર્યા વિના થોડું જ જતું રહેવાય ! થોડી રાહ જોઈએ,

મંદિરનાં દ્વાર કંઈ વધુ લાંબો સમય તો બંધ નહિ રહે. અહીં બેઠા બેઠા પણ આસપાસનું સૌન્દર્ય દર્શન ક્યાં નથી માણી શકાતું ? વસંતકના દિલમાં જે અનુમાન ઘૂમરાતું હતું, એ અનુમાનથી વત્સરાજને વાકેફ કરવાનો પ્રયાસ એક ઉપહાસમાં જ ખતવાય, એવી સંભાવના હતી. માટે મનના કલ્પના-તરંગો મનમાં જ સમાવી દેવા માટે વસંતકને વિવશ બનવું પડે એમ હતું, વળી વિશેષ કોઈ માહિતી મેળવવા મંદિર આસપાસ રહેવું જરૂરી હતું. એથી એણે ઉપર મુજબનો નવો જ મુદ્દો આગળ કર્યો, જેને વત્સરાજે પણ માન્ય રાખ્યો.

વત્સરાજ અને વસંતકે એક શિલાતલ પર આસન જમાવ્યું. વત્સરાજની દૃષ્ટિ ચોમેર દર્શન-પ્રવાસ કરી રહી, જ્યારે વસંતકના મનમાં તો એક કલ્પના-વિહાર જ ઘૂમરાતો રહ્યો હતો. પેલા વિપ્રદેવનું ઉજ્જયિની ગમન વસંતકને પોતાની કલ્પના સાચી હોવાના પ્રબળ પુરાવા સમું ભાસતું હતું. થોડી પળો પસાર થયા બાદ વત્સરાજ અને વસંતકનું ધ્યાન મંદિરમાં ચાલતા સ્ત્રીઓના વાર્તાલાપ પર કેન્દ્રિત થયું. એમાં બંનેને રસ પડ્યો એથી ચોકન્ના બનીને વત્સરાજ અને વસંતક એ વાર્તાલાપ ધ્યાનપૂર્વક સાંભળવામાં તલ્લીન બની ગયા.

મંદિરની અંદરના નિર્ભય એકાંતમાં સખીઓએ મુક્ત મને વાર્તાલાપ કરવા માંડ્યો. જે વિપ્ર-પુત્રી ગણાતી હતી, એ કંઈક સ્વસ્થ બની ગઈ હતી, પોતાનું દુઃખ એ ભૂલી ગઈ હતી અને પદ્માવતીની દશા એના દિલને બેચેન બનાવી રહી હતી એથી એણે વાર્તાલાપની શરૂઆત નીચે મુજબ કરી :

વિપ્રપુત્રી : પદ્માવતી ! તારી વય ક્યાં અને તારું આ વનવાસ-સેવન ક્યાં ! આ બંને વિરુદ્ધ બાબતનો તારામાં એકત્ર વાસ જોઈને મને ખૂબ જ આશ્ચર્ય અને સાથે સાથે આઘાત પણ થાય છે. માટે આની પાછળનું રહસ્ય જો અતિગુપ્ત રાખવા જેવું ન હોય, તો હું જાણવા માંગું છું.

પદ્માવતી : વિપ્રપુત્રી ! તારી સમક્ષ વળી એવી કઈ બાબત હોય કે, જે મારે છુપાવવી પડે ! માટે રહસ્યભૂત જે વાત છે, એ હું તારી આગળ કંઈ જ છુપાવ્યા વિના રજૂ કરવા ઇચ્છું છું : સાંભળ. કૌશાંબીપતિ ઉદાયનનું નામ તો તેં સાંભળ્યું જ હશે, ઉજ્જયિનીમાં વસવાટ કરતી શંકરા નામની યોગિનીને એક વાર કૌશાંબીમાં જવાનું થયું. ઉદાયનનું અદ્ભુત રૂપ-લાવણ્ય જોઈને એ એટલી બધી મુગ્ધ બની ગઈ કે, એ જ્યારે કૌશાંબીથી પાછી ફરી, ત્યારે ચિત્રપટાંકિત ઉદાયનને પણ પોતાની સાથે જ લઈને એ પાછી ફરી. શંકરા એક દિ' મારા મહેલે આવી, એ ચિત્રપટ દર્શાવીને એણે મને ઉદાયનનો જે પરિચય કરાવ્યો, એ સાંભળીને મેં મનથી નક્કર નિર્ણય જ લઈ લીધો કે, આ ભવમાં પરણીશ તો ઉદાયનને જ પરણીશ. મારા પિતા મહાબાહુએ મારો આ સંકલ્પ ક્યાંકથી જાણી લીધો અને એમણે પણ મારા મનોરથને મંજૂર રાખતાં જાહેર કર્યું કે, મારી પુત્રી પદ્માવતીને હું પરણાવીશ, તો ઉદાયન સાથે જ પરણાવીશ ! આ સાંભળીને હું ખુશ ખુશ થઈ ગઈ. પણ મારી આ ખુશાલીને ખતમ કરી નાખતા, એવા સમાચાર એક દિ' મારા સાંભળવામાં આવ્યા કે, કૌશાંબીના અંતઃપુરમાં એકાએક લાગેલી આગમાં ઉદાયનની વાસવદત્તા નામની પ્રિયરાણી બળી ગઈ.

આટલી વાત કરતાં કરતાં તો પદ્માવતીનું હૈયું ભરાઈ આવ્યું અને એની આંખ આંસુભીની બની ગઈ. પણ બીજી પળે એ સ્વસ્થ બની ગઈ અને એણે પોતાની વીતક આગળ ચલાવી : વિપ્રપુત્રી ! આ ગોઝારા સમાચાર મળતાં જ મારાં બારે વહાણ ડૂબી ગયાં. કેમ કે વાસવદત્તાનો વિરહ સહન કરી શકવા અસમર્થ રાજવી ઉદાયન તો કૌશાંબીનો પરિત્યાગ કરીને હાલ વનમાં ચાલ્યા ગયા હોવાથી એઓ હવે મને મળે, એ સાવ જ અસંભવિત જણાતા મેં જંગલમાં જઈને એવા સંકલ્પ સાથે આત્મ વિલોપન કરવાનો નિર્ણય કર્યો કે, મને

આવતા ભવમાં સ્વામી તરીકે ઉદાયનની જ પ્રાપ્તિ થાય. આવા સંકલ્પ સાથે આત્મવિલોપન કરવા હું વનમાં ગઈ પણ ખરી. પરંતુ આ ગુપ્ત વાત મારી સખી ચંપકમાલાએ મારાં માતાપિતાને જણાવતા તેઓ જંગલમાં દોડી આવ્યાં. એમણે મારો બરડો પંપાળતાં કહ્યું : બેટા ! અવિચારી આ કેવું પગલું તું ભરી રહી છે ! તારી પાછળ તો કેટલાય રાજકુમારો તલપી રહ્યા છે. ઉદાયન નહિ તો બીજા રાજકુમારોનો ક્યાં દુકાળ છે ! પણ તારે આ રીતે વલોપાત અનુભવવાની જરૂર જ શી છે ? ઉદાયન કરતાંય અનેક વાતે ચડિયાતા રાજકુમારો બહુરત્ના આ વસુંધરામાં વિદ્યમાન છે. તું કહીશ એવા રત્નને પસંદ કરીશું. માટે આવું અવિચારી પગલું ભરવાનું છોડી દે. આમ છતાં મેં મારો આગ્રહ ચાલુ જ રાખ્યો, ત્યારે પેલી શંકરા યોગિનીએ આવીને મને સમજાવવા માંડ્યું : પદ્માવતી ! મેં પણ આ બનાવ જાણ્યો છે, પણ આવી ઘટનાઓ બે રીતે બનતી હોય છે : એક તો દુર્ભાગ્યના યોગે અને બીજી પૂર્વયોજિત વ્યૂહ મુજબ ! આમાં દુર્ભાગ્ય યોગે બનેલ ઘટના માંટે તો કંઈ જ વિચારણા જેવું રહેતું નથી, પણ જો આવી ઘટના પૂર્વયોજિત હોય તો ભાવિની પ્રતીક્ષા કરવી અનિવાર્ય બની જતી હોય છે. આ ઘટના કઈ રીતે બની એ શંકાસ્પદ છે, માટે અધીરતા તજી દઈને તું થોડી ધીરજ ધર અને દેવતારાધનામાં મગ્ન બની જા.

પદ્માવતીએ વિરામની થોડીક પળો માણીને આ પછીની આત્મકથા આગળ ચલાવી : યોગિનીની વાત મને વાજબી જણાતાં મેં મારો દુરાગ્રહ છોડી દીધો. યોગિનીએ મને ઉદાયનનો ચિત્રપટ આપ્યો અને ઉપાસનાની બધી જ વિધિ દર્શાવી. મારા ભાઈ સુદર્શને મારી ઉપરના પ્રેમ-વાત્સલ્યથી પ્રોત્સાહિત બનીને આ વનમાં નાનકડું મંદિર કરાવી આપ્યું, એથી હું અહીં રહીને મહિનાઓથી યોગિનીના કથન મુજબ દેવતારાધન કરી રહી છું. વળી આજે મને સ્વપ્નમાં પણ શુભસંકેત

રૂપે ઉદાયનનાં દર્શન થયાં છે, સખી ! તું પણ આ ચિત્રપટના માધ્યમે મારા એ જીવિતેશ્વરનું દર્શન કરીને આંખને ધન્ય બનાવ. મારા વનવાસનું બસ આ જ કારણ છે.

વિપ્રપુત્રી : પદ્માવતી ! તારી આત્મકથા ખરેખર કરુણ છે, તેમજ ઉદાયન ઉપરની તારી શ્રદ્ધાભક્તિ જરૂર અનુમોદનીય છે એથી તું મને ચિત્રપટનું દર્શન કરાવવા ઇચ્છે, એય બરાબર છે. પરંતુ પતિવ્રતા સ્ત્રી માટે પ્રભુ ને પતિ સિવાય અન્યનું દર્શન વર્જ્ય ગણાતું હોય છે, એથી હું તારી ઇચ્છા પૂરી કરી શકતી નથી, એને ક્ષમ્ય ગણવા વિનંતી.

પદ્માવતી : વિપ્રપુત્રી ! તારી વાત સાચી હોવા છતાં આ ચિત્રપટ તો માત્ર ચિત્ર છે અને ચિત્ર-દર્શન કરવામાં કોઈ જાતનો દોષ ન હોવો જોઈએ. માટે મારા સોગન છે. તારે આ ચિત્રપટનું દર્શન કરવું જ પડશે.

વાર્તાલાપનો અંત આવી ગયો. પદ્માવતીએ ચિત્રપટ ખુલ્લો કર્યો, એના દર્શનથી વિપ્રપુત્રીની આંખ પણ ભીની ભીની બની જવા પામી. એ કશું બોલી ન શકી. ચિત્રપટને એ તાકીને નિહાળી જ રહી. આમ, મંદિરદ્વારની અંદરના એ ભાગમાં ગંભીરતાભર્યું વાતાવરણ છવાઈ ગયું. પદ્માવતીએ પોતાની વીતક પૂરી કરતાં અવનવા ભાવોની અનુભૂતિ માણી, એ વીતકનું શ્રવણ કરતી વિપ્રપુત્રી પણ પોતાના દુઃખને ભૂલી ગઈ. ગઈ કાલે રડીરડીને થાકી ગયેલી એની આંખોમાં ચિત્રપટનાં દર્શને એક નવી જ ચમક ઊપસી આવી.

મંદિરની બહાર ઓટલા પર બેસીને આ વાર્તાલાપનું છૂપી રીતે શ્રવણ કરી રહેલા વત્સરાજ ઉદાયન અને વસંતકની દિલની દુનિયામાં અનેક તર્કવિતર્ક સર્જતો આ વાર્તાલાપ અજબગજબની કોઈ ઊથલપાથલ અને હલચલ મચાવનારો બની ગયો. એમને સમજાતું નહોતું કે પોતાની જ વાતો કરનારા આ સખીપાત્રો કોણ હશે ?

• • •

## ૨૦

# જ્ઞાત છતાં અજ્ઞાત રહસ્યની આસપાસ

**સુ**પુષ્પ-ઉપવનની નજીકમાં જ આવેલા એ મંદિરના પ્રવેશદ્વારમાં બેઠેલા રાજવી ઉદાયન અને વસંતક જાણે અમૃતની પ્યાલી પી રહ્યા હોય, એવા રસપૂર્વક અંદર ચાલી રહેલો બે સખીઓનો વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. મંદિરમાં પ્રવેશ ન મળતાં, બીજે ચાલ્યા જવાનો પોતાનો અભિગમ હોવા છતાં વસંતકના આગ્રહથી ત્યાં જ રોકાવાનો લીધેલો નિર્ણય ખૂબ ખૂબ લાભકારક નીવડ્યો, એમ વત્સરાજને એ વાર્તાલાપ સાંભળતાં જણાઈ રહ્યું હતું. સખી પદ્માવતી અને વિપ્રપુત્રી વચ્ચેનો વાર્તાલાપ પૂરો થતાં જ વત્સરાજ/ વસંતક વચ્ચે વાર્તાલાપ શરૂ થયો.

વસંતક વત્સરાજને કહ્યું : રાજવી ! બે સખીઓ વચ્ચેનો વાર્તાલાપ તો આપે સાંભળ્યો ને ! આપણે અન્યત્ર ચાલ્યા ગયા હોત, તો આવો વાર્તાલાપ સાંભળવાથી વંચિત રહી ગયા હોત ને ! આ વાર્તાલાપનું શ્રવણ હજારો નિરાશાઓની વચ્ચે ટગમગતી એક અમર આશાનું કિરણ દર્શાવી જાય એવું નથી શું ? આપ ભગવાન યુગાદિનાથના ધ્યાનમાં મગ્ન બનીને આ વનવાસ વિતાવી રહ્યા છો, જ્યારે આ પદ્માવતી આપના ધ્યાન પાછળ વનવાસનો કાળ પસાર કરી રહી છે ! કેવો આ યોગનુયોગ અને છતાં કેવી આ ચિત્રવિચિત્રતા ! સંસારી જેમ સાચું સુખ સામે જ હોવા છતાં એને ઓળખી શક્તો નથી. બરાબર આવો જ ઘાટ આ પદ્માવતીનો છે. આપ આટલા નજીકના સ્થાનમાં અને અત્યારે તો માત્ર એક દીવાલના અંતરે હોવા છતાં એ આપને ઓળખી-મળી શકતી નથી. આ વિધિની નહિ તો કોની વિચિત્રતા ગણી શકાય ?

વત્સરાજે કહ્યું : વસંતક ! આવી ધુતારી આશાઓ દ્વારા મને શા માટે ખોટી ખોટી લાલચમાં લપેટે છે ! શું દુનિયામાં હું જ એક માત્ર વત્સરાજ છું ? મારા જેવું નામ તો ઘણા ઘણાનું હોઈ શકે છે. માટે આ વાર્તાલાપમાં વર્ણિત 'વત્સરાજ' બીજો જ કોઈ હોય, એવી સંભાવના હોવાથી આમાં સાંત્વન પામવા જેવું શું છે ? આ રીતે નામનું સામ્ય હોવાથી તારા જેવા મને ઠગવાનો અને ધુતારી ધારણામાં આશાબદ્ધ બનાવવાનો પ્રયાસ ભલે કરે, પણ એમાં ઠગાઈ જાય, એમાંનો હું નથી !

વત્સરાજને હજી વિશ્વાસ બેસતો ન હતો કે, વાર્તાલાપમાં વર્ણિત વત્સરાજ હું જ છું, એથી આની સામે જવાબ વાળતાં એ સજ્જડ પુરાવો રજૂ કરતાં વસંતકે કહ્યું : રાજવી ! નામ-સામ્ય હોવાની વાત એક વાર સ્વીકારી લઈએ, તોય ઘટના-સામ્ય કઈ રીતે ઘટી શકે ? આપના જીવનમાં જે ઘટના બની, બરાબર એવી જ ઘટના બીજાના

જીવનમાં તો ન જ ઘટી શકે ને ? માટે આપ વિશ્વાસ રાખો કે, વાર્તાલાપમાં વર્ણિત વત્સરાજ આપના સિવાય બીજા કોઈ જ નથી.

વસંતકની આ યુક્તિસંગત વાતનો જરાય પ્રતિકાર વત્સરાજ કરી શકે એમ ન હતા, એથી આ વાત પર જ પડદો પાડી દેવાની ઇચ્છાથી એમણે કહ્યું : વસંતક ! આપણે આ બધી શી પંચાત ! સાંધ્ય-પૂજાનો સમય થવા આવ્યો છે અને બ્રહ્મચર્યપૂર્વક સાધના કરી રહેલા મારા માટે તો વિશેષ રીતે આ જાતની સ્ત્રીકથા વર્જ્ય ગણાય ! માટે ચાલ, આપણે રત્નશૈલ પર પહોંચી જઈએ અને પૂજા-ક્રમ જાળવી લઈએ.

મંદિરની બહાર બેઠેલા વત્સરાજ-વસંતકની આસપાસ ફરી રહેલી ચંપકમાલાએ પદ્માવતી પાસેનો ચિત્રપટ અનેક વાર નિહાળ્યો હતો. એમાં જે રાજકુમાર ચિત્રિત હતા, એની સાથે વસંતકની સાથે આવેલા અતિથિનો આકાર ઘણીબધી રીતે મળતો આવતો હતો. ધારીધારીને એ અતિથિને જોયા બાદ તો ચંપકમાલાને એવી ખાતરી જ થઈ ચૂકી હતી કે, આ અતિથિ જ ઉદાયન હોવા જોઈએ, જેનું ધ્યાન મારી સ્વામિની પદ્માવતી કરી રહી છે. આથી પોતાની ધારણા સાચી હોય, એવી પ્રતીતિ એને વત્સરાજ વસંતક વચ્ચે થયેલા વાર્તાલાપ પરથી પણ થવા માંડી. છતાં વધુ પ્રતીતિ પામવા ચંપકમાલાએ વસંતકને પૂછ્યું :

'આર્ય ! આપની સાથે પધારેલા આ અતિથિનો પરિચય આપશો ? એમના નામને કઈ અક્ષરાવલિ શોભાવી રહી છે ?'

વસંતકે ચંપકમાલાને જણાવ્યું કે, તારી સ્વામિની પદ્માવતી દિવસોથી પૂજારણના પહેરવેશમાં જેમની પૂજા કરી રહી છે, એવા આ જ છે : કૌશાંબીપતિ વત્સરાજ ઉદાયન !

પોતાની ધારણા સાચી ઠરતાં જ હર્ષાવેશમાં આવી જઈને ચંપકમાલા દોડતી દોડતી મંદિરમાં પ્રવેશી ગઈ અને એણે એકી શ્વાસે

પદ્માવતીને કહ્યું કે, સ્વામિની ! આપ મનમાળાના મણકે-મણકે જેનો અજપાજપ અહોનિશ કરતાં રહો છો, એ વત્સરાજ ઉદાયન આજે આપણા અણધાર્યા અતિથિ બન્યા છે. માટે આપ અવિલંબે બહાર પધારો ને અતિથિસત્કાર કરવાનો લહાવો લો.

ચંપકમાલાની વધામણી અકાળે આંબા ફળ્યા જેવી અને અણધાર્યા અમૃત-મેઘ વરસ્યા જેવી હતી એથી પદ્માવતી આનંદી ઊઠી. એને થયું કે, મારી ચિત્રપટ-પૂજા ફળી ખરી ! આનંદમાં ગાંડી-ઘેલી બનેલી એણે વિપ્રપુત્રીને કહ્યું : સખી ચાલ, તું પણ ચાલ, વાર્તાલાપમાં વર્ણિત વત્સરાજ ઉદાયન સાક્ષાત્ અતિથિ તરીકે અહીં આપણા આંગણે પધાર્યા છે. એનું સ્વાગત કરવા તું પણ મારી સાથે ચાલ.

વિપ્રપુત્રીએ કહ્યું : સખી પદ્માવતી, તારા આગ્રહથી મેં પટદર્શન તો કર્યું, પણ તારી આ વિનંતી તો હું કઈ રીતે માન્ય રાખી શકું ! મારે મારા પતિ સિવાય અન્ય કોઈ દર્શનીય ન જ હોઈ શકે. એ તો તું સમજી શકે એમ છે. માટે તું અતિથિસત્કાર કરીને પાછી ન આવે, ત્યાં સુધી હું મારી સખી સાથે અહીં જ બેઠી છું.

પદ્માવતી હર્ષોન્માદ સાથે મંદિર બહાર નીકળી ગઈ. મંદિરમાં એકાંતનું વાતાવરણ ઊભું થતાં વિપ્રપુત્રી, જે ખુદ વાસવદત્તા જ હતી, એણે પોતાની સખી કાંચનમાલા સમક્ષ કપટના બધા જ પટ-પડદા ખુલ્લા કરી દેતાં કહ્યું :

'કાંચનમાલા ! તને ખબર ન હોય, તો કૌશાંબીમાં આગ લાગ્યા પછીની અને આગ કઈ રીતે લાગી, એની ઘટના ટૂંકમાં તને કહી સંભળાવું : એ આગ આકસ્મિક ન હતી, પણ પૂર્વયોજિત હતી. આની પાછળ પણ કારણ હતું. સ્વામીનાથ રાજકાજમાં રસ લેતા ન હતા. બીજી તરફ શત્રુરાજાઓ કૌશાંબીનો કોળિયો કરી લેવાની તક ઝડપી લેવા તડપી રહ્યા હતા એથી રાજવીને યુક્તિપૂર્વક રાજસભામાં હાજર

કરીને મંત્રી યૌગંધરે અંતઃપુરમાં જાણી જોઈને આગ લગાડાવી અને મને બચાવવાના બહાને તેઓ આગમાં કૂદી પડ્યા. બહાર દેખાવ તો એવો જ થયો કે, મંત્રીશ્વરને એ આગ ભરખી ગઈ ! પણ ખરી રીતે તો મંત્રીશ્વર અંદર જીવતા હતા. અંદર આવીને એમણે મને કહ્યું : દેવી ! અત્યારે લાંબી ટૂંકી વાત કરવાનો અવસર નથી. માટે જીવ બચાવવો હોય, તો મારી પાછળ ભાગી છૂટો. આ સાંભળીને તને સાથે રાખીને હું મંત્રીશ્વરના પગલે પગલે નાસી છૂટી. ગુપ્ત માર્ગે આપણે બધાં હેમખેમ બહાર આવી ગયાં.

ગોઝારી આ સ્મૃતિથી વાસવદત્તાની આંખ ભીની ભીની બની ગઈ, એથી પાલવથી આંખ લૂછીને એણે સખી કાંચનમાલાની સામે આ પછીની સ્મૃતિઓ વાગોળતાં કહ્યું : સખી ! કેવી એ ગોઝારી ઘટના ! આગના કારણે તે દિવસે કેવો હાહાકાર ફેલાઈ ગયો હશે ? આવા વિચારોથી વ્યગ્ર બનેલી હું મંત્રીની પાછળ પાછળ ચાલતી તારા તરફથી મળતી રહેલી સાંત્વનાના સહારે સહારે અહીં પદ્માવતીની આ સાધનાભૂમિ સુધી માંડ માંડ આવી. આજ સુધી તો મંત્રીવચન પરની શ્રદ્ધા અતૂટ રહી શકી છે. પણ આ પદ્માવતીની ઘટના સાંભળ્યા બાદ તો મારી મંત્રી ઉપરની શ્રદ્ધા ડગમગી ઊઠી છે. મને એમ થાય છે કે, મંત્રીનું મેં શું બગાડ્યું કે, એ આમ પદ્માવતીને મારી શોક્ય સપત્ની બનાવવા માંગે છે. આ માટે જ, એટલે પદ્માવતી મારી શોક્ય બને એ માટે જ એણે શંકરા-યોગિનીને સાધીને આ જાતના માયાના દાવપેચ ખેલવા માંડ્યા છે. મને એ સમજાતું નથી કે, મંત્રીને આવી દુર્બુદ્ધિ કેમ સૂઝી હશે ? અંતઃપુરમાં આગ અને સ્વામીનું વનગમન : આ અને આવા અનેકવિધ વિપાકો ખેંચી લાવીને મંત્રી મારું, સ્વામીનું ને કૌશાંબીનું કયું હિત સાધવા માંગતા હશે, એ તો મને જરાય સમજાતું નથી.

વાસવદત્તાનો આ રોષ અસ્થાને હતો, એથી કાંચનમાલાએ એને સમજાવતાં કહ્યું : સામાન્ય માણસોના કાર્યારંભ દ્વારા જ એની ફળશ્રુતિનો ખ્યાલ આવી શકે છે. જ્યારે જે અસામાન્ય-માનવો હોય છે, એમના કાર્યારંભની ફળશ્રુતિ એમને એમ કળાઈ જતી નથી, આ માટે તો અપેક્ષિત ભાવિની રાહ જોવી પડતી હોય છે. મંત્રીશ્વર યૌગંધર આવા અસામાન્ય પુરુષ છે. એમના મન-વચન-કાયાના યોગો હંમેશા કૌશાંબીના હિતમાં જ વ્યાપારિત હોય છે. માટે એમણે કયા લાભને આંખ સામે રાખીને આ બધી બુદ્ધિની બાજી ગોઠવી છે, એનો આજે ને આજે જ ખ્યાલ ન આવે, એ સ્વાભાવિક છે. પણ આ બાજી જરૂર શુભફલક જ હોવી જોઈએ, એમ મંત્રીશ્વરની રાજ્ય તરફની સમર્પિતતા જોતાં કહી શકાય. માટે ધીરજનાં ફળ મીઠાં આરોગવા હોય, તો આમ ઉતાવળા થવાની જરૂર નથી. બીજી પણ એક વાત : વત્સરાજની સાથે પદ્માવતીનો જો સંયોગ થશે, તો તારો પણ સંયોગ વહેલો મોડો થયા વિના નહિ જ રહે ! એથી આ તો તારા માટેય શુભાવહ યોજના ગણાય. માટે પદ્માવતીના આ પરિણયનને તો તારે સહર્ષ વધાવી લેવું જ રહ્યું. આ કંઈ મારો જ મત નથી ! તારા પિતાજીનું પણ આવું જ માનવું છે !

વાસવદત્તાને સખીનું કથન કંઈક રુચ્યું એથી એને થયું કે, મંત્રીના માર્ગદર્શન મુજબ આટલી યોજના પાર પાડતાં મારે જે કંઈ સહન કરવું પડ્યું, એને જો નિષ્ફળ ન બનવા દેવું હોય, તો હવે પછી પણ જે કંઈ સહન કરવું પડે, તે સહર્ષ સહી જ લેવું રહ્યું. આટલો નિર્ણય મનોમન કરી ચૂકેલી વાસવદત્તાને મન આશ્ચર્યની વાત એ હતી કે,મારા પિતાજીનો આવો પ્રતિભાવ આ કાંચનમાલા કઈ રીતે જાણી શકી ? એથી એમણે પૂછ્યું કે, સખી ! અહીં બેઠા બેઠા તું કઈ રીતે મારા પિતાજીનો મનોભાવ કળી ગઈ ? શું તું સર્વજ્ઞ છે ?

પ્રહારાત્મક આ પ્રશ્નનો જવાબ વાળતાં કાંચનમાલાએ એક પત્ર રજૂ કરતાં કહ્યું : લો, આ પત્ર ! તમારા પિતાજીનો આ પત્ર આજે જ આવ્યો છે. આ વાંચશો, તો બધો જ ખુલાસો મળી જશે. વાસવદત્તા આશ્ચર્યચકિત બની ગઈ. કાંચનમાલા પાસેથી પત્ર લઈને એ ઉત્સુકતાપૂર્વક ધીમા સાદે વાંચવા માંડી. એમાં સ્પષ્ટ અક્ષરોમાં રાજવી ચંડપ્રદ્યોતે પોતાને ઉદ્દેશીને લખ્યું હતું કે, વત્સા ! યૌગંધર દ્વારા બધી વિગત મને જાણવા મળી ગઈ છે. અત્યારે તું વનવાસ વેઠી રહી છે. પણ ધીરજનાં મીઠાં ફળ તને ચાખવા મળશે જ ! મંત્રીએ તને ખાડામાં નાંખી દીધી, આવો ખેદ તું કરતી નહિ. મંત્રીશ્વર કદાચ પદ્માવતીને તારી શૌક્ય બનાવવા માંગતા હોય, તોય તું પદ્માવતીને એક સખી તરીકે સહર્ષ સ્વીકારી લેજે. એમાં જ તારું અને કૌશાંબીનું હિત સમાયું હશે ! બીજું કૌશાંબીના સામ્રાજ્યને પાંચાલપતિની પક્કડમાંથી મુક્ત કરવા તારા ભાઈઓ પાલ અને ગોપાલ પણ સૈન્ય સાથે સજ્જ બનીને રવાના થઈ જ ગયા છે. માટે આ અંગેય નિશ્ચિંત રહેજે. અમે કુશળ જ છીએ, પરંતુ તારા ખુશખબર તું જણાવતી રહેજે, જેથી અમારી કુશળતા વૃદ્ધિંગત બનતી રહે !

આ પત્ર પઠન પછી વાસવદત્તાનો મંત્રીશ્વર પરનો ગુસ્સો ગાયબ થઈ ગયો. એને થયું કે, મંત્રીશ્વર જે કંઈ પણ કરતા હશે, એ કૌશાંબીના હિતમાં જ હશે, એ વાતમાં હવે કોઈ જ શંકાને સ્થાન નથી. આમ મંત્રીશ્વર પર પુનઃ ભક્તિભાવિત બની ઊઠેલી વાસવદત્તાએ એક નિસાસો મૂક્યો : હા, પણ મારા એ આર્યપુત્ર અત્યારે ક્યાં હશે ? એઓનો તપ તો સકુશળ ચાલતો હશે ને ?

આ રીતે એકાએક શોકાકુલ બનેલી વાસવદત્તા જ્યાં નિસાસા પર નિસાસા નાંખી રહી હતી, ત્યાં જ વિષાદથી નંખાઈ ગયેલું મુખ ધરાવતી પદ્માવતી મંદિરમાં પ્રવેશી અને નીચે પછડાઈ પડી. ક્ષણ પૂર્વે જ અતિથિ-સત્કાર માટે નાચતી નાચતી બહાર ગયેલી પદ્માવતી આ

રીતે એકાએક કેમ પડી ભાંગી હશે ? આવા વિચારમાં ખોવાઈ ગયેલી વાસવદત્તા પોતાની મનઃપીડા વીસરી ગઈ અને પદ્માવતીની પીડાને પોતાની પીડા માનીને શોકાકુલ બનીને પૂછી બેઠી : પદ્માવતી ! થોડી વાર પૂર્વે તો તારા મુખમંડલ પર પ્રસન્નતાનાં પંકજ ખીલી ઊઠ્યાં હતાં, ત્યાં અત્યારે કાળી મેશ શાહી ઢોળાઈ ગયેલી કેમ દેખાય છે ?

પદ્માવતી ખૂબ ખૂબ આશા સાથે કાંચનમાલાની સાથે મંદિરની બહાર આવી તો ખરી ! પણ જ્યાં એણે અતિથિ તરીકે પધારેલા વત્સરાજ ઉદાયનને નિહાળ્યા, ત્યાં જ એ કોઈ ગેબી દુનિયામાં ખોવાઈ જઈને વિચારી રહી : ઓહ ! આ તો મારી પાસે રહેલા ચિત્રપટમાં ચિત્રિત અતિથિ જ લાગે છે ! મારો ચિત્રપટ હાલતો-ચાલતો બનીને પ્રાણપ્રતિષ્ઠાપૂર્વક અહીં આવીને ખડો થઈ ગયો છે કે શું ? આ ચિત્રપટના આધારે વિધાતાએ આ અતિથિનો દેહાકાર ઘડ્યો હશે કે આ અતિથિને સામે રાખીને યોગિની દ્વારા આ ચિત્રપટ આલેખાયો હશે ? આ જાતનો વિચાર-બોજ અસહ્ય બનતાં પદ્માવતી થાંભલાની જેમ બદ્ધ બની ગઈ. એક ડગલું પણ આગળ વધવાની શક્તિ પદ્માવતી ખોઈ બેઠી. એની આંખ પણ નિર્નિમેષ બની ગઈ. આ બધી પ્રેમાવસ્થાનો પરિપાક સૂચવતી નિશાનીઓ હતી.

વત્સરાજને જોતા જ પદ્માવતી આવી અગમ્ય દશાનો ભોગ થઈ પડી હતી, તો બીજી તરફ વત્સરાજ ઉદાયનની પરિસ્થિતિ કંઈ આથી વધુ સારી નહોતી ! વત્સરાજની દૃષ્ટિ પદ્માવતી પર પડતાની સાથે જ તેઓ વિચારી રહ્યા કે, શું સાક્ષાત્ વનદેવી જ મારી સામે ઊભી છે ! અથવા શું મારી પ્રિયા વાસવદત્તા જ રૂપાંતર ધારણ કરીને મને હૈયાધારણ આપવા, અહીં અવતરી હશે ?

પદ્માવતીના બહાને વાસવદત્તાની સ્મૃતિ થતાં જ વત્સરાજ કોઈ નવી જ દુનિયામાં ઊતરી પડ્યા. પોતાની સામે જ ઊભેલી પદ્માવતીની ઉપસ્થિતિને એ જાણે ભૂલી બેઠા અને વસંતકની સમક્ષ મુક્ત કંઠે

રડતાં રડતાં એઓ પ્રેમાલાપ કરી રહ્યાં : દેવી ! મારા પર સ્નિગ્ધતા ધરાવતી તું આગમાં તરત જ ઓગળી ગઈ. જ્યારે હું કેવો લુખ્ખો નીવડ્યો કે, તારો વિરહાગ્નિ હજી મને બાળી શકતો નથી. તારા વિનાનું ફળ-ફૂલોથી લચી પડેલું આ ઉદ્યાન પણ મારા માટે મરુભૂમિના રણપ્રદેશ જેવું જ છે.

પદ્માવતી જોતી જ રહી. વત્સરાજ મુક્તકંઠે રડતા જ રહ્યા અને આવો પ્રલાપ કરતા રહ્યા. એમની સાથે આતિથ્ય ધર્મ અદા કરવા પદ્માવતી અર્ધ્ય લઈને ખડી જ હતી. એની યાદ અપાવતાં વસંતકે કહ્યું : રાજવી ! જ્ઞાનીનાં વચન ઉપર વિશ્વાસ રાખો. દેવી વાસવદત્તાનો ભેટો તો થવાનો જ છે. જુઓ, આ પદ્માવતી અર્ધ્યાંજલિ સાથે આપની સામે ક્યારની ઊભી છે. એની તરફ નજર તો કરો ને એનું આતિથ્ય સ્વીકારવાનું ઔચિત્ય તો દાખવો !

વસંતકની વાત સાંભળીને વત્સરાજ કંઈક સજાગ બનીને પોતાની પાગલપ્રાયઃ સ્વપ્નસૃષ્ટિમાંથી બહાર આવ્યા. એમણે વસંતકને કહ્યું : આ જાતનો વનવાસ એ પણ એક તપ જ છે. આ તપની સિદ્ધિ રૂપે મારે દેવીલાભ પામવો છે. હવે જો હું આ પદ્માવતીનું અર્ધ્ય સ્વીકારી લઉં, તો મારો આ તપ કઈ રીતે ફળે ? માટે તપનું આવું અધૂરું ફળ મેળવીને સંતોષાઈ જવાનું મને પાલવે એમ નથી. વળી આજે સિદ્ધિસૂચક દિવસ છે અને સાંધ્ય-પૂજા તો હજી બાકી જ છે. વચમાં આ વળી કયું વિઘ્ન આવી ગયું ! વસંતક ! આવા લોભામણા વિઘ્નમાં લોભાવાનું ન હોય, માટે ચાલ, આપણે આપણા સાધનાસ્થળમાં પહોંચી જઈએ અને સાધના-ક્રમને અખંડિત જ રાખીએ.

વત્સરાજે જવાબ વાળ્યો અને વળતી જ પળે વસંતકનો હાથ ખેંચીને એમણે પોતાના સાધના સ્થળ તરફ ચાલવા માંડ્યું. ઘણી ઘણી આશા સાથે આવીને ઊભેલી પદ્માવતીનાં બધાં જ અરમાન માટીમાં મળી ગયા. મનના માણીતા એ વત્સરાજ આવ્યા તો ખરા, પણ

બોલ્યા વિના જ ચાલ્યા ગયા, આનો તીવ્ર આઘાત અનુભવતી પદ્માવતી સાવ હતાશ બની ગઈ. એક ડગલું પણ ચાલવાની શક્તિ એ ખોઈ બેઠી. ત્યારે એનો હાથ ઝાલીને એને ચંપકમાલા મંદિરમાં માંડ માંડ લઈ ગઈ. મંદિરના એ ભાગમાં વિપ્રપુત્રીની સાથે પદ્માવતીની શોકાકુલતા ભળતાં વાતાવરણ અત્યંત ગંભીર અને ગમગીન બની ગયું. ભૂખ્યાને ભાવતા ભોજન-થાળ મળ્યા બાદ, કોળિયાનો પણ આસ્વાદ માણ્યા વિના, એ થાળ ઝૂંટવાઈ જાય અને જેવી ગ્લાનિ અનુભવાય, એવી ગ્લાનિમાં ગળાડૂબ બની ગયેલી વિપ્રપુત્રી અને પદ્માવતી : આ બેમાંથી કોણ કોની ખબરઅંતર પૂછે અને કોણ કોને સહાનુભૂતિ/સાંત્વન આપે ? આમ છતાં ચંપકમાલા પાસેથી બધી વિગત જાણીને વિપ્રપુત્રીએ પદ્માવતીને સાંત્વન આપતાં કહ્યું : સખી ! અધીરાઈ કડવાં ફળ પણ આપી શકતું નથી અને ધીરજનાં ફળ હમેશા મધ જેવાં મીઠાં હોય છે માટે હતાશ બની જવાની જરૂર નથી. આશા રાખ. સૌ સારાવાના થશે.

પદ્માવતી પછડાતા પગલે પોતાના સ્થાને જવા રવાના થઈ. એની પાછળ પાછળ વાસવદત્તાએ પણ ચાલવા માંડ્યું. ચંપકમાલા પદ્માવતીનો પડછાયો બનીને આગળ ચાલતી હતી. પોતાના પડછાયા તરીકે ગોઠવાઈ જઈને કાંચનમાલા પાછળ પાછળ ચાલતી હતી. એક સ્થળે જરાક થોભી જઈને વાસવદત્તાએ કાંચનમાલાને કહ્યું : સખી ! મારે કેવી કડવી ફરજ અદા કરવાનો સમો આવ્યો છે ! બધું રહસ્ય હું જાણું છું. આ રહસ્ય પરથી પડદો ઊઠાવી લઉં, તો અત્યારે જ વત્સરાજના અંધારઘેર્યા જીવનમાં સૂર્ય પ્રકાશી ઊઠે, આ પદ્માવતીને પણ પોતાનું પ્રિયપાત્ર મળી જાય તેમજ મારા જીવનમાં પણ ઉલ્લાસનો રાસ રંગ જમાવી જાય પણ હું શું કરું ? મંત્રી યૌગંધરે મને બાંધી લીધી છે. મારું મોં બંધાયેલું છે એથી એમના 'નકાર'ની ઉપરવટ જઈને આ રહસ્યોદ્દ્ઘાટન અંગે એક અક્ષર પણ હું બોલી શકું એમ નથી,

બાકી ચંપકમાલાની વાત સાંભળ્યા પછી તો હું છાતી ઠોકીને એમ કહી શકવા સમર્થ છું કે, એ અતિથિ વત્સરાજ જાતે જ હોવા જોઈએ અને વસંતકની સાથે એઓ આટલામાં જ ક્યાંક યુગાદિનાથ ભગવાનની આરાધનામાં તલ્લીન બનીને કાળ-યાપન કરતા હોવા જોઈએ ! મારી પરિસ્થિતિ તો ચાવી હાથમાં હોવા છતાં રહસ્ય-મંદિરની બહાર જ ભક્તોને ટળવળતા રાખવા જેવી છે, પણ શું કરું, હું મંત્રીને પરવશ છું.

થોડી વાર બાદ વિરામકુટિર આવતાં જ વિપ્રસુતા તરીકે હજી સુધી ઓળખાતી વાસવદત્તાએ અને બીજી તરફ પદ્માવતીએ પોતપોતાની સખી સાથે આરામ માટે અલગ અલગ કુટિરમાં પ્રવેશ કર્યો, ત્યારે સૂર્ય આથમવાને થોડીક વાર હતી. છતાં પદ્માવતીના અંતર-આકાશમાં તો અમાસી અંધકાર છવાઈ ગયો હતો. જ્ઞાત છતાં અજ્ઞાત રહસ્યની આસપાસ પણ એ અંધારું છવાતું જતું હતું.

• • •

२१

# વિધિની ચિત્ર-વિચિત્ર વિચિત્રતા

વિધિ સિવાય એ બીજી કોની વિચિત્રતા હતી કે, રાજકન્યા પદ્માવતી જેની પ્રાપ્તિ માટે વનવાસ સ્વીકારીને, મનમાળાના મણકે મણકે જેનો જપ જપી રહી હતી, એ વત્સરાજ ઉદાયન એના આંગણે આવી ચડ્યા હોવા છતાં એમને ન તો એ અર્ઘ્યાર્પણ કરી શકી કે ન તો એ વાર્તાલાપ પણ કરી શકી ! બીજી તરફ વત્સરાજ એને જોઈને રાગાંકુરિત બનવા છતાં દેવી વાસવદત્તાની ઝંખનાનો તપ દૂષિત ન બને, એ દૃષ્ટિથી અર્ઘ્ય-સ્વીકાર કર્યા વિના જ એઓ ચાલતા થયા, દેવી વાસવદત્તા અને પોતાની વચ્ચે માત્ર એક દીવાલનું જ અંતર હતું, છતાં મિલન શક્ય ન બન્યું, વાસવદત્તાને તો સ્વામીના આગમનનો ખ્યાલ

પણ આવી ગયો હોવા છતાં રહસ્ય ગુપ્ત રાખવા અંગે એ વચનબદ્ધ હોવાથી મળી શકવાનું શક્ય ન બન્યું : આ બધી વિધિની વિચિત્રતાના ખાતે જ ખતવવી પડે એવી જ ઘટનાઓ નહોતી શું ?

સાંધ્યપૂજા સાચવવાનું બહાનું આગળ ધરીને વત્સરાજ ઉદાયને વસંતકનો હાથ ખેંચીને ચાલવા માંડ્યું, બાકી વસંતકની તો જવાની જરાય ઈચ્છા ન હતી. જે રહસ્યો ઉદ્ઘાટિત થવાની અંતિમ અણી પર આવીને જ ખડા હોય, એમ જણાતું હતું, એને ઉદ્ઘાટિત કર્યા સિવાય જવાની વસંતકની ઈચ્છા ન હોવા છતાં વત્સરાજના આગ્રહ આગળ એણે પોતાની ઈચ્છાને જતી કરી અને એ પણ જાતજાતના સંકલ્પ-વિકલ્પ સેવતો વત્સરાજની સાથે ગિરિશિખર પરની એ સાધનાભૂમિમાં જઈ પહોંચ્યો. વત્સરાજ આજની આખી રાત સાધનામાં ગાળનાર હોવાથી એ અંગેની બધી વ્યવસ્થા કરીને વસંતક પોતાના આવાસમાં પહોંચી ગયો. આખી રાત એના મનમાં જાત જાત અને ભાત ભાતના વિચારોનું ચક્ર અવિરત ઘૂમતું જ રહ્યું.

વત્સરાજ ઉદાયન આજના વનભ્રમણથી વધુ પ્રસન્ન બન્યા હતા અને કૌશાંબી પર પાંચાલપતિ ચતુરની આવેલી આપત્તિનેય ભૂલી ગયા હતા, એથી સંધ્યા સમય થતા એઓ પંચ પરમેષ્ઠીની પર્યુપાસના કરવા એકાગ્ર ચિત્તે બેસી ગયા. એમનો સંકલ્પ હતો કે, આજની આખી રાત પર્યુપાસના ચાલુ રાખવી ! વનભ્રમણ દરમિયાન આજે જે કઈ નિહાળ્યું હતું, એથી ધ્યાનની ધારાને અખંડિત બનાવવા વાસવદત્તા અને પદ્માવતીના વિચારો વેગ સાથે તૂટી પડે, એ પૂરેપૂરું સંભવિત હતું. આમ છતાં આવા કોઈ જાતના વિચારોને વશ બન્યા વિના એમણે ધ્યાનની ધારા વહેતી કરી, એ ધારા પંચ પરમેષ્ઠી ભગવંતોમાં અને યુગાદિનાથમાં કેન્દ્રિત બની. આ કેન્દ્રિતતાને ટકાવી રાખવામાં વત્સરાજ બરાબર સફળ રહ્યા. ત્યાં જ એક અણચિંતવ્યો ચમત્કાર સરજાયો !

વત્સરાજની સાધનાભૂમિ એકાએક આભના ઓવારેથી આવેલાં તેજોવલયથી પ્રકાશિત બની ઊઠી. એ તેજોવલયે થોડી જ પળોમાં એક દેવાકાર ધારણ કર્યો. એ દેવ વરદહાથની મુદ્રાથી શોભી રહ્યા. વળતી જ પળે સાધકને દેવવાણી સાંભળવા મળી : વત્સ ! તારી પર હું ખૂબ જ સંતુષ્ઠ થયો છું. માટે મનોભિલષિત જે કંઈ હોય, એ માંગી લે, તારા મનોરથ પૂર્ણ કરવા જ હું પ્રગટ થયો છું ભગવદ્દભક્તિ કરનારા ભક્ત પર અનુગ્રહ કરનાર હું ગોમુખ નામનો યક્ષ તારી સન્મુખ પ્રગટ થયો છું.

ધ્યાનની ધારામાં નિમગ્ન વત્સરાજે આ દેવવાણી સાંભળીને આંખ ખોલી. ધારી ધારીને દેવદર્શન કર્યાં. દિવ્ય તેજથી તેજસ્વી જણાતા એ દેવ ગોમુખની પ્રસન્ન મુખમુદ્રા નિહાળીને વત્સરાજને ન તો કૌશાંબી પરની આપત્તિ યાદ આવી કે ન તો વાસવદત્તા, પદ્માવતીની સ્મૃતિ થઈ આવી. એમણે નમ્ર બનીને કહ્યું : પરમેષ્ઠી-પર્યુપાસનાનું ચરમ અને પરમ ફળ તો મોક્ષપ્રાપ્તિ જ છે, માટે કયો ભક્ત આથી ઓછું ફળ ઈચ્છે અને સેવક પર પ્રસન્ન બનેલ કયો સ્વામી આથી ઓછું ફળ આપવાની કૃપણતા દાખવે ! માટે આપ જો મારી પર ખરેખર ખુશ જ થયા હો, તો તો આવા મોક્ષફળના પ્રદાતા બનવાની કૃપા કરો. ભગવદ્દભક્તિ જેવી મહાશક્તિ પાસે કયો એવો મૂર્ખ હોય કે, જે ઐહિક ફળની ઈચ્છા રાખે ! જે ફળ તુચ્છ હોય, માનવ-ભવમાં જેની ફૂટી કોડીનીય કિંમત અંકાતી ન હોય, જેને સડી જતા જરાય વાર લાગતી ન હોય, એવા ફળની અપેક્ષા મહાશક્તિની પાસે તો કયો પાગલ રાખે ! માટે જો આપ આપવા જ માંગતા હો, તો મારી માંગણી અને સ્પૃહા તો મોક્ષફળની જ છે.

ગોમુખ-યક્ષે કહ્યું : વરદાતા બનવાની તો મારી પૂરેપૂરી ભાવના છે. પરંતુ મેં નહોતું ધાર્યું કે, તારા મનોરથ આટલા બધા મહાન હશે ! જેની પૂર્તિ કરવા હું સમર્થ ન હોઉં, એવા આ તારા મનોરથ

છે. વળી દેવદર્શન નિષ્ફળ પણ ન હોઈ શકે. માટે બીજું કંઈક માંગ. તારે કંઈક તો માંગવું જ પડશે. તું તારા માટે નહિ, પણ મારી ખાતર મારી પ્રસન્નતા ખાતર પણ કંઈક માંગ !

વત્સરાજે કહ્યું : દેવ ! જો આમ જ હોય, તો હું એટલું જ ઇચ્છું છું કે, વાસવદત્તા સહિતના કૌશાંબી સામ્રાજ્યની પ્રાપ્તિ થાય, છતાં મારી ધર્મધારા અખંડિત જ વહેતી રહે, એવું વરદાન કરવાની કૃપા કરો !

ગોમુખ યક્ષે 'તથાસ્તુ'નો આશીર્ધ્વનિ રેલાવતાં કહ્યું : વત્સ ! ગઈકાલે તને અર્ધ્યાંજલિ આપવા ઇચ્છતી પદ્માવતીનું પાણિગ્રહણ તું જો માન્ય રાખીશ, તો તારા આવા મનોરથો વહેલી તકે સફળ બનશે.

શ્રી આદિનાથ પ્રભુના સેવક ગોમુખ યક્ષ વરદાતા બનીને અદૃશ્ય બની ગયા. આમ છતાં આ દૃશ્ય આખી રાત સુધી સાધકની મુદ્રામાં બેઠેલા વત્સરાજની નજર સમક્ષ તરવરતું જ રહ્યું. આખી રાત ધર્મધ્યાનમાં ગાળ્યા બાદ વત્સરાજે આકાશમાં જેમ સૂર્યોદય થતો જોયો, એમ પોતાના અંતરમાંથી પણ મૂંઝવણના અંધકારને ઓગાળીને માર્ગદર્શનનો થતો પ્રકાશોદય પણ નિહાળ્યો. સાધનાભૂમિમાંથી ઊભા થઈને જ્યાં તેઓ પોતાના સ્થાને આવ્યા, ત્યાં જ પદ્માવતીના વિચારોએ એમને પુનઃ ઘેરી લીધા. સિદ્ધપુત્રે ભાખેલું ભાવિ અને ચારણમુનિનું ભાવિકથન પણ વત્સરાજના દિલદિમાગમાં તાજું થઈને પડઘાવા માંડ્યું. એમની આંખ સામે હવે ભાવિ માર્ગ એકદમ સ્પષ્ટ થઈ ગયો હતો. પદ્માવતીનું પાણિગ્રહણ કર્યા સિવાય હવે ન તો કૌશાંબીનું સામ્રાજ્ય મળી શકે એમ હતું કે ન તો વાસવદત્તાની પ્રાપ્તિ થઈ શકે એમ હતી, આટલો મનોમન નિશ્ચય થઈ જતાં જ ગઈકાલે પદ્માવતી ને હડહડતો અન્યાય થાય, એવી જે પ્રવૃત્તિ પોતાના હાથે થઈ જવા પામી હતી, એની સ્મૃતિ વત્સરાજના દિલને સળગાવી રહી. એમને વિચાર આવ્યો કે, મારી પર અનન્ય આસ્થા ધરાવતી પદ્માવતીનું

અર્ઘ્ય પણ મેં ન સ્વીકાર્યું, આ અપમાનથી એનું દિલ કેટલું બધું ઘવાયું હશે ? આવો આઘાત અનુભવતી પદ્માવતી કોઈ અનુચિત પગલું તો નહિ ભરી બેસે ને ?

આવા વિચારાઘાત અનુભવતા વત્સરાજે વસંતકને સાદ દીધો. પણ એ તો ત્યાં હાજર ન હતો. કેમ કે પૂજા માટેની ફળફૂલાદિ સામગ્રી એકઠી કરવા એ સુપુષ્પ ઉપવનમાં ગયો હતો. રોજનો એનો આ ક્રમ હતો. એટલે એની પ્રતીક્ષા કરવી પડે એમ હતી. પરંતુ વત્સરાજને મન આટલો કાળ પસાર કરવો કઠિન હતો. કેમ કે હવે તો કોઈ પણ રીતે પદ્માવતીના સમાચાર વહેલી તકે મેળવવાની ઉત્સુકતા ક્ષણે ક્ષણે વધતી જ રહીને વત્સરાજને આકુળ- વ્યાકુળ બનાવી રહી હતી અને વસંતકનો આવવાનો સમય હજી સુદીર્ઘ હતો, એથી વત્સરાજે અંતે વસંતકની સામે જવાનો નિર્ણય લીધો.

આ નિર્ણયને વત્સરાજે તરત જ અમલમાં મૂકી દીધો. સુપુષ્પ વન તરફ એમણે ઝડપભેર ચાલવા માંડ્યું. થોડુંક ચાલ્યા બાદ સામેથી એકી શ્વાસે દોડતા આવતા વસંતક પર એમની નજર પડતાં જ એમના હૈયે ફાળ પડી કે, કંઈક અજુગતું તો નહિ બની ગયું હોય ને ? વત્સરાજ દોડતા જઈ રહ્યા હતા, વસંતક દોડતો આવી રહ્યો હતો, એથી બંનેનું મિલન ખૂબ જ જલદી શક્ય બન્યું. એક વૃક્ષ નીચે બેસીને વત્સરાજે વસંતકને ગઈ રાતે બનેલી ઘટના ટૂંકમાં અક્ષરશઃ કહી સંભળાવી. ગોમુખ યક્ષ દ્વારા પદ્માવતીના પાણિગ્રહણનો સંકેત સાંભળીને વસંતક રાજીનો રેડ થઈ ગયો. ત્યાં તો વત્સરાજે અધીરા અંતરે પૂછ્યું : ગઈકાલે મેં જેને તરછોડી નાંખી હતી, એ પદ્માવતીનું પછી શું થયું હશે ? મારા અપમાનના આઘાતને અસહ્ય ગણીને એણે કોઈ અજુગતું પગલું તો નહિ ભર્યું હોય ને ? આ જાણવા માટે જ હું તારી સામે દોડતો દોડતો આવ્યો છું.

વસંતકે વત્સરાજને કહ્યું : પદ્માવતીની વીતક કહેવા જ હું દોડતો દોડતો આપની સમક્ષ આવી રહ્યો છું. હજી ફળ-ફૂલનું ચયન તો બાકી જ છે. પણ એને અધૂરું મૂકી દઈને આવવાની મને ફરજ પડી છે. બન્યું એવું કે, હું ફૂલ ચયન કરવા આ વનમાં આવ્યો. ગઈ કાલ સાંજથી જ એવો વિચાર આવ્યા કરતો હતો કે, પદ્માવતી બિચારીનું શું થયું હશે? એની મુખમુદ્રા જે રીતે મ્લાન બની હતી, એ જે રીતે રુદન કરતી હતી, એ જોઈને મને થતું જ હતું કે, પદ્માવતી આ આઘાતને જીરવી શકશે કે કેમ? આ મારું અનુમાન ખરે જ સાચું પડ્યું. કેમ કે હું ફૂલ વીણતો હતો, ત્યાં જ સંભ્રમથી આકુલ વ્યાકુલ બનીને વનમાં ઘૂમતી ચંપકમાલા મારી નજરે ચડી. એની મ્લાન અને પડી ગયેલી મુખમુદ્રા જોતાં જ મને વહેમ તો પડ્યો જ કે, પદ્માવતીના કોઈ અશુભ સમાચાર તો નહિ હોય ને ? એથી મેં સામેથી જ પૂછ્યું કે, પદ્માવતી કુશળ તો છે ને?

ચંપકમાલાએ રડમસ સાદે મને કહ્યું કે, આર્ય વસંતક ! પદ્માવતી સકુશળ હોત, તો મારે વળી અપ્રસન્ન થવાનું કયું કારણ હોઈ શકે? મારા ચહેરા પરની ચિંતા તો તમે કળી જ શકો છો. ગઈ કાલે આપ વિદાય થઈ ગયા. આ પછી પદ્માવતીએ આખી રાત તરફડતાં તરફડતાં વિતાવી. કેટલીય વાર એ મૂર્ચ્છિત બની બનીને પછડાઈ પડી. એના મોંમાથી એક 'ઉદાયન'નું જ નામ નીકળતું હતું. નિસાસામાં પણ એ આ જ નામ રટતી હતી. એના શ્વાસોશ્વાસમાં પણ આ જ નામ ધબકતું હતું. ફૂલની શય્યામાં સુવડાવવા છતાં એ નિસાસા મૂકતી રહી, ત્યારે કમળપત્રની શય્યા બનાવવા હું કમળપત્રો લઈને આવી, ત્યારે જોયું, તો ફૂલની એ શય્યા જ ખાલીખમ હતી. મારા હૈયે ફાળ પડી કે, પદ્માવતી ક્યાં ગઈ હશે? એથી હું એની શોધ માટે આ વનમાં આમતેમ ભમી રહી છું. મને એમ પણ થયું કે, ઉદાયન દર્શન દે તો પદ્માવતી જરૂર પ્રસન્ન બની ઊઠે. નહિ તો 'ઉદાયન-ઉદાયન'ની

રટણા, કરતાં એના પ્રાણ કદાચ ચાલ્યા પણ જાય. આમ, એના મૃત્યુમાં વત્સરાજ નિમિત્ત ન બની જાય, એ માટે હું દોડતી દોડતી તેમને આ સમાચાર આપવા જ આવતી હતી, ત્યાં સામેથી જ તમે મળી ગયા, એ સારું થયું ! આમ, પદ્માવતીની પરિસ્થિતિ કટોકટીભરી છે. માટે તમને હવે જે યોગ્ય લાગે, એ કરી શકો છો.

આટલું કહીને ચંપકમાલા સંભવિત સ્થળે શોધખોળ માટે રવાના થઈ ગઈ. બીજી બાજુ આ સમાચાર સાંભળીને વત્સરાજે અને વસંતકે પણ સંભવિત દિશા તરફ દોટ મૂકી. બંનેના હૈયામાં ઉદ્વેગ હતો. પદ્માવતી અંગેની ચિંતા બંનેને જાણે ચિતા બનીને બાળી રહી હતી. નાનું બાળક દોટ મૂકે, એ રીતે એ બંને દોડતા રહ્યા.

વાસવદત્તા જ્યારે નિદ્રામાંથી જાગી અને પદ્માવતી આડી-અવળી થઈ ગયાના સમાચાર જ્યારે એને મળ્યા, ત્યારે એ પણ ચિંતાગ્રસ્ત બનીને એ વનમાં પદ્માવતીની શોધમાં નીકળી પડી. આમ સુપુષ્પ વનમાં દોડધામ મચી ગઈ. એક તરફ ચંપકમાલા, વાસવદત્તા અને કંચનમાલા પદ્માવતીની શોધખોળ કરી રહ્યાં. બીજી તરફ વત્સરાજ અને વસંતકે પણ આ માટેની જ દોડધામ આરંભી દીધી. એમાં ભાગ્યયોગે વાસવદત્તા-કાંચનમાલા જે રસ્તે આગળ વધી રહ્યાં હતાં, એ જ રસ્તો ઉદાયન અને વસંતકે પણ પકડ્યો હતો એથી વાસવદત્તાએ દૂરથી જ વત્સરાજ ઉદાયનને ઓળખી લઈને કાંચનમાલાને કહ્યું :

'સખી ! ઓહ ! મારો કેવો ભાગ્યોદય ! જો તો ખરી, સામેથી જ સ્વામી કેવા દોડતા આવી રહ્યા છે. મને લાગે છે કે, પદ્માવતીના સમાચાર એમને મળી ગયા હોવા જોઈએ.'

વત્સરાજ ઉદાયનનાં અણધાર્યાં દર્શન પામીને વાસવદત્તા કોઈ અગમ-અગોચર અવસ્થા અનુભવી રહી. હર્ષોદ્‌ગાર વ્યક્ત કરતાં એણે પુનઃ કહ્યું : સખી ! મને લાગે છે કે, હજી મારું સૌભાગ્ય મરી પરવાર્યું નથી. જીવતે જીવ સ્વામીનાથનાં દર્શન મેળવીને હું ખરેખર આ પળે

ધન્ય બની ગઈ. જો મંત્રીશ્વર યૌગંધરે મને વચનબદ્ધ ન બનાવી હોત, તો હું અત્યારે ને અત્યારે જ સ્વામીનાથ પાસે ઊડીને પહોંચી જાઉં અને એમની ચરણરજને હર્ષાશ્રુથી પખાળું ! પણ શું થાય ! હું વચનબદ્ધ છું, એથી આવી ધન્ય પળને પણ માણી શકતી નથી. બીજી બાજું સ્વામીનાથના દેહ પરથી મારી નજર હટવાનું નામ જ લેતી નથી. માટે આપણે એક કામ કરીએ, સામેની વૃક્ષઘટામાં છુપાઈ જઈએ અને જ્યાં સુધી વત્સરાજનાં દર્શનનો લાભ મળે, ત્યાં સુધી લાભનો આ લહાવો મુક્ત મને લૂંટતા જ રહીએ. સખી ! જો તો ખરી. સ્વામીનો દેહ તપશ્ચરણના કારણે કેવો કૃશ બની ગયો છે. સ્વામીનાથ મને ભૂલી તો નહિ ગયા હોય ને ? ના, ના, મને ભૂલ્યા હોય, એમ તો નથી જ લાગતું. નહિ તો વનવાસ અને આ રીતનું તપશ્ચરણ તેઓ શા માટે વેઠે ? ના, ભૂલ્યા તો નથી જ. ભૂલ્યા હોત, તો ગઈ કાલે જ એમણે પદ્માવતીનું અર્ઘ્ય સ્વીકારી લીધું હોત !

વત્સરાજ અને વસંતક નજીક ને નજીક આવી રહ્યા હતા, એથી એઓ પોતાને જોઈ ન જાય, એ માટે વાસવદત્તા અને કાંચનમાલા તરત જ એ વૃક્ષઘટામાં છુપાઈ ગયાં. પદ્માવતીની પરિશોધ પડતી મૂકીને તેઓ બંને વત્સરાજનાં દર્શનનું અમૃત પી રહ્યા. એમને થયું કે, બંને વચ્ચે અત્યારે કયો વાર્તાલાપ ચાલી રહ્યો હશે ? એ સાંભળવા મળે તો કેવું સારું ? વાસવદત્તા અને કાંચનમાલા એકદમ ચૂપ થઈ ગયા. થોડી વારમાં તો વત્સરાજ એકદમ નજીક આવી ગયા. એમની વાતનો વિષય વાસવદત્તાનો હતો.

અલકમલકની વાતોમાંથી વત્સરાજ એકદમ વાસવદત્તાની વાત પર ઊતરી પડ્યા. એમણે કહ્યું : વસંતક ! ગઈકાલે પ્રત્યક્ષ બનેલા ગોમુખયક્ષે પણ દેવીનાં મિલનનો સંકેત તો આપી જ દીધો છે એથી અગ્નિ એને બાળી તો નથી જ ગયો, એટલું નક્કી થાય છે. પણ અત્યારે દેવી ક્યાં હશે ? ખરેખર હું તો બે બાજુની ચિંતાથી ઘેરાઈ

ચૂક્યો છું : એક તરફ દેવીની ચિંતા મારા કાળજાને કોરી રહી છે, તો બીજી તરફ આ પદ્માવતીની ચિંતાય ઓછી દિલદ્રાવક નથી ! સમયસર જો હું એને દર્શન નહિ આપી શકું, તો એ બિચારી મારી પાછળ ઝૂરી ઝૂરીને પ્રાણત્યાગ કરી દેશે અને સ્ત્રીહત્યાનું પાતક મારા કપાળે ચોંટશે એથી આપણે હવે પગની ઝડપ વધારવી જ જોઈએ.

વસંતકે કહ્યું : મહારાજ ! અત્યારે આપણે ચાલી નથી રહ્યા પણ દોડી જ રહ્યા છીએ ! પગની આ ગતિ પણ કંઈ કમ નથી. પણ આટલા વિશાળ વનમાં પદ્માવતીનું પગેરું શોધી કાઢવું, એ કોઈ રમત વાત નથી. આમાં આપણો પુરુષાર્થ નહિ, આપણું પ્રારબ્ધ જ સફળ નીવડી શકે ? છતાં આપને આ ગતિમાં મંદતા જણાતી હોય, તો ચાલો, આપણે મૂઠી વાળીને દોટ મૂકીએ !

વત્સરાજ ને વસંતકે મૂઠી વાળીને દોડવાની શરૂઆત કરી. જ્યાં તેઓ થોડાક જ આગળ વધ્યા, ત્યાં તો સામેની જ દિશામાંથી આવતો એક કરુણધ્વનિ વત્સરાજના કાનમાં અથડાયો. એ ધ્વનિ સ્પષ્ટ રીતે સાંભળી શકાતો હતો : દોડો, દોડો. આટલામાં જ કોઈ હોય, એ દોડો મારી સ્વામિની મૃત્યુ ભણી જઈ રહી છે, એને બચાવવા અહીં આટલામાં જે કોઈ હોય, એ ઝડપથી દોડો !

વસંતકને ખ્યાલ આવી ગયો કે, આ સાદ ચંપકમાલાનો જ છે ! પદ્માવતીએ જરૂર આત્મહત્યાનો માર્ગ અખત્યાર કરવાનો નિશ્ચય કરી દીધો હશે ? અને ચંપકમાલાની નજરે એ પકડી પાડ્યો હશે ? એથી જ પદ્માવતીને નાશમાંથી ઉગારી લેવા એણે આ રીતની બુમરાણ મચાવી દીધી હશે ?

વત્સરાજ અને વસંતકે આ બૂમરાણ સાંભળી અને એમના પગને જાણે પાંખો ફૂટી નીકળી. મોંમાંથી ફીણ નીકળી આવે, એવા વેગપૂર્વક એ બંને સાદની દિશામાં દોડ્યા. એમને આવતા જોઈને ચંપકમાલાનો જીવ કઈક હેઠો બેઠો. પળવારમાં જ વત્સરાજ અને વસંતક વડલાને

આંબી ગયા, જે વડલા પર બંધાઈને પદ્માવતીએ ગળે ફાંસો નાખી દીધો હતો. હજી એ ફાંસો સજ્જડ બનીને પદ્માવતીના શ્વાસને રૂંધી નાંખે, એ પૂર્વે તો ઉદાયને તલવારના એક ઝાટકે જ એ ફાંસો કાપી નાખ્યો. વસંતક અને ચંપકમાલા હાથ પહોળા કરીને જ પડતી પદ્માવતીને ઝીલી લેવા તૈયાર ઊભા હતા. પાશ તૂટી જતાંની સાથે જ પદ્માવતી નીચે પડી અને પડતાંની સાથે જ પહોળી થયેલી હથેળીમાં એ ઝિલાઈ ગઈ. આમ મૃત્યુના મુખમાંથી પાછી આવેલી પદ્માવતીને જોઈને સૌનો જીવ હેઠો બેઠો.

પદ્માવતી કોઈ અકથ્ય દશાનો ભોગ બની હતી. કઈ રીતે મોઢું બતાવવું, એ સવાલ એને સતાવતો હતો એથી વત્સરાજે એને કહ્યું : આવું વિચાર્યા વિનાનું પગલું તો કાયર હોય, એ જ ભરે ! તું રાજપુત્રી છે. હા, પણ ભૂલ મારી જ છે. મેં અર્ઘ્યનો સ્વીકાર ન કર્યો, એથી ગમે તેવી વ્યક્તિને આવું જીવલેણ પગલું ભરવા વિવશ બની જવું પડે, એ આશ્ચર્યજનક ન ગણાય. પણ હવે તો હું તારી સામે જ ઊભો છું. માટે સ્વસ્થ થઈ જા.

વત્સરાજના આ હૈયાબોલ સાંભળીને પદ્માવતીના રોમ રોમ નાચી ઊઠ્યા. વત્સરાજના પગલે પગલે છુપાતી ચાલે આવેલી વાસવદત્તા-કાંચનમાલાના આનંદનોય પાર ન રહ્યો. વૃક્ષની ઓથે છુપાઈને એ બંનેએ આ ઘટનાને નજરોનજર નિહાળી હતી. છતાં એઓ ગુપ્ત જ રહેવા માંગતાં હતાં અને હજી આગળ શું થાય છે, એ જોવા-જાણવા માંગતા હતા. ત્યાં તો વત્સરાજ ઉદાયને હર્ષાવેશમાં આવીને વસંતકને કહ્યું : મિત્ર ! આપણે ખૂબ જ સમયસર આવી ગયા. નહિ તો સ્ત્રી-હત્યાનું કાળું કલંક મારા કપાળે અંકિત થઈ જ જાત ! ખરેખર હજી વિધાતા મારી પર એકદમ રૂઠ્યો નથી. આ પદ્માવતીનો મને ભેટો કરાવીને, વિધાતાએ જાણે વાસવદત્તા જ મને પાછી આપી છે, એમ હું માનું છું.

આ રીતે એ વનખંડમાં પણ પૂર્વે જ્યાં શોકાકુળતા છવાઈ ગયેલી જણાતી હતી, ત્યાં પળ પછી જ પ્રસન્નતાનું સામ્રાજ્ય ફેલાઈ ગયું. છુપાવેશે રહેલી વાસવદત્તા પ્રસન્ન હોવા છતાં થોડીક ચિંતાગ્રસ્ત જરૂર બની હતી, કારણ કે પદ્માવતી મળી જતાં એ મિલન વાસવદત્તામાં જરીક ઈર્ષ્યા પેદા કરી જાય, એ સહજ હતું. બાકી બીજા બધા ખુશખુશાલ હતા. ખુશીના એ ખજાનામાં ઓર વૃદ્ધિ આણતી ઘટના થોડી જ વારમાં બનવા પામી.

માહિષ્મતીથી રવાના થયેલો એક રાજદૂત વત્સરાજને શોધતો શોધતો એ વનખંડમાં આવી પહોંચ્યો, જ્યાં ખુશીનો ખજાનો ખૂલ્યો હતો, એણે સહર્ષ જણાવ્યું કે, વત્સરાજ ! હું માહિષ્મતીથી આવું છું. અમારા રાજવી મહાબાહુ પ્રાર્થનાપૂર્વક આપને વિનવણી કરે છે કે, પદ્માવતીનો આપ સ્વીકાર કરો.

આ વિનવણી હર્ષોલ્લાસની ભરતીમાં વધુ ભરતી આણનારી બની રહી. વત્સરાજ ઉદાયન વતી વસંતકે આ વિનંતીનો સહર્ષ સ્વીકાર કરી લીધો અને સૌનો આનંદ નિરવધિ બન્યો. થોડીક જ ઘડીઓમાં બધો કાર્યક્રમ ઘડાઈ ગયો. એ કાર્યક્રમ મુજબ આઠ દિવસ પછી આવતી શુભ ઘડી-પળે લગ્નોત્સવની ઉજવણી નિશ્ચિત થઈ અને રાજસેવકની સાથે પદ્માવતીનું માહિષ્મતી નગરીમાં જવાનું નક્કી થયું. તેમજ વત્સરાજે થોડા દિવસ પોતાની સાધના-ભૂમિમાં ગાળવાનો નિર્ણય લીધો.

આમ ચારે બાજુ હર્ષોલ્લાસની અમૃતધારા વરસી રહી. પણ વાસવદત્તા તો કોરી ધાકોર હતી. પદ્માવતી સાથે વત્સરાજનું પાણિગ્રહણ નક્કી થતા એના મનમાં એક એવો દુર્વિચાર ઘૂંટાવા માંડ્યો કે, વત્સરાજના દિલમાં હવે તો મારું સ્થાન હોય જ ક્યાંથી ? અને શોક્ય તરીકે અળખામણું જીવન જીવવામાં મજા પણ શી ? આના કરતાં તો મજેથી મોત જ કેમ ન માણી લેવું ? એણે કાંચનમાલાને આ વિચાર જણાવ્યો, ત્યારે કાંચનમાલાએ કહ્યું : સ્વામિની ! આ રીતે ખિન્ન

બની જવાની જરાય જરૂર નથી. દેવના દિલમાં આપનું એવું ને એવું જ સ્થાન છે, જેની આપણને વાર્તાલાપની પળોમાં પ્રતીતિ નથી થઈ શું ? માટે મંત્રીશ્વર યૌગંધરનો ભેટો ન થાય, ત્યાં સુધી આવા કોઈ જ વિચારને સ્થાન આપ્યા વિના આપણે અદૃશ્ય રહીને આ બધો બનાવ જોયા જ કરીએ, એમાં જ આપણું હિત છે.

કાંચનમાલાની આ જાતની સમજાવટ સફળ બની અને છેક સમી સાંજે વાસવદત્તા વિપ્રપુત્રી તરીકે પદ્માવતી પાસે જઈ પહોંચી, ત્યારે એણે આશ્ચર્ય વ્યક્ત કર્યું : સખી ! આજે ખુશીનો ખજાનો લૂંટવાનો મજાનો અવસર આવ્યો, ત્યાં જ તું ક્યાં ગુમ થઈ ગઈ ? આમ જણાવીને પદ્માવતીએ આજની બધી જ ઘટના સહર્ષ કહી સંભળાવી. એ સાંભળીને વિપ્રસુતાએ કહ્યું : તારાં ઇચ્છિતની આ રીતે અણધારી રીતે પૂર્તિ થતા મારો આનંદ અંતરમાં સમાતો નથી. તું આમ ખુશી લૂંટી રહી હતી, ત્યારે હું તારી પરિશોધમાં વનમાં રખડી રહી હતી. તારી સાથે ખુશીનો ખજાનો લૂંટવાનું મારું ભાગ્ય નહિ હોય, પણ તું જો આમંત્રણ આપતી હોય, તો તારો લગ્નપ્રસંગ જરૂર હું માણી શકું ?

પદ્માવતીએ ચૂંટી ખણતાં વિપ્રસુતાને કહ્યું : મારે વળી તને આમંત્રણ આપવું પડે ? તું શું મને જુદી માને છે કે, આમ આમંત્રણ આપવાની આવશ્યકતા પણ હું અનુભવતી નથી. ગાંડી ! બહેનના ઘરે પ્રસંગ આવતો હોય, તો બહેનને આમંત્રણ આપવાનું હોય ખરું ?

વિપ્રસુતા-વાસવદત્તાનો વિષાદ દૂર કરવામાં આ હાસ્યાલાપને ધારી સફળતા સાંપડી અને એ પણ પદ્માવતીની સાથે સાથે માહિષ્મતી નગરી તરફ લગ્નોત્સવ માણવા ચાલી નીકળી. પણ એની મોટી મુશ્કેલી એ હતી કે, પોતાના સ્વામીનાથનો લગ્નપ્રસંગ તો એણે નિહાળવો જ હતો, પણ સ્વામીનાથની નજર પોતાની પર ન પડે, એની તીવ્ર તકેદારી રાખવા પળે પળે જાગૃત રહેવાનું હતું.

● ● ●

૨૨

## રહસ્યભરી એ રમત શું કરુણાંત પામશે ?

**ભા**ગ્ય જ્યારે રીઝે છે, ત્યારે છપ્પર ફાડીનેય એ વરસાદ વરસાવે છે. ને ભાગ્ય જ્યારે ખીજે છે, ત્યારે થપ્પડ મારીને રહી સહી ઝૂંપડીય ઝૂંટવી લે છે. આ એક કહેવત હોવા છતાં આમાં અનેક અનુભવોનો અર્ક સમાયેલો છે.

વત્સરાજ માટે એક પછી એક બનાવો એવા બની રહ્યા હતા કે, જે એમના પર રીઝેલા ભાગ્યની પ્રતીતિ કરાવી રહ્યા હતા, ગોમુખ-યક્ષે પ્રસન્ન બનીને જે વરદાન આપ્યું હતું, એ ઉદાયન માટે ખૂબ જ માર્ગદર્શક સાબિત થયું હતું. એ મુજબ એમણે પદ્માવતી સાથે પાણિગ્રહણ સ્વીકાર્યું હતું. એમને એવો વિશ્વાસ હતો કે, પદ્માવતી મળશે, પછી તો

વાસવદત્તા મળવાની જ છે ને ? આવી આશા પણ વત્સરાજને પદ્માવતીના પાણિગ્રહણ માટે પ્રોત્સાહિત કરનારી નીવડી હતી. સુપુષ્પ ઉદ્યાનમાંથી એઓ પોતાની સાધનાભૂમિ સમા એ દેવાલયમાં પાછા ફર્યા, બીજી તરફ પદ્માવતી-વાસવદત્તા આદિનો એ કાફલો માહિષ્મતી નગરી તરફ રવાના થયો.

ચિરદષ્ટ સ્વપ્ન સફળ થતાં પદ્માવતીના અંગેઅંગમાં આનંદ છલકાતો હતો. માહિષ્મતી પહોંચતા જ પિતા મહાબાહુ અને માતા કમલમાલાનાં દર્શને એ આનંદ નિરવધિ બન્યો. વહાલ-સોયા બંધુ સુદર્શનનાં દર્શન ન થતા પદ્માવતીએ પૂછ્યું : બંધુ સુદર્શનનાં દર્શન દુર્લભ કેમ ?

મહાબાહુએ જણાવ્યું : વત્સા ! તેં વનવાસ સ્વીકાર્યો, આ પછીના દિવસોમાં કૌશાંબીના સેનાપતિ ખુદ અહીં આવ્યા, પાંચાલપતિ ચતુરનાં થયેલાં આક્રમણની વાત કરીને એમણે કહ્યું : આપ જો સહાયક બનતા હો, તો કૌશાંબીના સ્વામી બની બેઠેલા પાંચાલપતિને હરાવવો એ તો રમત વાત છે. કેમ કે રાજવી ચંડપ્રદ્યોતે પણ આ માટે ગોપાલ-પાલ નામના પોતાના પ્રતાપીપુત્રોને યુદ્ધમાં સહાયક તરીકે પાઠવવાનું સ્વીકાર્યું છે. આ વિનંતીનો સ્વીકાર કરવો મને વાજબી જણાતાં મેં સુદર્શનને કૌશાંબી પાઠવ્યો છે. ત્યાં પાંચાલપતિ સામે ખુલ્લો સંગ્રામ ખેલાઈ રહ્યો છે. ગુપ્તચરો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ એ સંગ્રામમાં સહાયક થવા ઉજ્જયિનીથી પાલ-ગોપાલ પણ મોટી સેના સાથે આવી પહોંચ્યા છે અને વિજયનો વાવટો કૌશાંબીના કિલ્લા પર ફરકી ઊઠે, એ દિવસો હવે દૂર નથી.

મહાબાહુએ વાત ટૂંકમાં પૂરી કરી અને એ યુદ્ધમાં સુદર્શનને પાઠવવાનું કારણ જણાવતાં કહ્યું : વત્સા ! તું ઉદાયન તરફ અનુરાગ ધરાવતી હતી, આ વાતનો મને ખ્યાલ જ હતો અને ઉદાયન કૌશાંબીના રાજવી હોવાથી, એમનો પ્રેમ સંપાદન કરવાની આ તક સારામાં સારી

હતી. માટે જ મેં સુદર્શનને એ યુદ્ધમાં સહાયક થવાની સંમતિ આપી. હવે તો આજકાલમાં જ વિજયની વધામણી આવવી જોઈએ.

પદ્માવતી વિચાર કરી રહી : ઉદાયને મારો સ્વીકાર તો કર્યો જ છે. હવે જો સુદર્શન વિજયી બને, તો તો વત્સરાજની કૃપા મારી પર વધુ પ્રમાણમાં ઊતરે ! મારા લગ્નપ્રસંગમાં ભાઈની ગેરહાજરી જરૂર મને સાલનારી નીવડશે. પણ ભાઈ જો યુદ્ધ જીતીને આવશે, તો તો આ ગેરહાજરીનો પણ હું ઉપકાર માનીશ.

પદ્માવતીના આગમને જ માહિષ્મતી નગરી ઢોલનગારાના નાદે ગાજવા માંડી. રાજમહેલના આંગણે બંધાયેલો આસોપાલવનો વિસ્તાર વધતો વધતો આખી નગરીમાં વ્યાપી ગયો. એ ઘડીપળ પણ આવી ગયા કે, જ્યારે વત્સરાજ ઉદાયનનો બાદશાહી ઠાઠમાઠથી માહિષ્મતી નગરીમાં પ્રવેશ થયો. એમના આગમને તો જાણે આખી નગરી નવયૌવના બનીને શોભી ઊઠી. એ લગ્નપ્રસંગ પણ રંગે-ચંગે ઊજવાઈ ગયો. મહાબાહુને વત્સરાજ જેવા જમાઈરાજ ઘણી ઘણી કસોટી અને કટોકટી બાદ પ્રાપ્ત થયા હતા, એથી એમનો સત્કાર કરવામાં એમણે કોઈ વાતની ખામી ન રહેવા દીધી. વાસવદત્તાએ આજ સુધી સાગરથી સવાઈ ગંભીરતા દાખવી હતી. એણે આખો લગ્નપ્રસંગ માણ્યો હતો, પણ કોઈ કહેતાં કોઈ જ એને ઓળખી શક્યું ન હતું. એક એ ખુદ જ ખુદને ઓળખતી હતી, એને ઓળખનાર બીજી વ્યક્તિ કાંચનમાલા હતી. યૌગંધર એને ઓળખતા હતા, પણ એઓ તો અત્યારે નગરીમાં ન હતા, બહાર રહીને એઓ બધો દોરીસંચાર કરી રહ્યા હતા અને આજ સુધીની એમની યોજના આબાદ પાર પડી હતી. એમની દાવપેચની નાવ હવે લગભગ કિનારે આવી ગઈ હતી અને યોજના પરથી પડદો હટાવી લેવાની યોગ્ય તક જ તેઓ ગોતી રહ્યા હતા.

મંત્રીશ્વર યૌગંધરની જ એ ગુપ્ત યોજના હતી કે, યોગિની શકરા ચિત્રપટ દ્વારા પદ્માવતીને વત્સરાજ તરફ આકર્ષિત કરે અને વનવાસનો

સ્વીકાર કરાવે. આ પછી મંત્રીશ્વર ખુદ જ પદ્માવતી પાસે વાસવદત્તાને મૂકી ગયા હતા. પાલ-ગોપાલને કૌશાંબીના પક્ષમાં લડવા તૈયાર કરનાર એઓ જ હતા. પણ એક રહસ્ય હજી પડદા પાછળ જ હતું કે, આ રીતે નાટક કરીને વત્સરાજ સાથે પદ્માવતીને લગ્નસંબંધે બાંધવાની એમને શી જરૂર પડી ? આ રહસ્યનો ભેદ એક પોતે જ જાણતા હતા અને યોગ્ય પળ આવતા જ એ ભેદ ખુલ્લો કરવા ઇચ્છતા હતા.

ગોમુખયક્ષ દ્વારા પદ્માવતીનું જે પાણિગ્રહણ સૂચવાયું હતું. એ પાણિગ્રહણનો મહોત્સવ યોજાઈ ગયો. પદ્માવતી ખરેખર પુણ્યપગલે કુમકુમ વેરનારી સૌભાગ્યશાલિની એક નારી હતી. આનો અનુભવ વત્સરાજને લગ્ન પછીના દિવસોમાં જ થવા માંડ્યો, એમાં પણ જ્યાં કૌશાંબીથી વિજય નામનો રાજદૂત આવ્યો અને કૌશાંબીના વિજયની એણે વધામણી આપી, ત્યાં તો એ અનુભૂતિ અનેક ગણી વધી જવા પામી.

પાંચાલ પતિનો કારમો પરાજય અને કૌશાંબીનો ઝળહળતો વિજય સાંભળીને વત્સરાજ તો ખૂબ ખૂબ ખુશ થયા જ, પણ માહિષ્મતીપુરીએ પણ જોરદાર વિજય-મહોત્સવ માણ્યો. વત્સરાજ એ યુદ્ધવાર્તા વિસ્તારથી સાંભળવા ઇચ્છતા હતા, એથી એમણે વિજયને કહ્યું : તું તો કૌશાંબીથી જ આવ્યો છે, એથી યુદ્ધનો તું તો સાક્ષી જ હોઈશ. માટે તારી પાસેથી હું આ યુદ્ધની કથા વિગતવાર સાંભળવા ઇચ્છું છું.

વિજયે રાજાજ્ઞાને શિરસાવંદ્ય કરીને કહ્યું : મહારાજ ! આપે કૌશાંબીનો પરિત્યાગ કર્યો અને કૌશાંબીના માથે પનોતી બેઠી. થોડા જ દિવસોમાં પાંચાલપતિ કૌશાંબી પર ચડી આવ્યા અને એમણે કૌશાંબીને કબજે કર્યું, ત્યારે તો પ્રજાને એમ જ લાગ્યું કે, સેનાપતિએ દગો દઈને કૌશાંબીને સામેથી જ શત્રુના હાથમાં સોંપી દીધી છે. પણ યુદ્ધમાં વિજય મળતાં પ્રજાની આ ભ્રમણા ભાંગી ગઈ. કેમ કે આ આખું યુદ્ધ ઊભું કરનાર અને યુદ્ધને વિજયપંથે દોરી જનાર સેનાપતિ જ છે. સિંહની જેમ ગાજતા પાંચાલપતિને મહાબાહુના શૂરવીર સંતાન

સુદર્શને અને રાજવધૂ વાસવદત્તાના પરાક્રમશાલી બંધુઓ ગોપાલ-પાલે એ યુદ્ધમાં જે રીતે સિંહને સસલું બનાવી દીધો અને કૌશાંબીમાંથી જ નહિ, આલોકમાંથી જે રીતે ભગાડી મૂક્યો, એ પરાક્રમ તો જે સાક્ષી બન્યા હોય, એ જ માણી શકે ! સુદર્શન વિરાટ સૈન્ય સાથે ઝઝૂમ્યા, તો ગોપાલ અને પાલે અનલગિરિ નામના ગજરત્નની સાથે પાંચાલપતિનું પાણી ઉતારી દીધું. પાંચાલપતિનો નાનો ભાઈ મરાતાં જ પાંચાલપતિનો ભૂંડાહાલે જે પરાજય થયો, એણે કૌશાંબીના કીર્તિધ્વજને ગગનગામી બનાવ્યો. અંતે પાંચાલપતિના પ્રાણપંખેરુંઓને ઊડાડી મૂકીને એ યુદ્ધ સમાપ્ત થયું અને તરત જ આપને વધામણી આપવા હું નીકળી ગયો. સેનાપતિ પણ અહીં આવવા પ્રયાણ કરી જ ચૂક્યા છે, તેઓ થોડા જ દિવસમાં અહી આવી પહોંચશે.

વત્સરાજ હજી આ યુદ્ધવાર્તા લંબાય, એમ ઇચ્છતા હતા એથી એમણે યુદ્ધના સૂત્રધાર સુદર્શન પાસેથી પણ યુદ્ધના સમાચાર જાણવાની ઇચ્છા દર્શાવી. કૌશાંબીનો વિજય જાહેર થતા જ રાજદૂત પવનને લઈને સુદર્શન આવી ગયો હતો. એણે પણ સાક્ષાત વીરરસ વહાવીને યુદ્ધનું વર્ણન કર્યું : યુદ્ધની આ વાતો પદ્માવતીના મુખે જ્યારે વિપ્રસુતાએ સાંભળી, ત્યારે એના આનંદનો તો કોઈ પાર જ ન રહ્યો. એણે કહ્યું : સખી ! તું પુણ્યશાળી છે, જેથી તારા પગલે પગલે આ રીતે વત્સરાજ સર્વતોસમૃદ્ધ બની રહ્યા છે. વળી તારા જેવી પુણ્યશાળી સખીને પામીને હું પણ ધન્ય બની ગઈ છું. મારા સ્વામીનાથ પરદેશ સિધાવ્યા છે, એમની ખોટ તો કઈ રીતે પૂર્ણ થાય ? આમ છતાં તારું સાંનિધ્ય પામીને મેં જે સહારો મેળવ્યો છે, એનું તો વર્ણન જ થાય એમ નથી.

આમ, પદ્માવતીના સંગે વિપ્રપુત્રી અને એના સંગે પદ્માવતી અનેરી પ્રસન્નતા અને હૂંફ અનુભવી રહ્યાં હતાં, પણ રંગમાં ભંગ પાડતા પેલા વિપ્રદેવ બે ત્રણ દિવસ બાદ એકાએક જ આવીને ઊભા રહી ગયા. કાંચનમાલાની સાથે એ પદ્માવતી સમક્ષ હાજર થયા.

પોતાની થાપણની ઉઘરાણી કરતાં એમણે કહ્યું : દેવી પદ્માવતી ! મારું બધું કાર્ય પૂર્ણ થઈ જતા હું મારી થાપણ લેવા પાછો આવ્યો છું. તમારા બધા સમાચાર સાંભળીને મેં અપાર આનંદ અનુભવ્યો છે. હવે તમે એવી શુભકામના વ્યક્ત કરો કે, મારી પુત્રી પણ હવે વહેલી તકે આવા આનંદને અનુભવનારી બને !

આટલી ભૂમિકા પરથી પદ્માવતીને બધો જ ખ્યાલ આવી ગયો. વિપ્રસુતાનો વિયોગ વેઠવા એ કાયર હતી, પણ પારકી થાપણ સોંપવી જ પડે ને ? એણે કહ્યું : વિપ્રદેવ ! સજ્જન અને સ્નેહીનો સંયોગ લાંબા કાળ સુધી નખરાળ-વિધિ ટકવા દેતી નથી. વિપ્રસુતા પારકી થાપણ છે, એથી વધુ તો શું કહી શકું ? પણ આ થાપણ તમને પાછી સોંપતાં હું મારું કાળજું સોંપી રહી હોઉં, એવી અનુભૂતિ થાય છે. શુભેચ્છા અને શુભાશીર્વાદ આપવાનો અધિકાર તો આપના જેવા વિપ્રદેવનો જ હોઈ શકે. એથી હું તો મારી આ પ્રિયસખી માટે પ્રભુને એટલી જ પ્રાર્થના કરતી રહીશ કે, મારા કરતાં પણ આનો સૌભાગ્ય-સૂર્ય સવાંયા પ્રકાશે પ્રકાશી ઊઠે !

વિપ્રસુતાને સોંપતાં સોંપતાં પદ્માવતી ખિન્ન બની ગઈ. વિપ્રસુતાને લઈને વિપ્રદેવ તરત જ ગામ બહાર જતા રહ્યા. પદ્માવતીને માટે વિપ્રસુતાનું આગમન એક સત્ય હતું, પણ આ રીતે નિર્ગમન તો જાણે એક દુઃસ્વપ્ન સમું સાબિત થયું. એણે નહોતું ધાર્યું કે, જ્યાં અમારી વચ્ચેનો સ્નેહ બરાબર સુદૃઢ બની રહેશે, ત્યાં જ રંગમાં ભંગ પાડતા વિપ્રદેવ પધારશે અને થાપણ લઈને ચાલતા થશે. પદ્માવતીની આસપાસ જામેલા રહેતા સખીવૃંદમાંથી વ્યક્તિઓ તો માત્ર બે જ વિપ્રસુતા અને કાંચનમાલા વિદાય થઈ હતી. પણ આ વિદાયથી જાણે આખું સખીવૃંદ વેરવિખેર થઈ ગયું હોય, એવી લાગણી એનાથી અનુભવાઈ રહી !

સુખના દિવસો લાંબા હોય, તોય ટૂંકા ભાસતા હોય છે, દુઃખના દિવસો ટૂંકા હોય, તોય અતિદીર્ઘ લાગતા હોય છે. આ સચ્ચાઈનો

વત્સરાજને સારામાં સારો અનુભવ, કૌશાંબીના પરિત્યાગથી પ્રારંભીને પદ્માવતીની પ્રાપ્તિ સુધીના દિવસો દરમિયાન થવા પામ્યો હતો. પદ્માવતીના સંગે તેઓ જાણે સાક્ષાત્ સ્વર્ગ-વિહારી બની જતા, તો વાસવદત્તાની સ્મૃતિ એમને એ સ્વર્ગમાંથી પટકીને એવી ભૂમિ પર સ્થિર કરતી કે, જ્યાં વાસવદત્તાના કશા જ સમાચાર કે કશી જ ખબરઅંતર ઉપલબ્ધ ન હોય ! આમ ને આમ થોડા દિવસો પસાર થઈ ગયા બાદ વત્સરાજ એ સ્વર્ગલોકમાંથી એ રીતે પટકાયા કે, એ પછડાટ જીવલેણ બની જવા સુધીનો વિપાક આણનારી બની રહે, એમ લાગ્યું.

એક દિ' તો વાસવદત્તાની સ્મૃતિ એટલી બધી ઘેરી બની કે, એ ઘેરાશ અંતરનાં પડ ભેદીને વત્સરાજના ચહેરા પર ઊપસી આવી, સદા સુપ્રસન્ન રહેતા એ ચહેરા પરની ચિંતા પકડી પાડીને પદ્માવતીએ પૂછ્યું : સ્વામી ! અપ્રસન્ન થવાનું એકે કારણ અહીં ઉપસ્થિત હોય, એમ મને તો જણાતું નથી અને આપ અકારણ તો પ્રસન્ન બનો જ નહિ, માટે હું એ જાણવા ઇચ્છું છું કે, આપની આ પ્રસન્નતા કોને આભારી છે ?

'વાસવદત્તાને !' આટલા જ શબ્દો જીભના અગ્રભાવે આવી તો ગયા, પણ વત્સરાજે એને ધક્કો મારીને અંદર ધકેલી દીધા. જોકે પદ્માવતી સમક્ષ વાસવદત્તાની વાત રજૂ કરીને એઓ દિલ ખોલવા તો માંગતા હતા. છતાં હજી એ તક આવી હોય, એમ એમને જણાતું ન હતું એથી આડીઆવળી વાતો કરીને આ પ્રશ્ન ટાળવા એમણે પ્રયાસ તો ઘણો કર્યો, પણ પદ્માવતીએ તો જાણે હઠ જ લીધી હોય, તેમ એ આ પ્રશ્નને જ્યારે દોહરાવતી જ રહી, ત્યારે વત્સરાજને અંતે જવાબમાં કહેવું પડ્યું કે, વાસવદત્તાને !

વત્સરાજનો જવાબ ટૂંકો જ હતો. આ સિવાયનો એક અક્ષર પણ એઓ બોલ્યા નહોતા. છતાં પદ્માવતીના દિલને પોતાનાં જવાબથી જે આઘાત લાગ્યો, એ વત્સરાજ કળી ગયા એથી આ વાત પર પડદો પાડીને એમણે બીજી બીજી વાતોમાં જ સમય પસાર કરી નાંખ્યો અને

પદ્માવતીએ એમાં રસ પણ લીધો. છતાં વત્સરાજને ખ્યાલ આવી ગયો કે, વાસવદત્તાનું નામ સાંભળીને પદ્માવતીએ જે જબરો આઘાત અનુભવ્યો છે, એ આઘાતના ઘા જલદી તો નહિ જ રુઝાય !

આનું જ નામ સંસાર અને આનું જ નામ મનનું વૈચિત્ર્ય ! વાસવદત્તાના સ્મરણે વત્સરાજ પળ પૂર્વેની પ્રસન્નતા ગુમાવી બેઠા, તો પોતાની હાજરીમાં પણ સ્વામીનાથને જેની સ્મૃતિ સતાવતી હતી, એ વાસવદત્તાનું નામ સ્વમુખે સાંભળીને પદ્માવતી પણ ઈર્ષ્યાજનિત આગનો તાપ વેઠી રહી ! એને ક્યાં ખબર હતી કે, જે વિપ્રસુતાએ પોતાના મનનો કબજો લઈ લીધો હતો અને જેને વિદાય આપતા પોતે વિષાદગ્રસ્ત બની ગઈ હતી, એ વિપ્રસુતા જ વાસવદત્તા હતી. આ રહસ્ય અજ્ઞાત હોવાથી પદ્માવતીને એવી ઈર્ષ્યા બાળી રહી કે, વાસવદત્તા કરતા હું કઈ વાતે કમ હોઈશ કે, જેથી મારી હાજરીમાંય સ્વામીને વાસવદત્તાની સ્મૃતિ સતાવતી રહે ? શું મારા કરતાં એની રૂપ-સૌન્દર્યની સમૃદ્ધિ વધુ મહાન હશે ?

પદ્માવતીની આવી અપ્રસન્નતા દિવસે દિવસે વધી રહી અને આ કારણે પણ વત્સરાજ ઉદાયનને વાસવદત્તા વધુ યાદ આવવા માંડી. આનો વિપાક અંતે એવો આવ્યો કે, જેની ખુદ વત્સરાજને પણ કલ્પના નહોતી, ત્યારે વસંતકને તો એની કલ્પના હોય જ ક્યાંથી ?

વાસવદત્તાના કોઈ ખતખબર નહોતા અને પદ્માવતી પ્રસન્નતા ગુમાવી બેઠી હતી. આ બે તરફની ચિંતાથી ઘેરાયેલા વત્સરાજે અંતે કિંકર્તવ્યમૂઢ બનીને એક દહાડો વગર વિચાર્યે વિચિત્ર નિર્ણય લઈ લીધો અને એમણે વસંતકને કહ્યું કે, વસંતક ! વાસવદત્તાનો પડછાયો કે ઓછાયો પણ જોવા મળે, એવી કોઈ જ શક્યતા જણાતી નથી, બીજી તરફ પદ્માવતી પણ મારાથી વિમુખ બની ગઈ છે. એથી આવા જીવન-બોજને એક મજૂરની જેમ વેંઢારવાનો કોઈ જ અર્થ નથી. હવે મૃત્યુને વરવા સિવાય બીજો કોઈ માર્ગ મારા દૃષ્ટિપથમાં આવતો નથી.

માટે આપણે એ જ ગિરિશિખર પર જવાનું છે, ત્યાં યુગાદિનાથ અને ગોમુખ-યક્ષનાં દર્શન કરીને હું મૃત્યુપથનો મુસાફર બનવા ઈચ્છું છું. આ મારો નક્કી નિરધાર છે.

વત્સરાજની આ વાત સાંભળીને એકદમ આઘાત અનુભવતાં વસંતકે એમને સમજાવવામાં કશું બાકી ન રાખ્યું. ગોમુખ-યક્ષના વચન પર વિશ્વાસ રાખવાની વાત પણ જ્યારે વત્સરાજે ધ્યાનમાં ન લીધી અને મોતનો માર્ગ અપનાવી લેવાની જીદને એઓ વળગી જ રહ્યા, ત્યારે વસંતકને પણ મૌન થઈ જવું પડ્યું. કિંકર્તવ્ય મૂઢ બની ગયેલા એના મનમાં વિચારનો એક ઝબકાર જાગી ગયો કે, જો કાં...ચ...ન...માલા...

— ● —

'વિપ્રસુતા' વાસવદત્તાનું જ નામાન્તર હતું અને એ 'વિપ્રદેવ' ખુદ મંત્રીશ્વર યૌગંધર જ હતા. કૌશાંબીના અંતઃપુરમાં આગ લગાડવાનું કાવતરું રચીને એ જાતે બચી ગયા હતા ને વાસવદત્તા-કાંચનમાલાને પણ એમણે બચાવી લીધી હતી. એક મોટા લાભને આંખ સામે રાખીને એમણે રહસ્યભરી એક રમત વિચારી હતી. એ મુજબ પદ્માવતીને ત્યાં થાપણ રૂપે સાચવવા વાસવદત્તાને સોંપીને એમણે ઉજ્જયિનીનો રાહ પકડ્યો હતો. ત્યાં જઈને પાલ-ગોપાલને કૌશાંબીની રક્ષા કાજે સૈન્ય સાથે પ્રયાણ કરવા પ્રોત્સાહિત બનાવનાર તેઓ જ હતા. યોગિની શંકરા દ્વારા ચિત્રપટના માધ્યમે પદ્માવતીને વત્સરાજ પર મોહિત બનાવવા પાછળ પણ એમનો જ હાથ હતો. આમ, એમની ધારણા મુજબ એક પછી એક પાસા સવળા સીધા પડતા ગયા હતા, એથી હવે પદ્માવતી પાસેની થાપણ મેળવી લઈને એઓ વાસવદત્તાને પ્રગટ રૂપે વત્સરાજ સમક્ષ હાજર કરવા માંગતા હતા એથી પદ્માવતીથી છૂટા પડીને એઓ જ્યાં ગામ બહાર પહોંચ્યા, ત્યાં જ વાસવદત્તાને એમણે કહ્યું : દેવી ! મેં તમને ખૂબ ખૂબ કષ્ટ પહોંચાડ્યું, એની સૌ પ્રથમ ક્ષમા ચાહું છું. મને

આનંદ એ વાતનો છે કે, મારી ધારણા મુજબ યોજના સફળતાના માર્ગે છે. સિદ્ધિનું શિખર હવે તો સામે જ દેખાય છે.

આ સાંભળીને વાસવદત્તા ગુસ્સે ભરાઈ ગઈ. પદ્માવતીને પોતાની શોક્ય બનાવનાર યૌગંધરમાં એને પોતાના શત્રુનું દર્શન થઈ રહ્યું હતું એથી એણે છણકો કરીને ક્રોધથી લાલઘૂમ બનેલી આંખે કહ્યું : મંત્રીશ્વર ! તમારી આવી મીઠી વાતો મારે હવે જરાય સાંભળવી નથી. મેં તમારું શું બગાડ્યું હતું કે, મને સામેથી જ શોક્યના પનારે પાડવાનું આવું કાવતરું તમે ઘડ્યું ! આ તમારા કાવતરાના ભોગ બનીને સ્વામીનાથને પણ કેટકેટલું કષ્ટ વેઠવું પડ્યું. આવું ક્રૂર કાવતરું ઘડીને તમે હવે પાછા ક્ષમા ચાહો છો, એ તો નાક કાપીને મુલાયમ પાટો બાંધવા જેવી નફ્ફટાઈ નહિ તો બીજું શું ગણાય ? પદ્માવતીને ઘરમાં ઘાલીને તમે અમારા સુખી સંસારમાં આગ ચાંપવાની જ બેવફાઈ કરી છે, એને હું તો ક્યારેય માફ નહિ કરી શકું. આખી જિંદગી સુધી તમે કૌશાંબીની સેવા કરી, એથી કંઈ હવે ઘડપણે ધોળામાં ધૂળ નાખવા જેવી આવી બેવફાઈ કરવાનો પરવાનો તમને મળી જતો નથી. મને એમ થાય છે કે, મેં તમારી પર વિશ્વાસ રાખીને ભયંકર ભૂલ કરી છે. આગ લગાડવાનો તમારો પ્રયોગ મેં માન્ય જ ન રાખ્યો હોત, તો સ્વામીનાથને જે કંઈ સહન કરવાનો વારો આવ્યો, એ આવત ખરો ? તો શોક્યનો પ્રવેશ પણ મારા સંસારમાં શક્ય બનત ખરો ?

વાસવદત્તાનું બોલવાનું ખૂટે એમ ન હતું. એ હજી ઘણું ઘણું સંભળાવી દેવાની તોરમાં હતી, એથી યૌગંધરે ઔચિત્યનો ભંગ કરીનેય કહ્યું : દેવી ! મારી એક વાત સાંભળશો ખરા ?

વાસવદત્તાએ ગુસ્સાથી પગ પછાડતાં કહ્યું : તમે તો મારા સુખી સંસારને સળગાવવા જ બેઠા હતા ! શું તમારી વાત સાંભળે ! હા. બોલો, તમારા બચાવમાં તમારે શું બોલવાનું છે ?

યૌગંધરે કહ્યું : દેવી ! એક નૈમિત્તિક દ્વારા મેં સાંભળ્યું હતું કે, પદ્માવતીનો જે સ્વામી બનશે,એ સાર્વભૌમ સમ્રાટ બનવામાં સફળતા પામશે. બસ, આ એક મહાન લાભને જ નજર સામે રાખીને મેં આ આખું કાવતરું ઘડી કાઢ્યું હતું. મને એવો લોભ જાગ્યો કે, પદ્માવતીના સ્વામી બનવા માત્રથી જ કૌશાંબીપતિના કંઠે જો સાર્વભૌમ સમ્રાટ તરીકેનું સર્વોત્કૃષ્ટ સૌભાગ્ય સ્વયંવર બનીને વરવા આવતું હોય, તો મારે છળકપટનો આશ્રય લઈને પણ પદ્માવતીનો સંબંધ શા માટે જોડી ન આપવો ! આ જ એક શુભાશયથી મેં આ બધી માયાજાળ રચી છે. મને વિશ્વાસ છે કે, આપ હવે મારી મરજી મુજબ છેલ્લો દાવ નાખવામાં સહકાર આપશો જ, તો મારી યોજના આબાદ સફળ બની જશે, દેવી ! આટલું બધું સહન કરીને સાગર તરી જવા જેવી જે સિદ્ધિ હાંસલ કરી છે, એ સિદ્ધિને હવે એક નાનાકડું ખાબોચિયું ઓળંગવાનો ઈન્કાર કરી દઈને શા માટે ધૂળમાં મેળવવા માંગો છો !

'એટલે શું મને શોક્યની સગડીમાં સતત સળગતી રાખીને તમે આવી સિદ્ધિ મેળવવા માંગો છો ? ધૂળમાં જાય એ સિદ્ધિ અને તેલ પીવા જાય એ સાર્વભૌમત્વ ! જ્યાં મારું એકછત્રી સામ્રાજ્ય ઝૂંટવાઈ જતું હોય, ત્યાં આવી સિદ્ધિને શું બાળવી હતી ! મંત્રીશ્વર ! તમે મને ખોટે રસ્તે ખેંચી ન જાવ. હવે મારે તમારી એકે વાત સાંભળવી નથી. મારો તો એ અફર નિર્ણય છે કે, શોક્યવિહોણા સ્વામીનાથ મને આ જન્મમાં પ્રાપ્ત થાય, એ જ્યારે શક્ય જ નથી, ત્યારે પરભવમાં પણ આ રીતના સ્વામીનાથની પ્રાપ્તિ સુલભ બને, એ માટે અગ્નિદેવને સમર્પિત બની જવું !

વાસવદત્તાનો આ નિર્ણય એવા રણકાર સાથે મોંમાંથી બહાર રેલાયો કે, મંત્રીશ્વરને એમ થઈ ગયું કે, આમાં ક્રોધાવેશ જ ભળ્યો નથી, આમાં મિથ્યા માન્યતા પણ મોટી માત્રામાં ભળી છે, એથી વાસવદત્તાને સમજાવવી મુશ્કેલ ગણાય ! છતાં છેલ્લો પ્રયત્ન કરતાં

એમણે કહ્યું : દેવી ! હું આ શું સાંભળી રહ્યો છું? જો આપ આ નિર્ણયને વળગી જ રહેશો, તો દુષ્ટો અને દુર્જનોના મનોરથો સફળ બનશે અને મારા જેવાની ભાવનાઓના ભુક્કા બોલાઈ જશે. માટે કંઈક સમજો અને મને મારી રહસ્યભરી રમત પૂરી રમી લેવા દો, તો તમારો મોટો આભાર ! વૈદ્ય કડવી દવા પાય, તોય એ હિતકારી જ ગણાતો હોય છે.

લગભગ એક વર્ષ જેટલા સમયથી મંત્રી યૌગંધર રહસ્યભરી જે રમત રમી રહ્યા હતા અને જેમાં ધાર્યા મુજબની સફળતા પણ હાંસલ કરી રહ્યા હતા, એ સફળતાને નિષ્ફળતામાં પલટાઈ જતી જોવા યૌગંધર હરગીઝ તૈયાર ન હતા અને વાસવદત્તા પોતાની હઠ પકડીને બેસી ગઈ હતી, ટસથી મસ થવા એ તૈયાર ન હતી, એથી છેલ્લી વાત મૂકતાં મંત્રીએ કહ્યું : દેવી ! જો આપ નહિ જ સમજો, તો મારું આજ સુધીનું કર્યું-કરાવ્યું ધૂળધાણી થઈ જશે અને તો આપની જેમ મારા માટે પણ મરણનું જ શરણ સ્વીકારવું ફરજિયાત થઈ પડશે !

વાસવદત્તાએ કહ્યું : તો તો વધુ સુંદર ! ચાલો, ચાલો આપણે બંને સ્વામીનાથની સાધના દ્વારા પાવન બનેલી એ ગિરિભોમ તરફ જ જઈએ અને ત્યાંથી મૃત્યુનું શરણ સ્વીકારી લઈએ !

સ્નેહાવેશ અને ક્રોધાવેશ : આ બંને આવેશોને એવી અવિચારિતા વરી હોય છે કે, જે કાંઠે આવેલી નૈયાનેય ડુબાડી દે, વત્સરાજ ઉદાયન, વાસવદત્તા અને મંત્રી યૌગંધર : આ ત્રણે આ જાતની અવિચારિતાના શિકાર બનીને એ જ ગિરિભોમ તરફ જુદા જુદા માર્ગે મૃત્યુને વરવા ચાલી નીકળ્યા અને યૌગંધરની રહસ્યભરી રમત એક કરુણાંતિકા ભણી ધકેલાવા માંડી ! કાંચનમાલા પણ રડતી આંખે સ્વામિની વાસવદત્તા સાથે જોડાઈ. એના મનમાં એક કિરણ હજી ટગમગતું હતું કે, જો વ....સં...ત...ક...

• • •

## ૨૩

# ચિતાના ચોતરે સ્વજનોનો સમાગમ

**અ**ઘટિતને જે સુઘટિત બનાવી દે અને સુઘટિત જણાતું હોય, એને જે વિઘટિત કરી નાંખે, એનું જ નામ વિધિ ! વિધિ એટલે ભાગ્ય-નસીબ. વિધિનાં વિધાનો અજબગજબના અને અકળવિકળ હોય છે. વિધિ કદીક એવા ચિત્રવિચિત્ર ખેલ ખેલતી હોય છે કે, દુઃખાંતક જણાતું ચિત્ર કદીક એકાએક સુખમય બની જાય ને કદીક સુખમય ચિત્રને એકાએક જ દુઃખમયતા ઘેરી વળે !

કોણે એવું કલ્પ્યું હતું કે, વત્સરાજ ઉદાયનના જીવનમાં વાસવદત્તાનો વિયોગ થશે ? આ વિયોગમાં પણ મંત્રી યૌગંધર શુભાશયથી પ્રવર્તિત થશે અને એમની રહસ્યભરી રમત એવી કટોકટીની સર્જક બની

રહેશે કે, જેથી ખુદ પોતાનો, વત્સરાજનો અને વાસવદત્તાનો પ્રાણ પણ જોખમમાં મુકાઈ જાય ! આ બધી જ મગજમાં ન ઊતરે, એવી સંભાવનાઓ હતી, છતાં એ એક નગ્ન સત્ય રૂપે નજર સમક્ષ પ્રત્યક્ષ થઈ રહી હતી, જોકે આડી રાત એની શી વાત ! આ કહેવત આશ્વાસન રુપ જરૂર હતી. છતાં અત્યારે તો આ બધી સંભાવનાઓ સત્ય બનવા જ જાણે દોડી રહી હોય, એમ જણાતું હતું.

હા, એક વાત ચોક્કસ હતી કે, જો વસંતક અને કાંચનમાલાનો ક્યાંકથી ભેટો થઈ જાય, તો બગડેલી બાજી પલટાઈ જાય, એ શક્ય હતું. કેમ કે વત્સરાજ અને વાસવદત્તાની વચ્ચે જે પડદો હતો, એને હટાવી શકવા તો એ બે જ સમર્થ હતા અને હજારો હતાશાઓને હટાવી-હડસેલીને એક આશાકિરણ પ્રકાશી ઊઠ્યું. વત્સરાજ પણ ગોમુખયક્ષથી અધિષ્ઠિત એ ગિરિ તરફ ચાલી નીકળ્યા હતા, બીજી તરફ વાસવદત્તાએ પણ આ જ ગિરિ તરફ પ્રયાણ આરંભ્યું હતું. કોઈ કટોકટી ઊભી થાય, તો મળવાના સંકેત રૂપે નિશ્ચિત ઠરાવેલા સ્થાને, વત્સરાજ અને વાસવદત્તાને અંધારામાં રાખીને વસંતક અને કાંચનમાલા ભેગાં થઈ ગયાં. અધ્ધર શ્વાસે કાંચનમાલાએ વસંતકને કહ્યું કે, અણધારી કટોકટી ઊભી થઈ છે અને દેવી વાસવદત્તા આત્મવિલોપન કરવા એ ગિરિ તરફ પ્રયાણ કરી ચૂકી છે. દેવીને દુઃખ એ વાતનું જ છે કે, યૌગંધરે વિશ્વાસઘાત કરીને પોતાને 'શોક્ય-શોક'ના ખાડામાં પટકી દીધી છે અને દેવના દિલમાં પદ્માવતીએ એ રીતનું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જેમાં પોતાને પ્રવેશ જ મળી ન શકે ! એથી યૌગંધરની એક વાત પણ સ્વીકારવા હવે દેવી તૈયાર ન હોવાથી, દેવીની સાથે યૌગંધરે પણ આત્મવિલોપનનો માર્ગ અખત્યાર કરવાની તૈયારી કરી લીધી છે. આવી કટોકટી તો જ ઉકેલાઈ જાય, જો વત્સરાજ એક વાર દેવીને દર્શન દઈ જાય ! તો ભ્રમણાની ભીંતને પડી ભાંગતાં પળનીય વાર ન લાગે !

કાંચનમાલાની આ વાત સાંભળીને વસંતકે કાંચનમાલાને કહ્યું : દેવના જીવનમાં પણ આવી જ કટોકટી સર્જાઈ છે, વત્સરાજ પણ આત્મવિલોપન કરવા એ ગિરિમાર્ગે પ્રયાણ કરી ચૂક્યા છે. એમને દુઃખ એ વાતનું છે કે, વાસવદત્તાના કશા જ સમાચાર નથી અને વાસવદત્તાનું પોતાના હૈયામાં જે અમિટ સ્થાનમાન છે, એ પદ્માવતીને માટે અસહ્ય બન્યું હોવાથી પદ્માવતી પણ અપ્રસન્ન બની છે. આવી પરિસ્થિતિ અસહ્ય બનતાં સ્વામી આત્મવિલોપનનો માર્ગ લેવા તૈયાર થયા છે. આમ, બંને તરફ એકસરખી જ કટોકટી ઊભી થઈ છે, એથી અત્યારે તો સમજાવટનો માર્ગ લેવાનો કોઈ જ અર્થ જણાતો નથી. પણ દેવી વાસવદત્તા જો થોડી વિલંબિત થાય તેમજ દૈવયોગે એ ગિરિશિખરે જો દેવ અને દેવીનો ભેટો થઈ જાય, તો કદાચ આખી બાજી પલટાઈ જાય ! માટે તમે કોઈ પણ હિસાબે આત્મવિલોપનનો માર્ગ સ્વીકારવામાં દેવીને વિલંબ થાય, એવી ગોઠવણ કરો. જો ભાગ્ય જાગતું હશે, તો તો બાજી સુધરી જશે. બાકી હાલનું દુર્ભાગ્ય તો બંનેને સર્વનાશ તરફ ઝંઝાવાતી ઝડપે દોડાવી જ રહ્યું છે, જેના મૂક સાક્ષી બનવા સિવાય બીજો કોઈ ઉપાય પણ જણાતો નથી.

વસંતક ને કાંચનમાલા તરેહતરેહના વિચારોની વ્યગ્રતા સાથે છૂટાં પડ્યાં. વાસવદત્તા ગિરિમાર્ગે ચાલી નીકળી હતી. કાંચનમાલા છૂપી રીતે છૂટી પડી હતી, એ મુજબ છૂપી રીતે પાછી વાસવદત્તાની સાથે જોડાઈ ગઈ. એ જે માર્ગે જઈ રહી હતી, એ મૃત્યુમાર્ગ જ એવો હતો કે, જેમાં વિનોદી વાર્તાલાપ કે ટોળ-ટપ્પાંને જરાય અવકાશ જ ન હોય ! એથી ગમગીનીભર્યા મૌનપૂર્વક સૌ આગળ વધી રહ્યાં. જ્યાં પેલો ગિરિપ્રદેશ આવ્યો, ત્યાં જ કાળવિલંબ કરાવવા કાંચનમાલાએ દેવીને કહ્યું : સ્વામિની ! સામે દેખાય છે, એ ગિરિની ટોચે ભગવાનશ્રી યુગાદિનાથનું મંદિર આવેલું છે. વિચરતા પ્રભુ આ ગિરિ પર પધાર્યા હોવાની જનશ્રુતિ તદ્દન સાચી છે. વિદ્યાધરો આ ભૂમિ પર સાધના

કરીને સિદ્ધિ મેળવતા હોય છે. વળી સ્વામી વત્સરાજે પણ અહીં ઠીક ઠીક સાધના કરી છે. માટે આપણે યુગાદિનાથનાં દર્શન તો કરવાં જ જોઈએ.

વાસવદત્તા તો હવે મોતને વરવા અધીરી બની હતી. પણ સખીની છેલ્લી આ વિનંતીને અમાન્ય કરતાં એનો જીવ ન ચાલ્યો એથી એણે સખીની વિનંતી સ્વીકારી લીધી. થોડાંક જ પગથિયાં વટાવીને સૌ મંદિરના પ્રાંગણમાં જઈ ઊભા. જીવ-જીવનનું પ્રેરક બને એવું મંદિરનું વાતાવરણ હતું, પરંતુ મરવાનો નિશ્ચય કરી બેઠેલા વાસવદત્તા-યૌગંધર પર એ વાતાવરણની કોઈ અસર ન થાય, એ પણ કોઈ આશ્ચર્યજનક બાબત ન હતી એથી એઓ દર્શન કરીને ગિરિની નીચે ઊતરી ગયાં. ગિરિ-તળેટીનો એ પ્રદેશ વાસવદત્તાને આત્મવિલોપન માટે ખૂબ જ ગમી ગયો.

વાસવદત્તાએ મંત્રી યૌગંધરને કહ્યું : અમાત્ય ! મરતાં મરતાં પણ મન-પ્રસન્નતા પામી શકાય, એવી આ ભૂમિ અગ્નિ-શય્યા માટે યોગ્ય જણાય છે. માટે હવે અહીં અગ્નિ-ચિતા રચાવો. યુગાદિનાથનાં દર્શન થયાં, સ્વામીનાથની સાધનાભૂમિની સ્પર્શના થઈ, પરભવમાં પણ આ જ સ્વામીનાથની પ્રાપ્તિ માટેની પ્રાર્થના કરતાં હૈયું ગદ્ગદ બની જવા પામ્યું ! બસ, હવે મૃત્યુને માણતાં પણ મોજનો અનુભવ થશે.

યૌગંધરે સમજાવવાનો છેવટનો એક પ્રયાસ કરી જોયો, પણ એમાં સફળતા સાંપડવી જ્યારે અશક્ય જ જણાઈ, ત્યારે એમણે ચિતા રચવાની તૈયારી કરાવી, કાંચનમાલા સમય લંબાવવા ઘણુંય ઇચ્છતી હતી, પણ હવે કોઈ એવું કારણ જડતું નહોતું કે, જેને આગળ કરીને એ વિલંબ કરાવી શકે. એને થયું કે, માણસ તો માત્ર મહેનત કરવાનો અને મનોરથો સેવવાનો જ અધિકારી છે. ફળશ્રુતિ તો પ્રારબ્ધાધીન જ ગણાય.

વત્સરાજ ઉદાયન વહેલી તકે ગિરિભૂમિ પર પહોંચે, એવો વસંતકનો મનોરથ સફળ ન થયો. વત્સરાજને ગિરિભૂમિ પર આવતાં

થોડો વિલંબ થયો હોવાથી વસંતક એમ જ ઈચ્છતો હતો કે, હવે ત્વરાપૂર્વક શ્રી યુગાદિનાથ અને ગોમુખયક્ષનાં દર્શન કરીને વત્સરાજ બહાર આવી જાય તો સારું ! એની આ ઈચ્છા જરૂર સફળ થઈ અને વત્સરાજ અવિલંબે બહાર આવ્યા. એમણે તરત જ આજ્ઞા કરી કે, વસંતક ! આ જ સાધનાભૂમિ પર અહીં ને અહીં જ એક ચિતા રચાવ. જેથી આ સાધનાભૂમિ પર જ પ્રસન્નતાથી મોતને ભેટી શકું !

વસંતકે આજુબાજુ નજર કરી લીધી હતી અને એ પણ જોઈ લીધું હતું કે, તળેટીના ભાગમાં કોઈ ચિતા જલી ઊઠવાની તૈયારીમાં જ છે. નીચે વાસવદત્તાની જ ચિતા તૈયાર થઈ રહી હશે ? સ્વામીને અવિલંબે ત્યાં પહોંચાડવાની ધારણાથી વસંતકે કહ્યું : હું આપનો વફાદાર મિત્ર છું, એથી સુખમાં સુખની સમૃદ્ધિ ઉમેરવાની મારી ફરજ છે. પણ આપના દુઃખમાં દુઃખની વૃદ્ધિ તો મારાથી કેમ કરી શકાય ? એથી બીજી કોઈ આજ્ઞા હોય, તો ફરમાવો. ચિતા તૈયાર કરતાં તો મારો જીવ કઈ રીતે ચાલે ?

વસંતકની આ વાત સાંભળીને વત્સરાજને થઈ આવ્યું કે, જીવન જીવવું એ જ કંઈ દોહ્યલુ નથી ! મરવું પણ એટલું જ દોહ્યલું છે ! પણ મૃત્યુને ભેટવાની તાલાવેલી હવે પળનીય પ્રતીક્ષા કરવા તૈયાર ન હતી, એથી વત્સરાજે ચોમેર અવલોકન કરવા માંડ્યું, ત્યાં જ ગિરિના તળેટી પ્રદેશમાં કોઈ અગ્નિચિતા તૈયાર થતી હોય, એવું જણાતાં વત્સરાજ ખુશ થઈ ઊઠ્યા. એમણે વસંતકને કહ્યું : તું ચિતા ભલે ન પેટાવે, પણ મને ચિતા સુધી વળાવવા તો આવીશ ને ? મારું ભાગ્ય હજી જાગતું જ છે. જો નીચે ચિતા તૈયાર થઈ રહી છે. મને લાગે છે કે, વિધાતાએ મારા માટે જ આ અનુકૂળતા કરી આપી છે !

વત્સરાજ તરત જ ગિરિશિખર પરથી નીચે ઊતરી આવ્યા. જ્યાં ચિતા સળગી રહી હતી, ત્યાં એઓ જઈ પહોંચ્યા. એમણે જોયું, તો તળેટીમાં ચિતા જલી હતી અને આખો એ પ્રદેશ ધુમાડાથી એટલો

બધો વ્યાપ્ત થઈ ગયો હતો તે, એક બીજા એક બીજાની નજીક હોય, તોય આંખથી જોઈ શકવા અસમર્થ હતા.

વાસવદત્તા માટે જલાવાયેલી એ ચિતામાં ભીનાં લાકડાં ગોઠવાયાં હતાં, એથી એટલો બધો ધુમાડો ચોમેર છવાઈ ગયો હતો કે, એકબીજા એકબીજાને જોઈ શકે, એવી સ્થિતિ જ રહી નહોતી. આવા ધૂમ્રાંધકારભર્યા વાતાવરણમાં વાસવદત્તા અને યૌગંધરે ચિતામાં ઝંપલાવવાની વિધિ કરતા પૂર્વે ચિતાને પ્રદક્ષિણા દેવાનો પ્રારંભ કર્યો, ત્યાં જ વાસવદત્તાની આગળ વત્સરાજ ગોઠવાઈ જઈને પ્રદક્ષિણા ફરવા માંડ્યા. ધુમાડાથી બિડાઈ ગયેલી આંખો હોવાથી પોતાની પાછળ જ પ્રદક્ષિણા ફરી રહેલ વાસવદત્તા અને યૌગંધરને એઓ જોઈ જ ન શક્યાં.

વાસવદત્તાએ પોતાની આગળ ચાલતા એક પુરુષને પકડી પાડીને યૌગંધરને કહ્યું કે, આ પુરુષ વળી અહીં ક્યાંથી ટપકી પડ્યો ! પહેલાં આને દૂર કરો. પછી આપણે પ્રદક્ષિણા ફરીએ. આપણે તો કોઈથી અણસ્પર્શ્યા અગ્નિમાં પ્રવેશ કરવો છે, માટે અગ્નિને આ પુરુષ અપવિત્ર બનાવે, એ પૂર્વે જ એને દૂર ધકેલી દો.

યૌગંધરને પણ વાસવદત્તાની આ વાત વાજબી જણાતાં એમણે એ પુરુષને એટલે કે વત્સરાજ ઉદયનને દૂર હડસેલતાં કહ્યું : મારી આ પુત્રી પતિવિયોગ અસહ્ય થતાં બળી મરવા તૈયાર થઈ છે, એથી મેં પણ અગ્નિસ્નાનનો નિર્ણય લીધો છે. માટે અમારા આ નિર્ણયમાં તું બાધક ન બન. તું પણ કોઈ દુખિયારો જ જીવ લાગે છે. પણ તું આમ અમારા વચ્ચે ન આવ. તારે પણ જો મરવું જ હોય, તો તું બીજો કોઈ રસ્તો લઈ શકે છે.

વત્સરાજ ન તો પોતાની પાછળ ચાલતી વાસવદત્તાને ઓળખી શક્યા, ન તો યૌગંધર વત્સરાજને કે વત્સરાજ યૌગંધરને પિછાણી

શક્યા, એથી ચિતાને પ્રદક્ષિણા આપવાનું માંડી વાળીને અને બીજી કોઈ રીતે આત્મહત્યારા બનવાનું નક્કી કરીને વત્સરાજે નિસાસો નાખ્યો : ખરેખર હું કેટલો બધો દુર્ભાગી કે, મને માંગ્યું મોત પણ મળતું નથી ! ચિતા રચવાની ના પાડીને વસંતકે મારું મોત દૂર ઠેલ્યું, અહીં આવ્યો, તો અહીંથી પણ જાકારો મળી રહ્યો છે. મારા જેવો અભાગિયો બીજો કોણ હશે ?

આમ પોતાના કપાળને કૂટતા વત્સરાજે અન્યત્ર જવા દોટ મૂકી, ત્યાં જ વસંતકે એમને ઝાલી લઈને કહ્યું : આપ ભલે મોતને મળવા થનગનતા હો, પણ મોત આપને મળવા માંગતું નથી. શું આપ આપની પાછળ પાછળ પ્રદક્ષિણા ફરતી વાસવદત્તાને પણ ન ઓળખી શક્યા ? આપની સાથે આટલી સ્પષ્ટ વાત કરનારા યૌગંધરને પણ આપ પિછાણી ન શક્યા ? ઓહ ! કેટલો બધો વિપર્યાસ ! આપ જ વાસવદત્તા પાછળ મોતને ભેટવા તૈયાર થયા છો, એવું નથી વાસવદત્તા પણ આપની ખાતર આ ચિતામાં કૂદી પડવા તૈયાર થઈ છે એથી યૌગંધરે પણ આત્મવિલોપનનો નિર્ણય લીધો છે. ઓહ ! કેવો આ યોગાનુયોગ ! મરવા માટે એકઠો થયેલો આ મેળો, હવે તો નવજીવનનો ઉત્સવ-મેળો બની રહેશે, એમ લાગે છે !

વસંતકની આ વાત સાંભળીને વત્સરાજ તો ગાંડઘેલા બની ગયા. કાંચનમાલાએ પણ જ્યારે આ જ વાતને સમર્થન આપ્યું, ત્યારે વાસવદત્તા અને યૌગંધરની આંખ જાણે આશ્ચર્યથી પહોળી બની ગઈ. સૌની આંખોમાંથી હર્ષાશ્રુની મુશળધારા વહી નીકળી, એ ધારાએ એ ચિતાને ક્ષણવારમાં જ ઠારી દીધી અને ચિતાનો એ ચોતરો જાણે સ્નેહીઓના સમાગમ-સંગમ માટેનો મંડપ બની રહ્યો. એ મંડપ તળે એકઠા થયેલા વત્સરાજ ઉદાયન, વાસવદત્તા, મંત્રી યૌગંધર અને વસંતક-કાંચનમાલા આદિ સૌ અચાનક જ પલટાઈ ગયેલી બાજીને આશ્ચર્ય અને અહોભાવથી ભરી ભરી નજરે નિહાળી રહ્યા. સૌના

મુખ પર મૌન છવાયું હતું, પણ એ મૌન જ જાણે અંતરનો વાર્તાલાપ બની રહ્યું હતું, શું બોલવું, શું ન બોલવું, આ અંગે સૌ કોઈ જાણે મૂઢ બનીને એકબીજાનાં મોં નિહાળી રહ્યા. ત્યાં તો વસંતક ને કાંચનમાળા આગળ આવ્યા.

વસંતકે વત્સરાજને કહ્યું : રાજન્ ! આપ વાસવદત્તા ખાતર મોતને વહાલું કરવા માંગતા હતા, તો આ વાસવદત્તાએ પણ આપના જેવો જ નિર્ણય લઈ લીધો હતો.

કાંચનમાલાએ વાસવદત્તાને કહ્યું : દેવી ! આ એ જ વત્સરાજ છે, જેની પરભવમાં પ્રાપ્તિ થાય, એ માટે આપ અગ્નિને સમર્પિત થઈ જવા તૈયાર હતાં. આ વાત ચાલતી હતી, એટલામાં તો ત્યાં પદ્માવતી અને મહાબાહુ-સુદર્શન વગેરે પરિવાર આવી પહોંચ્યો. એમને ક્યાંકથી અગ્નિસ્નાનના સમાચાર મળતા જ એ બધા એકી શ્વાસે આવી પહોંચ્યા હતા. એમને જોઈને વળી એ આનંદ અનેક ગણો વૃદ્ધિ પામ્યો. ચંપકમાલા પણ ત્યાં આવી ચૂકી હતી, એણે પદ્માવતીને કહ્યું કે, આ વાસવદત્તાને અહીં આ રીતે જોઈને આપની આંખમાં આશ્ચર્ય સમાતું નથી, માટે રહસ્યનો પડદો દૂર કરીને મારે આની ઓળખાણ આપવી હોય, તો મારે કહેવું જોઈએ કે, જે વિપ્રસુતાને આપે સખી તરીકે સહારો આપ્યો હતો, એ વિપ્રસુતા તો વાસવદત્તાનું જ રૂપાંતર હતું.

આ રહસ્ય-સ્ફોટ થતાં તો પદ્માવતીના આનંદનો પાર જ ન રહ્યો. એ વાસવદત્તાને એવી રીતે ભેટી પડી કે, વાસવદત્તા પણ પદ્માવતીની શોક્ય નહિ, સગી બહેન અને સ્નેહાળ સખી જેવું સ્વરૂપ નિહાળી રહી. આંખ આગળ છવાઈ ગયેલાં ભ્રમણાનાં જાળા આમ એક પછી એક છેદાવા લાગ્યાં, આ પછી નજર સમક્ષ જે દુનિયા-દર્શન થવા માંડ્યું, એ કોઈ અદ્ભુત અને અજોડ હતું. એ દર્શન સૌની આંખમાં અમૃતનું અંજન બન્યું. એથી અરસપરસ સૌ પોતપોતાની જ ભૂલને

કબૂલતા હાર્દિક ક્ષમાયાચના કરી રહ્યા અને જાણે સૌ પોતપોતાનો નવોજન્મ થયો હોય, એવી ખુશાલીમાં ખોવાઈ ગયા.

અધૂરામાં પૂરું કૌશાંબી-વિજયની વધામણી આપવા નીકળી ચૂકેલા સેનાપતિ પણ ભાગ્યજોગે ત્યાં આવી પહોંચ્યા અને એમણે વિજયની વધામણી સાથે વત્સરાજને કૌશાંબીમાં પધરામણી કરવા વીનવ્યા. આમ, ક્ષણ પૂર્વે જ્યાં મોતનો ઓથાર ફેલાયો હતો, ત્યાં ક્ષણ પછી જ નવજીવનનો ઉલ્લાસ નૃત્ય કરી રહ્યો. આવા વાતાવરણ વચ્ચે વત્સરાજ ઉદાયને કૌશાંબી તરફ પ્રયાણ આદર્યું અને ચિતાના ચોતરે એકાએક અને અણધાર્યા જ એકઠા થયેલા એ સ્વજનોનો સમાગમ મેળો પણ મહાલતો મહાલતો એ પ્રયાણમાં જોડાયો !

ચિતાના જે ચોતરે સ્વજનોનો સંગમ રચાયો હતો, એ ભૂમિથી કૌશાંબી કંઈ નજીક ન હતું ! એથી કૌશાંબી પહોંચતા અઠવાડિયું તો સહેજે થઈ જાય. પરંતુ સ્નેહભાવનો એવો મેળો રચાયો હતો અને સ્વપ્નેય જે સંભવિત નહોતું, એ બધું એ રીતે અણધાર્યું જ સંભવિત બની ગયું હતું કે, જેનો આનંદ અને જેનું આશ્ચર્ય કોઈના હૈયામાં સમાતું ન હતું એથી એ દીર્ઘ-પથ પણ વાર્તાલાપ અને અરસપરસની વીતક-કથા દ્વારા ખૂબ જ જલદી ખૂટી ગયો હોય, એમ સૌને જણાયું. વધુમાં કૌશાંબી અત્યંત ઝડપથી આવી ગયું હોય, એવું આશ્ચર્ય પણ સૌએ અનુભવ્યું.

કૌશાંબીમાં એ દહાડે આખો વત્સ દેશ જાણે અવતરિત થયો હોય, એવી ભારે ભીડ વચ્ચે વત્સરાજ ઉદાયનના પરિવારે નગર-પ્રવેશ કર્યો. સુણી સુણાઈ ઘણી વાતો કૌશાંબીએ સાંભળી હતી, એથી પ્રવેશ પછીના બીજા દિવસે આખી નગરી રાજવીના મુખે જ એમની વીતક સાંભળવા એકઠી થઈ અને રાજવીએ એક ભવમાં અનેક ભવના અનુભવોથી ભરપૂર એ વીતક જ્યારે કહી સંભળાવી, ત્યારે પ્રજાએ હર્ષશોકની જે લાગણીઓ અનુભવી, એ તો અદ્ભુત બની જવા પામી.

સુખમય સંસાર પાછો ખળખળ નાદે વહેવા લાગ્યો. વત્સરાજ ઉદાયને જેની કોઈ કલ્પના કરી ન હતી, એવી સુખમય સૃષ્ટિ એમના ચરણે આળોટવા માંડી. આમ છતાં જીવનના છેલ્લા દિવસોમાં સંસારનું જે નગ્નસ્વરૂપ નજરોનજર જોવા મળ્યું હતું, એથી ધર્મવાસિત બની ચૂકેલા વત્સરાજ હવે એ સુખોમાં લીન બની જઈને દુઃખોને આમંત્રણ આપવા માંગતા ન હતા, એથી સુખસમૃદ્ધિનું પ્રમાણ જેમ જેમ વૃદ્ધિંગત બનતું ચાલ્યું, એમ એમની ધર્મની વૃત્તિ-પ્રવૃત્તિ વધુ ને વધુ માત્રામાં વૃદ્ધિંગત બનતી ચાલી અને કર્મના જ નહિ, ધર્મના ક્ષેત્રેય સાર્વભૌમ-સમ્રાટ તરીકે વત્સરાજ વિખ્યાત થતા ગયા.

પુણ્ય જ્યારે જાગ્રત થાય છે અને ભાગ્ય જ્યારે પ્રકાશી ઊઠે છે, ત્યારે વાતાવરણ કેવું પલટાઈ જાય છે, એનો સાક્ષાત્કાર વત્સરાજ ડગલે ને પગલે અનુભવી રહ્યા. વાસવદત્તા અને પદ્માવતી જાણે સગી બહેનો જ ન હોય, એવા હેતપ્રીત સાથે હળીમળીને રહેવા દ્વારા વત્સરાજને કોઈ અનેરા આત્મતોષનો અનુભવ કરાવી રહી. વાસવદત્તાના બંધુઓ ગોપાલ અને પાલ સહિત રાજવી ચંડપ્રદ્યોત તરફથી પૂરતો સંતોષ વત્સરાજ અનુભવી રહ્યા. પદ્માવતીના પિતા મહાબાહુ અને એમનો પુત્ર સુદર્શન આ બધા તો વત્સરાજનું નામ પડતાં જ અડધા અડધા થઈ જતાં ગૌરવ અનુભવી રહ્યા.

આમ, સુખની વંસત ખીલી ઊઠી. મહિનાઓ પર મહિનાઓ અને વર્ષો પર વર્ષો વીતવા માંડ્યાં. આ સમયગાળામાં સુખ જાણે સર્વતોસમૃદ્ધ બની રહ્યું અને દુઃખ જાણે દેશવટો પામી ગયું હોય, એમ વત્સરાજ સમક્ષ જૂની ઓળખાણ તાજી કરાવવા ફરકી જવાનુંય સાવ વીસરી ગયું.

વત્સરાજને કદીક એકાંત મળી જતું, ત્યારે વીતેલા જીવનની સ્મૃતિઓ તાજી બનીને એમને ઘેરી વળતી. એ ઘેરાવ દરમિયાન ધર્મ-કર્મનો પ્રભાવ વધુ પ્રમાણમાં વત્સરાજ વિચારી શકતા. જીવનમાં આવો

સ્મૃતિઘેરાવ અનેકવાર થવા પામ્યો, પણ એમાં એક વાર તો મહાસતી મૃગાવતી એવી રીતે સ્મરણપટે ઊપસી આવ્યાં કે, એક બાળક માની યાદમાં ઝૂરે, એમ વત્સરાજ માતાસાધ્વીનાં દર્શન માટે ઝૂરી રહ્યા. એમને એ વખતે એવો વિચાર આવ્યો કે, મારા જેવો કૃતઘ્ન બીજો કોણ હશે ? અગ્નિકાંડની આપત્તિ આવી, ત્યારે મેં માતાનાં દર્શને જવા જ પ્રયાણ કર્યું, એ પ્રયાણ દરમિયાન હું અધવચ્ચેથી પાછો ફર્યો. આ પછી આજ સુધી એ માતાને મેં યાદ પણ કરી નહિ. ખરેખર મારા જેવો કૃતઘ્ન આ દુનિયામાં બીજો કોઈ હશે ખરો? ઓહ ! એમનો મારી પર કેટલો બધો ઉપકાર છે! એમનાં સ્મરણ માત્રથી મારા માથે ઘેરાયેલા વિપત્તિનાં વાદળ વરસ્યા વિના જ વિખરાઈ જવા પામ્યાં ! અને હું કેવો અગુણી કે, એમને વંદન કરવાના સંકલ્પ સાથે નીકળ્યો, પણ 'ગરજ સરી એટલે વૈદ વૈરી' કહેવતને સાચી પાડવા જ વંદનાનો લાભ લીધા વિના હું પાછો ફરી ગયો.

વત્સરાજને માતૃસ્મૃતિ એવી રીતે ઘેરી વળી કે, એમણે ત્યાંને ત્યાં જ સંકલ્પ કર્યો : હવે હું વહેલી તકે માતા સાધ્વી મૃગાવતીનાં દર્શન કરીને જ રહીશ અને આ માટે કાલે જ ભગવાન મહાવીર દેવના વિચરણ ક્ષેત્રની ભાળ મેળવવા મથીશ.

વત્સરાજે પોતાના આ સંકલ્પની વાત જ્યારે વાસવદત્તા અને પદ્માવતી સમક્ષ ખુલ્લી કરી, ત્યારે એ સંકલ્પને કોઈ નવું જ બળ મળ્યું અને એ સંકલ્પ-દીપ જાણે નવા ઘીની આહુતિ દ્વારા વધુ પ્રજ્વલિત બનીને પ્રકાશી ઊઠ્યો.

• • •

## ૨૪

# સાક્ષાત્ સૂર્ય ચન્દ્રની સાખે

**ભા**વના તો આમ પણ ભવનાશિની ગણાય છે, એમાંય વળી એ ભાવનાનું જાગરણ જો હૈયાના ઊંડાણમાંથી થવા પામ્યું હોય, તો એ ભાવના સદ્યફળા પણ બનતી હોય છે.

વત્સરાજ ઉદાયનનાં દિલમાં જાગેલી માતૃદર્શનની ભાવના ભવનાશિની બનવા ઉપરાંત સદ્યફળા બનવાનુંય ભવ્ય ભાવિ ધરાવતી હતી, એથી એઓ ભગવાનની વિચરણ-ભૂમિ અંગે કોઈ શોધખોળ શરૂ કરાવે, એ પૂર્વે જ એક વધામણી આવી. એ વધામણી પ્રભુ મહાવીરદેવના આગમન અંગેની હતી. માતા સાધ્વી મૃગાવતીનું પુણ્યાગમન પણ એમાં સૂચિત થતું હતું, એથી એ વધામણીના શ્રવણે વત્સરાજ ઉદાયન જાણે

હર્ષાવેશમાં આવી જઈને નૃત્ય કરી ઊઠ્યા. એ નૃત્ય જાણે એક ગદ્યગીત દ્વારા વધું મોહક બની ઊઠ્યું. વત્સરાજ નૃત્ય સાથે ગીત ગાઈ રહ્યા કે, પ્રભો ! ખરેખર હું ધન્ય બની ગયો ! ગઈકાલે જ મેં આપને યાદ કર્યા અને અંતર્યામી આપને જાણે મારી એ ભાવના સ્પર્શી ગઈ એથી મારો સાદ સાંભળીને આપ સામેથી મારી પર ઉપકાર કરવા જ કૌશાંબી પધાર્યા હો, એમ હું માનું છું. ધન્ય ભાગ્ય મારાં ! અને ધન્ય આ ઘડી કે, જ્યાં આપની પધરામણીની મને વધામણી મળવા પામી !

'ભાવની ભવનાશિની' એ આનું નામ. વત્સરાજની ભાવના જ જાણે પ્રભુને કૌશાંબી તરફ ખેંચી લાવી. પ્રભુ કૌશાંબીથી કંઈ બહુ દૂર દૂર વિચરતા નહોતા ! જ્ઞાનબળે વિશિષ્ટ લાભ જણાતા પ્રભુ કૌશાંબી પધાર્યા. મહાસતી અને મહાસાધ્વી મૃગાવતીજીને પણ વત્સરાજનું ભાગ્ય જાણે કૌશાંબી તરફ ખેંચી લાવ્યું અને કૌશાંબીના ગગનાંગણે એ દહાડે જાણે સોનાનો સૂરજ સહસ્ર સહસ્ર રશ્મિઓ સાથે પ્રકાશી ઊઠ્યો.

પ્રભુના પધરામણીની વધામણીએ આખી કૌશાંબીમાં હલચલ મચાવી દીધી. એમાં પણ જ્યાં વત્સરાજ ઉદાયન ખુદ રાજપરિવાર સાથે અનેરા ઠાઠમાઠથી પ્રભુદર્શને જવા રવાના થયા, ત્યાં તો પ્રજા પણ રાજાના પગલે પગલે મોટા પ્રમાણમાં ચાલી નીકળી. એથી થોડી વારમાં તો કૌશાંબી નગરી જાણે ખાલીખમ થઈ જવા પામી અને નગરી બહાર આવેલું એ ઉદ્યાન 'સાંકડા ભાઈ ધર્મના દહાડા' આ કહેવતની સાક્ષાત પ્રતીતિ કરાવી રહ્યું.

પ્રભુનાં દર્શને પ્રજા પ્રસન્ન બની ગઈ. પ્રભુ વીરની વાણીનું શ્રવણ થતાં તો એ પ્રસન્નતાને કોઈ અવધિ જ ન રહી. એમાંય વત્સરાજ ઉદાયનનો રાજપરિવાર તો જે રીતે પ્રસન્નતા માણી રહ્યો હતો, એની તો જોડ જડવી જ મુશ્કેલ હતી. મહાસાધ્વી મૃગાવતી પણ એ સમવસરણમાં વીર વાણીના શ્રવણ માટે ઉપસ્થિત હતાં. એમના ભાવનાત્મક મનોરથનો વિષય કૌશાંબીનો રાજ-પરિવાર પણ હતો.

એઓ ઈચ્છતાં હતાં કે, ઉદાયન-વાસવદત્તા અને પદ્માવતી સાચો ધર્મ સમજી જાય અને એ સમજણ મુજબ ધર્મ-સ્વીકાર માટે પુરુષાર્થશીલ બને, તો કેવું સારું ! કેમ કે માનવભવનું સાફલ્ય અંતે તો ધર્મના સ્વીકારમાં જ સમાયેલું છે.

મૃગાવતીના આ મનોરથ ધાર્યા કરતાં વધુ પ્રમાણમાં સફળ બનવાનું ભાવિ ધરાવતા હતા. કેમ કે ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ વત્સરાજ પર વિશેષ ઉપકાર કરવા જ કોશાંબીને પાવન કર્યું હતું. એથી ધર્મદિશનાનો મેઘ-ગંભીર ધ્વનિ જ્યાં ગાજવા માંડ્યો, ત્યાં જ વત્સરાજ સહિત આખો રાજપરિવાર મયૂર બનીને નૃત્ય કરવા લાગ્યો. પ્રભુની મેઘધારા જેમ જેમ વરસતી ગઈ, એમ એમ એ નૃત્ય વધુ ને વધુ માત્રા ધારણ કરતું ગયું.

પ્રભુના અણધાર્યા આગમનને વત્સરાજ એક ચમત્કાર જ લેખી રહ્યા હતા. પણ આ ચમત્કાર કરતાંય વધુ પ્રભાવશાળી ચમત્કાર તો તેઓ પોતાના દિલપરિવર્તનને ગણી રહ્યા. પ્રભુની દેશનાના શ્રવણે એઓ જે રીતે ધર્મવાસિત બન્યા હતા, એ ધર્મવાસના એમને એક ચમત્કાર સમી જ જણાતી હતી. આમ, રાજપરિવાર તો આશ્ચર્યચકિત હતો જ. ત્યાં તો કેવલિ-પર્ષદા સિવાયની બીજી તમામ પર્ષદાઓને આશ્ચર્યમાં ગરકાવ કરી દેતો બીજો એક અદ્‌ભુત અને અભૂતપૂર્વ ગણી શકાય, એવો ચમત્કાર સરજાયો.

પ્રભુની દેશનાનું શ્રવણ કરવા એ સમવસરણમાં સાક્ષાત્ સૂર્ય અને સાક્ષાત્ ચન્દ્ર પોતપોતાનાં મૂળ વિમાન સાથે અવતર્યા. સૌને ચકાચૌંધ કરતો આ ચમત્કાર કંઈ નાનોસૂનો ન હતો ! મૂળ વિમાન અને મૂળ રૂપ સાથે સૂર્યચન્દ્રનું એ દેશનાભૂમિમાં અવતરણ એક ચમત્કાર જ નહિ, મહા ચમત્કાર હતો. ચારે તરફ પ્રકાશ-પ્રકાશનું મહાસામ્રાજ્ય ફેલાવતા આ ચમત્કારના દર્શને સૌની આંખ આશ્ચર્યચકિત હતી, ત્યાં તો એ આશ્ચર્યચકિતતામાં ઓર ભરતી આણતી માંગણી રાજપરિવારે પ્રભુ સમક્ષ પ્રસ્તુત કરી :

'ભગવાન્ ! આપના શ્રીમુખે માનવભવની મહત્તાનું ગાન સાંભળ્યા પછી તો એમ જ લાગે છે કે, ચારિત્રની ચાવી દ્વારા મુક્તિનાં દ્વાર ખોલીને મુક્તિની મહેલાતમાં પ્રવેશ મેળવવામાં જ માનવભવનું મહામાંગલ્ય સમાયેલું છે. આવું માંગલ્ય પામવું એ મારો મનોરથ છે. પણ દરેક મનોરથ સફળ થવા સહકારી કારણોનીય અપેક્ષા રાખતો હોય છે એથી મનોરથ સેવવા માત્રથી જ સફળતા મળી જતી નથી હોતી. છતાં આ મનોરથને જલદી સફળ બનાવવાની શક્તિ પ્રાપ્ત કરવા આપે જે શ્રાવક ધર્મ ફરમાવ્યો છે, એને ગ્રહણ કરવાની શક્તિ તો મારામાં છે જ. માટે મારામાં જો યોગ્યતા હોય, તો આપ શ્રાવકધર્મનું પ્રદાન કરવા કૃપા કરો. મારું આચરણ શ્રાવકધર્મનું રહેવા છતાં મારો આદર્શ તો શ્રમણધર્મ જ બની રહેશે ?

રાજપરિવાર સાથે વત્સરાજ ઉદાયને કરેલી આ માંગણી સૌને આશ્ચર્યમગ્ન બનાવી ગઈ. વત્સરાજ જેવા સાર્વભૌમસમ્રાટ શ્રાવકધર્મનો સ્વીકાર કરે, એ કઈ નાનીસૂની બાબત ન હતી ! પ્રભુએ વત્સરાજની માંગણી સ્વીકારી અને રાજપરિવાર સહિત વત્સરાજને શ્રાવકધર્મનું પ્રદાન કર્યું. ત્યારે એ દૃશ્યને અહોભાવ-ભરી આંખે નિહાળતી પર્ષદા પણ ધન્ય ધન્ય બની ગઈ.

માતા સાધ્વી મૃગાવતીનો મનોરથ સફળ થયો હતો, એનો આનંદ એમના મનમાં સમાતો ન હતો. આનંદથી રોમાંચિત બનીને તેઓ વત્સરાજને મનોમન ધન્યવાદ આપતા વિચારી રહ્યાં : સાક્ષાત્ સૂર્યની અને સાક્ષાત્ ચન્દ્રની સાખે આ રીતે વ્રત ગ્રહણ કરવા ભાગ્યશાળી બનનારા વત્સરાજ ખરેખર સૌભાગ્ય-શિરોમણિ ગણાય !

વાત પણ સાચી હતી : સૂર્ય ચન્દ્ર પ્રભુની દેશનાનું શ્રવણ કરવા આવે, એ તો સહજ હતું. પણ પ્રકાશાધિપતિ આ દેવો જ્યારે જ્યારે આવતા, ત્યારે બીજાં રૂપે જ આવતા. મૂળ વિમાન અને મૂળરૂપ સાથે સૂર્યચન્દ્રનું આગમન નિહાળવા તો કૌશાંબી જ ભાગ્યશાળી નીવડી

હતી. એ સૂર્ય-ચન્દ્રાગમન બહારની દુનિયાને અજવાળી રહ્યું હતું, તો પ્રભુની પધરામણી પ્રચંડ પ્રકાશ બનીને પર્ષદાના ભીતરને અજવાળી રહી હતી. આમ, ચોમેર ઊભરાતા અજવાળાં વચ્ચે રાજપરિવારને થયેલી ધર્મપ્રાપ્તિનો આનંદ જાણે મહાસતી/મહાસાધ્વી મૃગાવતીને સમયનો ખ્યાલ ભુલાવી ગયો, એથી સમય થતા જ મહાસાધ્વી ચંદનબાળા આદિ સાધ્વીગણ પોતાના સ્થાને પાછો ફરી ગયો, પરંતુ મહાસાધ્વી મૃગાવતીજી એ ધન્યતા માણવા સમવસરણમાં જ બેસી રહ્યાં. સૂર્યચન્દ્રની હાજરીના પ્રભાવે એમને સમયમર્યાદાનો ખ્યાલ ન રહ્યો, એથી સમસ્ત સાધ્વીગણ વિદાય થઈ જવા છતાં તેઓ સમવસરણમાં બેસીને વત્સરાજ ઉદાયનને થયેલી ધર્મપ્રાપ્તિને અંતરથી અનુમોદી રહ્યાં.

દેશના પૂરી થતાં જ પ્રભુને વંદના કરીને સૂર્ય-ચન્દ્ર પોતાના વિમાનમાં આરૂઢ થઈને વિદાય થયા અને એથી એકાએક જ અંધકાર ફેલાઈ જતાં સાધ્વી મૃગાવતીને જણાઈ આવ્યું કે, રાત પડી ગઈ છે ! સંભ્રાન્ત નજરે એમણે આસપાસ નજર કરી, તો ખ્યાલ આવી ગયો કે, સાધ્વી-જીવનની મર્યાદા જાળવવા આર્યા ચંદનબાળા આદિ સાધ્વીગણ પોતાના સ્થાને પાછો ફરી ગયો હતો અને પોતે એકલાં જ સમવસરણમાં રહી ગયા હતા. આ ભૂલ પ્રમાદવશ નહોતી થઈ, સૂર્યચન્દ્રના આગમનને કારણે દિવસ-રાતનો ભેદ ભૂંસાઈ જવાથી આ ભૂલ થઈ હતી. પણ મૃગાવતીજી તો પોતાની જ ભૂલને આગળ કરીને વિચારી રહ્યાં : આર્યા ચંદનબાળાજી કેવાં અપ્રમત્ત કે, સમય-મર્યાદા સાચવવામાં જરાય ગાફેલ ન રહ્યાં. મેં એમની તરફ નજર નાખી હોત, તો પણ હું આ રીતે ભૂલનો ભોગ ન બનત. ઓહ ! આટલો સામાન્ય ઉપયોગ પણ હું ન રાખી શકી ! કેવી મારી પ્રમત્તતા ! ભગવાન જણાવે છે કે, પ્રમાદો હિ મૃત્યુઃ ખરેખર મારા સંયમ-પ્રાણને મેં પ્રમાદને વશ બનીને હણી જ નાખ્યા ગણાય !

આ રીતે આત્મનિંદા કરતાં કરતાં મૃગાવતીજી પોતાના સ્થાને જવા રવાના થયાં. અંધારું થઈ ગયું હતું, એથી જીવવિરાધનાની સંભાવના હોવાથી એઓ વિચારી રહ્યાં કે, મારી નાનકડી ભૂલ સૂક્ષ્મ ત્રસજીવો માટે કેવી જીવલેણ નીવડશે ! હું જરાક સાવધ રહી હોત, તો જીવવિરાધના જેવા આ મોટા પાપથી બચી શકી હોત ! ધિક્ મારા પ્રમાદને અને ધિક્કાર મારા પ્રમાદી આત્માને !

મૃગાવતીજીની સ્વાત્મનિંદા વધુ ઘેરી બની : આવા અંધકારમાં મારો ઈર્યાપથ કઈ રીતે શુદ્ધ બની શકે ? અરે ! મારો આ પ્રમાદ ગુરુદેવતા આર્યા ચંદનબાળાજીના અંતરને પણ કેવી ને કેટલી બધી પીડા ઉપજાવનારો બનશે ? મારી સંયમચર્યાની પળેપળે કાળજી લેનારાં એ આર્યાની દિલ-દુભવણીમાં પણ મારો આ પ્રમાદ નિમિત્ત બન્યા વિના નહિ જ રહે ! ઓહ ! એક નાનકડી પણ ભૂલનો આ કેવો વિપાક કે, સાધ્વી-સંઘના નેતા આર્યા ચંદનબાળાના ધર્મદિલની દુભવણીમાં પણ હું નિમિત્ત બની જઈશ ?

સ્વાત્મ-નિંદાની આ માત્રા એટલી બધી ગંભીર હદે પહોંચી ગઈ કે, મૃગાવતીજીની આંખેથી દડદડ કરતી આંસુધારા વહી નીકળી. એ આંસુધારાથી ભીની થતી થતી ધરતી પર ધીમે ધીમે પગલાં બઢાવતાં તેઓ ઉપાશ્રયે પહોંચ્યાં, ત્યારે તો ત્યાં સ્વાધ્યાય- ઘોષ ગુંજી રહ્યો હતો એથી એમને થઈ ગયું કે, આવશ્યક ક્રિયા પણ પતી ગઈ લાગે છે અને હવે તો સંથારાશ્રિત બનવા પૂર્વેનો સ્વાધ્યાય ચાલી રહ્યો છે.

સાધ્વી મૃગાવતીજી ઉપાશ્રયમાં પ્રવેશીને સીધાં જ આર્યા ચંદનબાળાજી સમક્ષ પહોંચી ગયાં. એમનાં ચરણોમાં એક બાળકની જેમ નમી પડીને એમણે ક્ષમાયાચના કરી : ગુરુદેવતા ! મારો પ્રમાદ અક્ષંતવ્ય હોવા છતાં હું ક્ષમા ચાહું છું. ખરેખર શ્રમણી-જીવનની મર્યાદા જાળવવામાં હું આજે પ્રમાદવશ બનીને ગોથું ખાઈ ગઈ છું. મારો ઈર્યાપથ આજે અશુદ્ધ બન્યો છે. સંભવ છે કે, સૂક્ષ્મ-જીવોની

હિંસાના લોહીથી એ ખરડાયો પણ હોય ! મુનિમાર્ગની મર્યાદા જાળવવા આપ જ્યારે સમવસરણમાંથી વિદાય થઈ ગયાં ત્યારે મારે પણ આપની સાથે જ ઊભા થઈ જવું જોઈતું હતું, પણ હું પ્રમાદી બની, સાથે અવિનયી પણ બની એથી મારા આ અવિનય અને આ પ્રમાદની ક્ષમા ચાહું છું. આપ ઉદારદિલે ક્ષમા આપશો.

આટલું બોલતાં બોલતાં તો સાધ્વી મૃગાવતીજીનું દિલ એટલું બધું વ્યથિત બની ગયું કે, એ વ્યથા આંસુ વાટે બહાર છલકાઈ જઈને આર્યા ચંદનબાળાજીનાં ચરણને પણ ભીંજવી રહી. સાધ્વી મૃગાવતીજી ભૂલનો ભોગ અવશ્ય બન્યા હતાં પણ એ કંઈ એવી ભૂલ નહોતી કે, જેને અક્ષંતવ્યની કોટિમાં જ મૂકવી પડે ! રાતનું વિસ્મરણ કરાવી દેતું સૂર્યચન્દ્રનું આગમન ન થયું હોત, તો સાધ્વીજી ભૂલનો ભોગ બનત જ નહિ. આમ છતાં પોતાની ભૂલ પર પારાવાર પશ્ચાત્તાપ અનુભવનારાં સાધ્વી મૃગાવતીજીને સાંત્વન અને શિખામણ આપતાં આર્યા ચંદનબાળાજીએ ખૂબ જ મૃદુ-ભાષામાં કહ્યું :

'મૃગાવતીજી ! તમે પ્રમાદના ભોગ જરૂર બન્યાં છો. પણ આમાં એક માત્ર તમે જ દોષિત નથી ! અને પ્રમાદના પાપનું પ્રાયશ્ચિત્ત થઈ ગયાની પ્રતીતિ તમારી આંખેથી વહી જતી આ આંસુધારા જ કરાવી રહી છે. માટે હવેથી સાવધ રહેજો. આ રીતે રાતે આવવું એ કુલીન સ્ત્રીઓ માટે પણ વર્જ્ય ગણાતું હોય, તો પછી જૈન આર્યાઓ માટે તો પૂછવાનું જ શું હોય ! વળી એમાં પણ તમારા જેવાં મહાસતી સાધ્વીજીઓ માટે તો આ મર્યાદાનું પાલન ખૂબ જ ચુસ્તપણે થવું જ જોઈએ.'

આર્યા ચંદનબાળા સાધ્વીસમુદાયના નેતા હતાં. એમના મુખેથી નીકળેલા સાંત્વન અને શિખામણના આટલા શબ્દો, ચકોર મેઘબિંદુને ગ્રહણ કરે, એ રીતે મૃગાવતીજીએ ગ્રહણ કર્યા, પણ એમનો અંતસ્તાપ આજે એ રીતે પ્રજ્વલિત બન્યો હતો કે, જે શાંત થવા તૈયાર ન હતો, એ પ્રજ્વલન તો મૂળ રૂપ ધારણ કરીને આવેલા સૂર્યચન્દ્રનો

પ્રકાશ પણ જેની આગળ ઝાંખો લાગે, એવું ઊર્ધ્વશિખર સર કરવા માંગતું હતું. આર્યા ચંદનબાળાજી સાધ્વી મૃગાવતીજીની મહાનતાના અને દુષ્કૃત-ગર્હાની તીવ્ર કોટિના વિચારમાં ખોવાઈ ગયાં, એથી સાધ્વીજી મૃગાવતીજીની વંદના સ્વીકૃત કરીને પછી એમને વિસર્જિત થવાની અનુજ્ઞા આપવાનું આર્યા ચંદનબાળાથી વિસરાઈ જવાયું અને અનુજ્ઞા મળ્યા વિના તો કઈ રીતે ઊભા પણ થવાય અને સંથારો કરી શકાય ! એથી મૃગાવતીજી આર્યા ચંદનબાળાજીની સેવા શુશ્રૂષા કરતાં ત્યાં જ બેઠાં રહ્યાં. રાત વીતવા માંડી, એમ એક તરફ સ્વાત્મનિંદાની માત્રા-યાત્રા પણ આગળ ને આગળ વધતી જ હતી. થોડી વારમાં તો આખો શ્રમણી સમુદાય નિદ્રાવશ બન્યો. ગાઢ અંધકાર હતો, સૌ નિદ્રાવશ હતાં. એકલા જાગ્રત રહેવું, એ સહેલી વાત ન હતી ! આ રીતનું જાગરણ જવાંમર્દી વિના શક્ય જ ન બને. આમ છતાં મર્યાદાનું પાલન કરવાનાં ચુસ્ત હિમાયતી મૃગાવતીજીએ આવાં બધાં પરિબળોનો સામનો કરીને જાગ્રત રહેવામાં સફળતા મેળવી.

ગાઢ અંધકાર અને નીરવ શાંતિઃ આત્માવલોકન કરવા માટેના અત્યંત સાનુકૂળ આવા વાતાવરણને વધાવી લઈને મૃગાવતીજી આત્માનું ઊંડાણથી અવલોકન કરી રહ્યાં. પશ્ચાત્તાપનો પ્રદીપ-પ્રકાશ એમની મદદમાં હતો એથી આત્માના ખૂણેખાંચરે બાઝેલા દોષોનાં જાળાંઓનું સ્પષ્ટ દર્શન થઈ રહ્યું. આ દર્શન માત્ર દર્શન જ ન રહ્યું ! દોષ દેખાય અને એને દૂર કરવાનું વર્તન ન થાય, તો એ દર્શન વાંઝિયું જ ન ગણાય શું ? મૃગાવતીજીને હવે વાંઝિયું દોષદર્શન ખપતું ન હતું. એઓ તો દર્શનને વર્તનમાં પલટાવવા માંગતાં હતાં અને આ જાતના પુણ્ય-પલટા માટે અગત્યની અને અનિવાર્ય ગણાતી સ્વદોષ-નિંદાની સાધના તો આજે એમને હસ્તગત બની જ ગઈ હતી. આમાં સમવસરણમાંથી ઉપાશ્રયે પાછા આવતાં સેવાયેલો મર્યાદાભંગ નિમિત્ત બની ગયો હતો.

ઉપાશ્રયમાં એક તરફ અંધકાર વધતો ગયો, તો બીજી તરફ મૃગાવતીજીના મનમાં જાગેલો પશ્ચાત્તાપનો પાવક પણ વધતો જ ગયો, વધતો જ ગયો. અંધકાર અને પ્રકાશ વચ્ચેની આ સ્પર્ધા અંતિમ રસાકસીએ પહોંચી અને પ્રકાશ કયે દહાડે હાર્યો હતો કે, એ દહાડે હારે ! બરાબર મધરાત જામી, ત્યાં તો મહાસતી મૃગાવતીના અંતરમાં જાગેલી પશ્ચાત્તાપની ચિનગારી મહાનલમાં પલટાઈ ગઈ અને ત્યાં સર્વજ્ઞતાનો અનસ્ત સૂર્ય પ્રકાશી ઊઠ્યો. દોષોનું દહન કરતી એ ચિનગારી મહાનલ બની ઊઠી. એથી દોષમાત્રનું અસ્તિત્વ બળીને ખાખ થઈ ગયું અને ગુણમાત્રનું અસ્તિત્વ ઝળકી ઊઠ્યું.

આજના સમવસરણમાં સૂર્યચન્દ્રનું સદેહે/સાક્ષાત્ અવતરણ થયું હતું, એ જાણે મધરાતે મૃગાવતીજીના અંતરમાં પ્રકાશી ઊઠનારા સર્વજ્ઞત્વના સૂર્યના સંકેત રૂપ હતું, એથી મૃગાવતીજીની આત્મનિંદા આ રીતે એમને કેવળજ્ઞાનની ભેટ કરી ગઈ. પણ સૂર્યચન્દ્રનો સંકેત પૂરેપૂરો ફળવાનો હજી તો બાકી જ હતો.

મધરાતે મૃગાવતીજીનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં અને સંપૂર્ણ સચરાચર વિશ્વ એમને હસ્તામલકની જેમ સાક્ષાત્ દેખાઈ રહ્યું. બહાર ભલે અંધકાર ઘેરાયેલો હતો, પણ એમના ભીતરમાં તો હજારો સૂરજનેય ઝાંખા પાડે, એવા જ્ઞાનનાં અજવાળાં એ રીતે પ્રકાશિત થઈ ઊઠ્યાં હતાં, કે જે પ્રકાશ અનસ્ત હોય !

મૃગાવતીજીનો જ્ઞાનભાનુ આખા વિશ્વને અજવાળી રહ્યો હતો, એથી એના અજવાળા એ ઉપાશ્રયને મધરાતેય અજવાળે એમાં શી નવાઈ ! એ અજવાળામાં કાજળ કાળો એક ભોરિંગ આર્યા ચંદનબાળાજીના સંથારા તરફ આવતો દેખાયો અને મહાજ્ઞાની મૃગાવતીએ સંથારાની બહાર લંબાયેલો આર્યાનો હાથ હળવેથી ખસેડીને અંદર લઈ લીધો, જેથી એ કાજળ કાળો ભોરિંગ સીધે-સીધો પસાર થઈ જાય ! પોતાનો હાથ ખસેડાતા જ આર્યા ચંદનબાળા જાગી ગયાં.

એમણે જોયું, તો મૃગાવતી સાધ્વીજી હજી ત્યાં જ બેઠાં હતાં. આર્યાને પોતાની ભૂલ તરત જ સમજાઈ ગઈ. એમને થયું કે, મૃગાવતીજીને સંથારા માટેની અનુજ્ઞા આપવાનું પોતે ભૂલી ગયાં હતાં, એથી જ મૃગાવતીજીને જાગતા રહેવું પડ્યું લાગે છે. ભૂલનો ખ્યાલ આવી જતાં જ એમણે મૃગાવતીજીને કહ્યું : આર્યા ! શું હજી તમે જાગતાં જ બેઠાં છો ? ખરેખર પ્રમાદવશ મારાથી તમને અનુજ્ઞા આપવાની ભુલાઈ ગઈ. આ બદલ મિથ્યા મે દુષ્કૃતં ઇચ્છું છું. હા, પણ તમે અત્યારે મારો હાથ શા માટે ખસેડ્યો અને પુનઃ સંથારામાં સ્થાપિત કર્યો ! આવા ઘોર અંધકારમાં તમને સંથારાની બહાર ચાલ્યો ગયેલો મારો હાથ દેખાયો શી રીતે ? અને કદાચ દેખાઈ ગયો હોય, તોય એ હાથને ખસેડવાનું પ્રયોજન શું ?

અત્યાર સુધી આર્યા ચંદનબાળા ગુરુ હતાં અને મૃગાવતીજી શિષ્યા હતાં, પણ હવે આ ક્રમ પલટાવાનો હતો અને મૃગાવતીજી ગુરુ તરીકે સાબિત થઈને ચંદનબાળાજી શિષ્યા રૂપે પલટાવાના હતાં અને અંતે તો બંને ગુરુ બનીને જ રહેવાનાં હતાં, એથી મૃગાવતીજીએ જવાબમાં કહ્યુંઃ આર્યા ! અહીંથી કાળોડિબાંગ એક સાપ હમણાં જ પસાર થયો. એ આપને કોઈ નુકસાન ન કરી બેસે, એ માટે મેં આપનો હાથ ખસેડ્યો. આથી આપનો નિદ્રાભંગ થયો, એની મને ક્ષમા આપશો. આર્યા ચંદનબાળાજી આ સાંભળીને વિચારમગ્ન બની ગયાં કે, આવા ઘોર અંધકારમાં કાજળ-કાળો સાપ મૃગાવતીજીએ કઈ રીતે જોયો હશે ? આંખથી તો આવું દર્શન થવું શક્ય જ ન ગણાય ! શું મૃગાવતીજીએ જ્ઞાનચક્ષુથી આ સાપ જોયો હશે ? શું એ જ્ઞાન અપ્રતિપાતી તો નહિ હોય ને ? જો આમ હોય, તો તો કેવળજ્ઞાનીની આશાતનામાં હું નિમિત્ત બની ગઈ ગણાઉં ? આવી શંકાથી વ્યથિત હૈયે આર્યાએ મૃગાવતીજીને પૂછ્યું : આર્યા ! આવા ઘોર અને અપાર અંધકાર વચ્ચે તમે સાપને કઈ રીતે જોયો ? આંખથી સાપને જોયો હોય, એ તો અસંભવિત જ છે. તો શું જ્ઞાનચક્ષુથી તમે સાપને જોઈ શક્યાં ?

મૃગાવતીજીએ જવાબમાં જણાવ્યું : આર્યા ! આપનું અનુમાન સાચું છે. આપના જેવાની કૃપા હોય, ત્યાં અશક્ય શું ગણાય ! આપની કૃપાથી મારાં જ્ઞાનચક્ષુ ઉદ્ઘાટિત બની ગયાં એથી મને સાપ દેખાયો.

મૃગાવતીજીનો આ જવાબ સાંભળતા જ આર્યા ચંદનબાળાજી એકદમ ઊભાં થઈ ગયાં અને એઓ મૃગાવતીના ચરણમાં ઝૂકી પડ્યાં. એમની બંને આંખો આંસુ વહાવી રહી. ગદ્ગદ્ કંઠે એમણે કહ્યું : ભગવતી મૃગાવતીજી ! કેવળીની આશાતનાના પાપથી હું કઈ રીતે બચી શકીશ ? આપ તો મારા શિષ્યા નહિ, હવે ગુરુદેવતા છો. આપને ઉપાલંભ આપીને હું કેવળજ્ઞાનીની આશાતના-અવજ્ઞાનો અપરાધ કરી બેઠી છું. આમાંથી આપ જ હવે મને ઉગારી શકશો.

કેવળી મૃગાવતીજીને તો હવે કઈ બોલવા જેવું રહેતું જ નહોતું. આથી આર્યા ચંદનબાળા પણ મૃગાવતીએ લીધેલા આત્મગર્હાના માર્ગે જ ચાલી નીકળ્યાં : અરે ! કેવળજ્ઞાનીની આશાતનાના આ ગોઝારા પાપમાંથી હું ક્યારે અને કેમ કરીને મુક્ત બનીશ ? અહો ! આત્મનિંદાનો કેવો પ્રભાવ કે, રાતે-સાંજે ભૂલનો ભોગ બનનાર વ્યક્તિ આ રીતે મધરાતે સર્વજ્ઞાની બની ગઈ ! આવી સર્વજ્ઞ-શિષ્યાના ગુરુ તરીકે હુંપણ ધન્યતાને પાત્ર ગણાઉં. મારા પરમગુરુ તારક તીર્થંકરદેવ પણ સર્વજ્ઞ અને આ શિષ્યા મૃગાવતી પણ સર્વજ્ઞ ! છતાં હું છદ્મસ્થ-અલ્પજ્ઞ ! હવે મને ક્યારે સર્વજ્ઞતા પ્રાપ્ત થશે ? હા. પણ કેવળજ્ઞાની શિષ્યાનો અપરાધ-અવિનય આચરનાર મારા જેવાને સર્વજ્ઞતા ક્યાંથી મળી શકે ?

આ રીતે દુષ્કૃત-ગર્હા અને સુકૃત અનુમોદનાના તરંગોમાં તરત ઝીલતાં આર્યા ચંદનબાળાનો પશ્ચાતાપ પણ એટલો બધો પ્રચંડ બન્યો કે, એમાં ઘાતી કર્મો બળીને ખાખ થઈ ગયાં અને એઓના અંતરમાં પણ સર્વજ્ઞત્વનો સૂર્ય ઝગારા મારતો ઊગી નીકળ્યો.

મુળિયામાંથી શાખા-પ્રશાખાઓ પાંગરે, આ તો સર્વવૃક્ષો માટે સાધારણ અને સુલભ ક્રમ ગણાય ! પણ એવાં વૃક્ષો તો વિરલ જ હોય

કે, જેમાં શાખામાંથી મૂળિયાંનો ઉદ્દ્ગમ થતો હોય ! ગુરુના પ્રભાવે શિષ્યામાં જ્ઞાનવૃદ્ધિ થાય, એ તો સહજ ગણાય. પણ મૃગાવતીજી જેવી શિષ્યાઓ અને ચંદનબાળાજી જેવા ગુરુ-દેવતાઓ અસહજ અને સાધારણ કક્ષાને જ શોભાવનારા હોય, એથી શિષ્યાના પ્રભાવે ગુરુ સર્વજ્ઞાની બન્યાં અને એથી ગુરુ-શિષ્યાનો ભેદ જ ટળી ગયો !

કૌશાંબી માટે તો ચમત્કારો પર ચમત્કારો જોવા સાંભળવાનો એ અવસર બની ગયો ! એથી જ્યારે મૃગાવતીજીને પ્રાપ્ત થયેલા કેવળજ્ઞાનની અને એ પછી આર્યા ચંદનબાળાજીને પણ પ્રાપ્ત થયેલા કેવળજ્ઞાનની વાત સૌએ સાંભળી, ત્યારે તો સૌ બોલી ઊઠ્યા કે, સમવસરણમાં સૂર્યચન્દ્રની સાક્ષાત્ ઉપસ્થિતિ આપણને આ જાતનો સંકેત આપવા જ થઈ હોવી જોઈએ કે, અમારાં સાક્ષાત્ આગમનથી પથરાયેલા આ પ્રકાશને પણ ફિક્કા પાડી દે, એ જાતના કેવળજ્ઞાનના બબ્બે સૂર્ય આજની રાતે ઉદય પામવાના છે.

શિષ્યા મહાસતી મૃગાવતીજીનો અને ગુરુ આર્યા શ્રી ચંદન-બાળાજીના કેવળજ્ઞાનનો મહોત્સવ કૌશાંબીએ એ રીતે ઊજવ્યો કે, એથી કેટલાંયના જ્ઞાનાવરણ હચમચી ઊઠ્યાં. વત્સરાજ માટે તો જાણે અણધાર્યા અમૃત મેહુલા વરસ્યા હતા અને કામધેનુ-કામઘટ એક સામટાં ફળ્યાં હતાં. આ રીતે કેવળજ્ઞાન-ધારિણી માતાના પુત્ર તરીકેનું પદ પામવામાં પણ કેટકેટલું ભાગ્ય અને પુણ્ય જોઈએ ! આવા ભાગ્યશાળી અને પુણ્યશાળી તરીકે આખો વત્સદેશ તો વત્સરાજ ઉદાયનને વધાવી જ રહ્યો. પણ આ બદલ એઓ પોતે પણ આત્મગૌરવ અનુભવી રહ્યા. ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો શ્રમણ-શ્રમણી સંઘ તો મેઘ મંડલની જેમ કૌશાંબીથી અન્યત્ર વિહરી ગયો. પણ કૌશાંબી સમવસરણના એ દશ્યને અને કેવળજ્ઞાનના એ મહોત્સવને દિવસો-મહિનાઓ અને વર્ષો સુધી ભૂલી શકી નહીં !

● ● ●

# ઉપસંહાર

વત્સરાજવી ઉદાયને શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો, આ વ્રતસ્વીકારને વધુ સુદૃઢ બનાવવામાં મહાસાધ્વી મહાસતી મૃગાવતીજીને પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાનનો મહોત્સવ નોંધપાત્ર ફાળો નોંધાવી ગયો, આ પછી તો વત્સરાજે પરમાર્હત્ તરીકે જૈનશાસનની આરાધના-પ્રભાવનાનાં ઘણાં ઘણાં કાર્યો કર્યાં : એ કાર્યોમાં - દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માનું સુવર્ણ અને રત્નબહુલ જિનમંદિર, અમારિની દેશવ્યાપી ઘોષણા, અદ્‌ભુત શાસનપ્રભાવક રથયાત્રા અને દીન-અનાથોને અપાયેલું ધર્મપ્રભાવક અનુકંપાદાન આ અને આવાં આવાં કાર્યો તો સુવર્ણાક્ષરે જનહૈયામાં અંકિત બની ગયાં. એ સુવર્ણાંકન ચરિત્રગ્રંથોમાં આજેય અજર અને અમર છે.

આ રીતે ધર્મારાધક અને ધર્મપ્રભાવક રાજવી ઉદાયન અને વાસવદત્તા-પદ્માવતી જ્યારે એક દહાડો કાળના મૃત્યુધર્મને વશ થયાં, ત્યારે તેમને સત્કારવા સુગતિનાં દ્વાર ખુલ્લાં હતાં. દુર્ગતિનાં દ્વાર તો એમના માટે એવાં સજ્જડ બંધ થઈ જવા પામ્યાં હતાં કે, એઓ મોક્ષના માલિક ન બને , ત્યાં સુધી ઉત્તરોત્તર આરાધનાની સામગ્રીથી અને સમૃદ્ધિથી ચડિયાતી મનુષ્યગતિ અને સુગતિ જાણે એમના માટે સાવ જ સુલભ બની રહે !

• • •




વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

जे मायतायबांधवपमुहेहिंतोऽवि इत्थ जीवाणं ।
साहंति हिअं कज्जं ते आयरिए नमंसामि ॥

આ સંસારમાં જેઓ જીવોનાં માતા-પિતા, ભાઈ-ભાંડુ આદિથી પણ વધારે હિતકર કાર્યો સાધી આપે છે, તે આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું.



ઉપવન જેવા ઉમંગદાયક

पंच प्रस्थान पुण्यस्मृति प्रकाशन सुरत